
# આગમપ્રજ્ઞ આચાર્યપ્રવર
# શ્રી વિજય જંબૂસૂરીશ્વરજીનો

## જીવન પરિચય



લેખક:- સાહિત્યવારિધિ શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

પૂ. आत्म-कमल-वीर-दान-प्रेम-जम्बूसूरिजी जैन कल्याण
ग्रन्थमाला पुष्प ३७

# જૈન શાસનની જયપતાકા

[ ભાગ બીજો ]

ખંડ પહેલો

卐

લેખક :
સાહિત્યવારિધિ શતાવધાની પંડિત
શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

*

મૂલ્ય : રૂપિયા ૨-૦-૦

પ્રકાશક :
જયંતીલાલ બાપુલાલ શાહ
મંત્રી : આર્ય જંબૂસ્વામી જૈન
મુક્તાબાઈ જ્ઞાનમંદિર
શ્રીમાળીવાગો, ડભોઈ (જી. વડોદરા)

આવૃત્તિ પહેલી ] [ નકલ ૨૫૦

'સવિ જીવ કરું શાસનરસી
એસી ભાવ દયા મન ઉલ્લસી'

પ્રકાશનમિતિ
સં. ૨૦૧૫, માહ વદિ ૧૧ ગુરુવાર તા. ૫-૩-૫૯
સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

મુદ્રક :-
મણિલાલ છગનલાલ શાહ.
નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ,
ઘીકાંટા રોડ, અમદાવાદ.

# વિષયાનુક્રમ


| વિષય | પૃષ્ઠ. |
|---|---|
| શ્રી ઋષભાદિ જિનસ્તવન | ૬ |
| આવશ્યક બે બોલ. ... ... | ૭ |
| સુકૃતોપાર્જન કરનારા ભાગ્યશાળીઓ. ... | ૧૬ |
| શુદ્ધિપત્રક. ... ... ... | ૨૧ |
| સમર્પણ. ... ... ... | ૨૨ |
| અંતરોદ્‌ગાર. ... ... ... | ૨૩ |

## ખંડ પહેલો

| | |
|---|---|
| આગમપ્રજ્ઞ આચાર્યપ્રવર શ્રીમદ્‌વિજય-જંબૂસૂરીશ્વરજી મહારાજનો જીવનપરિચય ... | ૧ થી ૨૪૮ |
| શ્રદ્ધાંજલી. ... ... ... | ૨ |
| ૧ ઉપક્રમ. ... ... ... | ૩ |
| ૨ વતન. ... ... ... | ૫ |
| ૩ કુટુંબપરિચય. ... ... ... | ૯ |
| ૪ જન્મ અને બાલ્યાવસ્થા. ... ... | ૧૧ |
| ૫ વિદ્યાભ્યાસ. ... ... ... | ૧૪ |
| ૬ લગ્ન. ... ... ... | ૧૭ |
| ૭ વધુ અભ્યાસ. ... ... ... | ૨૦ |
| ૮ સદ્‌ગુરુસમાગમ. ... ... ... | ૨૨ |
| ૯ પરમાર્થપ્રવૃત્તિ. ... ... ... | ૨૮ |
| ૧૦ સાંસારિક જીવન. ... ... ... | ૩૦ |
| ૧૧ ગૃહત્યાગ. ... ... ... | ૩૬ |
| ૧૨ દીક્ષાગ્રહણ. ... ... ... | ૩૯ |
| ૧૩ પ્રારંભિક વિહારચર્યા. ... ... | ૪૩ |
| ૧૪ વતનમાં વિશિષ્ટ પ્રભાવના. ... ... | ૪૮ |

| વિષય | | | પૃષ્ઠ |
| --- | --- | --- | --- |
| ૧૫ સં. ૧૯૮૦ થી ૧૯૮૫. | ... | ... | ૪૯ |
| ૧૬ મુંબઈ અને અંધેરીમાં ચાતુર્માસ. | | ... | ૫૮ |
| ૧૭ અનુક્રમે વીરમગામ. | ... | ... | ૬૩ |
| ૧૮ પાલીતાણાના પંથે. | ... | ... | ૬૫ |
| ૧૯ અમદાવાદમાં વિવિધ પ્રવૃત્તિઓ. | ... | ... | ૬૭ |
| ૨૦ ગણિ–પંન્યાસપદારોપણ. | ... | ... | ૬૮ |
| ૨૧ બૃહદ્‌મુનિસંમેલન આદિ | ... | ... | ૬૯ |
| ૨૨ પાટણ અને રાધનપુરમાં. | ... | ... | ૭૧ |
| ૨૩ પૂજ્ય મોટા ગુરુદેવનું સ્વર્ગગમન. | ... | ... | ૭૭ |
| ૨૪ ઉપાધ્યાયપદપ્રદાન. | ... | ... | ૭૯ |
| ૨૫ સં. ૧૯૯૨–૯૩–૯૪. | ... | ... | ૮૧ |
| ૨૬ એક ભવ્ય પ્રસંગ. | ... | ... | ૮૬ |
| ૨૭ શ્રી સિદ્ધિગિરિજીની નવાણું યાત્રા વગેરે. | | ... | ૮૭ |
| ૨૮ ઊના–અજારા અને દીવની યાત્રાઓ. | | ... | ૯૧ |
| ૨૯ અમરેલીમાં પ્રભુપ્રતિષ્ઠા. | ... | ... | ૯૨ |
| ૩૦ વઢવાણ શહેરમાં ચાતુર્માસ. | ... | ... | ૯૫ |
| ૩૧ અમદાવાદમાં શાસનપ્રભાવના. | | ... | ૯૮ |
| ૩૨ સૂરિપદસમારોહ. ... | ... | ... | ૧૦૩ |
| ૩૩ માતા–પુત્રીને દીક્ષા. ... | ... | ... | ૧૧૩ |
| ૩૪ જૈન સોસાયટીમાં જયજયકાર. | ... | ... | ૧૧૬ |
| ૩૫ રાજકોટમાં અંજનશલાકા–પ્રતિષ્ઠામહોત્સવ | | ... | ૧૧૮ |
| ૩૬ અમદાવાદના પુણ્ય પ્રસંગો. | ... | ... | ૧૨૦ |
| ૩૭ રાધનપુર અને આસપાસ. | ... | ... | ૧૨૨ |
| ૩૮ ગુરુમૂર્તિ પ્રતિષ્ઠાદિ. ... | ... | ... | ૧૩૦ |
| ૩૯ ડભોઈ અને ખંભાતમાં. | ... | ... | ૧૩૨ |
| ૪૦ ચાતુર્માસ અને અભિનવ અઠ્ઠાઇ મહોત્સવ. | | ... | ૧૪૪ |

| વિષય | | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૪૧ શ્રી કેસરીયાજી થઈ અમદાવાદ. | ... | ... | ૧૪૮ |
| ૪૨ ડભોઈમાં યાદગાર પ્રતિષ્ઠામહોત્સવ. | | ... | ૧૫૨ |
| ૪૩ સ્પર્શના બલવાન છે. | ... | ... | ૧૫૫ |
| ૪૪ સં. ૨૦૦૫-૬ની સાલ. | ... | ... | ૧૫૮ |
| ૪૫ રામનું સ્વપ્ન ભરતને ફળે છે. | ... | ... | ૧૭૩ |
| ૪૬ ઉપકારની પરંપરા. ... | ... | ... | ૧૭૫ |
| ૪૭ અરૂણ સોસાયટીમાં શાસનસૂર્યોદય. | | ... | ૧૯૧ |
| ૪૮ રાધનપુરમાં અંજનશલાકાદિ. | ... | ... | ૨૦૫ |
| ૪૯ પાટણમાં શતઓળીની ઉજવણી. | | ... | ૨૧૩ |
| ૫૦ પાલેજમાં પાદાર્પણ.... | ... | ... | ૨૧૭ |
| ૫૧ ગંધાર-કાવી તીર્થમાં. | ... | ... | ૨૨૪ |
| ૫૨ ખંભાત થઈ ખેરજ ( ડાભી ) | ... | ... | ૨૨૬ |
| ૫૩ અનુસંધાન ... | ... | ... | ૨૩૧ |
| અગત્યની નોંધ ... | ... | | ૨૩૭ થી ૨૪૮ |

# શ્રી ઋષભાદિ જિનસ્તવન

તું હી મ્હારા મનડાનો મોર,
સાહિબા આદિજિનંદજી, પાર્શ્વજિનંદજી.
નાચે મ્હારા અંતરની કોર,
સાહિબા ધર્મજિનંદજી, શાંતિજિનંદજી. ૧

લાખ ચોરાસી યોનિમાં ભટક્યો,
વાર અનંતી સંસારે રઝળ્યો;
આજે દેખ્યો દેદાર, સાહિબા ચંદ્રપ્રભુજી વીરપ્રભુજી. તુંહી. ૨

તુમ દીઠે મારાં પાપ પલાયે,
બોધિબીજ ભલું દ્રઢ જ થાયે,
નિજાતમ દર્શન થાય, સાહિબા સુમતિપ્રભુજી, સુવિધિપ્રભુજી. ૩

શાંત સુધારસ નયને ઝરે છે,
પ્રસન્ન મુદ્રા હીયડે ઠરે છે;
ચેતનને ચેતન વરતાય,
સાહિબા મલ્લીજિનંદજી, અજીતજીનંદજી તુંહી. ૪

દેવ વિમાન શો પ્રાસાદ રૂડો,
વિવિધ ભંગી શાલભંજી કો;
જિનપદ ઝાકઝમાળ,
સાહિબા સુવ્રતપ્રભુજી, નેમિ જિનંદજી. તુંહી. ૫

કલ્પદ્રુમાયમાણ દર્ભાવતી એ,
શત્રુંજયાદિ તીર્થાવતાર એ;
જંબૂ ઉતારો ભવપાર,
સાહિબા કેસરીઆનાથજી, વાસુજિનંદજી. તુંહી. ૬

# આવશ્યક બે બોલ

આજે અમારી સંસ્થા તરફથી શ્રી આત્મ-કમલ-દાન-પ્રેમ-જંબૂસૂરિ જૈનકલ્યાણ ગ્રંથમાલાનું આ ૩૭ મું પુસ્તક પ્રકાશિત થાય છે, તે વાંચકોના કરકમલમાં સાદર સમર્પણ કરતાં અમોને અપૂર્વ આનંદ થાય છે.

આ પુસ્તકનું નામ **જૈન શાસનની જયપતાકા ભા. ૨ જો** છે અને તેમાં પહેલો તથા બીજો—એ ખંડ આલેખાયા છે. આ પુસ્તકનો પહેલો ભાગ શ્રી કુલ્પાકજીતી સંઘયાત્રાનું વિશદ વર્ણન કરતો આ પૂર્વે સં. ૨૦૧૩ માં પ્રગટ થઈ ચૂક્યો છે; એના અનુસંધાનમાં આ દ્વિતીય વિભાગ પ્રગટ થાય છે. આ પુસ્તકના પહેલા ભાગમાં પૂ. ઉપકારી **ગુરુદેવ આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રીમદ્ વિજયજંબૂસૂરિ મહારાજજીના** તારક હસ્તે સ્થલે સ્થલે જે શ્રી સંઘ-ઉન્નતિ અને જૈનશાસનની પ્રભાવના કરતી **જૈન શાસનની જયપતાકા** ફરકી તેની સં. ૨૦૦૯ ના ફાગણ સુદિ ૩ થી સં. ૨૦૧૨ ના માહ વદિ ૭ સુધીની રોમાંચક નોંધ લેવાઈ છે. આ બીજા વિભાગમાં ઉપર્યુક્ત સૂરીશ્વરજીનાં જીવનની સુવાસ જે સારાયે ભૂતલમાં શ્રી જિનશાસનની જયપતાકાને વિજયવંત રાખવામાં દિગન્ત મ્હેંકી રહી છે, તે મહાપુરુષના પવિત્ર જીવનનું જન્મથી માંડી સં. ૨૦૦૯ ના ફાગણ સુદિ ૩ સુધીનું ઇતિવૃત્ત પહેલા ખંડમાં આલેખાયેલું છે. તેનું નામ **આગમપ્રજ્ઞ આચાર્યપ્રવર શ્રીમદ્વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજનો જીવન-પરિચય રાખેલું** છે. અને બીજા ખંડમાં સં. ૨૦૧૨ ના માહ વદિ ૭ થી માંડી ચાલુ સં. ૨૦૧૫ ના માહ વદિ ૧૧ સુધીની એ જ મહાપુરુષના શુભ હસ્તે સ્થલે સ્થલે થયેલી વિવિધ શાસનપ્રભાવનાઓ વગેરેની

વિશદ નોંધ આલેખાઈ છે. તેનું નામ **મરુધરવિહારનાં સંસ્મરણો** રાખેલું છે. આ રીતે સમગ્ર પુસ્તક પૂજ્યશ્રીનાં ૬૦ વર્ષની જીવનગાથા લલકારતો એક ઉત્તમ કડીબદ્ધ ઈતિહાસ બની જાય છે, એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય.

**ચરમતીર્થાધિપતિ** શ્રમણ ભગવાન્ મહાવીરદેવે આ મહાન્ ધર્મ-શાસન સ્થાપ્યું. તેને ઉત્તરોત્તર શાસનના આચાર્યપુંરંદરોએ પ્રચારી આપણા સુધી પહોંચાડયું અને એ જ રીતે ભાવિ પેઢીઓમાં થનારા આચાર્ય ભગવન્તો છેક પંચમ આરાના અંત સુધી પહોંચાડશે. જગતમાં જાગૃતિ–પ્રકાશ અને સર્વ જીવહિતની મશાલ સલગતી રાખવાનો મહાન્ ઉપકાર આ ધર્માચાર્યોનો છે, એટલું જો આપણે સમજીએ તો તેમનાં તારક જીવનોના ઐતિહ્યનું મૂલ્ય જરાયે ઓછું આંકી શકીએ નહિ. આવું છે આપણા પૂ. આગમપ્રજ્ઞશ્રીનું આ જીવનઐતિહ્ય. તેઓશ્રીનું જીવન ત્યાગ–તપ, સંયમ—સ્વપરશાસ્ત્રવેદિતા, સત્યવક્તૃત્વ–સિદ્ધાંતપ્રેમ,શાસન પ્રત્યેની ધગશ–રક્ષણની જવાબદારી, માર્ગનીઅડગશ્રદ્ધા–પરોપકારરસિકતા, વિનમ્રતા–સેવાપરાયણતા, ગુરુસમપર્ણ–ભવભીરુતા, ગીતાર્થઆગમપ્રજ્ઞતા–આરાધનરકતતા, શાન્તતા–દક્ષતા, પ્રવચનપ્રભાવકતા આદિ અનેક સદ્‌ગુણ સૌરભથી મધમઘી રહેલું આપણે જે જોઈ શકીએ છીએ તે વારસો તેઓશ્રીના પૂજ્ય ગુરુવર્યોનો છે. 'બાપ જેવા બેટા અને વડ જેવા ટેટા' એ દુનિયાદારી કહેવતમાં પણ કંઈક તથ્ય રહેલું છે. આનુવંશિક શાસ્ત્રનું રહસ્ય પણ એ જ છે. જ્યાં વિશિષ્ટ વંશશુદ્ધિ રહી હશે ત્યાં મોટે ભાગે સારા ગુણો કે સંસ્કારો સહેજે જોવા મળશે, એ આપણે કયાં જાણતા નથી? તેવું જ શ્રી જિનશાસનમાં ગુરુકુલવાસનું છે. પૂજ્યશ્રીના જીવનમાં વિશિષ્ટ વંશશુદ્ધિ સાથે ઉત્તમ ગુરુકુલવાસ ભળ્યો છે, એટલે ઉત્તમ ગુણસૌરભમાં બાકી જ શું રહે? અહીં પૂજ્યશ્રીના ગુરુવંશ તરફ આપણે જરા વિશેષ દૃષ્ટિપાત કરી લઈએ તો તે ખોટું નથી.

## પૂજ્યશ્રી વિજયાનન્દસૂરીશ્વરજી મહારાજા

ભગવાન મહાવીરના નિર્મળ શાસનની ધૂરાને વહન કરતા શ્રી સંવિગ્ન વડતપાગચ્છમાં ૭૨ મી પાટે પૂજ્ય ન્યાયામ્ભોનિધિ પાગ્ચાલદેશોદ્ધારક **આચાર્ય ભગવન્ત શ્રીમદ્વિજયાનન્દસૂરીશ્વરજી** કે જેઓનું પ્રસિદ્ધ નામ **આત્મારામજી** છે, તેઓ થયા. તેઓશ્રીનો જન્મ પંજાબના લહેરા ગામમાં વિ. સં. ૧૮૯૩ ના ચૈત્રમાસમાં થયો હતો. પિતાનું નામ ગણેશચંદ્ર અને માતાનું નામ રૂપાદેવી હતું. તેમણે વિ. સં. ૧૯૩૨ માં ગુરુ મહારાજશ્રી બુદ્ધિવિજયજી ( બુટેરાયજી) પાસે સંવેગી દીક્ષા ગ્રહણ કરી. તેઓ બાલ બ્રહ્મચારી હતા. વિ. સં. ૧૯૪૩ ના કાર્તિક માસમાં શ્રી શત્રુંજય મહાતીર્થ પર તેઓશ્રી આચાર્યપદે સ્થપાયા. વિ. સં. ૧૯૫૨ ના જેઠ સુદિ ૭ મે તેઓશ્રી નિર્વાણ–સ્વર્ગારોહણ પામ્યા. આ તારક ગુરુદેવે જે સ્થાનકવાસી આદિ કુપંથોના પડદા ચીર્યા, જે જિનશાસનના સત્ય પ્રત્યેની અવિહડ શ્રદ્ધા, રાગ તથા તેના રક્ષણ માટેની અસાધારણ ઝહેમત બતાવી, તેમની જે અજોડ ગીતાર્થતા–બહુશ્રુતતા અને બુલંદ તેજસ્વિતા હતી, તેઓ જે શકિતના ઘુઘવાતા સાગર, ત્યાગ–વૈરાગ્ય-ક્ષમાદિ ગુણગણોના અખૂટ ભંડાર સમા હતા અને પ્રવચનનો મહાન્ ડંકો વગાડનારા હતા, તથા શ્રી જિનમંદિર–મૂર્તિ આદિ સત્ક્ષેત્રોનો ઉદ્યોત કરનારા હતા, એ કોણ નથી જાણતું ? આ ગુરુદેવનાં ઘણાં જીવન–ચરિત્રો પ્રસિદ્ધ થઈ ચૂકયાં છે. જો કે તેઓશ્રીના પવિત્ર નામે દેવદ્રવ્ય–તિથિઆરાધન વગેરે કેટલીક બાબતો કેટલાકોએ પત્રો વગેરે રૂપે ફેરફાર ચઢાવી દીધી છે, પરંતુ તે ચર્ચવાનું આ સ્થલ નથી. એ મહાપુરુષનાં પોતાનાં લખેલાં પ્રમાણભૂત સાહિત્યનો જેમને અભ્યાસ છે, તેઓ તેમના નામે ચઢાવાતી સુધારકપણાની કે બીજી સિદ્ધાંત વિરુદ્ધની ભળતી સળતી વાતો હરગીજ માની શકે નહિ. એ હતા આપણા પૂજ્યશ્રીના પાંચમી પેઢીના દાદાગુરુ. તે સમયે સંવેગી સાધુઓ આંગળીના વેઢે ગણાય તેટલા હતા. તેમાં જે ચમત્કારિ વધારો થયો, તે શ્રી મૂલચંદજી

મહારાજ અને તેઓશ્રીને આભારી છે, એમાં શંકા નથી. જૈન દર્શનના તેઓ એકના એક સત્તા સમાન હતા અને સારાયે જૈન શાસનમાં તેઓશ્રી એકછત્રી પ્રભુત્વ ધરાવતા હતા. તેઓશ્રીનો આજ્ઞાવર્ત્તિ શ્રમણ-સમુદાય પણ અન્ય સહુથી વિશાળ હતો.

## પૂજ્યશ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજા

૭૩ મી પાટે પૂજ્ય આત્મારામજી મહારાજ સાહેબના અનન્ય પટ્ટાલંકાર પૂજ્ય સદ્ધર્મસંરક્ષક **આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય-કમલસૂરીશ્વરજી મહારાજ** થયા. તેઓશ્રીનો જન્મ પંજાબના સરસા ગામમાં વિ. સં. ૧૯૦૮ માં થયો હતો. પિતાનું નામ રૂપચંદ અને માતાનું નામ જીતાબાઈ હતું. તેમણે પણ બાલબ્રહ્મચારીપણે પૂજ્ય ગુરુદેવ આત્મારામજી મહારાજ સાથે સં. ૧૯૩૨ માં સંવેગી દીક્ષા ગ્રહણ કરી અને પૂજ્ય આત્મારામજી મહારાજના પટ્ટશિષ્ય મુનિશ્રી લક્ષ્મીવિજયજી મહારાજના શિષ્ય થયા. પૂજ્ય પરમ ગુરુદેવશ્રી વિજયા-નન્દસૂરિ મહારાજ સાહેબના સ્વર્ગવાસ પછી તેઓશ્રીના પટ્ટ પર વિ. સં. ૧૯૫૭ ના માહ સુદિ ૧૫ ના દિને સમુદાયના વડીલ સાધુઓ સ્વ. પ્ર. શ્રી કાન્તિવિજયજી મહારાજાદિ સકલ સમુદાયે મળીને ખૂબ જ આગ્રહ અને વિનવણીપૂર્વક પાટણમાં તેઓશ્રીને આચાર્યપદે સ્થાપ્યા. તે સાથે પૂજ્યશ્રી વીરવિજયજી મહારાજાને ઉપાધ્યાયપદે અને કાન્તિવિજયજી મહારાજને પ્રવર્તકપદે સ્થાપન કરવામાં આવ્યા હતા. તે વખતે એવો નિયમ કરવામાં આવ્યો હતો કે યોગોદ્વહન કર્યા વિના કોઈને આચા-ર્યાદિ પદ કરવું નહિ. કિન્તુ સ્વમતિથી કેટલાક પાછળથી છૂટા પડેલા જમાનાવાદીઓએ આ નિયમ પાળ્યો નથી, તે અફસોસજનક છે. સં. ૧૯૮૩ ના માહવદિ ૬ દિને તેઓશ્રી જલાલપુરમાં નિર્વાણ-સ્વર્ગવાસ પામ્યા. આ તારક ગુરુદેવ પણ પરમ ગુરુદેવની માફક તેજસ્વી-સદ્ધર્મસંરક્ષક મહાપુરુષ હતા. તેઓશ્રીના ત્યાગ–તપ–તિતિક્ષા–સિદ્ધાંતની રક્ષા માટેનું ખમીર અને શાસનહિતવત્સલતાં આદિ મહાન્ ગુણ-

ગણુને કોણ જાણતું નથી? પૂજ્યશ્રી પરમ ગુરુદેવની પાછળ તેઓશ્રીએ પંજાબને સંભાળી સર્વ પ્રાદેશિક શ્રીસંઘો ઉપરના સમગ્ર જૈન શાસનનું નેતૃત્વ પૂરું સફળ કર્યું હતું અને કેટલાક સુધારાવાદી દંભ સેવનારાઓને જરાયે પક્ષ કર્યા વિના પોતામાંથી દૂર કર્યા હતા. તેઓશ્રીની પવિત્ર જીવનસૌરભ પૂ. આ. શ્રી વિજયભુવનતિલકસૂરિ મહારાજ આદિએ પ્રગટ કરેલી પ્રસિદ્ધ છે.

## પૂજ્યશ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજા

૭૪ મી પાટે પૂજ્ય આ. ભ. શ્રીવિજયકમલસૂરિ મહારાજાના પટ્ટાલંકાર પૂજ્ય **સકલાગમરહસ્યવેદી આચાર્ય ભગવન્ત શ્રીમદ્વિજયદાનસૂરીશ્વરજી મહારાજ** થયા. તેઓશ્રીનો જન્મ ગુજરાત–ઝીંઝુવાડાગામમાં સં. ૧૯૨૪ ના કારતક સુદિ ૧૪ દિને થયો. પિતાનું નામ જુઠાભાઈ અને માતાનું નામ નવલબાઈ હતું. તેઓશ્રીએ સં. ૧૯૪૫ માં પૂજ્ય પરમ ગુરુદેવ શ્રીમદ્વિજયાનન્દસૂરીશ્વરજી પાસે પાલનપુરમાં પોતાના કુટુંબીઓ કે જેઓ રજા આપતા ન હતા તેમનાથી ખાનગી દીક્ષા ગ્રહણ કરી હતી. પૂજ્ય પરમ ગુરુદેવ તે પછી તેમની ચારિત્રરક્ષા માટે પાલનપુરથી વિહાર કરી પાલી ગયા હતા. પણ પાલીમાં આ કુટુંબીઓ આવીને તોફાન કરી તેમને લઈ ગયા હતા. પરંતુ આ મહાપુરુષનો વૈરાગ્ય દૃઢ હતો. તેઓ સંસારમાં મુદ્દલ લેપાયા નહિ. અને બીજે જ વર્ષે સં. ૧૯૪૬ ના માગસર સુદિ ૫ દિને બાલ બ્રહ્મચારીપણે ઘોઘામાં એજ પરમ ગુરુદેવના સમુદાયમાં પૂ. ઉ. **શ્રીવીરવિજયજી મહારાજા**, જેઓ ઉપર્યુક્ત પૂજ્યશ્રી લક્ષ્મીવિજયજી મહારાજાના શિષ્ય હતા, તેમની પાસે દીક્ષા ગ્રહણ કરી તેઓશ્રીના શિષ્ય થયા. આ સીધી સાદી સત્ય હકીકતને, હિંદી ભાષાનું 'યુગનિર્માતા' નામનું પુસ્તક જેમાં પૂજ્ય પરમ ગુરુદેવ શ્રીમદ્વિજયાનન્દસૂરીશ્વરજી મહારાજાનું જીવનચરિત્ર આલેખાયું છે, અને જે હાલમાં બહાર પડયું છે, તેના સ્વર્ગસ્થ વિદ્વાન લેખકે, ખૂબ જ વિકૃત સ્વરૂપ આપી પોતાનો

હલાહલ તેજો-દ્વેષ ઠાલવ્યો છે. તેમાં આ દીક્ષાનો ઉલ્લેખ કરીને તેના પર એક નોંધ-ટિપ્પણી આપી છે, તેમાં એ મતલબનું લખ્યું છે કે—

'આ નૂતન દીક્ષિતે પોતાના કુટુંબીઓને પરમ ગુરુદેવથી ખાનગી એક શ્રાવક અધિકારી પાસેથી રૂા. ૫૦૦) અપાવ્યા. તેની ખબર પડતાં પરમ ગુરુદેવે તેમને ખૂબ દાટયા, પછી પાલી ગયા. ત્યાં પણ આ નૂતન દીક્ષિતે પોતાના સદર કુટુંબીઓને બોલાવ્યા. પરમ ગુરુદેવને ખબર પડતાં આ દીક્ષિતને સખત ઠબકાર્યો, એટલે ગુસ્સે થઈને તેણે પોતાનો વેષ છોડીને ચાલતી પકડી. પછી બીજે વર્ષે ઘોઘામાં શ્રી વીરવિજયજી પાસે દીક્ષા લઈ દાનવિજય થયા.'

પ્રિય પાઠકો ! આ કેટલું બધું હલાહલ જુઠ છે? પરમ ગુરુદેવના સાન્નિધ્યમાં પ્રથમ તો એક નૂતન દીક્ષિત આવું સાહસ કરી શકે નહિ, બીજું શ્રાવક કે જેઓ રાજ્યના મોટા દીવાન જેવા અમલદાર હતા અને પરમ ગુરુદેવના ભક્ત હતા, નૂતન દીક્ષિતથી અપરિચિત હતા, તેઓ પરમ ગુરુદેવને અંધારામાં રાખીને આપવાની મૂર્ખાઈ કરી શકે નહિ, અને જો એવો જ કીસ્સો બન્યો હોય તો પરમ ગુરુદેવના આજ્ઞાવર્તિ વિનેય શ્રી વીરવિજયજી મહારાજ તેમને તરત જ પરમ ગુરુદેવની સંમતિ વિના દીક્ષા આપી શકે નહિ. આ બે દુ ચાર જેવી સ્પષ્ટ હકીકત હોવા છતાં લેખકે આ નિસ્પૃહશિરોમણિ તારક ગુરુદેવની નિર્દોષ દીક્ષા પર જે કલંક ચઢાવવાની નરી બાલીશ ધૃષ્ટતા સેવી છે, તે ખરેખર દયાજનક છે. તાત્પર્ય કે કેવલ દ્વેષથી આવું ખોટું ચિતરનારે પોતાની આપવડાઈ ગાવા માટે પુસ્તકમાં બીજું પણ કેટલું ખોટું નહિ ચિતર્યું હોય? આગળ ચાલીને એ નોંધમાં તેઓ લખે છે કે—

'આ દાનવિજય કમલસૂરિની પાટે દાનસૂરિ થયા અને તેમના શિષ્ય પ્રેમસૂરિ તથા રામચન્દ્રસૂરિએ તિથિનો નવો પંથ કાઢયો છે.'

આમાં છે કાંઈ સભ્યતા કે સરલતા ? જ્યાં કેવલ અંતરનો દ્વેષ જ ઠાલવવાનો હોય અને પોતાની ઉત્સૂત્રભાષિતા વગેરે છૂપાવવાની હોય ત્યાં આવું જ લખાય એમાં આશ્ચર્ય પણ શું છે ? જો તિથિ-આરાધનાનો નવો જ મત તેમણે કાઢ્યો હોત તો ગત વર્ષમાં અમદાવાદનાં આંગણે મળી ગયેલા મુનિસંમેલનમાં શાસ્ત્રાધારે વિચાર કરવાનું જ્યારે કહેવામાં આવ્યું ત્યારે તેનો સામેથી જે ઈન્કાર કરવામાં આવ્યો તે કદી કરાયો ન હોત. એજ બતાવી આપે છે કે ખરો મત આ છે, પરંતુ આજે પક્ષાપક્ષીમાં ખરૂં વિચારાતું નથી. અસ્તુ. સત્ય અને શાસન એક જ છે અને તે સદાકાળ જયવંતુ છે.

આપણા આ ગુરુદેવે વયોવૃદ્ધ ચારિત્રપાત્ર પૂ. પંન્યાસજી શ્રી ચતુરવિજયજી મહારાજ પાસે શાસ્ત્રીય યોગોદ્વહન સઘળાં પૂરાં કર્યાં અને સં. ૧૯૬૨ના માગસર સુદિ ૧૧ દિને તેઓશ્રીને તેમણે સર્વાનુયોગાચાર્ય પંન્યાસપદે આરૂઢ કર્યાં. બાદ તેઓશ્રીએ પૂજ્યશ્રી લબ્ધિવિજયજી મહારાજને છાણીમાં શ્રી ભગવતીજીના યોગ કરાવી પંન્યાસ પદાર્પણ કર્યું અને ગચ્છાધિપતિ આ. ભ. પૂજ્ય વિજયકમલસૂરિમહારાજાએ પોતાની પાટે પં. શ્રી દાનવિજયજી મહારાજાને તથા પં. શ્રીલબ્ધિવિજયજી મહારાજાને છાણીમાં સં. ૧૯૮૧ના માગસર સુદિ ૫મે આચાર્યપદે સ્થાપ્યા. આ રીતે આ તારક પૂજ્ય વિજયદાનસૂરિ થયા. તેઓશ્રી પણ પંજાબ વગેરે સઘળા પ્રદેશોમાં વિચર્યા હતા. તેઓશ્રી શાસનની અનેક સેવા–પ્રભાવના કરીને સં. ૧૯૯૨ના માહ સુદિ ૨ દિને પાટડીમાં નિર્વાણ–સ્વર્ગવાસ પામ્યા. શાસનમાન્ય આ મહાન્ જ્યોતિર્ધરનું, પ્રૌઢ પ્રતાપીપણું, અદ્દ્ભુત ગુરુસેવા, ગુર્જરનરેશ સયાજીરાવ જેવાઓને ધર્મબોધ કરવાની અલૌકિક શક્તિ, તલસ્પર્શી આગમજ્ઞાન, શિલ્પ–જ્યોતિષ વગેરેનું પણ તેવુંજ જ્ઞાન, સત્યરક્ષાની તમન્ના વગેરે ગુણો જગપ્રસિદ્ધ છે. તેઓશ્રીની સુમધુર જીવનગાથા પૂ. વિદ્દ્વર્ય પંન્યાસજી શ્રી કનકવિજયજી ગણિવર તથા પૂ. કવિરત્ન

મુનિપ્રવર શ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજ આદિએ આલેખેલી મનનીય છે. તેઓશ્રી આપણા પૂજ્યશ્રીના દાદાગુરુ થાય. આજે તેઓશ્રીનો વિશાળ શ્રમણસમુદાય સત્યને આચરી રહેલો અને ઉપદેશી રહેલો આપણને જે દૃષ્ટિગોચર થાય છે, તે તેમનીજ પાસેથી લાધેલી પ્રસાદી છે, એ નિઃસંદેહ છે.

## પૂજ્ય શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા

૭૫મી પાટે–પૂ. આ. ભ. વિજયદાનસૂરીશ્વરજી મહારાજ સાહેબની પાટે પૂજ્ય **સિદ્ધાંતમહોદધિ આચાર્ય ભગવન્ત શ્રીમદ્વિજયપ્રેમ-સૂરીશ્વરજી મહારાજ** થયા. તેઓશ્રીનો જન્મ મારવાડનાપીંડવાડાગામમાં સં. ૧૯૪૦માં થયો. તેમના પિતાનું નામ ભગવાનજી અને માતાનું નામ કંકુબાઈ હતું. તેમણે પરમ વૈરાગ્યથી પાલીતાણામાં સં. ૧૯૫૭ના કારતક વદિ ૬ દિને શ્રી ભાગવતી દીક્ષા અંગીકાર કરી અને ઉપર્યુક્ત પૂ. આ. ભ. શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજના શિષ્ય મુનિશ્રી પ્રેમવિજયજી થયા. તેઓશ્રીને પૂજ્ય ગુરુદેવે સં. ૧૯૭૬ના કારતક વદિ ૬ દિને ડભોઈમાં ગણિપદ સમર્પ્યું, બાદ સં. ૧૯૮૧માં અમદાવાદમાં તેઓશ્રી પંન્યાસપદારૂઢ થયા, સં. ૧૯૮૭ના કારતક વદિ ૩ દિને મુંબઈમાં ઉપાધ્યાય પદારૂઢ થયા અને સં. ૧૯૯૧માં રાધનપુરમાં પૂ. ગીતાર્થ ગુરુદેવના વરદહસ્તે આચાર્યપદે સ્થપાયા. આ તારક ગુરુદેવની સંઘહિતવત્સલતા, સિદ્ધાંતપારગામિતા, સ્વ કે પરસમુદાયના હરકોઈ સાધુ માટે ઉત્કૃષ્ટ સેવાભાવના, ભવકૂપમાં પડેલા ભવ્ય જીવોને રત્નત્રયીરૂપ દોર આપીને તેમનો ચારિત્રમાર્ગે ઉદ્ધાર કરવાની અજોડ લબ્ધિ; તપ–સંયમ આદિની શુદ્ધિ; જ્ઞાનાદિક શાસનંગુણો પ્રત્યેની તીવ્ર ધગશ ઈત્યાદિ અનેક પ્રભાવક ગુણગણશ્રેણીથી આજે કોણ અજાણ છે? વિદ્યમાન સર્વ શ્રમણસમુદાયોમાં તેઓશ્રી સહુથી અધિક શ્રમણસાર્વાધિપત્ય ધરાવે છે. એ છે આપણા પૂજ્યશ્રીના ગુરુદેવ, જેમણે તેઓશ્રીને સં. ૧૯૯૯માં રાજનગરમાં સૂરિપદ

આપી પોતાના પટ્ટધર કર્યા છે. આવા સર્વોત્તમ વિશુદ્ધ ગુરુકુલવાસના વારસાને પામેલા આપણા પૂજ્યશ્રીમાં પૂજ્ય ગુરુવર્યોના મહાન્ ગુણગણસંભારના લાક્ષણિક અંશોનું આપણને દર્શન થવું તદ્દન સ્વાભાવિક છે.

## સેવાવૃત્તિ

એમાંના એક સેવાગુણનો દાખલો આપણે જોઈએ તો દેખાશે કે સં. ૧૯૮૦ના ચોમાસામાં અમદાવાદ વિદ્યાશાળામાં પૂજ્યશ્રી ગચ્છાધિપતિ ગુરુદેવ આ૦ભ૦શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના શરીરે મરડો થઈ ગયો હતો, દિવસના અને રાતના સો-સો અને તેથી પણ વધારે સ્થંડીલ થઈ જાય, તે તમામ સેવાનો લાભ આપણા પૂજ્યશ્રીએ એકલા હાથે ખડે પગે લીધો હતો. શિષ્ય પોતાના ઉપકારી ગુરુદેવની સેવા-સુશ્રુષા કરે તેમાં કદાચ આપણને આશ્ચર્ય નહિ લાગે; પરંતુ પોતાના શિષ્ય મુનિરાજ શ્રી જયન્તવિજયજી ગણિ વગેરે સં. ૧૯૯૧માં પાટણમાં ટાઈફોડ બીમારીમાં ખૂબ ગ્લાન થઇ ગયા હતા, ત્યારે તેમની પણ સઘળી સેવા બજાવવાનું આપણા પૂજ્યશ્રી ચૂકયા નથી. અન્ય સહુને માટે પણ તેઓશ્રીમાં સેવાનો એવો જ પ્રેમ અને ઉલટ દ્રવે છે.

## કૃતોપકારિતા

શ્રી સ્થૂલિભદ્રજી જે કોશા વેશ્યાને ત્યાં પૂર્વે રહ્યા હતા, તેને ભવમાં ડૂબતી બચાવી લઈ ધર્મ પમાડવા માટે દીક્ષા લીધા પછી ગુરુ-આજ્ઞા લઈને આર્ય સ્થૂલિભદ્રસ્વામી અસિધારા-સંયમવ્રતમાં કટ્ટર રહી કોશાને ત્યાં ઉપદેશ આપવા પધાર્યા હતા. કૃતોપકારિપણાનો આ કેટલો બધો ઊંચો ગુણ ? વિશ્વહિતને હૈયે ધરનાર મહાપુરુષો આ રીતે સ્વ-કુટુંબ-પરિવાર, ગામ વગેરેને પણ બુઝવવાની-ધર્મ પમાડવાની, ઉપકાર કે ઉદ્ધાર કરવાની પ્રધાન લાગણી રાખે તો તેને તેમની એક વિશેષતાજ કહેવી પડશે. આપણા

પૂજ્યશ્રીએ એ રીતે પોતાના સંસારી કુટુંબ–જન્મભૂમિ વગેરે પર ધર્મનો ઉપકાર કરવાનું વિસાયું નથી. એટલું જ નહિ પરંતુ સંસારીપણે પોતે જ્યાં રહીને મેટ્રીકનો અભ્યાસ કર્યો હતો, તે અમદાવાદની શેઠ લલ્લુભાઈ રાયજી જૈન બોર્ડિંગના વિદ્યાર્થીઓને સં. ૧૯૯૮માં સુંદર પ્રવચન આપી સદ્બોધ કર્યો હતો. તે પછી ઉગતી પેઢી ધર્મનો સદ્બોધ ઠીક ઠીક પામી જાય તે હેતુથી સં. ૨૦૦૦માં શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયે પણ તેઓશ્રીના તારક પ્રવચનનો લાભ લીધો હતો. પૂજ્યશ્રીના આવા કેઈ ગુણોનું આ ગ્રંથમાં આલેખન થયું છે.

## જીવનકવન

મહાપુરુષોનું જીવનકવન સંપૂર્ણ તો કોઈથી કથી શકાતું નથી. જે કંઈ કથાય તે આછાં–પાતલાં ઝરણાં સમાન હોય છે. તેના પરથી તે તે વિશિષ્ટ ગુણોના મહાસાગરનું પાઠકોએ સત્ય અનુમાન કરી લેવું રહ્યું. આ પૂજ્યશ્રીના ઉપકારી જીવનવિહારો સંબંધી નોંધ લેવાની અમોએ પૂજ્યશ્રીના વિનેયરત્ન પૂજ્ય **મુનિરાજશ્રી રૈવતવિજયજી ગણિવરને** વિનંતિ કરી હતી અને તે બાદ આ **જયપતાકાનો** પ્રથમ વિભાગ જેમની કસાયેલી કલમથી લખાયો હતો, તે શતાવધાની સાક્ષરવર્ય **પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહને** ઉપર્યુક્ત નોંધોને યથોચિત શબ્દદેહ આપી જનસમૂહના ઉપકારાર્થે ગ્રંથાકાર કરી આપવાની વિનંતિ કરી હતી. આજે અમારી એ વિનંતિને સફળ થયેલી જોઈ અમોને ખૂબ જ હર્ષ થાય છે.

## આભાર

ઉપર પ્રમાણે આવશ્યક નોંધો સમર્પણ કરનાર ઉપર્યુક્ત પૂજ્ય **મુનિરાજશ્રી રૈવતવિજયજી ગણિવર્યનો** તેમજ તેમની સાથે સહાય કરનાર પૂજ્યશ્રીના બીજા શિષ્યવર્યો પૂ. **મુનિશ્રી વર્ધમાનવિજયજી ગણિવર્ય**, પૂ. મુનિશ્રી દેવભદ્રવિજયજી, પૂ. મુનિશ્રી મનોગુપ્તવિજયજી, પૂ. મુનિશ્રી લબ્ધિસેનવિજયજી, પૂ. મુનિશ્રી સિદ્ધાચલવિજયજી આદિને

તથા આ ગ્રંથને લખી આપનાર લેખક **શ્રીમાન્ ધીરજલાલ ટોકરશી શાહ**નો અમે આ સ્થલે આભાર માનીએ છીએ. લેખકે પોતાની વિશિષ્ટ પ્રતિભા દર્શાવીને આ ગ્રંથ એટલો તો સુંદર લખ્યો છે કે એમાં નથી ક્યાંય અતિશયોક્તિ, નથી ક્યાંય હકીકત-દોષ, કે નથી ક્યાંય કટાક્ષાદિ વિભાવોનો વાવંટોલ. સત્ય હકીકતને સ્પર્શતું આ પુસ્તક તેમણે એટલી પ્રસન્ન શલીથી લખ્યું છે કે વાચકોને હાથમાં લીધા પછી નીચે મૂકવાનું મન નહિ થાય. અમને વિશ્વાસ છે કે આમાંથી વાચકોને ઘણું ઘણું સુંદર માર્ગદર્શન અને જીવનો-ત્કર્ષની ઘણી ઘણી સત્પ્રેરણાઓ પ્રાપ્ત થશે. સાહિત્યની શિષ્ઠ પંક્તિને શોભાવે તેવા આ ગ્રંથનો સ્વાધ્યાય સહુ કોઈ કરે, એવી અમારી ખાસ ભલામણ છે.

## ધન્યવાદ

આ ઉપરાંત આ દલદાર પુસ્તકનાં પ્રકાશનમાં સ્વદ્રવ્યદાનનો લાભ લેનારા પુણ્યશાલીઓનો પણ અમે આભારસહિત ધન્યવાદ ઉચ્ચારીએ છીએ. સાથે સાથે સમયસર ગ્રંથમુદ્રણનું કામ કાળજીથી કરી આપનાર શ્રી નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસના માલીક વગેરેને પણ ધન્યવાદ આપીએ છીએ. આ પુસ્તકમાં કાના–માત્રા–બીન્દી કે અક્ષર આઘાપાછા વગેરેની ક્યાંય અશુદ્ધિ હોય તો તે પાઠકો સુધારીને વાંચશે એવી આશા રાખીએ છીએ. ખાસ મહત્વની અશુદ્ધિઓનું શુદ્ધિપત્રક આપ્યું છે. ચિત્રોનો પરિચય પણ તે તે ચિત્રોમાં સામેલ છે. બાકી છદ્મસ્થ સુલભ કોઈ ભૂલચૂક દષ્ટિગોચર થાય તેની અમે ક્ષમા પ્રાર્થીએ છીએ. આ ગ્રંથ બરાબર માહ વદિ ૧૧ને રોજ બહાર પડે છે. તે દિને પૂજ્યશ્રીની ષષ્ઠીપૂર્તિ થાય છે અને એકસઠમું વર્ષ બેસે છે. પૂજ્યશ્રીના સંયમપર્યાયનું આ ૩૭ મું વર્ષ ચાલે છે અને પ્રકાશિત થતા આ ગ્રંથનો ક્રમાંક પણ ૩૭ મો આવે છે; વળી નજીકમાં જ આવનારી ફાગણ સુદિ ૩ જે પૂજ્યશ્રીના **સૂરિપદની ૧૭મી સંવત્સરી**

ભેગાથી, તે સત્તર પ્રકારના સંયમનો સૂચક આંક છે; આ બધું સોનામાં સુગંધ સમાન હોઈ પૂજ્ય ગુરુદેવ સ્વપરકલ્યાણકારી વૃત્તિ-પ્રવૃત્તિ સેવતા રહી વધતા જતા સંયમપર્યાયથી સહસ્રમુખી શાસનપ્રભાવનાઓ કરવા માટે સમર્થ શાતાવેદનીયુક્ત દીર્ધાયુ ભોગવે, એ જ શાસનદેવને અમારી અંતઃકરણથી પ્રાર્થના છે. વાચકો પણ અમારી સાથે સૂર પૂરાવી આ ઉત્તમ સદ્ગ્રંથનો સદુપયોગ કરે, એ જ અભ્યર્થના.

| | |
|---|---|
| વીર સં. ૨૪૮૫, વિ. સં. ૨૦૧૫ માહ સુદિ ૧૫ સોમવાર તા. ૨૩-૨-૫૯ ડભોઇ. | શા. જયન્તિલાલ બાબુલાલ વડજવાળા<br>માનદ મંત્રી, આ. જં. મુ. આગમમંદિર |

# ગ્રંથપ્રકાશનમાં સ્વદ્રવ્યદાનથી સુકૃતોપાર્જન
## કરનારા ભાગ્યશાલીઓ

રૂા. ૩૦૦ શેઠ છોગાલાલ ભાયચંદ મુ. પીંડવાડા.
૨૫૦ ,, સુરચંદ શીવલાલ ,,
૨૫૦ ,, લાલચંદ છગનલાલ ,,
૨૦૧ અ. સૌ. મંજુલાબ્હેન છગનલાલ લક્ષ્મીચંદ
આંબાવાલા મુંબઈ.
૧૫૦ શેઠ મણિલાલ જેઠાલાલ ગોધાવીવાલા અમદાવાદ.
૧૦૧ ,, રતીલાલ કેશવલાલ ,,
૧૦૧ ,, સુધાકરભાઈ મનસુખરામ ,,
૧૦૧ એક બ્હેન ,,
૧૦૧ શેઠ લક્ષ્મીચંદ ગોદડદાસ ,,
૧૦૦ સાધ્વી સુવ્રતાશ્રીના ઉપદેશથી એક ગૃહસ્થ સુરત.
૧૦૧ શેઠ ચીમનલાલ પરશોતમ સાબુગોલાવાલા અમદાવાદ.
૧૦૧ ,, આશાલાલ છગનલાલ ગોધાવીવાલા ,,
૧૦૦ ,, કેશવલાલ ઈશ્વરલાલની કું. ,,
૧૦૦ ,, ફકીરચંદ સોભાગચંદ દમણવાલા મુંબઈ.
૧૦૦ ,, ચીમનલાલ પોપટલાલ પાટણવાલા ,,
૧૦૧ ,, એક ગૃહસ્થ અમદાવાદ.
૧૦૦ ,, રામજીભાઈ દેવજીભાઈ બીજાપુર (કર્ણાટક)
૧૦૦ ,, એક ગૃહસ્થ ,, ,,
૫૧ અ. સૌ. ચંદનબ્હેન રાધનપુરવાલા મુંબઈ.
૫૧ શ્રીમતી ચંપાબ્હેન કેશવલાલ મૂલચંદ અમદાવાદ.
૫૧ ,, માણેક બ્હેન શાંતિલાલ મોહનલાલ કોઠાવાલા ,,
૫૧ શેઠ ફુલચંદ મૂલચંદ ,,
૫૧ ,, હીરાલાલ છક્કડદાસ જમીયતપુરાવાલા ,,
૫૧ ડૉ. રમણલાલ ચુનીલાલ પાદરાવાલા ,,
૫૧ કોઠારી શનાભાઈ નગીનદાસ ,,
૫૧ શેઠ મણીલાલ હીરાલાલ રાજપુરવાલા ,,

| | | |
|---|---|---|
| રૂા. ૫૧ | શેઠ નટવરલાલ સામલદાસ કડીવાલા | અમદાવાદ. |
| ૫૦ | ,, ત્રીકમલાલ ડાહ્યાભાઈ મારફતીયા | ,, |
| ૫૧ | ,, દેવચંદ જેઠાભાઈ | ,, |
| ૫૧ | ,, જયંતીલાલ ચંદુલાલ | ,, |
| ૫૧ | ,, કાંતિલાલ જેઠાલાલ | ,, |
| ૫૧ | ,, સામલદાસ વનમાલીદાસ | ,, |
| ૫૧ | ,, શાંતિલાલ વાડીલાલ | ,, |
| ૫૧ | ,, રમણુલાલ શીવલાલ | ,, |
| ૫૧ | શ્રીમતી ઝુલુબ્હેન સુખલાલ | ,, |
| ૫૧ | શેઠ ધુરાલાલ ચંપાલાલ | ,, |
| ૫૧ | ,, ખુબચંદ મનરૂપદાસ પીંડવાડાવાલા | ,, |
| ૫૧ | ,, કલ્યાણુભાઈ મણિલાલ રાવ | ,, |
| ૫૧ | ,, ભીખાભાઈ મણિલાલ | ,, |
| ૫૧ | ,, લાલચંદ રાજમલ બેડાવાલા | ,, |
| ૫૧ | ,, એક ગૃહસ્થ | ,, |
| ૫૧ | ,, બાબુભાઈ ઉત્તમચંદ સંઘવી પાટણુવાલા | અમરેલી. |
| ૫૧ | ,, ભાયચંદ દેવચંદ હા. ઉત્તમચંદ | વાપી. |
| ૫૧ | ,, નાથાલાલ કીશોરભાઈ મ્હેલાવવાલા | નડીયાદ. |
| ૫૧ | ,, ભગવાનજી શીવલાલ પીંડવાડાવાલા | મુંબઈ. |
| ૫૧ | ,, કાંતિલાલ બાબુલાલ કંપની | સુરત. |
| ૨૫ | ,, ચંદુલાલ કુલચંદ | અમદાવાદ. |
| ૨૫ | ,, પોપટલાલ મોહનલાલ | ,, |
| ૨૫ | ,, અમૃતલાલ મોહનલાલ | ,, |
| ૨૫ | ,, દલસુખભાઈ જેઠાલાલ | ,, |
| ૨૫ | ,, મથુરભાઈ મુલજીભાઈ ડભોઈવાલા | ,, |
| ૨૫ | ,, ડાહ્યાલાલ મોહનલાલ રાજપુરવાલા | ,, |
| ૨૫ | ,, દલસુખ પાનાચંદ વાડીગામવાલા | ,, |
| ૨૫ | ,, છીતાલાલ ચુનીલાલ ફડીઆ | ડભોઇ. |

# શુદ્ધિપત્રક

## ખંડ પહેલો

| પૃ. | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૫૦ | ૬ | બ્હદ્વૃત્તિ | બૃહદ્વૃત્તિ |
| ૭૫ | ૨ | ગુરૂદેવે | ગીતાર્થ ગુરુદેવે |
| ૭૭ | ૩ | આ વખતે | આ વખતે વિહારમાં |
| ૮૦ | ૧૬ | રચનાઓનો | રચનાઓ સહિત |
| ૮૭ | ૧૭ | તલાટીના | તલેટીના |
| ૧૦૨ | ૧૫ | પૂજાનો | સંઘપૂજાનો |
| ૧૧૩ | ૧૧ | ૩૬ | ૩ |
| ૧૧૯ | ૧૫ | અંજનશાલકામાં | અંજનશલાકામાં |
| ૧૬૮ | ૧૮ | પૂજ્યશ્રી | પૂજ્યશ્રી સાગરના ઉપાશ્રયે |
| ૧૬૯ | ૫ | આવતાં | આવતાં જૈનશાલાના વિશાળ હોલમાં |
| ૧૭૦ | ૧૮ | પદવી | પદવીની ૮મી સંવત્સરી |
| ૨૧૭ | ૫ | પદાર્પણ | પાદાર્પણ |
| ૨૪૨ | ૨૦ | હીરપ્રશ્નો | હીરપ્રશ્નનો |

# સમર્પણ

પરમપૂજ્ય સિદ્ધાંતમહોદધિ તપોગચ્છાધિપતિ ચારિત્રચૂડામણિ
શ્રી ૧૦૦૮ આચાર્યભગવન્ત શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી
મહારાજ સાહેબની ભવતારિણી સેવામાં,

શાસનના શિરતાજ ! ભવકૂપોદ્ધારક ! શ્રી જૈનશાસનની જય
પતાકા ફરકાવનારા એક નહિ પરંતુ અનેક મહાત્માઓના
લોકોત્તર જીવન-શિલ્પી ! આપના મહાન્ ઉપકારોનો
તાગ અમ જેવાથી પામવો અશક્ય છે. કૃપાળુના
આશીર્વાદથી પુનિત એવું જેમનું સુચરિત આ
ગ્રંથમાં અંકિત થયું છે, તે કૃપાળુના શિષ્યનું
જીવનસમર્પણ આપનાં ચરણે છે, આ ગ્રંથનું
સમર્પણ પણ આપના કરકમલમાં હો.

વિનીત પ્રકાશકો




જીવનશિલ્પી પૂજ્ય ગુરુદેવ સિદ્ધાન્તમહોદધિ આચાર્ય ભગવન્ત
શ્રી ૧૦૦૮ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ.



ચરિત્રનાયક પૂજ્ય આગમપ્રજ્ઞ આચાર્યદેવશ્રી ૧૦૦૮
શ્રીમદ્ વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજ.

# અંતરોદ્ગાર

## ( શિખરિણી-છંદ )

શિરોહીમાં દીક્ષા-કનક, ખરીદી વીર-જિન શું,
ગૃહેથી ચાલ્યો તું, કનકભિષથી મુક્તિ વરવા;
બન્યા મુક્તામાલા મગનસુત જંબૂવિજયજી,
થયા અન્તેવાસી, પ્રશમરસ શ્રી પ્રેમસૂરિના. ૧

ગુરુજીની સેવા, વિમલ તપની તિગ્મ પ્રતિભા,
વળી શુદ્ધ જ્ઞાને, સતત લગની જાગરૂકતા;
ગણી ને પન્યાસ, પદારૂઢ થયા રાજનગરે,
પદે ઉપાધ્યાયે, અવરૂઢ થયા મોહમયીમાં. ૨

સુયોગ્ય જાણીને, અરપી ગુરુએ સૂરિ-પદવી,
બની સાર્થી ત્યારે, જિનસદન આ રાજનગરી;
સુકાર્યો સાધીને અવનિતલને પૂત કરતા,
પૂરાં કીધાં, છત્રીશ વરસ તુમે સંયમ તણાં. ૩


પ્રતિષ્ઠાનાં કાર્યો, પ્રમદપુરથી આપ ઉજવો,
ડભોઈ ગ્રામે તો, જયતિલક પ્રાસાદ દીપવો;
વળી વાસુપૂજ્ય, જિનવરતણો રાજનગરે,
ઊભો છે પ્રાસાદ, અરુણનગરે ભવ્ય દીસતો. ૪

ઘણાં સત્કાર્યોની, અવિરલપણે હાર દીસતી,
કહાં મારી શક્તિ, તુજ ગુણ વદે અલ્પ સુમતિ;
પ્રભો! એકાષષ્ઠી, વરસ વરતા આજ દિવસે,
સદા આશીર્વાદો તુજ અભિલષું આ જીવનમાં. ૫

અને ક્યાંથી ભૂલું, નગર કુલપાકે ગરજતી,
મહા સંઘ-યાત્રા, દલમજલ એ કૂચ કરતી;
વળી **જંબૂસ્વામી** અભિધ, લલિત જ્ઞાનસદન,
ડભોઈ સુગ્રામે, તવ સતત યત્ને મલપતું.


ભલે નાવે કીર્તિ, સુખ પણુ દિગંતે ભટકતું,
ભલે દુ:ખોથી, આ શિથીલ બનતો દેહ મુજનો;
ભલે લોકો ચાલે, મુજ કુટિર છોડી જગતમાં,
ન લુંટાયે મારૂં, મુજ નિખિલ તું **જંબૂ** દિલમાં.

ઉંડાં અંધારેથી, પરમપથ તેં નાથ અરપ્યો,
દુ:ખોની જ્વાલામાં, શીતલજલ તેં છાંટ્યું મુજપે;
ન ભૂલું ઓ સ્વામિ, તુજ પરમ પ્રીતિ મુજ પરે,
નમું **જંબૂસૂરિ**, શ્રમણગગને ચંદ્રવદન.



ગ્રન્થવસ્તુના સંકલનકર્તા જ્યોતિર્વિદ પૂ. **મુનિ શ્રી રૈવત-વિજયજીગણિ**, જેઓને સં. ૨૦૧૨ ના ફાગણ સુદ ૧૧ ના રોજ સિકંદરાબાદમાં ગણિપદારૂઢ કરવામાં આવ્યા.

( જુઓ પરિચય પૃ. ૧૨, ખંડ બીજો. )



## પૂજ્યશ્રી શિષ્યાદિ પરિવાર સાથે

ઉભેલા ડાબેથી (૧) પૂ. મુનિશ્રી દેવભદ્રવિજયજી
(૨) ,, આનંદઘનવિજયજી
(૩) ,, મનોગુપ્તવિજયજી
પાટપર ,, (૧) ,, વર્ધમાનવિજયજીગણિ
(૨) **પૂજ્ય આચાર્યશ્રી**
(૩) પૂ. મુનિશ્રી રૈવતવિજયજીગણિ
નીચે બેઠેલા ,, (૧) ,, લબ્ધિસેનવિજયજી
(૨) ,, સિદ્ધાચલવિજયજી

આગમપ્રજ્ઞ આચાર્યપ્રવર શ્રીમદ્

વિજયજમ્બૂસૂરીશ્વરજી મહારાજનો

# જીવનપરિચય

卐

# શ્રદ્ધાંજલી

( દ્રુતવિલમ્બિત )

સુભટ કોઈ મહા બળથી લડે !
પ્રબલ શત્રુસમૂહ ડરાવતા;
પણ લડે ગુરુ જંબુ નિજાત્મ શું,
તસ પદામ્બુજ મસ્તક આ ઢળે.

જીવનસાગર એ ગુરુરાયનો,
વિવિધ રત્ન થકી ભરિયો મહા;
પરમ મોદ ધરી ચય મેં કર્યો,
ધરીશ પાઠક–હસ્ત–સરોજમાં.

( અનુષ્ટુપ્ )

સમ્યગ્જ્ઞાન–ક્રિયા–મસ્ત, વળી વાણીવિશારદ;
પ્રબોધે પ્રેમથી માર્ગ, આજે એ વિભુ વીરનો.
સાઠ વર્ષ થયા પૂરા, ધૃતિ–સત્ત્વ–યશે ભર્યા;
ચિરાયુ હો ! શતાયુ હો ! સખા વિશ્વ સમસ્તના.

॥ ॐ ह्रीं अर्हं नमः ॥

# ૧ – ઉપક્રમ

જીવનપુષ્પમાંથી સદ્ગુણસૌરભ પ્રકટે તો સ્વ–પર-કલ્યાણની સાધના જરાયે મુશ્કેલ નથી. મહાપુરુષોનાં જીવનો આપણને એ વાતની પ્રતીતિ કરાવે છે.

કેટલાક કહે છે કે, 'મહાપુરુષો તો ભૂતકાળમાં થઇ ગયા, આજે નજરે પડતા નથી અને ભવિષ્યમાં નજરે પડશે કે કેમ ? એ એક પ્રશ્ન છે.' પણ આમ કહેવું ઉચિત નથી. મહાપુરુષો ભૂતકાળમાં હતા, આજે પણ છે અને ભવિષ્યકાલમાં પણ હશે, પછી ભલે તેમના પ્રકારમાં ફેર હોય અને તેમની કાર્યપ્રણાલિકામાં તફાવત હોય.

સૂર્ય પરમ તેજસ્વી છે, એટલે ચંદ્ર ઝાંખો લાગે છે અને તારાઓ તો ઘણાજ ઝાંખા લાગે છે, પણ અંધારી રાતે એ તારાઓનું નિરીક્ષણ કરો તો તેઓ સુંદર તેજ વેરતા જણાશે અને તેના આધારે પ્રવાસ કરવો હોય તો પણ કરી શકાશે. અમે પોતે આ વસ્તુનો અનુભવ અનેક પ્રવાસોમાં કર્યો છે.

આજે અર્હંતો વિદ્યમાન નથી, યુગપ્રધાનો પણ વિદ્યમાન નથી, એને આપણે સૂર્ય–ચંદ્રનો અભાવ સમજીએ; પણ પૂજ્ય શ્રમણો વિદ્યમાન છે અને તેઓ પોતાની શક્તિ

મુજબ આત્મતેજ પ્રસારી રહેલા છે, તેમને તેજસ્વી તારા કેમ ન સમજીએ ? જો જૈન શ્રમણોના પૂરા પરિચયમાં આવીએ તો આ વસ્તુ હસ્તામલકવત્ સમજાય તેવી છે, પણ વર્તમાન જીવનની જંજાળો આપણને તેમ કરવા દેતી નથી, એટલે અમને લાગે છે કે આ તેજસ્વી તારાઓનો પરિચય લેખિની દ્વારા કરાવવો જોઈએ, જેથી ગમે ત્યાં અને ગમે તે સ્થિતિમાં રહેલો મનુષ્ય પણ તેમનો પરિચય મેળવી શકે અને પોતાના અજ્ઞાન–મોહ–તિમિરનો ઉચ્છેદ કરી શકે.

'જૈનશાસનની જયપતાકા અને શ્રીકુલ્પાકજી તીર્થની અપૂર્વ સંઘયાત્રા'ને અમે પ્રશસ્ત પ્રયત્નોથી પુસ્તકારૂઢ કરી, ત્યારે જ લાગેલું કે આ જયપતાકા ફરકાવનાર મહાપુરુષ **આગમપ્રજ્ઞ આચાર્યપ્રવર શ્રીમદ્ વિજય-જમ્બૂસૂરીશ્વરજી મહારાજ** વર્તમાન જૈનશ્રમણ સંઘના એક તેજસ્વી તારા છે, એટલે પાઠકોને તેમનો પૂર્વ પરિચય આપવો જોઇએ. સ્કંધ વિના શાખા–પ્રશાખા–પત્રાદિનો વિસ્તાર શો ? પણ રોગાતુરને ઔષધનિમિત્તે પત્રાદિની આવશ્યકતા હોય તો એ તેનાથી જ સંતોષ પામે છે, પણ સ્કંધ કે મૂળ સુધી જતો નથી. એ ન્યાયે અમે પ્રાપ્ત સામગ્રીથી સંતોષ માન્યો ને પૂર્વપરિચયની વાત આગળ પર મુલતવી રાખી.

ત્યારબાદ પ્રસ્તુત પુસ્તક લખવાનો પ્રસંગ ઉપસ્થિત થયો, એટલે અમારી એ ઇચ્છા નવપલ્લવિત થઈ અને પ્રથમ તેમનો પરિચય આપીને પછીજ તેમણે વિસ્તારેલી

શાસનપ્રભાવનાનું યથાશક્ય આલેખન કરવું, એવો નિર્ણય કર્યો.

એ નિર્ણયની પાછળ સંકલ્પનું બળ હતું, એટલે પ્રયત્નો ગતિમાન થયા અને જીવનચરિત્રની સામગ્રી ઉપલબ્ધ થવા લાગી. એ સામગ્રી સામાન્ય કે સાધારણ ન હતી, પણ રત્નમંજૂષા સમ રઢિયાળી હતી અને પોતાના પુનિત પ્રકાશથી અનેકનાં અજ્ઞાન–મોહ–તિમિરને ઉચ્છેદે એવી ઉત્કૃષ્ટ હતી, એટલે અમારું અંતર સહજ આનંદ અનુભવવા લાગ્યું. એને અમે ભાવમંગલ માની કામ આગળ ચલાવ્યું.

ઉપલબ્ધ સામગ્રીનું અવલોકન કરતાં અમારાં મન પર જે છાપ મુદ્રિત થઈ, તેને અક્ષરાંકિત કરવા પ્રયત્ન કર્યો છે. તે કેટલા અંશે સફળ છે, તેનો નિર્ણય તો પાઠકો પોતે જ કરી શકે, એટલે તે સંબંધી અમારું કંઈ વક્તવ્ય નથી.

આટલા ઉપક્રમપૂર્વક અમે એ મહાપુરુષનો જીવન-પરિચય પાઠકોનાં કરકમલમાં રજૂ કરીએ છીએ.

## ૨ – વતન

મનુષ્યનાં જીવન પર દેશ અને કાલ બંનેની અસર હોય છે, એટલે પ્રથમ તેમના દેશનો–વતનનો પરિચય આપીશું.

ભારતમાતાની ભવ્ય ભુજાસમી ગૂર્જરભૂમિમાં વડોદરા વિશિષ્ટ સ્થાન ધરાવે છે. વિશ્વામિત્રીના કિનારે વિસ્તરેલાં આ પ્રસિદ્ધ શહેરથી અઢાર માઇલ દૂર કાનમના પ્રદેશમાં વસેલું ડભોઈ આપણા ચરિત્રનાયકનું વતન છે.

તે એક કાળે દર્ભાવતી નગરી તરીકે પ્રસિદ્ધ હતું અને જૈન સંસ્કૃતિનાં સબળ કેન્દ્રની ખ્યાતિ ધરાવતું હતું. અનેક જિનમંદિરો, પોષધશાળાઓ અને જ્ઞાનભંડારો વગેરેથી વિભૂષિત એ નગરીમાં લોઢણ પાર્શ્વનાથની મૂર્તિ અતિ ચમત્કારિક લેખાતી હતી અને તેથી દેશ–પરદેશનાં યાત્રિકવૃંદનું અદ્‌ભુત આકર્ષણ કરતી હતી. આજે પણ અર્ધપદ્માસને રહેલી તે મૂર્તિ બે માળનાં ભવ્ય જિનાલયમાં છે. તે ઉપરાંત બે માળના બીજા ભવ્યપ્રાસાદમાં શ્રી પ્રકટપ્રભાવી દર્ભાવતી પાર્શ્વનાથ પણ અર્ધ પદ્માસને બીરાજમાન છે અને આ મૂર્તિઓ હજારો મુમુક્ષુઓનાં નયન–ચિત્તને પાવન કરે છે.

પૂર્વકાળે સાગરદત્ત નામનો એક સાર્થવાહ આ નગરીમાં આવ્યો. તેને રોજ જિનેશ્વર ભગવાનની પૂજા કરવાનો નિયમ હતો, પણ તે પોતાની સાથે જિનપ્રતિમા લાવવાનું ભૂલી ગયો. સત્‌ પુરુષો સ્વીકૃત નિયમોનું કદી ઉલ્લંઘન કરતા નથી, એટલે સાગરદત્તે વેલુકાથી પ્રભુ પાર્શ્વની પ્રતિમા બનાવી અને તેનું ભાવથી પૂજન કર્યું. ભાવ વિનાની ભક્તિ સુગંધ વિનાનાં ફૂલ જેવી છે, એ કોણ નથી જાણતું? પૂજન કર્યા પછી તે સાર્થવાહે ઉક્ત પ્રતિમાને એક કૂવામાં પધરાવી દીધી, પણ તે અખંડ

રહી ! કેટલોક કાળ વ્યતીત થયા પછી તે સાર્થવાહ પાછો દર્ભાવતી આવ્યો, ત્યારે તેને સ્વપ્ન આવ્યું અને એ મૂર્તિને કૂવામાંથી બહાર કાઢી. તે લોઢા જેવી દૃઢ હતી, તેથી તેનું નામ લોઢણ પાર્શ્વનાથ પાડયું અને નૂતન મંદિર નિર્માણ કરીને તેમાં તેની પ્રતિષ્ઠા કરી.

પ્રસિદ્ધ ગૂર્જરનરેશ સિદ્ધરાજ જયસિંહની સભામાં દિગમ્બરવાદી કુમુદચંદ્રને હરાવનાર શ્રીવાદિદેવસૂરિના ગુરુ સહસ્રાવધાની શ્રીમુનિચંદ્રસૂરિજીનો જન્મ આ પ્રસિદ્ધ નગરીમાં જ થયો હતો. તેમણે અદ્ભુત ત્યાગ, ઉત્કટ તપશ્ચર્યા અને વિદ્વત્તાભરી અનેક ગ્રંથરચનાઓથી આ નગરીના કીર્તિકલાપમાં અનેક ગણો વધારો કર્યો હતો.

વસુધાને ભવ્ય જિનમંદિરોથી વિભૂષિત કરનાર તથા દાનની અખંડિત અનુપમ સરિતા વહેવડાવનાર મંત્રીશ્વર વસ્તુપાળ–તેજપાળે અહીં ૧૭૦ દહેરીઓથી સુશોભિત વિશાળ જિનમંદિર બંધાવ્યું હતું અને માંડવગઢના મહામંત્રી પેથડશાહે પણ સં. ૧૩૨૦માં અહીં એક આલિશાન જિનચૈત્ય બનાવવા માટે પ્રભૂત દ્રવ્યનો સદ્વ્યય કર્યો હતો.

ન્યાયનિપુણ સમર્થ શાસ્ત્રવિશારદ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે આ નગરીને પોતાનાં પુનિત પગલાંથી અનેક વાર પાવન કરી હતી અને જીવનનો અંતિમ સમય પણ અહીં જ વીતાવ્યો હતો. આજે તેમનું સમાધિસ્થાન શહેરથી થોડે છેટે જોઈ શકાય છે.

ધાર્મિકતા ઉપરાંત કલાની સમૃદ્ધિ પણ આ નગરીને વરેલી હતી. રાજા વીરધવળના મહામંત્રીઓ વસ્તુપાળ અને

તેજપાળ પૈકી તેજપાળ મંત્રીએ આ દર્ભાવતીનાં રક્ષણ માટે સુંદર કિલ્લો બંધાવ્યો હતો. તેનો ઉલ્લેખ વડોદરા સરકારી ખાતા તરફથી બહાર પડેલ ડભોઈના પુરાતન કામોમાં દેખાય છે. ચારે દરવાજાઓમાં અનોખી શિલ્પકળા કંડારાયેલી છે, તેમાં હીરાભાગોળ પ્રસિદ્ધ છે. ત્યાં આ હકીકતનો એક મોટો શિલાલેખ પણ છે. દક્ષિણ દરવાજા ઉપર આદીશ્વર ભગવાનની મૂર્તિ વૃષભલાંછને બેસાડેલી, તે એના અવશેષ ઉપરથી માલુમ પડે છે. પશ્ચિમમાં ગામ બહાર ( હાલ સ્ટેશન ઉપર ) રાજા વીરધવલની યાદગીરીમાં આ મંત્રીઓએ વાઘનાથ મહાદેવનું મંદિર બંધાવેલું આજે મોજુદ છે.

વાણિજ્યક્ષેત્રે પણ આ નગરીએ સુંદર વિકાસ સાધ્યો હતો. દેશપરદેશના અનેક લોકો અહીં વ્યાપાર નિમિત્તે આવતા હતા અને લક્ષ્મીનંદનોની ભેટ કરતા હતા. આજે પણ તે વાણિજ્યનું એક કેન્દ્ર છે અને કપાસ પીલવાનાં તથા રૂની ગાંસડીઓ બાંધવાનાં ૧૮ જેટલાં કારખાનાં ધરાવે છે. ત્રાંબા–પિત્તળનાં સુંદર વાસણો એ તેની વિશેષતા છે, એટલે ગામ–પરગામ તેનો વ્યાપાર બહોળો ચાલે છે.

ગુજરાતને રસભરી ગરબીઓ આપનાર કવિ દયારામ* અહીંનાજ વતની હતા. આજે તેમનાં સ્મારકરૂપે અહીં એક સાહિત્યસભા ચાલી રહી છે અને તે વિદ્યાવિલાસમાં સારો રસ લઇ રહી છે. સને ૧૯૪૯ના ડીસેમ્બરની ૧૧મી તારીખે અમારા અવધાનપ્રયોગો તેના ઉપક્રમે થયા હતા,

તે વખતે અમે આ પ્રાચીન નગરીના પંડિતોની પ્રતિભાનો પૂરો પરિચય કર્યો હતો. તેમણે પૂછેલા પ્રશ્નો ઘણા માર્મિક હતા અને બુદ્ધિ તથા સ્મરણશક્તિની ભારે કસોટી કરે તેવા હતા. આ માટે અમે તેમને ધન્યવાદ આપ્યા હતા.

વતનનું આટલું વર્ણન કદાચ કોઇને વિશેષ લાગશે, પરંતુ અમે દૃઢતાપૂર્વક માનીએ છીએ કે કોઈપણ મહાપુરુષનું જીવનઘડતર સમજવું હોય તો તેમની જન્મભૂમિ–ક્રીડાભૂમિનો પૂર્ણ પરિચય મેળવવો જોઇએ, અન્યથા તેનામાં અમુક સંસ્કારો કેવી રીતે આવ્યા અને કેમ વિકાસ પામ્યા, એ સમજવું મુશ્કેલ થઈ પડે છે.

આપણા ચરિત્રનાયકમાં આપણે ધર્મપ્રેમ, સાહિત્યપ્રેમ તથા ઊંચી કર્તવ્યનિષ્ઠાનાં દર્શન કરીશું, તેનો વારસો તેમને આ ભૂમીબળે મળ્યો હતો, એમ કહેવામાં અમે જરાયે અત્યુક્તિ કરતા નથી. અહીં કોઈ એમ પણ કહે કે 'તો પછી આ ભૂમીમાં જન્મેલા બધા જ પુરુષો પ્રાણવાન અને પ્રતિભાસંપન્ન હોવા જોઈએ,' પણ તેમનું એ કથન વસ્તુસ્થિતિનો મર્મ સમજ્યા વિનાનું છે. જે આત્માઓ યોગ્ય અધિકારી હોય તેને જ એ નિમિત્તો ફલદાયી થાય છે. અંધાને આરસી શું કામની ?

## ૩ – કુટુંબપરિચય

ડભોઇનો શ્રીમાળી વાગો સામાન્ય રીતે જૈનોના લતા

તરીકે ઓળખાય છે. ત્યાં આજે વીશાશ્રીમાળીનાં ૩૦૦ જેટલાં ઘરો છે. વિશેષ નોંધપાત્ર બીના એ છે કે આ ત્રણસોયે ઘરો શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ સંપ્રદાયની શ્રદ્ધા ધરાવે છે અને તેનું ગૌરવ અનુભવે છે.

આ જૈનો મુખ્યત્વે બે સંભાઓમાં વહેંચાયેલા છે; વિજય અને સાગર.

સાગરસંભામાં શેઠ મગનલાલ દલપતભાઈનું કુટુંબ પોતાની ઉચ્ચ પ્રકારની સામાજિક પ્રતિષ્ઠા ધર્મનિષ્ઠા અને સંસ્કારી જીવનઘડતરને લીધે આગળ તરી આવે છે. તેની સાથે જ આપણા પ્રસ્તુત પ્રકરણનો સબંધ છે.

શેઠ મગનલાલનો જન્મ વિ. સં. ૧૯૦૫ના અરસામાં થયો હતો. તેમનું પહેલું લગ્ન અવાખલના શેઠ હરિલાલ ના પુત્રી માણેક બહેન સાથે થયું હતું. તેમનું ટુંક સમયમાં અવસાન થતાં બીજું લગ્ન ડભોઈના શેઠ શીવલાલ કેસુરનાં ધર્મનિષ્ઠ સુશીલ પુત્રી મુક્તાબાઈ સાથે થયું હતું અને તેમના મંગલ પગલે શેઠ મગનભાઈની સંસારવાટિકા લીલીછમ બની હતી.

મુક્તાબાઈની કુક્ષિથી સં ૧૯૩૯ માં પ્રથમ પુત્ર બાપુબાઈનો જન્મ થયો હતો, બાદ ૧૯૪૧માં પુત્રી જેકોર બહેનનો જન્મ થયો હતો, સં. ૧૯૪૩ માં પુત્રી રાધિકા બહેનનો જન્મ થયો હતો, સં. ૧૯૪૫ માં બીજા પુત્ર પાનાચંદભાઈનો જન્મ થયો હતો અને સં. ૧૯૫૨ માં પુત્રી મણિબહેનનો જન્મ થયો હતો.

શેઠ મગનભાઈ ડભોઈમાં કપાસ–રૂ આદિનો વ્યાપાર કરતા હતા અને ત્યાંથી પાંચ માઇલ દૂર આવેલા વડજ ગામમાં જમીન તથા ધીરધારનો ધંધો ચલાવતા હતા, તેથી એમને બેય સ્થાને રહેવાનું થતું હતું. આપણા ચરિત્ર-નાયક આગમપ્રજ્ઞ આચાર્યશ્રી આ જ ધાર્મિક કુટુંબમાં જન્મ્યા હતા. તેમના જન્મ સંબંધી અહીં થોડી વિગત આપવી ઉચિત લેખાશે.

## ૪ – જન્મ અને બાલ્યાવસ્થા


સ્વપ્નનો મહિમા આપણા સમાજમાં તેમજ અન્ય સમાજમાં જાણીતો છે. કોઈ પણ પુણ્યશાળી જીવ માતાના ગર્ભમાં આવે છે, ત્યારે શુભ સ્વપ્ન વડે તેનું સૂચન થાય છે. આવું જ એક સૂચન ગર્ભધારણપ્રસંગે માતા મુક્તાબાઈને થયું હતું અને તેથી તેમનાં તન અને મનની પ્રસન્નતા અનેક ગણી વધી ગઈ હતી. જ્યાં યોગ્ય નિયમોનું પાલન હોય ત્યાં ગર્ભરક્ષા ઉત્તમ પ્રકારે થાય એ સ્વાભાવિક છે.

પૂરા દિવસે એટલે વિ. સં. ૧૯૫૫ના માહ વદિ ૧૧ ને બુધવારની રાત્રિએ ૫૩ ઘડી પર ૬ પળ વ્યતીત થતાં મૌક્તિકસમ નિર્મળ પ્રભાવાળા મુક્તાબાઈએ વડજ ગામમાં એક પુત્રરત્નને જન્મ આપ્યો હતો. એ હતી ઈ. સ. ૧૮૯૯ના માર્ચ મહીનાની ૮મી તારીખ. એ વખતની ગૃહ

સ્થિતિનો આપણને સ્પષ્ટ ખ્યાલ આવે તે માટે અહીં તેમની કુંડલી રજૂ કરવામાં આવે છે.

## પૂજ્યશ્રીની જન્મકુંડલી

સંવત ૧૯૫૫ માહ વદિ ૧૧ને બુધવાર તા. ૮–૩–૧૮૯૯
નક્ષત્ર ઉત્તરાષાઢા ૨૦ ઘડી ૨૦ પળ.




### જન્મસમયના સૂર્યાદિ સ્પષ્ટગ્રહો

| સૂ | ચં | મં | બુ | ગુ | શુ | શ | રા |
|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૯ | ૨ | ૧૧ | ૬ | ૯ | ૭ | ૮ |
| ૨૫ | ૧૭ | ૨૭ | ૬ | ૨૦ | ૧૧ | ૨૯ | ૧૨ |
| ૫૨ | ૧૬ | ૧૫ | ૧૩ | ૨૦ | ૭ | ૫૭ | ૩૩ |
| ૧૮ | ૫૩ | ૨૧ | ૦ | ૪૯ | ૩૫ | ૫૦ | ૪૮ |

આ કુંડલીમાં ભાગ્યાધિપતિ પરાક્રમસ્થાને રહી ભાગ્યસ્થાનને (ધર્મસ્થાનને) સંપૂર્ણપણે જોઈ રહ્યા છે તથા લગ્નના માલીકને પણ જોઈ રહ્યા છે. ગુરુ–મંગળનો જીવ-

યોગ બન્યો છે. ચંદ્ર શનિનો ત્રિએકાદશ ઉત્તમ યોગ બન્યો છે. જ્ઞાનેશ શુક્ર ચંદ્ર સાથે લગ્નમાં રહી ત્રિકોણ દષ્ટિથી જ્ઞાનભુવન તથા ભાગ્યભુવનને જોઈ રહ્યો છે. લગ્નસ્થ ચંદ્રથી દશમા સ્થાને રહેલા ગુરુથી ગજકેસરી યોગ થયો છે તથા કેન્દ્રમાં રહેલા ગુરુ શુક્રથી રાજયોગ પણ થયો છે. આ પ્રમાણે તે સમયે ઘણાજ ઉત્તમ યોગો છે. સ્ત્રી ભુવનનો માલીક લગ્નમાં પડેલ હોવાથી લગ્નયોગ થાય પણ લગ્નનો માલીક શનિ ચંદ્રને સ્ત્રીભુવનના માલીકને સંપૂર્ણ જોતો હોવાથી તેનો ત્યાગ થાય. ધનેશ લાભસ્થાનમાં હોવાથી તથા તેના પર ગુરુની સંપૂર્ણ દષ્ટિ હોવાથી સંસારી જીવન સુખી અવસ્થાવાળું હોય.

આ પુત્રરત્નનાં જન્મથી માતાપિતાને ઘણો આનંદ થયો હતો અને સર્વ કુટુંબીજનોએ તથા સગાંસંબંધીઓએ તેનો હર્ષ મનાવ્યો હતો.

## નામકરણ

જ્યાં લક્ષ્મીની લીલા હોય, સ્નેહ અને સદ્ભાવ હોય ત્યાં પુત્રનાં પારણાં હીરની દોરીએ હીંચોળાય અને અનેક જાતના લાડકોડ થાય એ સ્વાભાવિક છે. આ પુત્ર એવીજ રીતે ઉછરી રહ્યો હતો અને પોતાનાં મધુર સ્મિતથી સર્વ સ્નેહીજનોને ખુશાલી ઉપજાવી રહ્યો હતો, એટલે તેનું નામ **ખુશાલચંદ** પાડવામાં આવ્યું. મકરરાશિને 'ખ' અને 'જ' એ બે અક્ષરો ઇષ્ટ હોય છે, એ રીતે પણ આ નામ સાર્થક જ લેખાય.

## પિતાનો સ્વર્ગવાસ

સ્નેહાળ માતાનો ખોળો ખુંદતા ખુશાલચંદ પાંચ વર્ષના થયા, ત્યારે કાલરાજાએ પોતાની કુટિલ કરામત અજમાવી શેઠ મગનભાઈને ઉપાડી લીધા. એ વખતે સર્વ કુટુંબીજનોને કેવો શોક સંતાપ થયો હશે ? તે સમજી શકાય તેવું છે. આ દુર્ઘટના પછી કુટુંબનો સર્વ ભાર બાપુભાઈ તથા પાનાચંદભાઈ પર આવી પડયો અને તેઓ પણ હિંમત દાખવી મુરબ્બી માતાની સલાહપૂર્વક સર્વ કાર્ય સંભાળવા લાગ્યા.

## સહજ સંસ્કારો

'પુત્રનાં લક્ષણ પારણામાંથી' એ ઉક્તિને અમે ચરિતાર્થ માનીએ છીએ, તેથી જ અહીં તેનું અવતરણ કરતાં અચકાતા નથી. ખુશાલચંદ પા–પા પગલી કરતાં મોટા થયા અને સમવયસ્ક મિત્રો સાથે ક્રીડા કરવા લાગ્યા, ત્યારે તેમની બુદ્ધિની તેજસ્વિતા તરી આવતી હતી અને વડીલો પ્રત્યેના વ્યવહારમાં વિનયાદિ ગુણોનાં સ્પષ્ટ દર્શન થતાં હતાં. તેમની સ્મરણશક્તિ તેજસ્વી હતી, એટલે એકવાર જે વાત સાંભળતા તે સહેલાઈથી યાદ રહી જતી અને એ રીતે જ્ઞાનકોશમાં નિરંતર વધારો થતો હતો.

# ૫ – વિદ્યાભ્યાસ

છ વર્ષની ઉમરે ખુશાલચંદને વડજની ગામઠી શાળા-

માં બેસાડચા ને વિદ્યાર્થીઓનાં મુખ મીઠાં કરાવ્યાં, ત્યારે કોને ખબર હશે કે આ વિદ્યાર્થી આગળ જતાં વિવિધ શાસ્ત્રોમાં વિશારદ થશે ને આગમપ્રજ્ઞની અટલ ખ્યાતિ પ્રાપ્ત કરશે? બે વર્ષ પછી તેમને ડભોઇની ગુજરાતી શાળામાં બેસાડચા, ત્યાં બુદ્ધિ પાણીદાર હીરાની જેમ ચમકવા લાગી અને આત્માનંદ જૈન પાઠશાળામાં દાખલ થતાં તેના પર સુસંસ્કારના પહેલ જોરથી પડવા લાગ્યા.

અહીં અમે એ વાત સ્પષ્ટ કરવા ઇચ્છીએ છીએ કે બાળકનાં શિક્ષણની શરૂઆત તેનાં ગૃહનાં વાતાવરણ પ્રમાણે આગળ વધે છે, પછી તેમાં શાળાના સંસ્કારો ભળે છે, એટલે જો ભૂમિકા શુદ્ધ હોય તો ઘડતરનું ચિત્ર જોરદાર ઉઠે છે અને મલિન હોય તો તેમાં સુરેખતા આવતી નથી. ખુશાલચંદ ગર્ભમાં હતા, ત્યારે માતા શાસ્ત્ર-શ્રવણ કરતાં, અનેક ત્યાગી મહાત્માઓની જીવનકથા સાંભળતાં, શક્તિ પ્રમાણે વ્રતનિયમ ગ્રહણ કરતાં અને પર્વના દિવસે નાની કે મોટી તપશ્ચર્યા કરવાનું ચૂકતાં નહિ. પ્રભુપૂજા, સામાયિક, પ્રતિક્રમણ વગેરે તેમનાં નિત્ય નિયમ રૂપ હતાં, એ પણ અહીં જણાવી દઈએ. વળી દુનિયાનો પ્રકાશ જોયા પછી ખુશાલચંદ એવા ઘરમાં ઉછર્યા હતા કે જ્યાંનું વાતાવરણ સંસ્કારી હતું, એટલે તેમની ભૂમિકા ઘણી શુદ્ધ થયેલી હતી. તેથી જ આ અભ્યાસ કાળમાં તેના પર અનેરો ઓપ ચઢચો હતો ને આગળ જતાં તેઓ ઝળકી ઉઠચા હતા.

ગુજરાતી અભ્યાસ પૂરો થયા પછી તેઓ અંગ્રેજી શાળામાં દાખલ થયા અને ત્યાં તેમણે ઉત્તરોત્તર વધારે ગુણો મેળવી છઠ્ઠા ધોરણની પરીક્ષા પસાર કરી. ધાર્મિક અભ્યાસમાં પંચ પ્રતિક્રમણ, નવ સ્મરણ અને જીવવિચારાદિ પ્રકરણ કંઠસ્થ કરી લીધાં હતાં અને તેનું સામાન્ય અર્થ-જ્ઞાન પણ પ્રાપ્ત કરી લીધું હતું.

આ અવસ્થાનાં વિશેષ સંસ્મરણો અમારી પાસે સંગ્રહિત નથી, પણ 'वयः क्रीडति' એ ઉક્તિ અનુસાર તેમણે વિવિધ પ્રકારની ક્રીડાઓ કરી જ હશે અને કેટલીક વાર તોફાનમસ્તીમાં પણ મજા માણી જ હશે.

ઘણાં બાળકો ખાવાપીવાની અમર્યાદિત છૂટને લીધે વારંવાર માંદા પડી જાય છે અને તેમનું શરીર વળતું નથી. પછી તેમને માટે અનેક જાતની બાધા–આખડીઓ રાખવામાં આવે છે અને સ્થિતિ સાધનસંપન્ન હોય તો વૈદનાં પડીકાં કે ડોકટરના ડોઝ ચાલુ રાખવામાં આવે છે. પણ ખુશાલભાઇની એ ખુશનશીબી હતી કે તેઓ સામાન્ય રીતે સંયમી કહી શકાય એવા વાતાવરણમાં ઉછર્યા હતા, તેથી માંદગીએ તેમની વારંવાર મુલાકાત લીધી ન હતી કે તેમનું આરોગ્ય રૂપી ધન ચોરી લીધું ન હતું. તેથી તેમને માટે બાધા–આખડી, વૈદનાં પડીકાં કે ડોકટરના ડોઝનો આશ્રય લેવો પડયો નહતો, સિવાય કે તેમને એક વાર શીતળા નીકળ્યા હતા અને તે પોતાનાં ચિહ્નો શરીર પર છોડતા ગયા હતા.

તેમનાં શરીરનું બંધારણ સુદૃઢ હતું અને ઊંચાઈ પણ વજનનાં પ્રમાણમાં યોગ્યજ હતી.

જૈન શાસ્ત્રો કહે છે કે શરીરની સુભગતા અને દુર્ભગતા નામકર્મને આધારે જ નિર્માણ થાય છે, તો એમ કહેવું ઉચિત જ લેખાશે કે આ મહાપુરુષે પૂર્વભવમાં પુણ્યનો સંચય કરેલો, તેથી શુભનામકર્મનું બંધન થયું હતું અને તેમને શરીરની સારી એવી સુભગતા સાંપડી હતી.

વિદ્યાભ્યાસ સમયનાં આટલાં વિવેચન પછી આપણે એક વિશેષ ઘટના તરફ લક્ષ આપીએ કે જે સંસારી જીવનનો પાયો ગણાય છે અને જેની સફલતા–નિષ્ફળતાની મનુષ્યનાં જીવન પર ઘેરી છાપ પડે છે.

## ૬ – લગ્ન

લગ્ન શબ્દ તો માત્ર બેજ અક્ષરનો છે, પણ એનો અર્થ ઘણો ઊંડો છે અને તેથી ઉત્પન્ન થતી જવાબદારી બહુ મોટી છે. લગ્ન એટલે જોડાણ, પણ તે કોનું ? લાકડાં સાથે માંકડાંનું નહિ, પણ યોગ્ય વર સાથે યોગ્ય કન્યાનું. જો વરમાં વરના ગુણો ન હોય તો કન્યાનું જીવન કથળી જાય છે અને કન્યામાં કન્યાના ગુણો ન હોય તો વરનું જીવન વણસી જતાં વાર લાગતી નથી. આથીજ સુજ્ઞ માબાપો પુત્ર માટે યોગ્ય કન્યાની અને પુત્રી માટે યોગ્ય વરની તપાસ કરે છે.

'અમારે પરણવું છે, એમાં માબાપ શું સમજે ?' એવાં ઉદ્ધતાઈભર્યાં વચનો આજે કર્ણપટલ પર અથડાય છે, પણ સ્વયં પસંદગી કરતાં કેવી ભીંતો ભૂલાય છે અને તેનાં કેવાં માઠાં પરિણામો આવે છે, તે જગજાહેર છે.

'લગ્ન કેટલા વર્ષની ઉંમરે કરવાં જોઈએ ?' એ પ્રશ્ન પણ અત્યંત વિચારણીય છે. આજે બાળલગ્નની પેટ ભરીને ઝાટકણી કાઢવામાં આવે છે, પણ તેના લાભો સંબંધમાં કંઈ વિચાર કરવામાં આવતો નથી. મોટી ઉંમરે લગ્ન કરતાં યોગ્ય કન્યા કે વર માટે જે ભારે મુંઝવણ અનુભવવી પડે છે અને ઘણીવાર ખાટી છાસ ઉકરડે ઢોળવી પડે છે, તેવું આ લગ્નમાં થતું નથી. જોયેલું ઘર અને જોયેલો વર, એ એક જાતનું આશ્વાસન છે અને તે મોટા ભાગે સાચું નીવડે છે. વળી 'વાછરડું તો ખીલે બાંધ્યું જ સારું' એ ન્યાયે વહૂ કે વરની પસંદગી થઈ જતાં મનને જ્યાં ત્યાં ભટકવાનો વખત આવતો નથી, એ પણ શું ઓછો લાભ છે? આજે બાવીશ, પચીશ કે તેથી પણ અધિક વર્ષે લગ્ન કરવા જતાં શિયળની સુગંધ કેટલી ટકી રહે છે? તે એક ગંભીર પ્રશ્ન છે, પણ મોહમાં મસ્ત બનેલાઓ તેનો વિચાર કરતા નથી, એટલે અમે ખુશાલચંદનું સગપણ વડજવાલા શા હિંમતલાલ મનસુખલાલની પુત્રી, આધારદેવી સાથે નાનપણમાં થયું હતું અને તે વડીલોની પસંદગીથી થયું હતું, એમ કહીએ તો કોઈએ તેને અનુચિત સમજવાનું નથી. એ વખતે તેમાં આબરૂ મનાતી હતી અને 'ખાનદાનનાં છોકરાં તો ખોળામાં જ વરે' એમ

છૂટથી બોલાતું હતું. જો કે આપણા ખુશાલચંદ ખોળામાં વર્યા ન હતા, પણ લગભગ ૧૨–૧૩ વર્ષની ઉંમરના થયા ત્યારે જ સગપણથી જોડાયા હતા.

ખુશાલચંદને શાળાનો અભ્યાસ ચાલુ હતો. તેમની ઝળકતી કારકીર્દિ આગળ વધતી જતી હતી. યોગ્ય સમય આવતાં બન્ને પક્ષે લગ્નની તૈયારીઓ થવા માંડી. ખુશાલચંદનું લગ્ન તેમનાં કુટુંબમાં છેલ્લુંજ હતું, કારણ કે ખુશાલચંદ સહુથી નાના હતા, એટલે ભાઈઓને એ લગ્ન પૂરા ઠાઠથી કરવાનો ઉત્સાહ જાગ્યો. તે નિમિત્તે મોટા મંડપ બંધાયા, સુરતનું પ્રખ્યાત રઝાક બેન્ડ આવ્યું ને સગાંવહાલાં તથા નાતીલાઓને જમણો અપાયાં. ઉપરાંત પ્રસિદ્ધ ગવૈયાઓને બોલાવી યુગાદિજિનમંદિરમાં ભારે પૂજાઓ ભણાવવામાં આવી. સગાંવહાલાંઓએ પણ અવસરને ઓળખી ખુશાલચંદને ખાસ નિમંત્રણો આપ્યાં ને દિવસો સુધી મોઢું મીઠું કરાવ્યું. હવે પછી જે સંસારસુખ માણવાનું હતું, તેનો એ પૂર્વસંકેત તો નહિ હોય?

સં. ૧૯૭૪ના કારતક વદિ ૧૧ના દિવસે ખુશાલચંદ **આધારદેવી** સાથે લગ્નથી જોડાયા અને કુટુંબમાં ભારે ખુશાલી વ્યાપી. વરવધૂ બંને સુયોગ્ય હતાં. કુટુંબીઓએ આશીર્વાદ આપ્યા. તે વખતે કન્યાઓને તુરત સાસરે વળાવવામાં આવતી ન હતી, એટલે લગ્ન થવા છતાં ચાલુ વિદ્યાભ્યાસમાં કશી હરકત આવી ન હતી. પ્રિય પાઠકો! ખુશાલચંદનો વિદ્યાપ્રેમ જે વણઅટક્યો આગળ વધી રહ્યો હતો, તેનું હવે અવલોકન કરીએ.

# ૭ – વધુ અભ્યાસ

ખુશાલચંદને વધુ અભ્યાસ કરવાની ઈચ્છા હતી, પણ તે માટે ડભોઈમાં સગવડ ન હતી, એટલે તેમના કુટુંબીઓએ તેમને વધુ અભ્યાસ કરવા માટે અમદાવાદ મોકલ્યા. ત્યાં શેઠ લલ્લુભાઈ રાયજીની જૈન બોર્ડિંગમાં રહીને તેઓ ટ્યુટોરિયલ હાઈસ્કૂલમાં ભણ્યા અને બીજે વર્ષે સદ્‌ગત વાડીલાલ મોતીલાલ શાહ વગેરેના પ્રયાસથી અમદાવાદમાં નવીન સ્થપાયેલ યુનાઈટેડ જૈન સ્ટુડન્ટસ હોમમાં રહીને સં. ૧૯૭૫માં મેટ્રીકની પરીક્ષામાં બીજા વર્ષે ઉત્તીર્ણ થયા. જ્યારે ડભોઈમાં કેળવણીનું પ્રમાણ ઘણું ઓછું હતું અને ખાસ કરીને જૈનોમાં મેટ્રીક ભણેલાઓની સંખ્યા પ્રથમ આંગળીના વેઢે ગણાય એટલી જ હતી, ત્યારે ખુશાલચંદની આ વિદ્યાખંત ખરેખર અભિનંદનને પાત્ર જ ગણાય.

## વાતવરણની અસર

અહીં એક નોંધ કરવી જોઈએ કે છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરતાં સમૂહ–જીવનની તાલીમ મળે છે, પણ ધાર્મિક સંસ્કારોની જોઇએ તેવી જાળવણી થતી નથી. તે માટે આપણા ખુશાલચંદભાઈનો દાખલો જ ઉપયુક્ત લેખાશે. જ્યારે તેઓ ડભોઇમાં હતા, ત્યારે નિયમિત દેવદર્શને જતા, સેવાપૂજા કરતા અને ઉપાશ્રયે

ગુરુમહારાજ બિરાજતા હોય તો તેમને વિધિપૂર્વક વંદન કરી આવતા. પણ અમદાવાદનાં છાત્રાલય તથા સ્ટુડન્ટસ હોમનું વાતાવરણ જુદી જ જાતનું હતું, કહો કે તેમાં ધાર્મિક ક્રિયાઓ પર જરાયે ભાર ન હતો, તેથી ખુશાલચંદનું મન એ બાબતમાં ઢીલું પડી ગયું અને દેવદર્શને જતાં દિવસો નીકળી જવા લાગ્યા. આમ છતાં આનંદની વાત એ હતી કે તેમનાં હૃદયમાં બાળપણથી જે ધાર્મિક સંસ્કારો માતાએ રેડ્યા હતા, તે સાવ ભૂંસાયા ન હતા, તેથી કોઈ કોઈ વાર ગોડવાડ ધર્મશાળાએ બિરાજતા સાધ્વી કલ્યાણશ્રીજી પાસે જતા અને તેઓ એમને સારી રીતે સદ્‌બોધ આપતા.

## સાધ્વી કલ્યાણશ્રીજી

આ સાધ્વી કલ્યાણશ્રીજી કોણ હતા? તે પાઠકોએ જાણી લેવાની જરૂર છે. જ્યારે ખુશાલચંદ ડભોઈમાં અંગ્રેજી બીજા-ત્રીજા ધોરણનો અભ્યાસ કરતા હતા, ત્યારે તેમનાથી મોટા મણિબહેને સંસારથી વૈરાગ્ય પામી, પોતાના પતિ વગેરેની અનુમતિ મેળવી, ભાગવતી દીક્ષા અંગીકાર કરી હતી અને **કલ્યાણશ્રીજી** તરીકે પ્રસિદ્ધ થયા હતાં. તેમનાં લગ્ન ડભોઈમાં શા. મુળજીભાઈ સવાઈચંદ સાથે થયાં હતાં. તેઓ સુખી સ્થિતિના હતાં, છતાં સંસારમાં મોહ પામ્યા વગર સં. ૧૯૬૮ના માહ સુદ તેરસે તેમણે સાધ્વી ચતુરશ્રીજી પાસે દીક્ષા લીધી હતી. યોગાનુયોગથી તેઓ આ વખતે અમદાવાદ વિરાજમાન હતા અને પોતાનો સંસારી અવસ્થાનો

ભાઈ ભવસાગરમાં ભૂલો ન પડે તે માટે ખાસ તકેદારી રાખતા હતા. 'જેના કુળમાંથી એક પણ દીક્ષા લે છે, તેનાં સાતે કુળ તરી જાય છે' એ ઉક્તિ અહીં ચરિતાર્થ થતી હતી. આજે ઉક્ત કલ્યાણશ્રીજી અનેક શિષ્યાઓને સંસારસાગરમાંથી તારનાર **પ્રવર્તિની કલ્યાણશ્રીજી ડભોઈવાળા** તરીકે વિખ્યાત છે.

### કોલેજમાં જવાની તૈયારી

મેટ્રીકની પરીક્ષા આપ્યા પછી વેકેશન ગાળવા માટે ખુશાલચંદ પોતાનાં વતન ડભોઈ આવ્યા હતા, ત્યારે મેટ્રીક પાસ થયાના સમાચાર મળ્યા, એટલે સહુને અતિશય આનંદ થયો અને તેમણે વિશેષ અભ્યાસ અર્થે કૉલેજમાં જવાની તૈયારી કરી તથા તે માટે નિયત થયેલું ફોર્મ મંગાવીને ભર્યું પણ ખરૂં, પરંતુ ભાવીના ગર્ભમાં શું છુપાયેલું છે, તેની કોને ખબર હતી? ખુદ ખુશાલચંદને પણ એની કલ્પના ન હતી. તાત્પર્ય કે આ વખતે એક એવી ઘટના બની ગઈ કે જેણે ખુશાલચંદના જીવનનો રાહ બદલી નાખ્યો.

## ૮ – સદ્‌ગુરુ–સમાગમ

ડભોઈ સમસ્ત સંઘના અતિ આગ્રહથી પંજાબ દેશોદ્ધારક આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજના અનન્ય પટ્ટાલંકાર સદ્ધર્મરક્ષક આચાર્ય ભગવંત

શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજનું ચાતુર્માસ પૂ. પં. શ્રી દાનવિજયજી ગણિવર (પછીથી શ્રી વિજયદાનસૂરીશ્વરજી) પૂ. મુનિરાજ શ્રી પ્રેમવિજયજી ગણિવર ( હાલ ગચ્છાધિપતિ ), પૂ. મુનિરાજ શ્રી લબ્ધિવિજયજી ( હાલ ગચ્છાધિપતિ ) વગેરે સાથે ડભોઈમાં નક્કી થયું હતું અને તેઓશ્રીએ ડભોઈ પધારવા માટે વડોદરાથી વિહાર પણ કર્યો હતો. આવા સમર્થ જ્ઞાની ગુરુદેવની ભક્તિ કરવા માટે ડભોઈ સંઘના ૧૦૦ જેટલા માણસો કેલનપુર સામા ગયા, તેમાં ખુશાલચંદભાઈ પણ સામેલ હતા. તેમણે આ મહાપુરુષોનાં દર્શન કર્યાં કે હૃદયમાં અવનવી પ્રેરણાઓ થવા લાગી. તે વખતે તેમના હાથમાં મહાકવિ કાલિદાસવિરચિત રઘુવંશ કાવ્યનું પુસ્તક હતું. તે જોઈને પૂ. પં. શ્રી દાનવિજયજી ગણિવરે તેમને અભ્યાસ સંબંધી કેટલીક પૃચ્છા કરી અને તેમણે એના ઠીક ઠીક ઉત્તરો આપ્યા. આ રીતે પૂજ્ય પરમ ગુરુદેવનો પ્રાથમિક પરિચય થયો. અહીં અમે એક સ્પષ્ટતા કરવા ઇચ્છીએ છીએ કે આ ચરિત્રમાં હવે પછી જ્યાં પરમ ગુરુદેવ કે મોટા ગુરુદેવનો ઉલ્લેખ આવે ત્યાં સ્વનામધન્ય સકલાગમરહસ્યવેદિ શ્રી વિજયદાનસૂરિજી સમજવા ને જ્યાં માત્ર પૂજ્ય ગુરુદેવનો ઉલ્લેખ આવે ત્યાં ચારિત્રચૂડામણિ સૂરિપુરંદર શ્રી વિજયપ્રેમસૂરિજી સમજવા.

### મનોમંથન

ગુરુભક્તિ કર્યા પછી ડભોઈ સંઘના ઘણા માણસો પાછા ફર્યા, પણ ખુશાલચંદને ત્યાંથી હઠવાનું દિલ ન

થયું. એમ કેમ બન્યું હશે ? તેનો ઉત્તર અમારી પાસે નથી, પણ અમે એટલું જાણીએ છીએ કે લોહચુંબકના ફલકની સામે આવેલું લોહ ત્યાંથી પાછું હઠી શકતું નથી. સાંજે ગુરુદેવો સાથે પ્રતિક્રમણ કર્યું, રાત્રે થોડી વાતો કરી અને સવારે ગુરુદેવોનો ત્યાંથી વિહાર થયો, ત્યારે પણ ખુશાલચંદ સાથેજ ચાલ્યા. આ વખતે તેમનાં મનમાં શું મંથનો ચાલતાં હશે, એ કહેવાનું કામ સહેલું નથી, પણ સંયોગો પરથી એમ કહી શકાય કે તેઓ એ વખતે સાધુજીવનની મહત્તાના વિચારો કરતા હશે, આધ્યાત્મિક જીવન અને સાંસારિક જીવનની તુલના કરતા હશે અને કૉલેજમાં જઈને ચાર વર્ષ સુધી અભ્યાસ કરવાનું પરિણામ શું ? તેનો પણ ખ્યાલ કરતા હશે. વળી તેમનાં મનમાં એ ચિંતન પણ ચાલતુંજ હશે કે 'આ યુનિવર્સિટીઓની ડીગ્રીની કિંમત શું ? કદાચ તે પેટ ભરવાનાં કામમાં આવે કે થોડો માન-મરતબો વધારે, પણ તેથી વિશેષ લાભ કરી શકે નહિ. તેના બદલે શ્રમણ-પીઠમાં દાખલ થઈ તેની ડીગ્રીઓ મેળવવી શું ખોટી ? એમાં તો ભવોભવની ભાવટ ભાંગવાની ભારે શક્તિ રહેલી છે, તેથી આ કૉલેજ કેળવણીથી સર્યું.'

ખુશાલચંદ કેલનપુરથી પાછા ફર્યા, ત્યારે તેમનાં દિલમાં કૉલેજની કેળવણી વિષે જરાયે ઉત્સાહ રહ્યો ન હતો, એ હકીકત અમારાં ઉપરનાં અનુમાનને ટેકો આપે છે.

પૂજ્ય ગુરુદેવો ડભોઈ પધારતાં ખુશાલચંદને વિશેષ

ખુશાલી ઉપજી અને તેઓ જ્યારે પણ સમય મળે ત્યારે તેમનો સમાગમ કરવા લાગ્યા તથા તેઓ જે કંઈ હિત-વચન કહે તે પ્રેમપૂર્વક સાંભળવા લાગ્યા. ખુશાલચંદ યુવાનીના ઉંબરે પદાર્પણ કરી ચૂકયા હતા, ગુણવતી સુશીલ પત્નીથી વિવાહિત થયા હતા અને ભોગોપભોગની સર્વ સામગ્રીથી સંપન્ન હતા, છતાં તેમનું દિલ સાધુસમાગમ તરફ કેમ ઢળ્યું? એ અમારો પાઠકોને સીધો પ્રશ્ન છે. કોઈ એમ કહેતું હોય કે સાધુઓ પાસે એક જાતની ભભૂતી હોય છે અને તે મનુષ્યનાં મસ્તક પર નાખવાથી આવું પરિણામ આવે છે, તો એમાં અમે સંમત થઈ શકતા નથી. જૈન સાધુઓ પાસે આવી કોઈ ભભૂતિ હોતી નથી, એની અમે ઊંડા ઉતરીને ખાતરી કરી છે, એટલે આવી વાતને એક પ્રકારનો પ્રચાર જ માનવો જોઈએ. તેમની પાસે જે કંઇ છે તે ચારિત્રનું બળ છે અને તેના લીધે જ તેઓ લઘુકર્મી ભવભીરુ આત્માઓનું આ પ્રકારે આકર્ષણ કરી શકે છે.

## ચેતનપારખુ ઝવેરીઓ

અહીં સાધુઓની એક વિશિષ્ટ શક્તિનો ઉલ્લેખ પણ કરવો જોઇએ. જેમ ઝવેરીઓ હીરાની પરીક્ષા કરી શકે છે અને તેનું સાચું મૂલ્ય આંકી શકે છે, તેમ સાધુઓ મનુષ્ય-હીરાઓની પરીક્ષા કરી શકે છે અને તેનું સાચું મૂલ્ય આંકી શકે છે. જો એમ ન હોય તો આટલા જ્યોતિર્ધરો અને આટલા શાસનપ્રભાવકો થાય શી રીતે? પૂજ્ય

મુનિરાજશ્રી પ્રેમવિજયજી ગણિવર, જેઓ આજે સર્વાધિક-સંખ્યક શ્રમણોનું સાર્થાધિપત્ય ધરાવે છે, તેઓ આ વિશિષ્ટ શક્તિથી વિભૂષિત હતા, એટલે તેમણે થોડા પરિચયથી જ જાણી લીધું કે 'ખુશાલચંદ મતિ અને ધૃતિથી યુક્ત એક સત્ત્વશાળી પુરુષ છે અને તે જો ત્યાગમાર્ગે વિચરશે તો એક દિવસ જૈનશાસનની જયપતાકા જરૂર ફરકાવશે,' તેથી તેઓશ્રી ખુશાલચંદને એ માર્ગે વાળવા વિશેષ પ્રયત્નશીલ રહેતા અને પોતાની સાથે ગ્રંથસંશોધનમાં બેસાડતા. ખુશાલચંદ પણ પૂર્વભવની પ્રીતિ હોય તેમ એ કાર્યમાં દત્તચિત્ત થતા અને ભારે આનંદ અનુભવતા. થોડા દિવસ પછી તેમણે પૂજ્ય ગુરુદેવની સૂચનાનુસાર મુનિરાજ શ્રી રામવિજય (હાલ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી) પાસે લોકપ્રકાશ તથા વિશેષાવશ્યકભાષ્ય આદિ ગ્રંથોનું વાચન શરૂ કર્યું અને તેથી આર્હત દર્શનના વિવિધ પદાર્થોનો સ્ફુટ બોધ થવા લાગ્યો.

આ દિવસોમાં પૂજ્યપાદ વ્યાખ્યાનવાચસ્પતિ મુનિ-રાજ શ્રી લબ્ધિવિજયજી વ્યાખ્યાનપીઠ પર બિરાજતા હતા અને પોતાની લાક્ષણિક શૈલિથી વૈરાગ્યરસની સરિતા વહેવડાવતા હતા. આપણા ખુશાલચંદભાઈ એ સરિતામાં ડુબકીઓ મારતા હતા અને 'આ સંસાર અસાર છે,' એ સત્યનું ફરી ફરીને પાન કરતા હતા.

## સાધુજીવનની પૂર્વભૂમિકા

અહીં એ પણ જણાવવું જોઈએ કે ખુશાલચંદ

આપકમાઈ વિના ખર્ચ નહિ કરવાના વિચારવાળા હતા, તેથી સાદું જીવન જીવતા હતા અને સદાચાર તો તેમનાં જીવનના તાણાવાણામાં પહેલેથીજ વણાયો હતો, એટલે સાદાઈ, સદ્‌વિચાર અને સદાચાર એ ત્રણે વસ્તુઓનો તેમનાં જીવનમાં સુંદર મેળ સધાયો હતો કે જેને આપણે સાધુજીવનની પૂર્વભૂમિકા કહેવાનું જ વધારે પસંદ કરીશું.

## સમજેલા સત્યને વાચા આપી

પર્વાધિરાજની સમાપ્તિ પછી ડભોઈના ટાવરચોકમાં પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજનું જાહેર પ્રવચન થયું. તેઓશ્રીનો ઉપદેશ સચોટ હતો. તેમાં હિંસાની કારમી અનર્થકતા અને અહિંસાની સર્વોદયસાધકતા સુંદર શબ્દોમાં રજૂ કરવામાં આવી હતી, પણ કેટલાક ઝનુની મુસલમાનોને એ વાત ગમી નહિ, એટલે ગેરસમજૂતી ફેલાવીને બીજે દિવસે વિરોધસભા ભરી. તે સભામાં આપણા ખુશાલભાઈ સમયસર પહોંચી ગયા અને પોતાના વિચારો જાહેર કરવાની માગણી કરી. પેલા મુસલમાનોને થયું કે આ છોકરો બોલીને શું બોલશે? પણ ખુશાલચંદે ગળું ખોંખારીને હિંમતથી બોલવા માંડયું અને એક પછી એક બધા મુદ્દાઓની એવી સુંદર છણાવટ કરી કે સર્વ શ્રોતાઓ ગુરુમહારાજના ઉપદેશનું વાસ્તવિક રહસ્ય સમજી ગયા. પરિણામે વિરોધની વાત પડતી મૂકાઈ અને ખરા વખતે ખરું કહેવા માટે ખુશાલચંદની ખૂબ પ્રશંસા થઈ. સમજેલા સત્યને વાચા આપવાનો

ખુશાલચંદના જીવનમાં આ પહેલો પ્રસંગ હતો અને તે પૂર્ણ યશસ્વી નીવડ્યો હતો.

નિર્ગ્રંથ મહર્ષિઓ કહે છે કે આ વિશ્વમાં ચાર વસ્તુઓ દુર્લભ છેઃ મનુષ્યત્વ, શાસ્ત્રશ્રવણ, શ્રદ્ધા અને સંયમને વિષે પુરુષાર્થ. પ્રથમ તો લખ ચોરાસીના ફેરા ફરતાં મનુષ્યત્વ પ્રાપ્ત થવું દુર્લભ છે. કદાચ પુણ્યના પ્રકર્ષથી મનુષ્યત્વ પ્રાપ્ત થયું તો સત્ય શાસ્ત્રોનાં શ્રવણનો યોગ મળવો દુર્લભ છે. એ યોગ કદાચ પ્રાપ્ત થાય તો તેમાં શ્રદ્ધા થવી દુર્લભ છે અને કદાચ શ્રદ્ધા થઈ તો શાસ્ત્રમાં વર્ણવેલા સંયમ માર્ગમાં પુરુષાર્થ ફોરવવો એ તો ખરેખર અતિ દુર્લભ છે, પણ ખુશાલચંદભાઇ આમાંની ત્રણ દુર્લભતાને સ્પર્શી ગયા હતા અને ચોથીને સ્પર્શવાની તૈયારી કરી રહ્યા હતા, એ જાણીને કોને આનંદ નહિ થાય ?

## ૯ – પરમાર્થપ્રવૃત્તિ

સં. ૧૯૭૬માં ખુશાલચંદભાઈએ ચોસઠપહોરી પોષધ કર્યા હતા અને સાધુજીવનનો કંઇક સ્વાદ ચાખ્યો હતો. પછી આસો માસમાં પાલીતાણા ખાતે બાબુ પનાલાલની ધર્મશાળામાં ઉપધાનતપની યોજના થતાં ધર્મપત્નીસહ તેમાં જોડાયા હતા. એ તપ સુંદર આરાધનાપૂર્વક પૂર્ણ કરી બંનેએ માળ સાથે જ પહેરી હતી.

સં. ૧૯૭૭ માં ડભોઈની આત્માનંદ જૈન પાઠશાળાના વિદ્યાર્થીઓનું શિક્ષણ અસ્તવ્યસ્ત થઇ ગયું હતું અને તેથી ઘણા ધર્મરસિકોને દુઃખ થતું હતું, પણ કોઈ આગળ આવી એ કામને વ્યવસ્થિત કરવાની હામ ભીડતું નહિ. તે વખતે ખુશાલચંદભાઇએ આગળ આવી હામ ભીડી જૈન શ્રેયસ્કરમંડળની સ્થાપના કરી અને તેના ઉપક્રમે પાઠશાળામાં ધાર્મિક અભ્યાસના વર્ગો પાડી પોતે મુખ્ય અધ્યાપક તરીકેની સેવા અર્પણ કરી. આથી સંસ્થામાં જાગૃતિ આવી અને તેનું કાર્ય પૂર્વવત્ ચાલુ થઈ ગયું. આ પ્રવૃત્તિમાં આપણે ખુશાલચંદભાઈની ધર્મધગશ અને કર્તવ્યપરાયણતાનાં સ્પષ્ટ દર્શન કરી શકીએ છીએ.

## ચારિત્ર માટેનો નિયમ

આ વખતે ખુશાલચંદનાં દિલમાં જૈનોની ધાર્મિક પરિસ્થિતિ અંગે કંઈ કંઈ મનોમંથનો થતાં હતાં, એ તેમણે અમદાવાદથી પ્રકટ થતા **વીરશાસન** નામના શાસનરસિક પત્રમાં લેખરૂપે રજૂ કરવા માંડયાં અને તેણે ધર્મપ્રેમી વર્ગનું સારું એવું ધ્યાન ખેંચ્યું. ત્યાર પછી તેમની કલમ ધાર્મિક વિષયોમાં ઓછીવત્તી ચાલતી જ રહી છે.

આ સાલનું એટલે સં. ૧૯૭૭નું ચાતુર્માસ પૂ. પં. શ્રી દાનવિજયજી ગણિવર, પૂ. શ્રી પ્રેમવિજયજી ગણિવર તથા પૂ. મુનિ શ્રી રામવિજયજી આદિ પીંડવાડા રહ્યા હતા. તેમની પાસે વિશેષ શાસ્ત્રાભ્યાસ કરવા માટે ખુશાલ-

ચંદ પીંડવાડા ગયા હતા અને ત્યાં બે માસ રહ્યા હતા. સદ્‌ગુરુના આ સમાગમે તેમની વૈરાગ્યવૃત્તિને વિશેષ વેગવતી કરી હતી અને વ્રતનિયમોમાં આગળ વધવાનું બળ અર્પણ કર્યું હતું, તેથી જ ત્રણ વર્ષમાં દીક્ષા ન લેવાય તો ત્રણ વિગઇનો ત્યાગ અથવા બ્રહ્મચર્ય પાળવું એવી આકરી પ્રતિજ્ઞા લીધી હતી. પર્વાધિરાજ શ્રી પર્યુષણ આવતાં તેમણે જીંદગીમાં પહેલી વાર અઠ્ઠમની તપશ્ચર્યા કરી હતી. આ બધું જોતાં આપણે એમ જ કહેવું જોઈએ કે ખુશાલચંદભાઇએ શરૂ કરેલી પરમાર્થ–પ્રવૃત્તિનો છોડ ક્રમશઃ પાંગરી રહ્યો હતો અને તેમાં સ્કંધ–શાખા–પ્રશાખા તથા પત્રોનો વિસ્તાર થયો હતો. તેને પુષ્પ તથા ફળો કેવી રીતે આવ્યાં તે આપણે આગળ ઉપર જોઇશું.

## ૧૦ – સાંસારિક જીવન

હવે આપણે ખુશાલચંદભાઈનાં સાંસારિક જીવન પર એક દૃષ્ટિપાત કરી લઈએ, જેથી સમસ્ત ચિત્ર સંપૂર્ણ થાય. લગ્ન પછીનું તેમનું જીવન મધુર હતું અને વધારે સ્પષ્ટ કહીએ તો કર્તવ્યનિષ્ઠ પણ હતું. તેઓ પત્ની સાથે પ્રેમભર્યો વર્તાવ રાખતા હતા અને તેને કોઈ રીતે ઓછું ન આવે તેની ખાસ તકેદારી રાખતા હતા. પત્ની પણ પતિ-પરાયણા હતી, એટલે તેમની સગવડો બરાબર સાચવી લેતી હતી અને તેમને પ્રસન્ન રાખવાનો બનતો પ્રયત્ન કરતી હતી.

સંસારસુખ ભોગવતાં આધારદેવી સગર્ભા થયા અને સીમંત આવ્યું, ત્યારે જે જ્ઞાતિજમણ કરવાનો રિવાજ હતો, તે ગરીબ સ્થિતિના માણસોને ત્રાસરૂપ સમજી બંધ રખાવ્યો અને તેના બદલે પાઠશાળાઆદિમાં દાન કરાવ્યું. આ વસ્તુ લોકોને પસંદ પડી, પણ તે પછી બીજાઓ એવો દાખલો બેસાડવાની હિંમત કરી શકયા નહિ.

## પુત્રજન્મ અને વિચારયુદ્ધ

સં. ૧૯૭૮ના માગશર સુદ ચૌદસે શ્રીમતી આધારદેવીએ પુત્રરત્નને જન્મ આપ્યો અને કુટુંબમાં આનંદ છવાઈ ગયો. એક નવ યુવાન પિતા પ્રથમ પુત્રનું મુખ જુએ છે, ત્યારે તેનાં હૃદયમાં કેવી કેવી ઉર્મિઓ જાગે છે, તે કોઈથી અજાણ્યું નથી. એ રીતે ખુશાલચંદનાં હૃદયમાં પણ કૈં કૈં ઉર્મિઓ જાગી અને તેમને સંસાર છેક અસાર જણાવાને બદલે કંઈક મધુર ભાસવા લાગ્યો. પ્રેમાળ પત્ની, મધુર હાસ્ય વેરતો પુત્ર, સુખસગવડભર્યું ઘર એ બધાનો ત્યાગ કરવો શું ઉચિત લેખાય? વળી ચારિત્રમાં એક પ્રકારની કઠિનાઈ–શુષ્કતા છે અને લપસી પડવાની ભીતિ પણ છે, તો શું કરવું? સરોવરનાં શાંત જળમાં એક કાંકરી પડતાં જેમ ક્રમશઃ મોટાં વર્તુળો થવા લાગે છે, તેમ ખુશાલચંદનાં મનમાં આ વિચારો દાખલ થતાં ક્રમશઃ મોટું યુદ્ધ થવા લાગ્યું. તેઓ સ્વગત કહેવા લાગ્યા–'સંસારમાં અનાદિ કાળથી થતું જીવનું પરિભ્રમણ કર્મબંધનને આભારી છે અને એક બીજાના મોહથી તે કર્મબંધન વૃદ્ધિ પામે છે, તો મારે મોહવશ શા માટે થવું?

આ જીવે પતિપત્નીના સંબંધો અનેક વાર માણ્યા છે, પુત્રનું મુખ પણ અનેક વાર જોયું છે અને સુખભોગની સામગ્રીનો ઉપયોગ પણ અનેક વાર કર્યો છે, છતાં તૃષ્ણા ટળી નહિ, તો એ તૃષ્ણાનું સેવન શા માટે કરવું? વળી ચારિત્ર ઉપરથી શુષ્ક ભલે લાગતું હોય પણ તે આનંદનું અક્ષયધામ છે, અન્યથા અનંત તીર્થંકરો અને ગણધરાદિક આચાર્ય મુનિવરો એ રસ્તે શા માટે વિચરે? તે જ રીતે કર્મોદયનાં કારણે કોઈ કોઈ ચારિત્રમાંથી લપસી પડ્યા હશે, પણ બધા જ એ રીતે લપસી પડે કે હું લપસી પડીશ એમ શા માટે માની લેવું? મારી બુદ્ધિને વ્યામોહ થયો છે એટલે જ આવા વિચારો આવી ગયા, પણ તે કોઈ રીતે વ્યાજબી નથી. પૂજ્ય ગુરુદેવોએ મારા હિતની ખાતર જે માર્ગ બતાવ્યો છે અને જેને માટે મેં આકરી પ્રતિજ્ઞા ગ્રહણ કરી છે, તે જ સત્ય છે અને તે જ અનુસરવા યોગ્ય છે. આ રીતે ખુશાલચંદના માનસિક યુદ્ધમાં સદ્વિચારોનો વિજય થયો અને તેઓ પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા તત્પર થયા.

## ધંધાદારી કુશળતા

અત્યાર સુધી વડીલ ભાઈઓ વડજ ગામ ખાતે જમીન અને ધીરધારનું કામ કરતા હતા અને ડભોઈમાં કપાસ તથા રૂનો ધંધો ચલાવતા હતા. પણ હવે ખુશાલચંદે ડભોઈનું કામકાજ સંભાળી લીધું હતું, એટલે ભાઈઓને સારી રાહત મળી હતી. વળી ખુશાલચંદે પ્રામાણિકતા

વગેરે સદ્‌ગુણોથી સારી સફળતા મેળવી વ્યાપારીઓમાં જે આંટ જમાવી હતી, તેથી ભાઈઓને ઘણો સંતોષ થયો હતો.

## ધર્મમાં અડગતા

ડભોઈમાં જ્યારે કપાસ – રૂની મોસમ આવતી ત્યારે તેના વ્યાપારીઓને ગામબહાર દોઢ માઈલ દૂર જીનીંગ ફેકટરીઓમાં જ રહેવું પડતું, પરંતુ એ વખતે પણ આપણા ચરિત્રનાયક હંમેશાં ઘરે આવીને જિનપૂજન આદિ નિત્યકર્મ કરવાનું ચૂકતા નહિ કે રાત્રિભોજન વગેરે કરતા નહિ. જે મકાનનો પાયો મજબૂત હોય તે સામાન્ય વા–વંટોળ કે વરસાદનાં સાધારણ ઝાપટાંથી કેમ તૂટે ?

ખુશાલચંદભાઈની કર્તવ્યપરાયણતા સંબંધી અમે આગળ ઉલ્લેખ કરી ગયા છીએ, તે જ કર્તવ્યપરાયણતા તેઓ ધંધામાં દાખવી રહ્યા હતા, એટલે કે તેનું પ્રત્યેક કામ ખૂબ કાળજીથી કરતા હતા. આમ છતાં તેમનું હૃદય એમાં આનંદ અનુભવી શકતું ન હતું. ‘આટલો બધો આરંભ–સમારંભ શા માટે ?’ એ વિચાર તેમને વારંવાર આવતો હતો અને તેમનું કાળજું કોતરી ખાતો હતો.

## દયા તથા સહનશીલતા

એક વખતે તેઓ કપાસનું ગાડું કપાસના ઢગલામાં ખાલી કરાવતા હતા, તે વખતે એમાંથી બીલાડીનાં બેત્રણ બચ્ચાં નીકળી પડચાં, એ જોઈને તેમનું હૃદય દયાથી ભરાઈ આવ્યું. ‘જો મારું ધ્યાન એ તરફ ન ગયું હોત તો

શું થાત! આ માવિહોણાં બચ્ચાંઓને શું થતું હશે!' વગેરે વિચારો તેમનાં મનમાં ઝડપથી આવવા લાગ્યા અને તેમણે એ બચ્ચાંઓને કાળજીથી ઉઠાવી લઈ બાજુના ઓરડામાં મૂક્યાં. તેજ વખતે બહારના ભાગમાં એક મધપૂડો હતો, તેમાંથી ઉડેલી માખીઓએ તેમને ડંશ દીધો, પણ તેમણે પેલાં બચ્ચાંઓની પીડા વિચારી આ ડંશને ગણુકાર્યો નહિ. કેવી દયા! કેવી સહનશીલતા!

એકવાર પૂજ્ય પંન્યાસજી શ્રી દાનવિજયજી ગણિવર તથા પૂજ્ય પંન્યાસજી શ્રી મેઘવિજયજી ગણિવર (પછીથી શ્રી વિજયમેઘસૂરિજી) સાણંદ બિરાજતા હતા, ત્યારે આપણા ચરિત્રનાયક તેમનાં વંદને ગયા હતા, તેમનો સમાગમ થતાં 'પરલોકનું પાથેય બાંધી લેવામાં જરાય પ્રમાદ ન થાય' એવી હિતશિક્ષા પામ્યા હતા. કોઈએ ગુરુ મહારાજના સમાગમને નોળવેલની ઉપમા આપી છે, તે અમને યથાર્થ લાગે છે. જેમ સર્પ સાથે લડી રહેલો નોળિયો પોતાના દરમાં જઈને નોળવેલ સૂંઘે છે અને વિષમુક્ત થઈ ટટાર બની જાય છે, તેમ સાંસારિક વાસનાઓ સાથે લડી રહેલા મુમુક્ષુઓ ગુરુમહારાજનો સમાગમ પામી પ્રમાદાદિ દોષોથી મુક્ત થઈ પોતાની ભાવનામાં ટટાર બની જાય છે.

તે પ્રસંગે પૂ. પંન્યાસ શ્રી મેઘવિજયજી મહારાજે આપણા ચરિત્રનાયકને સ્વ. પૂજ્ય પંન્યાસજી દાદા મણિવિજયજી ગણિવરનું જીવનચરિત્ર લખવા માટે અનુગ્રહકર આદેશ

આપ્યો હતો અને તેને લગતી કેટલીક અગત્યની સામગ્રી પણ આપી હતી. ખુશાલચંદ ફુરસદના સમયમાં ઘરે સામાયિક કરતા હતા ત્યારે આ ઉપકારી મહાપુરુષનું જીવનચરિત્ર આલેખતા હતા, તેમાં દાદા મહારાજના ગુરુદેવ પૂજ્ય પંન્યાસજી શ્રી કસ્તૂરવિજયજી મહારાજનાં જીવનનો એક પ્રસંગ આવ્યો. તેઓ ગૃહસ્થાવસ્થામાં હતા, ત્યારે એક વખત ખાવાના લોટમાં બેસુમાર કીડીઓ ચડી ગઈ હતી અને તેમાંની કેટલીક પંચત્વ પામી હતી. આ જોઈ તેમનાં હૃદયમાં અરેકારો થયો : 'અહો! આ સંસારમાં કેટલો આરંભ છે? કેટલું પાપ છે?' અને તેમણે સંસારનો ત્યાગ કરી ભાગવતી દીક્ષા અંગીકાર કરી લીધી. ખુશાલચંદે તેમની આ પ્રકારની ભવભીરુતાને મનથી સેંકડો વાર ધન્યવાદ આપ્યા!

પરંતુ થોડા દિવસ પછી તેમનાં પોતાનાં જ જીવનમાં આવી અસરકારક ઘટના બની, તેની અમે અહીં નોંધ કરવા ઇચ્છીએ છીએ. તે પરથી મહાપુરુષોનાં જીવનમાં કેટલીક બાબતોમાં કેવું સામ્ય હોય છે, તેનો પાઠકગણને ખ્યાલ આવશે. પાનાચંદભાઈનું રસોડું કેટલાક વખતથી જુદું ચાલતું હતું અને સં. ૧૯૭૮માં શ્રીમતીજીના આગ્રહથી ખુશાલચંદભાઈએ પણ પોતાનું રસોડું જુદું કર્યું હતું. તે વખતે પુત્ર બાલુભાઈ માટે રોજ ગાયનું દૂધ લાવવામાં આવતું હતું, તેમાં એકવાર ઘણી કીડીઓ આવી ગઈ. તે જોઈને ખુશાલભાઈનું હૈયું ભરાઈ આવ્યું અને મુખમાંથી સહસા ઉદ્ગારો સરી પડયા કે 'આ ગૃહવાસ

ખરેખર ! પાપથી ભરેલો છે. તેમાં પ્રાણીમાત્રને અભય-દાન તો આપી શકાય જ નહિ અને અભય આપ્યા સિવાય અભય પમાય શી રીતે ? '

## ૧૧ – ગૃહત્યાગ

આ વખતે ખુશાલચંદ વિરક્ત જેવું જીવન ગાળતા હતા, પણ આ બનાવ બન્યા પછી તેમનું મન સંસાર પરથી છેક જ ઉઠી ગયું અને વહેલામાં વહેલી તકે ગૃહત્યાગ કરવાના નિર્ણય પર આવી ગયા. પરંતુ તે માટે કુટુંબની અનુમતિ મળવાનો સંભવ ન હતો. જો કે કુટુંબીઓને થોડા વખત પહેલાં આવી વાતની કંઈક ગંધ તો આવીજ ગઈ હતી, પણ ઘરનું વાતાવરણ ખૂબ ધાર્મિક એટલે કોઇએ ચોળાચોળ કરી ન હતી.

સં. ૧૯૭૮ની મોસમ તેમને માટે છેલ્લી જ હતી. મોસમ પૂરી થયે તેમણે વખારોમાં કપાસિયા ભરાવ્યા હતા અને તેમાં ઠીક ઠીક નફો થયો હતો. તે પરથી ખુશાલચંદે વડીલો આગળ દરખાસ્ત મૂકી કે આ નફાનાં નાણાંમાંથી સોનું ખરીદીએ તો ઘણો લાભ થશે. હાલ તોલાના ત્રીશ રૂપિયા બોલે છે, પણ થોડા વખતમાં તેનો ભાવ ચોત્રીશ–પાંત્રીશ જેવો થશે. આ વાત વડીલોને ગળે ઉતરી એટલે તેમણે મુંબઇ જઇને સોનું ખરીદવાની રજા આપી.

ખુશાલચંદ તૈયાર થઈને ઘરમાંથી નીકળ્યા કે ચંદન નામની એક કુમારિકા સામે મળી. આ કુમારિકા તે જ હતી કે જેનું સગપણ પોતાના વડીલ બંધુ પાનાચંદભાઈના પુત્ર ખૂબચંદ સાથે થયું હતું. તેનાં શુભ શુકન ગ્રહણ કરીને ખુશાલચંદે પ્રયાણ કર્યું. આ વખતે તેમને મનોમંથન થવા લાગ્યું કે મુંબઈ જાઉં કે મારવાડ ? મુંબઈમાં દ્રવ્યસોનું છે અને મારવાડમાં ભાવસોનું છે. ત્યારે પૂજ્ય ગુરુદેવો મારવાડમાં ગોહીલી મુકામે બિરાજતા હતા. તેમને અનુલક્ષીને તેઓ આ પ્રમાણે વિચાર કરી રહ્યા હતા. ભાવી ઘટનાએ બતાવી આપ્યું છે કે આ તેમનું સામાન્ય પ્રયાણ ન હતું પણ મહાભિનિષ્ક્રમણ હતું, કારણ કે ત્યારબાદ તેઓ સંસારી અવસ્થામાં ઘરે પાછા ફર્યા નથી.

## દૈવી સંકેત

ઉગ્ર મનોમંથન કરતાં તેઓ વડોદરાનાં નાના સ્ટેશન ગોવાગેટ ઉતર્યા કે જેને આજે પ્રતાપનગર કહેવામાં આવે છે. ત્યાંથી તેઓ વડોદરાનાં મોટા સ્ટેશને આવ્યા, કારણ કે તેમણે ભાવસોનું ખરીદવા મારવાડ પહોંચવાનો વિચાર પાકો કરી લીધો હતો અને મારવાડ જવા માટે અહીંથી અમદાવાદની ગાડી પકડવાની જરૂર હતી. આમ તો એ ગાડીનો સમય થઈ ગયો હતો, એટલે તે મળવાનો સંભવ ન હતો, પણ આ ભાગ્યશાળી પુરુષની ભાવનાનો કોઈ અજબ ચમત્કાર કે દૈવી સંકેતની જેમ તે ગાડી તેમના પહોંચ્યા પછી જ સ્ટેશનમાં આવી અને તેમને લઈને જ અમદાવાદ ભણી દોડવા લાગી.

જો અધ્યાત્મમાર્ગના આ પ્રવાસીને વડોદરા સ્ટેશને પડી રહેવાનો પ્રસંગ આવ્યો હોત તો તેમને કેવાં કેવાં મનોમંથનો થયાં હોત અને તેનું શું પરિણામ આવ્યું હોત? તેની કલ્પના કરવાની કંઈજ આવશ્યકતા નથી, કારણ કે મહાપુરુષો देहं पातयामि वा कार्यं साधयामि એવા અફર નિર્ણયવાળા હોય છે, એટલે ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરીને પણ પોતાનું ધ્યેય પાર પાડે છે.

અમદાવાદ સાથે ખુશાલચંદના જીવનનાં કેટલાંય સ્મરણો સંકળાયેલાં હતાં, જે અત્યારે તાજાં થઈને સ્મૃતિપટ પર તરી આવતાં હતાં ને કૈં કૈં સંવેદનો જગાડતાં હતાં, પણ ખુશાલચંદનું ખમીર તેની સામે ટક્કર લઈ રહ્યું હતું અને આખરે યશસ્વી નીવડ્યું હતું. અત્યારે મારવાડ જતી મીટરગેજ ગાડી મળવાનો કોઈ સંભવ ન હતો; એટલે રાત્રિ સ્ટેશન સામેની રેવાબાઇ ધર્મશાળામાં જ વીતાવવી પડશે એમ લાગતું હતું, પણ સ્ટેશને પહોચતાં જુદું જ દૃશ્ય જોવામાં આવ્યું. મીટરગેજ ગાડીએ હજી સ્ટેશન છોડ્યું ન હતું. શું તે આપણા કલ્યાણકામી ખુશાલચંદભાઈને જ લઇ જવાની રાહ જોતી હશે? એનું કારણ ગમે તે હોય પણ ખુશાલભાઈએ ઉક્ત ગાડીમાં પોતાનું સ્થાન જમાવ્યા પછીજ ગાર્ડમહાશયે પોતાના હાથમાં રહેલી લીલી ઝંડી ફરકાવી હતી અને ગાડીનાં ચક્રો ગતિમાન થયાં હતાં. આ પણ એક દૈવી સંકેત.

હવે રાહ નિશ્ચિત હતો અને માથા પરથી સંસારનો

સર્વ ભાર ઉતરી ગયો હતો, એટલે તેમને થોડી જ વારમાં મીઠી નિદ્રા આવી ગઇ.

પૃથ્વી પર પ્રભાતનો પયગામ પહોંચ્યો અને પૂર્વાકાશમાં સવિતાનારાયણની સવારી આવી પહોંચી, તે વખતે ગાડીએ પીંડવાડા સ્ટેશનમાં પ્રવેશ કર્યો અને પ્રવાસીઓ ટપોટપ ઉતરવા લાગ્યા, તેમાં આપણા ખુશાલચંદભાઈ પણ સામેલ હતા. પરંતુ ત્યાંથી ગોહીલી શી રીતે જવું ? એ તેમને માટે એક કોયડો હતો, કારણ તેઓ એ પ્રદેશથી છેક જ અજાણ્યા હતા અને કોઈ મિત્રની સોબત ન હતી. પરંતુ वसुधैव कुटुम्बकम्‌ની ભાવનાવાળા મહાપુરુષો જ્યાં જાય છે, ત્યાં સત્કાર પામે છે અને પોતાનાં કુટુંબમાં જ વસતા હોય તેવો સ્નેહ અનુભવે છે. એટલે ખુશાલચંદભાઈનો એ કોયડો થોડીજ વારમાં ઉકલી ગયો ને એક ટાંગામાં બેસવાની જગા મળી ગઈ. આ રીતે તેઓ નિર્વિઘ્ને ગોહીલી પહોંચ્યા અને ગુરુદેવનાં ચરણે ઝુકયા.

## ૧૨ – દીક્ષાગ્રહણ

પૂજ્ય ગુરુદેવો પોતાના વિદ્વાન શિષ્યમંડળ સાથે ગોહીલીના ઉપાશ્રયમાં વિરાજતા હતા અને તેમની પુણ્ય નિશ્રામાં શ્રી જિનચૈત્ય–પ્રતિષ્ઠામહોત્સવ ચાલી રહ્યો હતો. તેમણે જોયું કે ત્રેવીશ વર્ષનો એક નવયુવાન જે મેટ્રીક પાસ થયો છે, જેનાં લગ્ન થયાને હજી ચાર જ વર્ષ વ્યતીત

થયાં છે, જેના છ માસનો પુત્ર હજી ઘોડિયામાં જ રમે છે અને જેની પાછળ ખાનદાન માતા, ભાઈઓ, બહેનો, પત્ની વગેરેનું વિશાળ કુટુંબ છે, તે પોતાની પ્રતિજ્ઞાની અવધિથી બે વર્ષ વહેલો સંયમ વરવાને ઉપસ્થિત થયો છે, ત્યારે તેમનાં હૃદયમાં અકથ્ય આનંદની છોળ આવી અને 'ધર્મલાભ' રૂપે તેમના ઉચ્ચતમ આશીર્વાદો તેના પર ઉતરી પડયા.

મુમુક્ષુ ખુશાલચંદભાઇએ અહીંથી એક પત્ર ડભોઈ પોતાના વડીલ બંધુ બાપુલાલ તથા પાનાચંદભાઈ પર રજીસ્ટરથી રવાના કર્યો અને તેમાં પોતે દીક્ષા લેવા અહીં આવ્યા છે, એ વાતનો ઉલ્લેખ કરીને તે માટે તેમની અનુમતિ માગી. પણ એ અનુમતિ મળવાનો સંભવ નહિ લાગવાથી થોડા દિવસો બાદ ગુરુદેવની આજ્ઞાપૂર્વક તેઓ જેઠ વદિ એકમે ગોહીલીથી બે માઈલ દૂર શીરોહી આવ્યા અને ગામ બહાર સ્તૂપનાં દહેરાસરમાં દાખલ થયા. ત્યાં પહેરેલી મુદ્રિકા વગેરે દાનમાં આપી દઈ, રાયણવૃક્ષ નીચે આવી મુંડન કરાવ્યું, સ્નાન કર્યું અને પોતાની જાતે જ સાધુવેશ ધારણ કરી લીધો. પછી પ્રભુસન્મુખ આવી करेमि भंते ના પાઠપૂર્વક સર્વવિરતિ–સામાયિક ઉચ્ચર્યું અને પ્રવ્રજ્યારૂપ સાચું સોનું ખરીદી લીધું. છેવટે પ્રભુનાં દર્શન કરી મંગલભાવના ભાવતાં, ઊનાળાના સખત તાપમાં, ખરે બપોરે, ઉઘાડાં મસ્તકે, ઉઘાડા પગે, તપેલી રેતીમાં ઈર્યાસમિતિ શોધતાં ગોહીલી આવ્યા અને ગુરુદેવોને વંદન

કરી તેમની છત્રછાયામાં વિરાજ્યા. આ હકીકત તેમના કુટુંબીઓને તાર મારફત ડભોઈ જણાવવામાં આવી.

## જાવાલમાં કુટુંબીઓનું આગમન

પૂજ્ય ગુરુદેવોની નિશ્રામાં શ્રી જિનચૈત્ય–પ્રતિષ્ઠામહોત્સવ ખૂબ ઠાઠથી ઉજવાયો. બાદ તેઓ નૂતન મુનિને લઈ જાવાલ પધાર્યા. ત્યાં નૂતન મુનિશ્રીનાં કુટુંબીજનો ડભોઈથી આવી પહોંચ્યા. તેમાં માતુશ્રી હતા, વડીલ પિત્રાઈ ભાઇ ચુનીલાલ તથા વડીલ ભાઈ બાપુલાલ હતા, પુત્ર સાથે પત્ની હતા, અને સાસુ વગેરે સંબંધીજનો પણ હતા. તે બધાનાં હૃદયમાં ખુશાલચંદ માટે અપાર મમતા ભરી હતી, એટલે તેમને ઘરે લઈ જવા પ્રયત્ન કર્યો અને તેમનાં પત્નીએ બાલપુત્ર બાલુભાઈને અદ્ધરથી તેમના ખોળામાં મૂકી દીધો. પરિસ્થિતિ ગંભીર હતી, પણ નૂતન મુનિશ્રી મોહથી જરા પણ લેપાયા નહિ. બીજી બાજુ ગુરુદેવોનું રક્ષણ પણ જબરૂં હતું, તેથી કુટુંબીજનોની મોહલીલા નિષ્ફળ બની.

બાદ જાવાલનો સંઘ ભેગો થયો. તે વખતે પૂજ્ય પરમ ગુરુદેવની આજ્ઞાથી નૂતન મુનિશ્રીએ આ સંસારમાં જીવે કરેલા અનેક પ્રકારના સંબંધોની અસ્થિરતાનો, લાચારીથી થતાં જીવના જન્મ–મરણોની ભીષણતાનો, તેમજ તેમાંથી મુક્તિ મેળવવા માટે અનંત ઉપકારી તીર્થંકરાદિ મહાપુરુષોએ અપનાવેલી અને ઉપદેશેલી દીક્ષાની તારકતાનો હૃદયસ્પર્શી ઉપદેશ આપી બધાને શાંત કર્યા.

પૂજ્ય ગુરુદેવોની સમજાવટ ચાલુ હતી, સંઘ તેમાં સહાયભૂત થઇ રહ્યો હતો અને કુટુંબીજનો સ્નેહવિવશ છતાં પાપભીરુ અને ધર્મભાવિત હતા, તેથી આખરે પોતાનો મોહ શમાવી દઈ શાંતિથી ડભોઇ પાછા ફર્યા. અહીં એટલું જણાવી દેવું જરૂરી છે કે આ પછી સં. ૧૯૭૯ની દીવાલી ઉપર પુત્ર બાલુભાઈનો સ્વર્ગવાસ થયો હતો.

## વડીદીક્ષા અને નામકરણ

હવે સાધુજનોને એક સ્થળે સ્થિર કરનારી વર્ષાઋતુ આવી રહી હતી, એટલે પૂજ્ય ગુરુદેવોએ ચાતુર્માસાર્થે પાડીવને પાવન કર્યું. ત્યાં નૂતન મુનિશ્રીને વડીદીક્ષાના યોગમાં દાખલ કર્યા અને સં. ૧૯૭૮ના અષાડ સુદિ ૧૧નાં શુભ મુહૂર્તે વડીદીક્ષા આપવામાં આવી. એ વખતે દિગ્બંધનની ક્રિયામાં તેમને પોતાનેજ ચરમકેવલી આર્ય જમ્બૂસ્વામિજીના તારક નામ પરથી પોતાનું **જમ્બૂવિજય** નામ રાખવાની પ્રેરણા થઇ હતી, એટલે ગુરુદેવોએ તેમનું નામ **મુનિશ્રી જમ્બૂવિજયજી** સ્થાપન કર્યું અને તેમની ઈચ્છા મુજબ તેમને **પૂજ્ય મુનિરાજ શ્રી પ્રેમવિજયજી ગણિવરના** શિષ્ય તરીકે જાહેર કર્યા.

આ રીતે ચરિત્રનાયકે પોતાના દીક્ષા લેવાના નિયમને ત્રણ વર્ષ જોવા ન દીધાં. તેમણે માત્ર એક જ વર્ષમાં દીક્ષાનો મનોરથ પાર પાડી સાધુજીવનમાં પ્રવેશ કર્યો. ધન્ય છે એમની ધર્મધગશને! ધન્ય છે એમના નિશ્ચય બળને !!

# ૧૩ – પ્રારંભિક વિહારચર્યા

સાધુજીવન કાયરોને મન કઠિન છે, શૂરાઓને મન સહેલું છે, એ વાત આપણા ચરિત્રનાયકે સિદ્ધ કરી બતાવી. તેઓ ભક્તિ, વિનય, વૈયાવૃત્ત્ય આદિ ગુણોથી યુક્ત થઈને ગુરુકુળની ઉપાસના કરવા લાગ્યા અને તેનાં મધુરફળરૂપે તેઓને ગ્રહણ તથા આસેવનાશિક્ષા પ્રાપ્ત થવા લાગી.

## જ્ઞાનાર્જન

થોડા જ વખતમાં તેમણે શ્રમણક્રિયાસૂત્રવિધિ સાદ્યંત કંઠાગ્ર કરી લીધી. શાળામાં તેઓ ભાંડારકરની બે સંસ્કૃત બુકો તો ભણેલાજ હતા, તેનો અભ્યાસ તાજો કરી લીધો અને તેની સાથે કાલેનું સંસ્કૃત વ્યાકરણ તથા આપ્ટેની સંસ્કૃત માર્ગદર્શિકા એ બંને સારી રીતે અવગાહી લીધાં.

આ ચાતુર્માસમાં તેમના લેખનવ્યવસાયને પણ એક તક સાંપડી હતી. પૂ. મુનિરાજ શ્રી રામવિજયજી મહારાજે તાજેતરમાં જ 'સત્યનું સમર્થન–સનાતન સત્યનો સાક્ષાત્કાર' એ નામનું એક પુસ્તક રચ્યું હતું, તેની પ્રસ્તાવના આપણા આ નૂતન મુનિના હાથે લખાઈ હતી.

## નિત્ય એકાસણાં

જ્ઞાનાર્જન સાથે તપશ્ચર્યા પણ આગળ વધી રહી હતી. વડીદીક્ષાના યોગ પછી તેમણે એકાસણાં આરંભ્યાં હતાં અને તે લાંબા સમય સુધી ચાલુ રહ્યાં હતાં.

પાડીવનાં ચાતુર્માસમાં પૂજ્ય મોટા ગુરુમહારાજ, પૂ. ગુરુમહારાજ, ગુરુભ્રાતાઓ, પૂ. મુનિરાજ શ્રી રામવિજયજી મહારાજ, મુનિરાજ શ્રી કૈવલ્યવિજયજી તથા પોતે એમ પાંચ ઠાણા હતા. ચાતુર્માસ જ્ઞાન-ધ્યાન-વગેરે સુંદર આરાધનાઓથી પૂર્ણ થયું હતું.

## આબૂ તથા વરકાણાની યાત્રા

સં. ૧૯૭૯ના માગશર માસમાં ડોડવા ગામે પ્રતિષ્ઠા હતી. ત્યાંના સંઘની વિનંતિ થવાથી પૂ. પં શ્રી દાનવિજયજી ગણિવર સપરિવાર ડોડવા પધાર્યા અને પ્રતિષ્ઠાવિધિ આનંદથી કરાવી. બાદ તેઓશ્રીએ આપણા ચરિત્રનાયકને પૂજ્ય મુનિરાજ શ્રી રામવિજયજી મહારાજ સાથે આબૂની યાત્રાએ મોકલ્યા. તે માટે ડોડવાથી વિહાર કરીને તેઓ અણાદરા આવ્યા અને સીધા ચઢાવે ઉપર ચડી દેલવાડા પધાર્યા. ત્યાં વિમલવસહિકા તથા લૂણસીહ-વસહિકા આદિ તીર્થોનાં દર્શન કરતાં તેમને અદ્ભુત આનંદ થયો. અહીં આપણા મુનિશ્રીને આર્યરક્ષિતસૂરિજીના પિતા મુનિની માફક ગૌચરીનો મંગલલાભ લબ્ધિ પૂર્વક પ્રાપ્ત થયો હતો. ત્યાંથી તેઓ ગુરુસેવામાં પાછા ફર્યા.

ડોડવાથી વિહાર કરીને પૂજ્ય ગુરુદેવો પીંડવાડા પધાર્યા હતા. તે અરસામાં સાદડીસંઘના કોઈ એકે ધાર્મિક બંધારણ વિરુદ્ધનો વર્તાવ કર્યો હતો, તેથી તેનાં ખર્ચે ગોડવાડસંઘને શ્રી વરકાણાજીમાં એકત્ર કરવાની ફરજ ઊભી થઈ હતી. આ પ્રસંગે પંચના આગેવાનો પૂજ્ય

ગુરુદેવોને શ્રીવરકાણાજી પધારવાની વિનંતિ કરવા આવ્યા હતા અને તેમની એ વિનંતિનો સ્વીકાર કરીને પૂજ્ય ગુરુદેવો શ્રીવરકાણાજી પધાર્યા હતા. એટલે નૂતન મુનિશ્રીને શ્રી વરકાણાજીની યાત્રાનો લાભ પણ અનાયાસે જ મળ્યો હતો. પૂજ્ય મોટા ગુરુદેવના સચોટ ઉપદેશ તથા વાસ્તવિક માર્ગદર્શનથી બંધારણનાં રક્ષણપૂર્વક પંચનું કામ નિર્વિઘ્ને પાર પડ્યું હતું.

## શ્રી કેસરીયાજીના સંઘમાં

બાદ જાવાલના એક ગૃહસ્થને શ્રી કેશરિયાજી તીર્થનો છ–રી પાળતો સંઘ કાઢવો હતો. છ–રી કોને કહેવાય? તથા તેનું પાલન કરતાં સંઘયાત્રા શી રીતે થાય? તેનું વિસ્તૃત વર્ણન અમે આ પુસ્તકના પ્રથમ ભાગમાં કરેલું છે, એટલે અહીં તેનો વિસ્તાર કરતા નથી. તે ગૃહસ્થની ખાસ વિનંતિથી પૂજ્ય ગુરુદેવો જાવાલ પધાર્યા. આ વિહારમાં પણ નૂતન મુનિશ્રીને એકાસણાં ચાલુ હતાં.

શુભ મુહૂર્તે પૂજ્ય મોટા ગુરુદેવની પુણ્ય નિશ્રામાં શ્રી કેસરિયાજીનો છ–રી પાળતો સંઘ નીકળ્યો. તે મારવાડની મોટી પંચતીર્થી કરી, દેસુરીની નાળથી ઉદેપુર થઈ કેસરિયાજી પહોંચ્યો. અહીં મહા પ્રાભાવિક મૂળનાયક શ્રી ઋષભદેવ ભગવાન વિરાજમાન છે. તેમને જૈન તથા જૈનેતર સર્વ લોકો તરફથી ઘણું કેસર ચડતું હોઈ તેઓ શ્રી કેસરિયાજીનાથ તરીકે ભૂમંડલમાં વિખ્યાત થયા છે.

આ તીર્થની યાત્રાથી નૂતન મુનિશ્રીનું મન અત્યંત પ્રભાવિત થયું હતું.

પૂજ્ય મોટા ગુરુદેવે સંઘવીને તીર્થમાળા પહેરાવ્યા પછી સંઘ વિસર્જન થયો હતો.

## માલવયાત્રા

અહીં મોટા ગુરુદેવ ઉપર રતલામથી શ્રી સાગરાનંદ-સૂરીશ્વરજીનો તાર આવ્યો કે 'આપ આ તરફ પધારો. મારે આપને મળવું છે.' તે સાથે રતલામના ભાવિક શ્રાવકો તેડવા આવી ગયા, એટલે પૂજ્ય ગુરુદેવોએ માલવ દેશની મહારાણી સમા રતલામ ભણી પ્રયાણ કર્યું.

નૂતન મુનિશ્રીને આ યાત્રા પ્રથમ વાર જ થતી હતી, એટલે ત્યાંની વેશભૂષા, રીતરિવાજો તથા ભાષા વગેરેનો અભ્યાસ કરવાની તક મળી અને રાજગઢ, ઉજ્જૈન, મક્ષીજી વગેરે તીર્થોની યાત્રા કરતાં અનહદ આનંદ આવ્યો. પ્રાચીન કાળમાં જે મુનિઓ આચાર્યપદને યોગ્ય હોય, તેમને આચાર્યપદવી આપતાં પહેલા વિવિધ દેશોનો વિહાર કરાવવામાં આવતો, તેનું ખરું રહસ્ય આ જ છે.

રતલામ પધારતાં શ્રી સંઘે ભવ્ય સ્વાગત કર્યું અને પૂજ્ય સાગરાનંદસૂરીશ્વરજી સાથે પ્રેમપૂર્વક વાર્તાલાપ થયો.

## મહીદપુરમાં ચાતુર્માસ

તેઓશ્રીના આગ્રહથી અહીં ધાર્યા કરતાં વધારે રોકા-

વાનું થયું. દરમિયાન સુગૃહીતનામધેય સ્વ. આચાર્યશ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગતિથિ આવતાં તેની ઉજવણી ઘણીજ ઠાઠથી થઇ. અહીં ચાતુર્માસાર્થે શ્રી મહીદપુર–સંઘની આગ્રહભરી વિનંતિ થઇ. પરિણામે પૂજ્ય ગુરુદેવો મહીદપુર પધાર્યા અને ત્યાંના સંઘને ચાતુર્માસનો લાભ આપ્યો.

આ રીતે આપણા ચરિત્રનાયકનું સં. ૧૯૭૯નું બીજું ચાતુર્માસ પૂજ્ય ગુરુદેવોની સાથે મહીદપુરમાં થયું.

મુનિ શ્રી જંબૂવિજયજી વિહારમાં તેમ જ સ્થિરતામાં પૂજ્ય ગુરુદેવોની સેવામાં રકત રહેવા ઉપરાંત અભ્યાસમાં પણ મગ્ન રહેતા હતા અને એ રીતે પોતાનાં જ્ઞાનમાં વૃદ્ધિ કરી રહ્યા હતા. વિહારમાં તેમણે મોટી સંગ્રહણી અવધારી લીધી હતી અને બીજાં શાસ્ત્રોનું પણ અવલોકન કર્યું હતું. આ ચાતુર્માસમાં તેમણે કાવ્યો વગેરેનો અભ્યાસ શરૂ કર્યો હતો અને વીરશાસન સાપ્તાહિક મારફત પોતાની કલમને પણ ચાલુ રાખી હતી.

આ વખતે મોટા ગુરુદેવ, પૂજ્ય મુનિ શ્રી રામવિજયજી મહારાજને વ્યાખ્યાન આપવા પાટે બેસાડતા હતા અને તેઓ પોતાની વિશિષ્ટ છટાથી સહુને પ્રભાવિત કરતા હતા. તેઓ આગળ જતાં સમર્થ પ્રવચનકાર થયા, તેની આ પૂર્વ તાલીમ હતી.

ચાતુર્માસ દરમિયાન મુનિ શ્રીજંબૂવિજયજીના

સંસારી માતુશ્રી તથા વડીલભાઈ પૂજ્ય ગુરુદેવોનાં દર્શને આવ્યા હતા અને નૂતન મુનિશ્રીની પ્રગતિ નિહાળી આનંદ પામ્યા હતા. તેમણે શ્રી સંઘમાં પ્રભાવનાદિનો સારો લાભ લીધો હતો.

## ૧૪ – વતનમાં વિશિષ્ટ પ્રભાવના

**ચા**તુર્માસ પૂર્ણ થયે પૂજ્ય ગુરુદેવોએ ગુજરાત ભણી પગલાં માંડયાં હતાં અને અલિરાજપુર, છોટાઉદેપુર વગેરે સ્થળોએ થઈ ડભોઈમાં પદાર્પણ કર્યું હતું. તે વખતે શ્રી સંઘ તરફથી તેમનો ભવ્ય સત્કાર થયો હતો અને મુનિશ્રી જંબૂવિજયજીને નજરે નિહાળવા માનવમેદની ઉલટી પડી હતી. તેમાં વાણિયા–બ્રાહ્મણ વગેરે ઉચ્ચવર્ણના લોકો ઉપરાંત મુસલમાનો પણ હતા. તેઓ આ મુનિશ્રી તરફ મસ્તક ઝુકાવીને અંગૂલિનિર્દેશ પૂર્વક કહેતા હતા કે 'આ જ આપણા મગનશેઠના ખુશાલભાઈ. તે દિવસે એમણે જીવદયા પર કેવું સુંદર ભાષણ કર્યું હતું? અમને તો ત્યારથી જ લાગતું હતું કે આ યુવાન કોઈ દિવસ તેના માતાપિતાનું નામ ઉજાળશે ને ડભોઈની આબરૂ વધારશે.'

અન્ય લોકોને આ પ્રકારની વાતો કરતાં જોઈને મુનિશ્રીના સંસારી સગાઓની છાતી ગજ ગજ ફૂલતી હતી અને સંબંધીવર્ગનો આનંદ અંતરમાં સમાતો ન હતો.

શ્રીસંઘ પણ તેમને માટે ભારે ગૌરવ અનુભવી રહ્યો હતો. તેણે આગ્રહથી મુનિશ્રીનું વ્યાખ્યાન કરાવ્યું ત્યારે શાંતરસ પોતાની સર્વ સેના સાથે શ્રોતાઓના અંતરપટ પર ઉતરી પડયો અને દીર્ઘકાલ સુધી ન ભૂંસાય તેવી સ્મૃતિ મૂકતો ગયો. પરિણામે સહુનાં શિર લાંબો સમય ડોલતાં રહ્યાં અને જિહ્વાઓને શ્લાઘા સિવાય બીજું કંઈ બોલવાનું મળ્યું નહિ.

કુટુંબીઓના આગ્રહથી ગુરુદેવોએ અહીં સાત દિવસની સ્થિરતા કરી હતી, તે સાતે ઈતિ-ભીતિઓનું નિવારણ કરવામાં સમર્થ બની હતી.

## ૧૫ – સં. ૧૯૮૦ થી ૧૯૮૫

પૂજ્ય ગુરુદેવો સાથે ડભોઈથી વિહાર કરી આપણા મુનિશ્રીએ છાણીમાં બિરાજમાન પૂજ્યપાદ સદ્ધર્મરક્ષક આચાર્ય ભગવંત શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજની સેવાનો લાભ લીધો હતો. બાદ રાજનગરને પાવન કર્યું હતું.

### ત્રીજું ચાતુર્માસ : રાજનગર

રાજનગર પધાર્યા પછી પૂ. પં. મ. શ્રીદાનવિજયજી ગણિવર પાછા છાણી પધાર્યા હતા અને પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજની સેવામાં ઉપસ્થિત થયા હતા. સં. ૧૯૮૦ નું ચાતુર્માસ

તેઓશ્રીએ આચાર્યશ્રી સાથે જ કર્યું હતું, જ્યારે પૂજ્ય ગુરુદેવ શ્રી પ્રેમવિજયજી ગણિવરનું ચાતુર્માસ રાજનગર વિદ્યાશાળાએ પૂજ્ય બાપજી મહારાજ શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજની સાથે નક્કી થયું હતું. આપણા મુનિશ્રી પૂ. ગુરુદેવ સાથે રાજનગર રહ્યા હતા અને ત્યાં તેમણે સિદ્ધહેમ–લઘુવૃત્તિ તથા બહદ્‌વૃત્તિનો અભ્યાસ શરૂ કર્યો હતો. વ્યાકરણથી શબ્દશુદ્ધિ, શબ્દશુદ્ધિથી અર્થજ્ઞાન, અર્થજ્ઞાનથી ચારિત્રતત્ત્વ, ચારિત્રતત્ત્વથી નિર્જરા, અને નિર્જરાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે, એ કોણ નથી જાણતું ?

આ ચાતુર્માસમાં પાંજરાપોળના ઉપાશ્રયે કોઇ સાધુ મહારાજ નહિ હોવાથી શેઠ જેશીંગભાઈની વાડીવાળાઓ તરફથી સાધુ માટે વિનંતિ થઈ હતી. તે પરથી પૂજ્ય ગુરુદેવે મુનિશ્રી જંબૂવિજયજીને ત્યાં મોકલ્યા હતા. તેમણે પર્યુષણ મહાપર્વની મહતી આરાધના કરાવી હતી, આઠે દિવસનાં વ્યાખ્યાનો સુંદર છટાથી વાંચ્યાં હતાં અને સાંવત્સરિક પ્રતિક્રમણ પણ સારી રીતે કરાવ્યું હતું. આથી ત્યાંના શ્રાવકસમુદાયને તથા પૂજ્ય ગુરુદેવને ઘણો સંતોષ થયો હતો. સત્ત્વશાળી પુરુષોને આ જગત્‌માં કયું કાર્ય અશકય છે ?

## પૂજ્યોને પદવીદાન

છાણી મુકામે પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજની પુણ્યનિશ્રામાં પૂજ્ય પંન્યાસજી

મહારાજ શ્રી દાનવિજયજી ગણિવરે પૂજ્ય મુનિપ્રવર શ્રી લબ્ધિવિજયજી મહારાજને શ્રીભગવતીસૂત્રના યોગ કરાવ્યા હતા અને ચાતુર્માસ પૂર્ણ થયે સં. ૧૯૮૧ના માગશર માસમાં પૂજ્ય આચાર્યભગવંતે પોતાની પાટે આ ઉભય મહાત્માઓને આચાર્યપદવીઓ આપી હતી અને તે નિમિત્તે છાણીસંઘે ભવ્ય મહોત્સવ કર્યો હતો. બરાબર તે જ મુહૂર્તે અમદાવાદ ટંકશાળમાં બાપજી મહારાજે પૂજ્ય પંન્યાસ શ્રી મેઘવિજયજી ગણિવરને પણ આચાર્યપદ અર્પણ કર્યું હતું અને પૂજ્ય મુનિરાજશ્રી પ્રેમવિજયજી ગણિવરને પંન્યાસપદે આરૂઢ કર્યા હતા. તેનો મહામહોત્સવ વિદ્યાશાળામાં એક મહીનાપર્યંત ચાલ્યો હતો.

## ઝડપી લેખનકલા

બાદ ચૈત્રી ઓળીનું શાશ્વતપર્વ આવ્યું. આપણા મુનિશ્રીએ ઝડપથી લખવાની કળા સારી રીતે કેળવી હતી. તેથી જ તેઓ ચૈત્ર સુદિ ૧૩ના દિવસે શ્રી વીરવિભુના જન્મકલ્યાણકપ્રસંગે પૂજ્ય મુનિરાજ શ્રી રામવિજયજીએ આપેલાં યાદગાર પ્રવચનનું અક્ષરશઃ અવતરણ કરી શકયા હતા. તેમનાં આ અવતરણને આધારે ઉક્ત પ્રવચન શ્રીવીરસમાજ તરફથી પુસ્તિકારૂપે પ્રકટ થયું હતું અને સારો પ્રચાર પામ્યું હતું.

શેષકાળમાં પણ મુનિશ્રીની જ્ઞાન–ધ્યાન–જપ–તપ–પ્રવૃત્તિ એક સરખી ચાલુ રહી હતી.

## ચોથા ચાતુર્માસની ચારુ પ્રવૃત્તિઓ

સં. ૧૯૮૧નું ચોથું ચાતુર્માસ પૂજ્ય ગુરુદેવની પુણ્ય નિશ્રામાં અમદાવાદ વિદ્યાશાળાએ જ થયું હતું. પાઠકોને અમે તેની ચારુ પ્રવૃતિઓનું થોડું દિગ્દર્શન કરાવીશું.

મુનિશ્રીએ સિદ્ધહેમલઘુવૃત્તિ અને બૃહદ્વૃત્તિનો અભ્યાસ ચાલુ રાખ્યો હતો, તેમ જ પંચકાવ્યમાં પણ આગળ પ્રસ્થાન કર્યું હતું.

પર્વાધિરાજ આવતાં મસ્કતી મારકેટના મારવાડી ભાઈઓની વિનંતિથી પૂજ્ય ગુરુદેવની આજ્ઞાનુસાર પર્યુષણા પર્વની આઠે દિવસની આરાધના આપણા મુનિશ્રીએ કરાવી હતી અને તે ખૂબ પ્રશંસા પામી હતી.

તે વખતે શત્રુંજય તીર્થનાં રખોપાનો પ્રશ્ન ઉગ્ર બન્યો હતો, તેથી ગુરુદેવ ચિંતાતુર બન્યા હતા અને સકળ સંઘમાં વિષાદનું વાતાવરણ ફેલાયું હતું. તેના ઉપાય તરીકે મુનિશ્રીએ વીરશાસનના અગ્રલેખોમાં કલમ ઉપાડી હતી અને પહેલાના ફેંસલા તથા ઠરાવો રજૂ કરીને પાલીતાણા ઠાકોરની આંખ ઉઘાડી હતી. આથી જૈન સમાજમાં પણ સારી જાગૃતિ આવી હતી.

પૂજ્ય મુનિરાજશ્રી મનોહરવિજયજીએ-(હાલના આચાર્ય શ્રી વિજયમનોહરસૂરિજીએ) વીરશાસન પત્રની વાર્ષિક ભેટ માટે ‘સુંદર રાજાની સુંદર ભાવના અને શીલ સત્વની કસોટી’ તેમજ ‘ભીમકુમારનું ભુજાબળ’ એ

નામનાં સુંદર પુસ્તકો લખ્યાં હતાં. તેને મુનિશ્રીએ મનનીય પ્રસ્તાવનાવડે શોભાવ્યાં હતાં.

ઉપરાંત એક યા બીજા પ્રકારની તપશ્ચર્યા ચાલુજ હતી.

## યોગોદ્વહન આદિ

સં ૧૯૮૨માં મોટા ગુરુદેવ સુરતથી વિહાર કરીને અમદાવાદ પધાર્યા હતા. તેમની તારકનિશ્રામાં આ સાલનું ચાતુર્માસ પણ પૂજ્ય ગુરુદેવની સાથે વિદ્યાશાળાએ જ થયું હતું. તે વખતે આપણા ચરિત્રનાયકને મોટા ગુરુદેવે શ્રી ઉત્તરાધ્યયન તથા આચારાંગસૂત્રનું યોગોદ્વહન કરાવ્યું હતું. વળી તેમણે વ્યાકરણ અને કાવ્યનો અભ્યાસ પૂરો કર્યો હતો અને બૃહત્ સંગ્રહણીની સંસ્કૃત ટીકાઓ પણ વાંચી લીધી હતી. ચોમાસા બાદ ધાતુપાઠને પણ ધારી લીધો હતો. વીરશાસન પત્રમાં તેમની કલમની કલા ઝળકયા કરતી હતી.

## ત્રિકમલાલને તારક દીક્ષા

ચાતુર્માસ પૂર્ણ થયે મોટા ગુરુદેવની આજ્ઞાનુસાર પૂ. મુનિશ્રી કૈવલ્યવિજયજી મહારાજ ( હાલ પંન્યાસજી )ની સાથે આપણા મુનિશ્રીએ અમદાવાદથી વિહાર કર્યો અને વીશ માઈલ દૂર આવેલા ચલોડાને પાવન કર્યું. ત્યાં અમદાવાદ હાંલ્લાની પોળના રહીશ મારફતિયા ત્રિકમલાલ ઉપસ્થિત થયા અને ભવસાગરમાંથી તારનારી ભાગવતી દીક્ષાની માગણી કરી. તેથી દીક્ષા પ્રદાન કરી તેમનું નામ મુનિશ્રી તિલકવિજયજી સ્થાપન કર્યું અને તેમને પૂજ્ય મુનિરાજશ્રી રામવિજયજી મહારાજના શિષ્ય કર્યા.

ત્યાંથી આગળ વિહાર કરી ખંભાત પધાર્યા કે જેની જાહોજલાલી એક વખત વિશ્વવિખ્યાત હતી. અહીં શ્રદ્ધાળુ જૈનોની વસ્તી સારા પ્રમાણમાં હોવાથી મુનિશ્રીની મધુર દેશના વિસ્તાર પામી અને તેણે અનેક હૃદયોને પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા તથા આસ્તિકયાદિ ગુણો વડે ભાવિત કર્યાં. 'ચિરાગસે ચિરાગ જલતી હૈ' એ ઉક્તિ અહીં ચરિતાર્થ બની. એવામાં પૂજ્ય મોટા ગુરુદેવ પણ અમદાવાદથી વિહાર કરીને ખંભાત પધાર્યા. શિર પર છત્રની શોભા કોને ન ગમે ?

અહીં અમદાવાદ–પાડાપોળ નિવાસી શા ત્રિકમલાલ ડાહ્યાભાઈની દીક્ષા થઈ. તેમનું નામ મુનિશ્રી રક્ષિતવિજયજી રાખવામાં આવ્યું અને તેમને આપણા મુનિશ્રીના શિષ્ય કર્યા. આ રીતે તેમને ખંભાતમાં પ્રથમ શિષ્યરત્નની પ્રાપ્તિ થઈ. મુનિશ્રી માનવિજયજી, કનકવિજયજી, કાંતિવિજયજી (હાલ સર્વે પંન્યાસજી) આદિની દીક્ષાઓ પણ અહીંજ થઈ હતી.

એવામાં અમદાવાદ મુકામે બે મુમુક્ષુઓને દીક્ષા લેવાની ભાવના થતાં મોટા ગુરુદેવે આપણા મુનિશ્રીને અમદાવાદ વિહાર કરી એ કાર્યસંપન્ન કરવાનો આદેશ આપ્યો, એટલે તેઓ અમદાવાદ પધાર્યા ને ઉક્ત મુમુક્ષુઓને પ્રભાવનાપૂર્વક દીક્ષા આપી, એલ. એમ. શાહને મુનિશ્રી સુબોધવિજયજી તથા હિંમતલાલને મુનિશ્રી હેમવિજયજી તરીકે જાહેર કર્યા. એ વખતે અમદાવાદમાં જે વ્યાખ્યાનો

અપાયાં હતાં, તે એકી અવાજે પ્રશંસા પામ્યાં હતાં અને તેણે ભાવિક વર્ગનું સારું આકર્ષણ કર્યું હતું.

## છઠ્ઠું ચાતુર્માસ

સં. ૧૯૮૩નું છઠ્ઠું ચાતુર્માસ પૂજ્ય ગુરુદેવોની સાથે ખંભાતમાં જ થયું હતું. ત્યાં આપણા મુનિશ્રીએ સિદ્ધાંત-મુક્તાવલીનામક ન્યાયગ્રંથનો અભ્યાસ કર્યો હતો, તેમજ કલ્પસૂત્ર, નંદી, અનુયોગ, ઉપાંગ અને પયન્નાસૂત્રોના યોગો વહ્યા હતા, કેટલુંક ઔપદેશિક સાહિત્ય અવલોકયું હતું અને મોટા ગુરુદેવે સંશોધન કરેલા શ્રીવિચારરત્નાકર ગ્રંથની પ્રસ્તાવના તેઓશ્રીના આદેશથી સંસ્કૃતમાં લખી હતી.

આ ચાતુર્માસમાં પૂજ્ય ગુરુદેવોને વંદન કરવા માટે ડભોઈથી આપણા મુનિશ્રીના સંસારી માતુશ્રી, બહેન જેકોર તથા રાધિકા, બનેવી હીરાલાલ તેમજ ભાણેજ વાડીલાલ આદિ આવ્યા હતા. તેમાં ભાઈ વાડીલાલ કે જેમને તેરમું વર્ષ ચાલતું હતું, તેઓ માતાપિતાની અનુમતિથી અભ્યાસ માટે ત્યાં રોકાઈ ગયા.

અહીં એ નોંધ પણ કરવી જોઈએ કે આ અરસામાં વીરશાસન સાપ્તાહિકને એક સારા લેખક મળી ગયા હતા અને તેથી આપણા મુનિશ્રીને હવે તેનાં લેખન વગેરેની જવાબદારી રહી ન હતી.

## વાડીલાલને ભાગવતી દીક્ષા

ચોમાસા બાદ ગુરુદેવની આજ્ઞાથી પૂ. મુનિશ્રી

કૈવલ્યવિજયજી સાથે આપણા મુનિશ્રીનો વિહાર વતરા તરફ થયો. ત્યાં ભાઈ વાડીલાલને કારતક વદિ ૬નાં શુભ મુહૂર્તે તેમના પિતાશ્રી આદિની અનુમતિથી ભાગવતી દીક્ષા આપવામાં આવી અને તેમનું નામ મુનિશ્રી વર્ધમાન-વિજયજી રાખી તેમને મુનિશ્રી રક્ષિતવિજયજીના શિષ્ય જાહેર કરવામાં આવ્યા.

## છાણીમાં સુંદર પ્રભાવના

આ બાલમુનિઆદિ સાથે સુરત તરફ વિહાર કરતાં પૂજ્ય ગુરુદેવ અંકલેશ્વરમાં ભેગા થયા અને અમુક અમુક મુમુક્ષુઓની દીક્ષાર્થે અમદાવાદ સાથે ચાલવાની આજ્ઞા થઇ, એટલે તેઓ સુરતને બદલે અમદાવાદ પધાર્યા. ત્યાં ફાગણ સુદ ત્રીજે આપણા બાલમુનિ શ્રી વર્ધમાનવિજયજીની વડીદીક્ષા અને મુનિ શ્રી સુબુદ્ધિવિજયજીની દીક્ષાવિધિ થઇ ગયા પછી પુનઃ સુરત તરફ પ્રયાણ થયું, પણ જે ભૂમિની સ્પર્શના લખેલી હોય તે જ થાય છે, એટલે વચમાં છાણી રોકાઈ જવાનો પૂજ્ય ગુરુદેવ તરફથી આદેશ મળ્યો. આ વખતે ગુરુદેવથી છૂટા પડવાની જરાયે ઈચ્છા નહિ, પણ તેમની આજ્ઞા થઈ એટલે છાણી રોકાયા અને સાતમું ચાતુર્માસ પણ ત્યાં જ કર્યું. આ હતું તેમનું પહેલું સ્વતંત્ર ચાતુર્માસ!

પૂજ્ય ગુરુદેવોના આશીર્વાદથી આપણા મુનિશ્રીએ આ ચાતુર્માસમાં શ્રી સંઘને પ્રભાવિત કરી સુંદર શાસન-પ્રભાવના વિસ્તારી હતી. પીસ્તાલીશ આગમ વગેરે અનેક

તપો કરાવ્યા હતા, કેટલાકને દીક્ષાની ભાવનાવાળા બનાવી દીક્ષાના નિયમો કરાવ્યા હતા અને તેમાંથી કેટલાક ભાગ્યશાળીઓએ ખરેખર દીક્ષા લઈ પોતાનાં જન્મને સફળ કર્યો છે. છાણી સંઘમાં ઉપાશ્રયની જરૂર હતી, તે આપણા મુનિશ્રીના ઉપદેશથી એજ ચાતુર્માસમાં પૂરી થઇ હતી. તેમનો ઉપદેશ સાંભળી શેઠ વત્સરાજ તથા સોભાગચંદ દલસુખભાઇએ પોતાના પિતાશ્રીના પુણ્યાર્થે રૂા. ૫૦૦૧ તથા પોતાનું એક મકાન ઉપાશ્રય માટે શ્રીસંઘને અર્પણ કર્યું. આજે મુનિશ્રીના એ ઉપકારની યાદ આપતો આલીશાન ઉપાશ્રય જ્ઞાનમંદિર અને જિનાલયની વચ્ચે ઉભેલો છે.

આ ધાર્મિક પ્રવૃત્તિઓની સાથે આપણા મુનિશ્રીનો અભ્યાસ ચાલુ હતો. તેમણે અહીં પંડિત બંશીધરજી પાસે ન્યાયવિષયક દિનકરી અને બંને પંચલક્ષણીઓ કરી લીધી હતી તથા બૌદ્ધ શાંત્યાચાર્યનો તત્ત્વસંગ્રહ અને વેદાન્તનો પંચદશી ગ્રંથ પણ અવધારી લીધો હતો. ઉપરાંત શિષ્યોને ભણાવવા વગેરેનું કાર્ય પણ ચાલતું હતું. આ રીતે સ્વાધ્યાય, સંયમ તથા તપની સુંદર આરાધના થઈ રહી હતી. આપણે તેને જ સાચી સાધના કહી શકીએ કે જે ભવોદધિને પાર કરવા માટે પ્રશસ્ત પ્રવહણનું કામ આપે છે.

## સાધ્વી સુવ્રતાશ્રી

ચાતુર્માસ પૂર્ણ થયે એટલે સં. ૧૯૮૫ની સાલમાં તેમણે સુરતના એક મુમુક્ષુ સુભદ્રા બ્હેનને સુરતથી પૂજ્ય ગુરુદેવની આજ્ઞાનુસાર ભાગવતી દીક્ષા અંગીકાર કરાવી અને

તેમને સાધ્વી કલ્યાણશ્રીજીના શિષ્યા સુવ્રતાશ્રી કર્યા. આપણે આ પ્રકરણના પ્રારંભિક ભાગમાં સાધ્વી કલ્યાણશ્રીજીના પરોપકારી પવિત્ર જીવનથી પરિચિત થયા છીએ.

### અનુક્રમે સુરતમાં

પશ્ચાત્ આપણા મુનિશ્રી ગ્રામાનુગ્રામ વિહાર કરતા અને ભવ્ય જીવોને ધર્મલાભ પમાડતા પૂજ્ય ગુરુદેવોની સેવામાં સુરત પધાર્યા અને તેમની પુણ્ય નિશ્રામાં રહી સ્વ–પર કલ્યાણ સાધવા લાગ્યા.

પૂજ્ય ગુરુદેવ એટલે આજના ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ કર્મગ્રંથના અજોડ વેત્તા તરીકે પ્રસિદ્ધ છે. તેમની પાસે આપણા મુનિશ્રીએ પંચમ કર્મગ્રંથના પદાર્થ ધારવા માંડયા, તેમજ તેઓશ્રીની આજ્ઞાથી દેશાઈ પોળ તથા વડા ચૌટામાં વિશિષ્ટ શૈલીયુક્ત વિશદ વ્યાખ્યાનો આપ્યાં.

## ૧૬ – મુંબઈ અને અંધેરીમાં ચાતુર્માસ

સં. ૧૯૮૫ નું આઠમું ચાતુર્માસ પૂજ્ય ગુરુદેવો સાથે મુંબઈ લાલબાગ થતાં કર્મપ્રકૃતિ અને પંચસંગ્રહનો અભ્યાસ પૂર્ણ કર્યો અને કર્મગ્રંથની મહત્ત્વપૂર્ણ ટીકાઓ અવલોકી લીધી. આ ચાતુર્માસમાં ડભોઈથી આપણા મુનિશ્રીનાં સંસારી બ્હેન, બનેવી અને બીજા ભાણેજ

ચીમનલાલ આદિ વંદન કરવા આવ્યા હતા. પોતાના નાના ભાઈ વાડીલાલ કે જેઓ દીક્ષા પામી મુનિશ્રી વર્ધમાનવિજયજી થયા હતા, તેમનું જાહ્નવી–જળસમું નિર્મળ જીવન જોઈ ને ચીમનલાલ પણ વૈરાગ્યથી વાસિત થયા હતા, એટલે તેઓ પોતાના માતપિતાની અનુમતિપૂર્વક આપણા મુનિશ્રી પાસે ધાર્મિક અભ્યાસ કરવા રોકાઈ ગયા.

'જેવો સંગ તેવો રંગ' એ ઉક્તિ પ્રસિદ્ધ છે, એટલે આપણા મુનિશ્રીના સત્સંગથી ચીમનલાલની વૈરાગ્યવૃત્તિ વિશેષ વૃદ્ધિ પામી અને તેમને દીક્ષા લેવાના કોડ જાગ્યા. તે પરથી તેમના માતાપિતાને ડભોઈથી બોલાવવામાં આવ્યા. તેઓ પોતાના પુત્રના પરમ હિતકામી હતા, એટલે તેમાં સંમત થયા, એટલુંજ નહિ પણ ભારે ઠાઠથી વરઘોડો કાઢી તેમને ભાયખલા મુકામે ચૈત્ર વદિ છઠે પૂજ્ય મોટા ગુરુદેવના વરદ હસ્તે સ્વયં દીક્ષા અપાવી. આવા માતાપિતા આ જગત્માં કેટલા હશે? તેની ગણના કરવાનું કામ અમે પાઠકોને જ સોંપીએ છીએ. આ નૂતન મુનિશ્રીનું નામ ચિદાનંદવિજયજી રાખવામાં આવ્યું અને તેમને આપણા મુનિશ્રીના શિષ્ય કરવામાં આવ્યા. મુંબઈમાં પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજના સમુદાયની આ પહેલીજ દીક્ષા હતી, એટલે સમસ્ત ધાર્મિક વર્ગ પાણીના પૂરની જેમ ઉમટયો હતો અને તેની ભૂરિ ભૂરિ અનુમોદના કરી કૃતાર્થ થયો હતો. આ દીક્ષામાં ભાગ લેવા માટે સુરતના દેશવિરતિ અધિવેશનના પ્રમુખ સદ્ગત વિજયસિંહજી દુધેડીઆ આદિ ખાસ ખાસ અગ્રગણ્ય ગૃહસ્થો

મહારગામથી આવ્યા હતા અને લાલબાગમાં સંઘ તરફથી દીક્ષાનો મહોત્સવ ઉજવાયો હતો.

મુનિશ્રી જમ્બૂવિજયજીનું નવમું ચાતુર્માસ પૂજ્ય ગુરુદેવ સાથે અંધેરીમાં થયું અને તે આત્મવિકાસની સાધનામાં અનેરું નીવડ્યું. તેમણે અહીં મહાનિશીથસૂત્રનું યોગોદ્વહન કર્યું, પ્રશમરસપૂર્ણ પ્રવચનો કર્યાં અને પૂજ્ય ગુરુદેવે લખેલાં સંક્રમકરણ ભાગ ૧–૨ તથા માર્ગણાદ્વારવિવરણનું સંશોધન કર્યું. વિશેષમાં સિદ્ધાન્તલક્ષણી, ચિત્સુખી અને વેદાન્તપરિભાષા વગેરેનો અભ્યાસ કર્યો અને બીજું પણ શાસ્ત્રીય વાંચન ઘણું કર્યું.

અંધેરીનું ચાતુર્માસ પૂર્ણ થયે પૂજ્ય ગુરુદેવની સાથે આપણા મુનિશ્રી પણ ભૂલેશ્વર–લાલબાગ પધાર્યા હતા કે જ્યાં પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજ બિરાજમાન હતા. તેમણે સં.૧૯૮૭ના કારતક વદિ ૬ને દિવસે ભાયખલામાં મોટા મહોત્સવપૂર્વક શ્રીસંઘ સમક્ષ સુંદર વિધિથી પૂજ્ય ગુરુદેવ પંન્યાસજી મહારાજ શ્રી પ્રેમવિજયજી ગણિવરને સિદ્ધાંતમહોદધિ બિરૂદ સાથે ઉપાધ્યાયપદ અને પૂજ્ય મુનિરાજશ્રી રામવિજયજી મહારાજને વ્યાખ્યાનવાચસ્પતિ બિરૂદ સાથે ગણિ–પંન્યાસપદ સમર્પણ કરતાં ધાર્મિક વાતાવરણ વ્યાપક બન્યું હતું. આ પવિત્ર પ્રસંગે પંન્યાસ શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર આદિ પાંચ મહાનુભાવોએ સંસારનો ત્યાગ કરી ભાગવતી દીક્ષા ધામધૂમથી લીધી હતી. એટલે એમ જ કહેવું ઉચિત લેખાય કે ધાર્મિક વાતાવરણમાં મોહરાયને મહાત કરવાની અજબ તાકાત રહેલી છે.

પૂજ્ય ગુરુદેવના ઉપદેશથી ચાતુર્માસ બાદ અંધેરીમાં મહામંગલકારી ઉપધાનતપની યોજના ચાતુર્માસમાં જ નક્કી થઈ હતી, અટલે તેઓ શ્રી અંધેરી પધાર્યા હતા અને લાલબાગમાં વ્યાખ્યાનવાણીનો લાભ આપવાની જવાબદારી આપણા મુનિશ્રી ઉપર આવી હતી. જણાવવાની ભાગ્યે જ જરૂર છે કે તે જવાબદારી એમણે બરાબર વહન કરી હતી અને ધર્મપ્રેમી વર્ગનો સુંદર ચાહ મેળવી લીધો હતો. સ્વીકૃત કાર્ય સુચારુ સંપન્ન કરવું એ સત્પુરુષોનો સ્વભાવ છે.

અંધેરીમાં ઉપધાનતપનું માલારોપણ થયા પછી પૂજ્ય ગુરુદેવ તથા પં. શ્રી રામવિજયજી ગણિવરનો વિહાર પાટણ તરફ થયો હતો અને પૂજ્ય મોટા ગુરુદેવની લાલબાગ પધરામણી થઈ હતી. આ સાલનું ચાતુર્માસ પણ ત્યાંજ નક્કી થયું હતું, એટલે આપણા મુનિશ્રીએ દશમું ચાતુર્માસ પૂજ્ય મોટા ગુરુદેવની પુણ્ય નિશ્રામાં મુંબઈ–લાલબાગમાં જ વ્યતીત કર્યું હતું. તે વખતે વ્યાખ્યાનાદિ અનેકવિધ ફરજો બજાવવા ઉપરાંત પૂજ્ય મોટા ગુરુદેવની સેવાશુશ્રૂષા બહુ સારી કરી હતી. શાસ્ત્રકાર મહર્ષિઓએ કહ્યું છે કે 'અગ્નિહોત્રી બ્રાહ્મણ જેમ વિવિધ પ્રકારની આહુતિઓ અને મંત્રો વડે અભિષિક્ત અગ્નિની શુશ્રૂષા કરે છે, તેમ અમિતજ્ઞાની શિષ્યે પણ ગુરુની વિનયપૂર્વક શુશ્રૂષા કરવી.'

આ ચાતુર્માસમાં મુનિશ્રીએ અભ્યાસ તથા લેખન કાર્યમાં જે પ્રગતિ સાધી, તેનું પણ આછું અવલોકન કરી લઈએ. તેમણે સંક્રમણકરણ ભાગ ૧–૨ નું અધૂરું

રહેલું કાર્ય પૂરું કર્યું અને શકિતવાદનું પર્યાલોચન પણ કરી લીધું. વિશેષમાં મોટા ગુરુદેવ પાસે જ્યોતિષશાસ્ત્રનો અભ્યાસ કર્યો તથા પ્રભુની આંગી–પૂજા વગેરેનું ખંડન કરનારાં સાહિત્યની સામે 'ન્યાયસમીક્ષા' નામની પુસ્તિકા લખી. આ વખતે બાલદીક્ષાપ્રતિબંધની હિમાયત કરનારા લેખો વર્તમાનપત્રોમાં અવારનવાર પ્રકટ થતા હતા અને લોકોને ભ્રમજાળમાં નાખતા હતા. તે સામે આપણા મુનિશ્રીએ 'દીક્ષામીમાંસા પર દૃષ્ટિપાત' નામની એક આલોચનાત્મક પુસ્તિકા તૈયાર કરી. ઉપરાંત વડોદરા રાજ્યે બહાર પાડેલ બાલસંન્યાસદીક્ષાપ્રતિબંધક ખરડા ઉપર એક મનનીય નિબંધ લખીને તેના પર મોકલી આપ્યો.

અધ્યાપનક્ષેત્રે પણ આપણા મુનિશ્રીની પ્રવૃત્તિ વિકાસ પામી હતી. તેમણે સ્વશિષ્યોને સારી રીતે શાસ્ત્રાભ્યાસ કરાવ્યો હતો તથા રાધનપુરનિવાસી ભાઈ શ્રી રમણિકલાલ, જીવતલાલ, રસિકલાલ, મુકિતલાલ આદિ મુમુક્ષુઓને ભાવી કલ્યાણકર જીવન માટે તૈયાર કર્યા હતા. તેઓ આજે અનુક્રમે મુનિશ્રી રૈવતવિજયજી ગણી, મુનિશ્રી જયંતવિજયજી ગણી, મુનિશ્રી રોહિતવિજયજી ગણી તથા મુનિશ્રી મુકિતવિજયજી ગણી તરીકે વિચરી રહેલા છે.

આ પ્રવૃત્તિઓનું અવલોકન આપણને એમ માનવા પ્રેરે છે કે આપણા મુનિશ્રી અપ્રમત્ત બનીને સાધુજીવનની સાધના કરી રહ્યા હતા અને साध्नोति स्वपरहितं इति साधुः એ વ્યુત્પત્તિને સાર્થક કરી રહ્યા હતા.

# ૧૭ – અનુક્રમે વીરમગામ

આ ચાતુર્માસ પૂર્ણ થયે પૂજ્ય આચાર્ય ભગવંતે મુંબઈથી વિહાર કર્યો. તેમને આવી વૃદ્ધ વયે પણ વર્ષીતપ ચાલતો હતો, તે જાણીને કોણ પ્રભાવિત નહિ થાય? તેમની આ તપોનિષ્ઠા તેમના પટ્ટપ્રભાવક આચાર્યશ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજમાં બરાબર ઉતરી છે અને તેનો શિષ્યસમુદાયમાં સુંદર વિસ્તાર થયો છે.

પૂજ્ય પરમ ગુરુદેવની પુણ્યનિશ્રામાં વિહાર કરતાં તેઓશ્રી ફણસા પધાર્યા. ત્યાં રાધનપુરનિવાસી ભાઈ જીવતલાલ અને રમણિકલાલ આદિની દીક્ષાઓ માહ સુદિ ૬ના દિને રાધનપુરમાં ભારે ઉત્સાહથી પૂ. આ. શ્રીવિજયમેઘસૂરિજી મ. આદિની નિશ્રામાં થયાના અને જીવતલાલને મુનિશ્રી જયન્તવિજયજી તથા રમણીકલાલને મુનિશ્રી રૈવતવિજયજી નામે આપણા મુનિશ્રીના શિષ્યો કર્યાના શુભ સમાચાર મળ્યા હતા. તે પછી ત્યાંથી દમણ પધાર્યા અને ત્યાં કાલદોષને લીધે સંઘમાં જે કુસંપ પેસી ગયો હતો, તેનું ઉપદેશાદિ દ્વારા નિવારણ કર્યું. ત્યાંથી વિહાર કરતાં અનુક્રમે સુરત પધાર્યા.

શેઠ નેમુભાઈની વાડી તરફથી આચાર્ય ભગવંતનું સુંદર સામૈયું થયું. સ્વ. સાગરાનંદસૂરિજી તે વખતે નેમુભાઈની વાડીએ જ બિરાજતા હતા, એટલે ઉભય આચા-

ર્યોનું પ્રેમથી મિલન થયું. દેશાઈ પોળનાં દહેરાસરે બંને આચાર્યોના વરદ હસ્તે પ્રતિષ્ઠા થઈ. પૂજ્ય આચાર્ય ભગવંતના વર્ષીતપનું પારણું પણ શ્રીસંઘના આગ્રહથી ત્યાંજ થયું. સંઘે શાસનપ્રભાવનાનો સારો લાભ લીધો. ત્યાં હરિપરાસંઘની વિનંતિ થતાં પૂજ્યપાદ આચાર્યશ્રી સામૈયા સહ હરિપરે પધાર્યા. ત્યાં ગોપીપુરા ઓસવાલ મહોલ્લાના ઝવેરી હીરાભાઇ મંછુભાઇની બાલકુમારિકા કંચનબહેને નાણ મંડાવી પૂજ્ય આચાર્યશ્રીના વરદ હસ્તે ચોથું વ્રત ઉચ્ચર્યું અને તત્પશ્ચાત્ થોડા જ સમયે પૂ. બાપજી. મહારાજના સાધ્વી હીરશ્રીજીના સમુદાયમાં તેમણે દીક્ષા લીધી.

સુરત છાપરિયા શેરી તેમજ વડાચૌટા સંઘની વિનંતિથી પૂજ્ય આચાર્યશ્રીએ ત્યાં પધારીને પણ લાભ આપ્યો હતો. બાદ સુરતથી વિહાર થયો હતો.

પૂજ્ય મોટા ગુરુદેવને વઢવાણ શહેર સંઘની ચાતુર્માસ માટે ઘણી આગ્રહભરી વિનંતિ હતી, તેથી તેઓશ્રી ભરૂચ, ખંભાત થઈ સં. ૧૯૮૮ના જ્યેષ્ઠ કૃષ્ણ પક્ષમાં પૂ. સિ. મ. ઉપાધ્યાયશ્રી પ્રેમવિજયજી ગણિવર, પૂ વ્યા. વા. શ્રી રામવિજયજી ગણિવર અને આપણા મુનિશ્રી જમ્બૂવિજયજી આદિ ૫૦ ઠાણા સાથે ભવ્ય સ્વાગતપૂર્વક વઢવાણ શહેર પધાર્યા.

અહીં વીરમગામ સંઘની ખાસ વિનંતિ થતાં પૂજ્ય આચાર્ય ભગવંતે આપણા મુનિશ્રીને પૂજ્ય મુનિરાજશ્રી

કૈવલ્યવિજયજી સાથે ચાતુર્માસાર્થે વીરમગામ મોકલ્યા. ત્યારે આપણા પૂજ્ય મુનિશ્રીના શિષ્યો મુનિશ્રી ચિદાનંદ-વિજયજી, મુનિશ્રી જયંતવિજયજી અને મુનિશ્રી રૈવત-વિજયજી પણ સાથે હતા. જ્યાં પુરુષ ત્યાં પડછાયો એ આ વિશ્વની એક સિદ્ધ ઘટના છે.

આ અગિયારમા ચાતુર્માસમાં પણ મુનિશ્રીની પઠન–પાઠનની પ્રવૃત્તિ ચાલુ હતી અને ધર્મોપદેશની ધારા પણ એક સરખા વેગથીજ વહી હતી. અહીં મુનિશ્રી રક્ષિત-વિજયજીએ 'દીક્ષાની જઘન્ય વય' નામનો એક નિબંધ તૈયાર કર્યો હતો, તેને આપણા મુનિશ્રીએ સંસ્કારીને વ્યવસ્થિત કર્યો હતો.

## ૧૮ – પાલીતાણાને પંથે

ચાતુર્માસ પૂર્ણ થયે પૂજ્ય ગુરુદેવોની સેવામાં પધારવા માટે આપણા મુનિશ્રીએ સ્વશિષ્યપરિવાર સાથે વીરમગામથી પાલીતાણા ભણી વિહાર કર્યો હતો. સૌરાષ્ટ્રની એ ભૂમિને સ્પર્શતાં તેમનાં મનમાં શું શું સંવેદનો થયાં હશે, તે જણાવવાનું અમારી પાસે પર્યાપ્ત સાધન નથી, પણ મુનિશ્રીના સ્વભાવમાં જે ધર્મનિષ્ઠા, શ્રુતપ્રેમ અને સંવેદનશીલતાનાં અમે દર્શન કરી શકયા છીએ, તે પરથી કહી શકીએ છીએ કે તેમનું હૃદય આ ભૂમિને સ્પર્શતાં કાંકરે કાંકરે સિદ્ધ થયેલા મહાત્માઓની સાધના અને

તીર્થાધિરાજના અસાધારણ મહિમાના વિચારથી અત્યંત ઉલ્લસિત થયું હશે. સૌરાષ્ટ્રે જૈન સમાજને અનેક નરરત્નો આપ્યાં છે, તેની યાદ પણ મુનિશ્રીનાં હૃદયમાં તાજી થતી હશે અને જૈનાગમોની ત્રીજી વાચના સ્થવિર દેવર્ધિંગણિ-ક્ષમાશ્રમણની અધ્યક્ષતામાં આ ભૂમિપર જ થઈ હતી તે દશ્ય પણ સ્મૃતિપટ પર તરી આવતું હશે. તે સાથે પૂજ્ય દેવર્ધિંગણિક્ષમાશ્રમણનું ભાવચિત્ર પણ તેમનાં મનમાં ઉઠતું જ હશે અને તેમણે જૈન શ્રમણોની જે મહાપરિષદ્ બોલાવી હતી, તેનું અપૂર્વ અનુપમ દશ્ય પણ તેમની કલ્પનાને આવરી લેતું જ હશે.

આ અરસામાં મુનિશ્રી રક્ષિતવિજયજીને રાજયક્ષ્મા (ટી. બી.)એ ઘેરી લેતાં તેમની તબિયતનો પ્રશ્ન નાજુક બન્યો હતો, એટલે પૂજ્ય ગુરુદેવ કુશળ વૈદ્યોદ્વારા તેમની દવા કરાવવા માટે પછેગામ રોકાયા હતા. આપણા મુનિશ્રી ઉપરિયાળા–શંખેશ્વર વગેરે તીર્થોની યાત્રા કરીને પછેગામ ભેગા થઈ ગયા હતા અને ઉક્ત મુનિશ્રીની સારસંભાળમાં રોકાયા હતા. ત્યાંથી પૂજ્ય ગુરુદેવે મોટા ગુરુદેવની સેવામાં પાલીતાણા વિહાર કર્યો હતો અને સિદ્ધગિરિની યાત્રા કરી હતી. બાદ એકાદ માસ સુધી વૈદ્યોની દવા કરાવીને આપણા મુનિશ્રીએ પણ ત્યાંથી વિહાર કરી શ્રી સિદ્ધગિરિજીની યાત્રા કરી હતી. દીક્ષા લીધા પછી અગિયાર વર્ષે આ યાત્રાનો યોગ આવ્યો, તેથી અનહદ આનંદ અનુભવ્યો હતો. અહીં પૂજ્ય ગુરુદેવોના હસ્તે કેટલાક મુમુક્ષુઓને દીક્ષાદાન થયું હતું. બાદ ગુજરાત બાજુ વિહાર થયો હતો.

# ૧૯ – અમદાવાદમાં વિવિધ પ્રવૃત્તિઓ

પાલીતાણેથી મુનિ શ્રી રક્ષિતવિજયજીને સાથે લઇને આપણા મુનિશ્રી અમદાવાદ પધાર્યા હતા, તે વખતે વડિલ પૂજ્ય મુનિશ્રી ક્ષમાવિજયજી ( પછીથી આ. વિ. ક્ષમાભદ્રસૂરિજી ) સાથે ચાલ્યા હતા અને દરેક રીતે સહાય કરી હતી. પૂજ્ય ગુરુદેવ બાળદીક્ષાપ્રતિબંધકધારા અંગે વડોદરા જઈ અમદાવાદ આવી ગયા હતા. આ સાલનું ચાતુર્માસ પણ અહીં વિદ્યાશાળાએ જ નક્કી થયું હતું.

આપણા મુનિશ્રીએ પૂજ્ય ગુરુદેવની પ્રેરણાથી આ બારમા ચાતુર્માસમાં સાધુસાધ્વીઓને અનુયોગદ્વાર તથા ઓઘનિર્યુક્તિની વાચના આપી હતી તથા સૂયગડાંગ, ઠાણાંગ, સમવાયાંગ આદિ સૂત્રોનાં યોગોદ્વહન કર્યાં હતાં.

આ સાલ ચંડાંશુચંડુ પંચાંગમાં ભાદરવા સુદિ પનો ક્ષય આવ્યો હતો, તેથી પૂ. આ. ભ. શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજ આદિ કેટલાક સમુદાયોએ શાસ્ત્રાનુસારે પાંચમના ક્ષયને ચોથમાં સમાવી ઉદયતિથિ ચોથની જ સંવત્સરી આરાધી હતી.

અહીં મુનિશ્રી રક્ષિતવિજયજીની સેવાશુશ્રૂષા સારી રીતે કરવામાં આવતી હતી, પણ વિફરેલો વ્યાધિ દાદ દેતો ન હતો.

ચાતુર્માસ દરમિયાન આપણા મુનિશ્રીએ પંડિત

અમૃતલાલ પરસોતમદાસ આદિને કર્મપ્રકૃતિ વંચાવી તથા ચૂર્ણિ અને બે ટીકા સાથે કર્મપ્રકૃતિનાં સંશોધન-સંપાદનનું કાર્ય પૂજ્ય ગુરુદેવ સાથે સાદ્યંત સંપૂર્ણ કર્યું કે જે ખરેખર! એક ભગીરથ કાર્ય હતું.

પર્યુષણા પર્વની આરાધના થયા બાદ પૂજ્ય ગુરુદેવે મુનિશ્રી ક્ષમાવિજયજીને તથા આપણા મુનિશ્રીને શ્રીભગવતી સૂત્રના યોગમાં પ્રવેશ કરાવ્યો હતો.

## ૨૦ – ગણિ–પંન્યાસ પદારોપણ

ચાતુર્માસ પૂર્ણ થયે પૂ. પા. મોટા ગુરુદેવ પૂ. પં. શ્રી રામવિજયજી ગણિવર આદિ સાથે ખંભાતથી વિહાર કરીને અમદાવાદ પધાર્યા. આપણા મુનિશ્રીને પણ પૂજ્ય ગુરુદેવ સાથે અહીંજ રોકાવાનું થયું હતું. જ્યાં જ્ઞાન, ધ્યાન અને તપશ્ચર્યાની વિશેષ અનુકૂળતા હોય છે, ત્યાં જ મુનિઓની વિશેષ સ્થિરતા થાય છે. ગત ચાતુર્માસની આરંભેલી ઉપર્યુક્ત પ્રવૃત્તિઓ આ સાલે પણ ચાલુ જ હતી. શ્રીભગવતીજીનાં યોગોદ્વહન પણ ચાલુ જ હતાં.

શ્રી ભગવતીસૂત્રની અનુજ્ઞા કરવાનો સમય આવતાં સં. ૧૯૯૦ના માહ સુદિ ૧૦નાં શુભ મુહૂર્તે પૂજ્ય બાપજી મહારાજ, પૂજ્ય પરમગુરુદેવ શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજ તેમજ પૂજ્ય ગુરુદેવ ઉપાધ્યાય શ્રી પ્રેમવિજયજી મહારાજે પૂજ્ય મુનિ શ્રી ક્ષમાવિજયજીને તથા આપણા

મુનિ શ્રી જમ્બૂવિજયજીને વિધિપૂર્વક ગણિપદ અર્પણ કર્યું અને ફાગણ સુદિ ૪નાં શુભ મુહૂર્તે પંન્યાસપદથી વિભૂષિત કર્યા. ત્યારે વિદ્યાશાળામાં શ્રીસંઘ તરફથી મોટો ઉત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે ડભોઈથી મુનિશ્રીના સંસારી ભાઈઓએ અહીં આવીને શાસનપ્રભાવનાનો સારો લાભ લીધો હતો.

હવે આપણે આપણા મુનિશ્રીને પૂજ્યશ્રી શબ્દથી જ સંબોધીશું.

## ૨૧ – બૃહદ્મુનિસંમેલન આદિ

### પૂ. મુનિશ્રી રક્ષિતવિજયજીનો કાલધર્મ

પૂ. મુનિશ્રી રક્ષિતવિજયજીને રાજયક્ષ્માએ ઘેરી લીધા હતા, એ વાત આગળ જણાવી ગયા છીએ. તેમણે આ બિમાર અવસ્થામાં પણ ન્યાય, વ્યાકરણ, કાવ્ય, કોષ, છંદશાસ્ત્ર, સિદ્ધાન્ત આદિનો સારો અભ્યાસ કર્યો હતો અને તેઓ શાસનને માટે ઉજ્જવલ આશા સમાન હતા. તેઓ ફાગણ સુદિ ૬ના રોજ સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા. મુનિશ્રી રૈવતવિજયજી તથા સદ્ગતના શિષ્ય મુનિશ્રી વર્ધમાનવિજયજી આદિ મુનિઓએ તેમની બિમારીમાં યાદગાર સેવા બજાવી હતી. મુનિશ્રીના કાલધર્મનિમિત્તે સાધુ–સાધ્વી આદિ શ્રી ચતુર્વિધ સંઘમાં તપશ્ચર્યા–સ્વાધ્યાય

વગેરે ધર્મકરણી સારા પ્રમાણમાં થઈ હતી અને વિદ્યાશાળામાં શ્રીજિનેન્દ્રમહોત્સવ ઉજવાયો હતો.

## બૃહદ્દમુનિસંમેલન

સંવત ૧૯૯૦ના પ્રારંભમાં અખિલ શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘના મુનિઓનું બૃહદ્ સંમેલન અમદાવાદમાં ભરવાનાં ચક્રો ગતિમાન થયાં હતાં અને ફાગણમાસમાં ઉક્ત સંમેલન ભરાયું હતું. તેમાં વિચારણાર્થે અનેક અટપટા પ્રશ્નો રજૂ થયા હતા, એટલે તેની કાર્યવાહી ૩૪ દિવસ ચાલી હતી. આ દીર્ઘ સમય દરમિયાન અનેક આરોહ–અવરોહ આવ્યા હતા, પણ અગ્રગણ્ય અચાર્યોની કુશળ કાર્યવાહીથી આખરે એ સંમેલન સફળ થયું હતું. તેમાં પૂ. બાપજી મહારાજ તથા પૂ. મોટા ગુરુદેવનો હિસ્સો ખાસ પ્રશંસનીય હતો, કે જેમને લીધે દેવદ્રવ્ય વગેરેના ઠરાવોમાં શાસ્ત્રાનુસારી ધોરણ જળવાઈ શકયું હતું.

## શ્રી નવપદજી આરાધનાનાં ભવ્ય પ્રવચનો

આ અરસામાં મુંબઈના શ્રી નવપદ આરાધકસમાજ તરફથી ચૈત્ર માસની શ્રીનવપદજીની ઓળીનું સામુદાયિક આરાધન પાનસર તીર્થમાં યોજાયું હતું, તેથી તેના આગેવાનો પૂજય મોટા ગુરુદેવને વિનંતિ કરવા આવ્યા હતા અને તેઓશ્રીએ કૃપાવંત થઈને પૂ. પં. શ્રીક્ષમાવિજયજી ગણિવરને તથા આપણા પૂ. પં શ્રી જમ્બૂવિજયજી ગણિવરને પાનસર મોકલ્યા હતા. એ વખતે તેઓશ્રીને ભગવતી સૂત્રનું યોગોદ્વહન ચાલુ હતું, એટલે પૂ. પં.

શ્રી તિલકવિજયજી ગણિવર તથા પૂ. પં. શ્રી કર્પૂરવિજયજી ગણિવરની નિશ્રામાં આ બંને મહાત્માઓએ નવપદ આરાધનનાં ભવ્ય પ્રવચનો વગેરેથી ઉત્તમ શાસનપ્રભાવના કરી હતી. ઓળી પૂર્ણ થયે ત્યાંથી વિહાર કરી પાછા અમદાવાદ આવી ગયા હતા.

### ચાતુર્માસ

સં. ૧૯૯૦નું તેરમું ચાતુર્માસ પૂજ્ય પરમ ગુરુદેવની નિશ્રામાં અમદાવાદ વિદ્યાશાળાએ થયું હતું. તેમાં પણ વાચના વગેરે પ્રવૃત્તિઓ ચાલુ રહી હતી અને પંચસંગ્રહ ભાગ ૧-૨નું બેય ટીકાઓ સાથેનું સંશોધન કર્યું હતું, અને **સંમતિતર્ક** ગ્રંથ સટીકનું સંપૂર્ણ વાંચન કર્યું. આવી અનેક આરાધનાઓ અને આત્મોન્નતિનાં સુંદર કાર્યો સાથે આ ચાતુર્માસ પૂર્ણ થયું હતું.

## ૨૨ - પાટણ અને રાધનપુરમાં

**પાટણ**માં સંઘવી નગીનદાસ કરમચંદે પૂજ્ય આ. વિજયકમલસૂરિજી ગુરુમંદિર અને કેસરબાઈ જ્ઞાનમંદિર નવાં કરાવ્યાં હતાં, તેમાં પુસ્તકઆદિની વ્યવસ્થા કરવા માટે તે વિષયના જાણકાર મુનિની જરૂર હતી. આ બાબત પૂજ્ય ગુરુદેવોને વિનંતિ કરતાં આપણા પૂજ્ય પંન્યાસજી પર નજર દોડી હતી, એટલે તેઓ અમદાવાદથી વિહાર કરી પોષ માસના પ્રારંભમાં પાટણ પધાર્યા હતા. હજી જ્ઞાનમંદિરનાં ઉદ્ઘાટનને બે મહિનાની વાર હતી. તેટલા સમયમાં આપણા પૂ.

પંન્યાસજીએ સઘળાં પુસ્તકોનો ક્રમ તપાસી લીધો અને તેમાં જે કંઈ ત્રુટિઓ હતી, તેને દુરસ્ત કરાવી દીધી. વળી બંધનો વગેરે પણ ઠીક કરાવી દીધાં અને પુસ્તકોની સૂચીને પૂર્ણતયા વ્યવસ્થિત બનાવી દીધી. આ કાર્ય કેટલો વિશાળ શાસ્ત્રપરિચય અને કેટલી સૂક્ષ્મ દૃષ્ટિ માગે છે, તે તો તેના અનુભવીઓ જ જાણી શકે છે.

આ તરફ જ્ઞાનમંદિરનાં ઉદ્‌ઘાટન તથા ગુરુમૂર્તિ-પ્રતિષ્ઠાનો સમય નજીક આવતાં સંઘવી નગીનદાસ કરમચંદની ખાસ વિનંતિથી પૂજ્ય મોટા ગુરુદેવ, પૂજ્ય ગુરુદેવ, પૂજ્ય પં. શ્રી રામવિજયજી ગણિવર તથા પૂજ્ય આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય પં. શ્રીલક્ષણ-વિજયજી ગણિવર આદિ વિશાળ સાધુસમુદાય પાટણ પધાર્યો હતો, તેનો પ્રવેશમહોત્સવ સંઘવી નગીનદાસે ઘણી ધામધૂમથી કર્યો હતો. સં ૧૯૯૧ ના ફાગણ સુદિ ૨ નાં શુભ મુહૂર્તે નગીનદાસહોલમાં જ્ઞાનમંદિરનું ઉદ્‌ઘાટન થયું હતું તથા પૂજ્ય સદ્ધર્મરક્ષક આચાર્ય ભગવંત શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજની સ્વકાયપ્રમાણ ભવ્ય મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

## મુમુક્ષુ વિમલભાઇને દીક્ષા

બાદ ગોધાવીના મુમુક્ષુ વિમલભાઇ ચીમનલાલ શેઠ દીક્ષા માટે ખાસ ગુરુદેવ પાસે આવ્યા હતા. વૈશાખ સુદિ ૫ નાં શુભ મુહુર્તે તેમનાં વાર્ષિક દાનનો વરઘોડો ચડ્યો હતો. પછી તેમને પૂજ્ય ગુરુદેવે દીક્ષા આપી મુનિશ્રી બાહુ-

વિજયજી તરીકે આપણા પૂજ્ય પંન્યાસજીના શિષ્ય કર્યા હતા. આ મુનિશ્રીના સંસારી બહેને પણ દીક્ષા લીધી હતી, જે આજે વિદૂષી સાધ્વી રંજનશ્રીજીની શિષ્યા સાધ્વી રેવતીશ્રીજી તરીકે વિચરી રહેલ છે.

અહીં પ્રાસંગિક એટલી નોંધ કરવી જોઈએ કે ઉક્ત મુનિશ્રી, સંસારી અવસ્થામાં અમદાવાદના શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયમાં રહ્યા હતા અને ત્યાં નવા ખુલેલા વિદ્યાલયમાં રહીને પ્રારંભથી જ અમારા હાથ નીચે અભ્યાસ કરતા હતા.* તે વખતે જ તેમની સુશીલતા તથા શાંત પ્રકૃતિએ અમારું આકર્ષણ કર્યું હતું. તેમણે દીક્ષા લીધા પછી અમે ત્રણ–ચાર વાર તેમનાં દર્શન કર્યાં હતાં અને તેમની જ્ઞાન–ક્રિયામાં થઈ રહેલી પ્રગતિ નિહાળીને ઘણો સંતોષ અનુભવ્યો હતો.

## ગુરુદેવને ગચ્છાધિપતિ સ્થાપ્યા

રાધનપુરમાં મોરખિયા નરોત્તમદાસ શ્રી નવપદ આરાધક સમાજના ઉપક્રમે નવપદજીની ઓળીની સામુદાયિક આરાધના કરાવવાના હતા, તેમની ખાસ આગ્રહભરી વિનંતિ થતાં પૂજ્ય મોટા ગુરુદેવ તથા પૂજ્ય વ્યા. વા. પં. શ્રી રામવિજયજી ગણિવર આદિ પાટણથી

---

* અમે સને ૧૯૨૬ થી ૧૯૩૦ સુધી શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાલયના મુખ્ય અધ્યાપક હતા. આ વિદ્યાલય અમારી પ્રેરણાથી જ ખૂલ્યું હતું. ત્યાં અમે ધાર્મિક શિક્ષણ, ગુજરાતી અને ચિત્રકામ શિખવતા હતા.

વિહાર કરી રાધનપુર પધાર્યા. પૂજ્ય મોટા ગુરુદેવની ભાવના પૂજ્ય સિ. મ. ઉપાધ્યાય શ્રી પ્રેમવિજયજી મહારાજને આચાર્યપદ અને પૂજ્ય પંન્યાસ શ્રી રામવિજયજી ગણિવરને ઉપાધ્યાયપદ આપવાની હતી, પરંતુ ઉપાધ્યાયજી મહારાજ નિઃસ્પૃહ હતા, એટલે ભાવના સફળ થઇ ન હતી. આ સંજોગોમાં રાધનપુરથી શ્રી નવપદજી આરાધનાની તથા પૂજ્ય પં. શ્રી રામવિજયજી ગણિવરને ઉપાધ્યાયપદ આપવાની આમંત્રણપત્રિકાઓ બહાર પડી અને આ ઉત્સવ પર ખાસ પધારવા માટે રાધનપુરથી શ્રી ઉત્તમચંદ મકનજી મસાલિયા વગેરે વિનંતિ કરવા પાટણ આવી ગયા. તેમનો તથા પાટણસ્થિત આપણા પૂજ્ય પંન્યાસજી વગેરેનો ખૂબ આગ્રહ થતાં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે ચૈત્ર સુદિ ૧૧ ની સાંજે પાટણથી વિહાર કર્યો. આ બાબતની રાધનપુર તથા અન્ય સ્થળોએ તારથી ખબર આપવામાં આવી તથા આચાર્યપદ કરવા માટેની સાગ્રહ વિનંતિ કરવામાં આવી. તેઓશ્રી સુદિ ૧૪ ના રોજ સવારે રાધનપુર પધારી જશે, એવું સહુનું અનુમાન હતું, પણ ઝડપી વિહાર-ને કારણે તેઓશ્રી સુદિ ૧૩ ના દિવસે જ રાધનપુર પધાર્યા, કે જ્યારે સારો યે સંઘ શ્રી મહાવીર પ્રભુનાં જન્મકલ્યા-ણકના ભવ્ય વરઘોડામાં ભાગ લઈ રહ્યો હતો. આ વખતે પૂજ્ય ગુરુદેવની પધરામણીના સમાચાર મળતાં સંઘને અતિ હર્ષ થયો અને તેણે ખૂબ ધામધૂમથી તેમનો પ્રવેશ કરાવ્યો. પછી તુરતજ તેઓશ્રીને આચાર્યપદે આરૂઢ કર-વાના તારો ગામો ગામ છુટી ગયા.

ચૈત્ર સુદિ ૧૪ના દિવસે શુભ મુહૂર્તે પૂજ્ય મોટા ગુરુદેવે પોતાના વરદ હસ્તે તેઓશ્રીને આચાર્યપદ અર્પણ કર્યું અને પોતાની પાટે ગચ્છાધિપતિ સ્થાપીને ભાવના સફળ કરી. પૂજ્ય પં. શ્રી રામવિજયજી ગણિવરને પણ એ જ વખતે ઉપાધ્યાયપદ અર્પણ કરવામાં આવ્યું.

## ગચ્છાધિપતિની પરમ શિષ્યવત્સલતા

પ્રિય પાઠકો! આજે પૂજ્ય ગચ્છાધિપતિની પુણ્ય નિશ્રામાં ૨૫૦ જેટલા સાધુઓ વિચરી રહ્યા છે અને જ્ઞાન, સંયમ તથા તપનાં ઉત્તમ આરાધન વડે જૈન શ્રમણ સંઘને દીપાવી રહ્યા છે, એટલે તેઓશ્રીને સર્વાધિકસંખ્યકશ્રમણ-સાર્થાધિપતિનું બિરુદ પ્રાપ્ત થયું છે. આ વસ્તુનાં મૂળમાં તેમની શિષ્યો પારખવાની વિશિષ્ટ શકિત ઉપરાંત પરમ શિષ્યવત્સલતા પણ કારણભૂત છે. કોઈપણ શિષ્ય બિમાર પડ્યો કે તેની સારસંભાળ તેઓ ખૂબ કાળજીથી કરે છે, એટલું જ નહિ પણ વૈદ્ય–ડૉકટરોને બોલાવવા, તેમને વસ્તુ-સ્થિતિ સમજાવવી તથા તેમની ચિકિત્સા માટે ઉચિત પ્રબંધ કરવો વગેરે સર્વકાર્ય તેઓ જાતે ધ્યાન આપીને કરે છે. તેઓશ્રીનો આ ગુણ કેવળ સ્વસમુદાયના સાધુઓ પૂરતો જ છે એમ નહિ, કિન્તુ પરસમુદાયના ગ્લાન સાધુ વગેરે માટે પણ છે. આ બાબતનાં અનેક ઉદાહરણો અમારી સામે આવેલાં છે, પણ તે બધાનું વર્ણન કરવાનું આ સ્થાન નથી. તેથી અહીં જે પ્રાસંગિક ઘટના બની છે, તેનો જ નિર્દેશ કરીને સંતોષ માનીશું.

જ્યારે તેઓશ્રીને રાધનપુર પધારવાની વિનંતિ થઈ, ત્યારે સ્વશિષ્યોમાંના એક મુનિશ્રી જિનવિજયજી બિમાર હતા અને તેઓશ્રી એમની સારસંભાળ ખૂબ કાળજીથી કરી રહ્યા હતા. તેથી પણ તેઓશ્રીને પાટણ છોડવાનું દિલ થતું ન હતું. આગ્રહ વધી પડ્યો અને તેનો અસ્વીકાર કરવાનું અશક્ય થઈ પડ્યું, ત્યારે જ તેઓશ્રીએ પાટણથી વિહાર કર્યો. આ વખતે ઉક્ત મુનિશ્રીની સારસંભાળ રાખવાનું કાર્ય આપણા પૂજ્ય પંન્યાસજીને તથા મુનિશ્રી યશોવિજયજી (હાલ આચાર્ય) ને સોંપ્યું. તેઓ પણ પૂજ્ય ગુરુદેવનાં પગલે ચાલનારા હતા. એટલે ઉક્ત મુનિશ્રીની સારસંભાળ રાખવામાં કોઈ કમી રાખી નહિ, પણ કર્મોદયનાં કારણે વ્યાધિ વધી પડ્યો અને સ્થિતિ વધારે ગંભીર બની. આ સમાચાર અર્જન્ટ તારથી રાધનપુર આપવામાં આવ્યા.

અહીં તેઓશ્રી ઉગ્ર વિહાર કરીને પધાર્યા હતા, તેમજ આચાર્યપદવી ગઇ કાલે જ થઈ હતી, એટલે સહુની ઈચ્છા તેઓશ્રીને વધુ રોકવાની હતી. પણ આ સમાચાર પ્રાપ્ત થતાં જ તેઓશ્રીએ વિહારની તૈયારી કરી અને મુનિશ્રી તિલકવિજયજી આદિને સાથે લઈ સાંજના પાંચ વાગે વિહાર કર્યો.

જૈન મુનિઓ પગપાળા વિહાર કરવાને ટેવાયેલા હોય છે અને પ્રસંગ આવ્યે ઝડપી વિહાર કરી શકે છે, પરંતુ આ પ્રસંગે પૂજ્ય ગચ્છાધિપતિએ વિહારની જે ઝડપ બતાવી, તેને આપણે અસાધારણ જ કહી શકીએ. તેઓશ્રીએ

પૂનમની સાંજે રાધનપુરથી વિહાર કર્યો અને એકમની સાંજે તો ૩૨ માઈલનું અંતર કાપી સાડા છ વાગતાં પાટણ મુકામે બિમાર મુનિશ્રીના સંથારા પાસે પધારી ગયા. આ વખતે તેમની સાથે મુનિશ્રી રૈવતવિજયજી હતા. તેઓશ્રીએ ગ્લાન મુનિશ્રીને સ્વહસ્તે પાણી વપરાવ્યું અને શાતા ઉપજાવી. બાદ ઉક્ત મુનિશ્રી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

તાત્પર્ય કે પૂજ્ય ગચ્છાધિપતિની આ પરમ શિષ્યવત્સલતાનાં જેટલા વખાણ કરીએ તેટલાં ઓછાં જ છે.

### પાટણમાં ચાતુર્માસ

સં. ૧૯૯૧ નું ચાતુર્માસ પાટણમાં જ થયું હતું. ત્યાં પંચસંગ્રહ ભાગ બીજાનું અધૂરું રહેલું સંશોધન કાર્ય પૂર્ણ કર્યું હતું અને વ્યુત્પત્તિવાદ તથા સાંખ્યદર્શન વગેરેનો અભ્યાસ કર્યો હતો. વ્યાખ્યાનાદિ નિયત ફરજો પણ તેમણે સારી રીતે બજાવી હતી.

## ૨૩ – પૂજ્ય મોટા ગુરુદેવનું સ્વર્ગમન

સં. ૧૯૯૨ ના માગશર વદિ ૫ ના રોજ આપણા પૂજ્ય પંન્યાસજીએ પૂજ્ય ગુરુદેવ સાથે પાટણથી વિહાર કર્યો અને ચોથા દિવસે શ્રી શંખેશ્વર મહાતીર્થની સ્પર્શના કરી. આ વખતે રાધનપુરથી વિહાર કરીને પૂજ્ય મોટા ગુરુદેવ ત્યાં પધારી ગયા હતા, એટલે તેઓશ્રીની સેવાનો

ત્રણ દિવસ સુધી લાભ મળ્યો. પણ ત્યારે કલ્પના સરખી નહિ કે આ લાભ છેલ્લો જ છે ને હવે એ દિવ્ય દેદારનાં પુન: દર્શન થવાનાં નથી.

## દસાડામાં પાઠશાળાસ્થાપન

અહીંથી આપણા પૂજ્ય પંન્યાસજીએ જુનાગઢ–પાલીતાણાની યાત્રા કરવાની ભાવનાથી દસાડા તરફ વિહાર કર્યો. ત્યાં બે દિવસ રોકાવાની ભાવના છતાં સંઘના આબાલવૃદ્ધ ભાવિકોના અત્યંત આગ્રહથી બાવીસ દિવસ રોકાવું થયું હતું. આ સ્થિરતામાં મહાન લાભ એ થયો કે ત્યાં ધાર્મિક જ્ઞાન માટે પાઠશાળા હતી નહિ, તે પૂજ્યશ્રીના ઉપદેશથી પૂ. આચાર્યશ્રી વિજયદાનસૂરિજી જૈન પાઠશાળાની સ્થાપના થઈ, જે આજે પણ સારી રીતે ચાલે છે. બાદ ત્યાંથી સુરેન્દ્રનગર (તે વખતના વઢવાણ કેમ્પ) તરફ પગલાં માંડયાં, તે વખતે રસ્તામાં અશુભ શુકનો થતાં હતાં, એટલે આપણા પૂજ્ય પંન્યાસજી મહારાજને ચિંતા થતી હતી. એવામાં રાજપર ગામના ઉપાશ્રયમાં તારથી સમાચાર આવ્યા કે તપગચ્છનાયક સકલાગમરહસ્યવેદિ શાસનમાન્ય મહાન જ્યોતિર્ધર પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજ શંખેશ્વરજીથી ઝીંઝુવાડા પોતાની જન્મભૂમિમાં થોડું રોકાઈને પાટડી મુકામે પ્રતિષ્ઠાઉત્સવ માટે પધાર્યા હતા, તે ઉત્સવમાં જ તેઓ સ્વર્ગે સીધાવ્યા છે. આ સમાચાર મળતાં પૂજ્ય પંન્યાસજી તથા તેમના શિષ્યસમુદાયે આકરો આઘાત અનુભવ્યો, પણ 'जातस्य हि ध्रुवं मृत्युः' એ સૂત્રનો મર્મ વિચારી મનને શાંત કર્યું. તે દિવસે ઉપવાસ કર્યો અને ત્યાંથી

જુનાગઢ તરફ આગળ વધવાનો વિચાર માંડી વાળી તેઓશ્રી પાટડી પધાર્યા. ત્યાં તેઓશ્રીની નિશ્રામાં શ્રીસંઘે પૂજ્ય આચાર્ય ભગવંતના સ્વર્ગગમનનિમિત્તે મહોત્સવ ઉજવ્યો અને તેમના શરીરસંસ્કારની પવિત્ર રક્ષાનાં તેઓશ્રીએ દર્શન કર્યાં. આ રક્ષાનો થોડો ભાગ પુણ્ય સ્મૃતિરૂપે મુનિ શ્રી રૈવતવિજયજી પાસે આજે પણ સંગ્રહાયેલો છે.

મહા ઉપકારી આચાર્ય ભગવંતનાં સમાધિમંદિર વગેરે માટે ત્યાં પૂજ્યશ્રીએ ઉપદેશ કર્યો. પરિણામે આજે પાટડીમાં સંસ્કારસ્થાને એક સુંદર સ્તૂપ ઊભો છે અને શ્રી શાંતિનાથપ્રાસાદની બાજુમાં સમાધિમંદિર વિરાજિત છે. તેમાં સ્વકાયપ્રમાણ ગુરુદેવની મૂર્તિનાં દર્શન કરતાં આપણાં નયન–ચિત્ત–આત્મા પાવન થાય છે. મહાપુરુષોની આવી સ્મૃતિ તીર્થધામની તુલના કરે એમાં કોઈ આશ્ચર્ય નથી.

## ૨૪ – ઉપાધ્યાય-પદપ્રદાન

પ્રિય પાઠકો! હવે આપણે સમયના પ્રવાહમાં આગળ વધીએ અને આપણા પૂજ્ય પંન્યાસજી, પૂજ્ય ગુરુદેવાદિ મુનિવરો સાથે સસ્વાગત મુંબઈ–લાલબાગ પધાર્યા છે, તેમના પર દૃષ્ટિપાત કરીએ. અહીંનો ધાર્મિક વર્ગ શાસનની વાડીને ફૂલતી–ફાલતી જોઈને અતિ આનંદ પામી રહ્યો છે ને યોગ્યની યોગ્ય કદર કરવાની પૂજ્ય ગુરુદેવને

આગ્રહભરી વિનંતિ કરી રહ્યો છે. પૂજ્ય ગુરુદેવ કહે છે કે 'એ વાત અમારા ધ્યાનમાં જ છે, પણ અવસરે બધું થઈ રહેશે.' ધાર્મિક વર્ગ કહે છે કે 'સાહેબ! આવો સુંદર અવસર બીજે ક્યાં મળવાનો છે? તેનો લાભ અમને જ આપો.' અને મુંબઈમાં પદવીપ્રદાનનો ભવ્ય મહોત્સવ ઉજવાય છે. તેમાં પૂજ્ય ગુરુદેવ પોતાના વરદ હસ્તે પૂજ્ય ઉપાધ્યાય શ્રી રામવિજયજી મહારાજને આચાર્યપદ અર્પણ કરે છે અને પૂજ્ય પંન્યાસ શ્રી ક્ષમાવિજયજી ગણિવર તથા આપણા પૂજ્ય પંન્યાસ શ્રી જમ્બૂવિજયજી ગણિવરને ઉપાધ્યાયપદ અર્પણ કરે છે. આ છે સં. ૧૯૯૨ના વૈશાખ સુદિ ૬નો શુભદિન. આ પ્રસંગે શેઠ જીવતલાલ પ્રતાપસી પ્રમુખ ઘણા ભાવિકો સમ્યકત્વમૂલ દ્વાદશ વ્રત તથા ચતુર્થ વ્રત વગેરે ગ્રહણ કરે છે. સંઘનો હર્ષ માતો નથી. ફરીને ધર્મયુગનો ઉદય થયો કે શું? એવું દૃશ્ય ખડું થાય છે અને દિવસો સુધી શ્રી શત્રુંજયાદિ અનેક વિશિષ્ટ રચનાઓનો ઉત્સવ ઉજવાય છે.

અમે અહીં એ સ્પષ્ટતા કરવા ઇચ્છીએ છીએ કે ઉપાધ્યાયપદની ગણના પંચપરમેષ્ઠિમાં ચતુર્થ સ્થાને થાય છે અને તેમાં શાસ્ત્ર તથા ક્રિયાનો અન્ય મુનિવરોને અભ્યાસ કરાવવાની યોગ્યતા મનાય છે. તે આપણા નૂતન ઉપાધ્યાયજીમાં યથાર્થ રૂપે પ્રકટી હતી, તેનો ઈન્કાર કોણ કરી શકશે? અત્યાર સુધીમાં અમે તેઓશ્રીનાં જીવનનું જે આલેખન કર્યું છે, તેનું એક વાર ફરી અવલોકન કરો, એટલે એ વસ્તુની પૂર્ણ પ્રતીતિ થશે.

## ૨૫–સં. ૧૯૯૨-૯૩-૯૪

સં. ૧૯૯૨નું ચાતુર્માસ મુંબાઈ લાલબાગમાં જ થયું હતું અને તે સ્વાધ્યાયાદિપ્રવૃત્તિમાં પ્રગતિકારક નીવડયું હતું. વિશેષમાં અહીં પૂજ્ય ગુરુદેવ સાથે બેસીને નિશીથચૂર્ણીની હસ્તલિખિત પ્રતિનું સૂત્ર તથા ભાષ્ય સાથે સંગત કરીને સાદ્યંત સુંદર સંશોધન સંપૂર્ણ કર્યું હતું. આજે એનો જ લગભગ અક્ષરશઃ આધાર લઈને શ્રીસન્મતિ-જ્ઞાનપીઠ, આગ્રાની સ્થાનકવાસી સંસ્થાએ ઉપાધ્યાય કવિ અમરમુનિ તથા મુનિશ્રી કનૈયાલાલ પાસે સંપાદન કરાવી આ મહાકાય ગ્રંથ ચાર ભાગમાં પ્રસિદ્ધ કર્યો છે.

આ સાલમાં ચંડાશુચંડુ પંચાંગમાં ભાદરવા સુદિ પાંચમ બે આવી હતી, પરંતુ સંવત્સરીની ચોથમાં કશી જ વધઘટ હતી નહિ અને તપાગચ્છ સામાચારીનો સિદ્ધાંત ઉદયતિથિ આરાધવાનો હતો. આ બાબતમાં ખંભાતના સંઘપતિ શેઠ કસ્તૂરભાઇએ પરમ ગુરુદેવને સં. ૧૯૯૧ માં પૃચ્છા કરી હતી અને પરમ ગુરુદેવે ઉત્તરમાં જણાવ્યું હતું કે ‘ઉદયતિથિ ચોથ શનિવારની સંવત્સરી છે.’ પછી તે જ પ્રમાણે ત્યાં સરકારી રજા જાહેર થઈ હતી, પરંતુ સંઘનાં કમનશીબે તેઓશ્રી સં. ૧૯૯૨ ના માહ માસમાં સ્વર્ગવાસ પામી ગયા. દરેક વખતે ઉદયતિથિ ચોથની સંવત્સરી માનનારા પૂ. આચાર્યો આ સાલ પણ

શનિવારની જ સંવત્સરી કરશે એમ ખાતરીથી મનાતું હતું, પરંતુ સં. ૧૯૫૨ માં સંવત્સરીની ઉદયતિથિ ચોથ છોડવાની જેમણે પહેલ કરી હતી, તેમના પક્ષમાં તેઓ ઊભા. પરિણામે એક પક્ષમાં સંવત્સરી ચોથ શનિવારની થઈ અને બીજા પક્ષમાં પ્રથમ પાંચમ રવિવારની થઈ. એ પછી ભીંતિયાં પંચાગોમાં જે અશુદ્ધિ ચાલતી હતી, તે સુધારવામાં આવી, પણ પક્ષાપક્ષીના કારણે બીજાઓએ તે માન્ય કરી નહિ. ત્યાર પછી આ પક્ષાપક્ષી એવી ઉગ્ર બનતી ચાલી કે સંવત ૧૯૯૮માં શેઠ કસ્તુરભાઈ લાલભાઈ દ્વારા આવેલો લવાદી ફેંસલો એક પક્ષે ફગાવી દીધો અને આજે તો સત્યની કે સિદ્ધાંતની જાણે કશી પડી જ નથી, એવી ખેદજનક પરિસ્થિતિ આપણે નિહાળી રહ્યા છીએ. આમાં શાસનદેવ સારો એવો પલટો લાવે એમ આપણે ઇચ્છીએ.

આ ચાતુર્માસમાં સ્વાધ્યાય અને લેખનપ્રવૃત્તિ તો ચાલુ હતી જ. ઉપરાંત ઘણા મહાનુભાવો તિથિમતભેદ અંગે સત્ય જાણવાની જિજ્ઞાસા ધરાવતા હતા, તેમની વિનંતિથી આપણા ઉપાધ્યાયજી મહારાજે તપાગચ્છ સામાચારીનું સત્ય બતાવનાર '**શ્રી તત્ત્વતરંગિણી**' ગ્રંથના વિશિષ્ટ વિવેચન-અનુવાદપૂર્વક '**પર્વતિથિપ્રકાશ**' નામનો એક ગ્રંથ તૈયાર કર્યો, જેણે શાસનરસિક વર્ગમાં સારી એવી ખ્યાતિ પ્રાપ્ત કરી છે.

### ડભોઈ ભણી

આટલી પ્રાસંગિક નોંધ સાથે આપણે પૂજ્ય ઉપાધ્યાય-

જીની સમીપે આવીએ. તેઓને પોતાનાં સંસારી સગા-વહાલાંઓ તરફથી ડભોઈ પધારવાનો અતિ આગ્રહ થઈ રહ્યો છે અને વૃદ્ધા અવસ્થામાં પ્રવેશી ચૂકેલા માતુશ્રી મુક્તાબાઈ તેમની હાજરી ઝંખી રહ્યાં છે, તેથી તેઓ પૂજ્ય ગુરુદેવની આજ્ઞા માગે છે ને પૂજ્ય ગુરુદેવ લાભાલાભનો વિચાર કરી તેમને ડભોઈ પધારવાની આજ્ઞા આપે છે.

સં. ૧૯૯૩ નો માહ માસ શરૂ થઇ ગયો હતો. ઠંડી કકડીને પડતી હતી. તે વખતે આપણા ઉપાધ્યાયજીએ મુંબાઈ છોડયું ને ડભોઈ તરફનો વિહાર આદર્યો. રસ્તામાં દમણ આવ્યું, ત્યાં શ્રી સંઘને ચૈત્રી ઓળીની આરાધના કરાવી. અહીંના સંઘનો ચાતુર્માસ માટે ઘણો આગ્રહ થયો અને તે માટે ખાસ ગુરુભક્ત સ્વ. શા નવલચંદ દીપચંદ આદિ આગેવાનો મુંબાઈ પણ જઈ આવ્યા, પરંતુ સ્પર્શના ડભોઈની જ લખેલી હતી, એટલે ત્યાં રોકાવાનું થયું નહિ. વિહારમાં સુરત પધારતાં પૂ. ઉ. શ્રી ક્ષમાવિજયજી ગણિનાં દર્શન-વંદનનો લાભ લઈ વૈશાખ માસમાં પૂજ્ય ઉપાધ્યાયજીએ ચાતુર્માસાર્થે ડભોઇમાં પ્રવેશ કર્યો.

## સોળમા ચાતુર્માસની શાસનપ્રભાવનાઓ

દીક્ષા લીધા પછી પ્રથમ ચાતુર્માસ હોવાથી કુટુંબીજનો તથા સંઘનો ઉત્સાહ અમાપ હતો. આ સોળમા ચાતુર્માસમાં જે શાસનપ્રભાવનાઓ થઈ તેની અહીં ટુંક નોંધ કરીશું.

## જ્ઞાનમંદિરની સ્થાપના

શેઠ મગનલાલ દલપતભાઈ તરફથી શ્રીભગવતી સૂત્રની વાચના થઈ, નાની મોટી અનેક તપશ્ચર્યાઓ થઈ ને ભાઈ બાપુલાલ તથા ભાઈ પાનાચંદે પોતાના માતુશ્રી મુક્તાબાઈની યાદગીરીનિમિતે જ્ઞાનમંદિરની સ્થાપના માટે રૂા. ૫૦૦૧નું દાન કર્યું. કોઈક કવિએ ઠીક કહ્યું છે:—

જનની જણુ તો ભક્ત જન, કાં દાતા કાં શૂર;
નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવે નૂર.

સં. ૧૯૯૩ના શ્રાવણ સુદિ ૬ ના રોજ શ્રીમુક્તાબાઈ જ્ઞાનમંદિરની સ્થાપના થઇ. અત્યારે તે સંસ્થા પોતાનાં ભવ્ય મકાનમાં ૧૦૦૦૦ હસ્તલિખિત પ્રતિઓ તથા ૮૦૦૦ છાપેલાં પુસ્તકો સહિત **આર્ય જમ્બૂસ્વામી જૈન મુક્તાબાઈ આગમમંદિર** તરીકે પ્રસિદ્ધ છે.

ઉપરાંત પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજના સંસારી બાલપુત્ર બાલુભાઈ જે દોઢ વર્ષની ઉંમરે સ્વર્ગસ્થ થયા હતા, તેમની યાદગીરીનિમિતે પૂજ્યશ્રીના ઉપદેશથી બાપુભાઈ તથા પાનાચંદભાઈએ ચાંદીનું એક મોટું સુંદર સમવસરણ કરાવી ડભોઈ શ્રીસાગરસંઘને અર્પણ કર્યું.

### ભવ્ય ઉદ્યાપન

ચોમાસું સંસારી મામા મગનલાલ શીવલાલને ત્યાં બદલાયું હતું. બાદ ભગવતીસૂત્રની વાચના વગેરે નિમિત્તે સં. ૧૯૯૪ના પોષ માસમાં બાપુભાઈ તથા પાનાચંદભાઈએ

નવપદજીના નવ છોડ ભરાવીને મોટું ઉજમણું ભારે ધામધૂમથી કર્યું. સાચા મોતીનો સાથિયો ભરાવ્યો, કંકોત્રીઓ કાઢી, સુરતનાં બેન્ડ લાવ્યા, વડોદરાથી ચાંદીનો રથ-ઈન્દ્રધ્વજાની ગાડી-ગજરાજ વગેરે લાવ્યા, અષ્ટોત્તરી સ્નાત્ર સહિત અપૂર્વ અષ્ટાહ્નિકામહોત્સવ કર્યો. તે વખતે બાપુભાઈની વિનંતિથી પૂ. ઉ. શ્રી ક્ષમાવિજયજી આદિ મુનિગણ સુરત વગેરેથી વિહાર કરીને ત્યાં પધાર્યા હતા. શેઠ નવલચંદ ખીમચંદ, ખીમચંદ કલ્યાણચંદ, મોતીચંદ ગુલાબચંદ, નવલચંદ દીપચંદ આદિ ઘણા આગેવાનો પણ ત્યાં આવ્યા હતા. તે વખતે નવલચંદ દીપચંદના પ્રમુખપણે શ્રી બાપુભાઈ તથા પાનાચંદભાઈને માનપત્ર અપાયું હતું. તેમણે નવે દિવસ રસોડું ખુલ્લું મૂકી સાધર્મિકવાત્સલ્યનો લાભ લીધો હતો.

## વડી દીક્ષા

આ યાદગાર ઉદ્યાપન પછી અહીં ખુડાલા મારવાડના શેઠ મયાચંદજીના સુપુત્રી હુલાસ બહેન કે જેઓ મારવાડમાં દીક્ષા લઈ પરમ તપસ્વિની સાધ્વી કલ્યાણશ્રીજીના શિષ્યા દમયંતીશ્રી થયાં હતાં, તેમને પૂજ્યશ્રીએ પોતાના વરદ હસ્તે વડી દીક્ષા આપી હતી, અને શેઠ મયાચંદજી આદિએ અહીં આવીને તેની ઉજવણી ખૂબ ઉમંગથી કરી હતી. આજે તેઓ જ્ઞાન-ધ્યાન-તપ-સંયમની આરાધના સાથે સ્વગુરુણીની ખૂબ નિષ્ઠાપૂર્વક સેવા કરતા તેમની સાથે જ વિચરી રહ્યા છે.

## આગમોનું અવગાહન

ડભોઈ સંઘના અતિ આગ્રહથી સં. ૧૯૯૪નું ચાતુ-

ર્માસ પણ ડભોઈમાં જ થયું. તે વખતે શ્રી ભગવતી-સૂત્રની વાચના પૂરી કરવામાં આવી અને પીસ્તાલીસ આગમોનું અવગાહન કરી લીધું. ઉપરાંત પૂ. સ્વ. પરમ ગુરુદેવ કૃત **વિવિધ પ્રશ્નોત્તર ભાગ બીજો** તથા **સંસ્કૃત બે ટીકાઓ સહિત પંચસંગ્રહ ભાગ પહેલાનું** સંપાદન કર્યું. ચોમાસું સંસારી ભાઈ બાપુલાલ તથા પાનાચંદને ત્યાં બદલવામાં આવ્યું.

## ૨૬ – એક ભવ્ય પ્રસંગ

લૌકિક ગીતોમાં આપણે એક કાવ્ય પંક્તિ વારંવાર સાંભળીએ છીએ કે 'જનની જીવો રે ગોપીચંદની.' તાત્પર્ય કે પોતાના પુત્ર ગોપીચંદને વૈરાગ્ય પમાડનાર જનેતા જુગ જુગ જીવો. પરંતુ આવા દૃષ્ટાંતો જૈન શાસનમાં દુર્લભ નથી. પૂજ્ય ઉપાધ્યાયજીના સંસારી બહેન શ્રી રાધિકા બહેને પોતાના કેલૈયા કુંવર જેવા બબ્બે પુત્રોને પોતાના હાથે પ્રવ્રજ્યાના પંથે પ્રયાણ કરાવ્યું હતું અને શાસનની એક સુનિષ્ઠ સન્નારી તરીકે પોતાનું સ્થાન સિદ્ધ કર્યું હતું. હવે તેમને પણ ભવતારિણી ભાગવતી દીક્ષા લેવાની ભાવના થઈ હતી. એટલે સં. ૧૯૯૫ના માગશર માસમાં તેમને દીક્ષા-દાન કરવામાં આવ્યું અને તેમના પૂર્વ–દીક્ષિત સંસારી બહેન ઉપર્યુક્ત સાધ્વી કલ્યાણશ્રીજીના શિષ્યા સાધ્વી રંજન-શ્રીજી તરીકે સ્થાપવામાં આવ્યા.

## ૨૭ – શ્રીસિદ્ધગિરિજીની નવાણુ યાત્રા વગેરે

આ ભવ્ય પ્રસંગ પછી થોડા જ વખતે આપણા ઉપાધ્યાયજી મહારાજે પાલીતાણા તરફ વિહાર કર્યો અને સં. ૧૯૯૫ના ફાગણ સુદિ ૩ના દિવસે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ કરેલા સામૈયાપૂર્વક પાલીતાણામાં પ્રવેશ કરી શાંતિભુવનમાં સ્થિરતા કરી. બાદ તેમણે પોતાના શિષ્યાદિ મુનિગણ સાથે શ્રી સિદ્ધિગિરિની નવાણુ યાત્રા શરૂ કરી. આ વખતે મુનિશ્રી વર્ધમાનવિજયજીને વર્ષીતપ ચાલતો હતો અને તેનું પારણું શ્રી સિદ્ધિગિરિની છાયામાં થાય, એ પણ અહીં પધારવાનું એક નિમિત્ત હતું. અક્ષયતૃતીયાના શુભ દિવસે વર્ષીતપમાં અઠ્ઠાઈપૂર્વક તેમને સારી રીતે પારણું થયું. સાધ્વી કલ્યાણશ્રીજીને પણ વર્ષીતપ હતો, તેમનું પારણું પણ સુખ શાંતિથી થયું હતું અને તે નિમિત્તે ઉત્સવ પણ સારો ઉજવાયો હતો.

બાદ અમદાવાદના શાહ કેશવલાલ દેવચંદની પુત્રીની દીક્ષા પૂજ્ય બાપજી મહારાજના સમુદાયમાં આપણા ઉપાધ્યાયજીના વરદ હસ્તે તલાટીના મંડપમાં ધામધૂમથી થઈ. તેમને સાધ્વી ચારિત્રશ્રીના શિષ્યા સાધ્વી મહિમાશ્રી કરવામાં આવ્યા હતા.

આપણા પૂજ્ય ઉપાધ્યાયજીએ શરૂ કરેલી નવાણુ યાત્રા પૂરી થઈ હતી અને ભકતજનોએ તેની સુંદર ઉજવણી

કરી હતી. બાદ આ સાલનું ચાતુર્માસ પણ પાલીતાણા શાંતિભુવનમાં જ થયું હતું. તેની પ્રવૃત્તિઓ તરફ એક નજર નાખી લઈએ.

ભાવિકોની વિનંતિથી વ્યાખ્યાનમાં શ્રી લલિતવિસ્તરા અને શત્રુંજયમાહાત્મ્ય શરૂ કર્યું હતું. સૂત્ર વહોરાવવાનો વિધિ સુંદર થયો હતો. પર્વાધિરાજ પર્યુષણની પધરામણી થતાં મુનિશ્રી રૈવતવિજયજીએ ૧૬ ઉપવાસ કર્યા હતા અને શાંતિભુવનમાં રહેલા શ્રાદ્ધસમુદાયમાં પણ નાની મોટી ઘણી તપશ્ચર્યાઓ થઈ હતી. તે તપશ્ચર્યાનિમિત્તે ત્યાં અઠ્ઠાઈમહોત્સવ ઉજવાયો હતો અને શાન્તિસ્નાત્ર ભણાવાયું હતું. તે વખતે ત્યાં વિવિધ રચનાઓ પણ થઈ હતી. આ પ્રસંગે ત્યાં ચાતુર્માસ રહેલા પૂ. આ. શ્રી વિજયનેમીસૂરિજી આદિ આચાર્ય ભગવન્તો પણ પધાર્યા હતા.

આ ચાતુર્માસમાં સાધુઓને વિવિધ સૂત્રોનાં યોગોદ્વહન પણ કરાવવામાં આવ્યાં હતાં અને થોર (મારવાડ)-નિવાસી શેઠ કપુરચંદ મૂળાજીને ઉપધાનતપ કરાવવાની ભાવના થતાં આપણા પૂજ્ય ઉપાધ્યાયજીની પુણ્ય નિશ્રામાં આસો સુદ ૧૦ થી ઉપધાન શરૂ થયાં, તેમાં ૪૫ પુરુષો અને ૧૯૦ સ્ત્રીઓએ પ્રવેશ કર્યો હતો. આરાધના સુંદર થઈ હતી. ઉપધાન કરાવનાર તરફથી દરેકને ગરમ કાંબળીની લ્હાણી કરવામાં આવી હતી. માળાપરિધાન ઉત્સવ પણ ઉપધાન કરાવનાર કપુરચંદભાઈ તરફથી અષ્ટોત્તરીસ્નાત્રમહોત્સવ-પૂર્વક કરવામાં આવ્યો હતો. તેમાં જુદા જુદા ભાવિકો

તરફથી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રના ત્રણ છોડનું ઉદ્યાપન પણ કરવામાં આવ્યું હતું.

ચાતુર્માસ પૂર્ણ થયે પૂજ્ય ઉપાધ્યાયજીએ ચોવિહારો છઠ્ઠ કરીને સાત યાત્રાઓ કરી હતી તથા સંઘસાથે દોઢ ગાઉ, ત્રણ ગાઉ, છ ગાઉ અને બાર ગાઉની પ્રદક્ષિણાઓ પણ કરી હતી.

## શિહોરમાં સંપ અને ચૈત્રી ઓળીનું આરાધન

તે અરસામાં અમદાવાદથી સંઘસ્થવિર પૂ. બાપજી શ્રી સિદ્ધિસૂરિમહારાજ ગિરનારજી તથા સિદ્ધગિરિજીની યાત્રાએ પધાર્યા હતા. તેમનાં વંદનનો લાભ લઈને આપણા પૂજ્યશ્રી ફાગણ વદિમાં પાલીતાણાથી વિહાર કરી શિહોર પધાર્યા હતા અને ત્યાં શ્રીસંઘના આગ્રહથી ચૈત્રી ઓળીનું આરાધન કરાવ્યું હતું. તેના વિષે એ નોંધ કરવી ઉચિત ગણાશે કે અહીં તપાગચ્છ અને લોંકાગચ્છ વચ્ચે ઘણા સમયથી કુસંપ ચાલતો હતો. તેથી દહેરાસર વગેરેનાં કાર્યો બરાબર થતાં ન હતાં. તેથી પૂજ્ય ઉપાધ્યાયજીએ ઉપદેશ આપી સંપ કરાવ્યો હતો અને બંનેની ઓળી એકત્ર થઈ હતી.

## તળાજાની યાત્રા

ત્યાંથી ભાવનગર, ઘોઘા વગેરેને લાભ આપી પૂજ્ય ઉપાધ્યાયજી છોટા શત્રુંજયની ખ્યાતિ પામેલાં તળાજા તીર્થે પધાર્યા હતા અને તેની યાત્રાથી અત્યંત ઉલ્લસિત થયા હતા. અહીં ધ્રાંગધ્રા તથા સાવરકુંડલાના સંઘ તરફથી

ચાતુર્માસની વિનંતિઓ થઈ હતી, તેમાં સાવરકુંડલાની વિનંતિનો સ્વીકાર થયો હતો.

### મહુવાની વિનંતિ

ત્યાંથી દાઠા થઈ મહુવા પધારતાં વ્યાખ્યાનવાણીનો લાભ સારો લેવાયો હતો અને ચાતુર્માસ માટે જોરદાર વિનંતિ થઈ હતી. તે અંગે મહુવાના સંઘે સાવરકુંડલાના ભાઈઓને બોલાવ્યા પણ હતા, પરંતુ ત્યાંના ચાતુર્માસની જય બોલાયેલી હોવાથી મહુવાને તે લાભ મળી શક્યો ન હતો.

### સાવર કુંડલામાં શ્રી વર્ધમાનતપખાતાની સ્થાપના

જેઠ વદિમાં પૂજ્યશ્રી સાવરકુંડલા પધારતાં સંઘે ભવ્ય પ્રવેશમહોત્સવ કર્યો હતો.

ચાતુર્માસમાં ભાવિકોના ભવભયને હરણ કરનારા શ્રીભગવતી સૂત્રની વાચના થઈ હતી, તે વખતે સુવર્ણનો સ્વસ્તિક રચાયો હતો અને પ્રભાવનાદિ કાર્યો પણ પ્રચુર પ્રમાણમાં થયાં હતાં. વળી પૂજ્યશ્રીની પવિત્ર પ્રેરણાથી વર્ધમાન આયંબિલ તપ ખાતાની સ્થાપના થઈ હતી, જે આજે પણ સારી રીતે ચાલી રહેલ છે.

મુનિશ્રી રૈવતવિજયજીએ મહાજનોને મોદ ઉપજાવનારી માસક્ષમણની તપશ્ચર્યા કરી હતી તથા મુનિશ્રી ચિદાનન્દવિજયજીએ ૧૧ ઉપવાસ કર્યા હતા. આ માસક્ષમણ વગેરેનું આલંબન લઈને કદી તપ નહિ કરનારા નવ (૯) યુવાનોએ અઠ્ઠાઈઓ કરી હતી. સંઘમાં પણ અઠ્ઠાઈઓ, સોળ ઉપવાસ તથા નાની તપશ્ચર્યાઓ વિપુલ પ્રમાણમાં

થઈ હતી. પૂજ્યશ્રીના પ્રતાપે સાવરકુંડલાનું સમસ્ત વાતાવરણ તપોમય બની ગયું હતું એમ કહીએ તો પણ ખોટું નથી. આ તપશ્ચર્યાની ઉજવણીરૂપે દિવસો સુધી નવકારશીઓ થઈ હતી, મહોત્સવો ચાલુ રહ્યા હતા અને નવાણુ અભિષેકની ભારે પૂજા ભણાવાઈ હતી.

અહીં પૂજ્યશ્રીએ '**આરાધનાવિષયક તિથિસાહિત્યદર્પણ**' નામનું પુસ્તક તૈયાર કર્યું હતું, જે પરંપરાનાં નામે પ્રચલિત થયેલી મનોભ્રાન્તિનું મથન કરવામાં કામિયાબ નીવડયું હતું.

આ રીતે ઓગણીસમા ચાતુર્માસે સાવરકુંડલાને સુંદર લાભ આપ્યો હતો.

## ૨૮–ઊના અજારા અને દીવની યાત્રાઓ

**સાધુજનોને** સંયમ, સ્વાધ્યાય, જપ, તપ અને યાત્રા એ પાંચ વસ્તુઓ બહુ પ્રિય હોય છે અને ખરૂં કહીએ તો તેનાથી જ સ્વઉપકાર તથા પરઉપકાર સિદ્ધ થાય છે. તેથી શેષકાળમાં તેઓ સ્થળે સ્થળે વિચરતા રહે છે. અહીંનું ચાતુર્માસ પૂર્ણ થયે પૂજ્યશ્રી ચતુર્વિધ સંઘ સાથે ઊના પધાર્યા કે જ્યાં પાંચ સુંદર જિનાલયો અને છઠ્ઠી આંબાવાડી દર્શકોનાં દિલનાં સર્વ દર્દો હરે છે. જગદ્ગુરુશ્રી વિજયહીરસૂરીશ્વરજીનું સ્વર્ગગમન અહીં જ થયું હતું અને તેમના સંસ્કારવાળી ભૂમિનો ૮૦ વીઘા જમીનનો

ટુકડો અકબર બાદશાહે શ્રી સંઘને અર્પણ કર્યો હતો. ત્યાં આમ્રવૃક્ષો ઘણાં હતાં, પરંતુ તે ફળતાં ન હતાં. સૂરીશ્વરજીનો સંસ્કાર થતાં આંબા ફળવા લાગ્યા, તેથી તે આંબાવાડી તરીકે પ્રસિદ્ધ થઈ. તેમાં જગદ્‌ગુરુ તથા તેમના પરિવારના અન્ય આચાર્યો વિજયસેનસૂરિ મ. તથા દેવસૂરિ મ. આદિની દ્વાદશ દહેરીઓ જુહારી શકાય છે.

અહીંથી બે માઈલ દૂર અજાહરા પાર્શ્વનાથનું પ્રાચીન તીર્થ આવેલું છે. તેનું વાતાવરણ અતિ શાંત અને આહ્‌લાદક છે. આ તીર્થમાંથી પ્રાચીન મૂર્તિઓ અને શિલાલેખો મળ્યા કરે છે. આ તીર્થની યાત્રા કરીને આપણા ઉપાધ્યાયજી શિષ્યસમુદાય સાથે દીવ પધારી શ્રી નવલખા-પાર્શ્વનાથ ભગવાનની યાત્રા કરી, ત્યાંથી ઊના વગેરે થઈને પાછા સાવરકુંડલા આવી ગયા હતા અને વિહાર ગિરનાર ભણી લંબાવ્યો હતો.

## ૨૯–અમરેલીમાં પ્રભુપ્રતિષ્ઠા

રસ્તામાં અમરેલી પધારતાં સંઘનો સદ્‌ભાવ સાકાર થયો હતો અને તેણે જનતાને જાહેર કર્યું હતું કે આજે અમારા પંચમહાવ્રતધારી નિર્ગ્રંથ ગુરુઓ ગામને પાવન કરે છે. સંઘવી બાલુભાઈ ઉત્તમચંદ પૂર્વે પાલીતાણામાં પૂજ્યશ્રીના પરિચયમાં આવી ગયા હતા, એટલે તેમના ભાવે ભવ્યતા ધારણ કરી હતી. અહીં મોતીશા શેઠનું

કરાવેલું સુંદર નકશીવાળું શ્રી સંભવનાથ ભગવાનનું બે માળનું મંદિર દર્શનીય છે. તેની સામે બલાનકમંદિર તૈયાર થયેલું હતું. તેમાં શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરવાની શ્રી સંઘની ઘણા વખતથી ભાવના હતી, એટલે તેના આગેવાનોએ આ બાબતની પૂજ્યશ્રીને વિનંતિ કરી અને સંઘમાં નવચેતન પ્રકટે તે માટે તેઓશ્રીનું એક જાહેર વ્યાખ્યાન ગોઠવ્યું. આ વ્યાખ્યાનમાં પૂજ્યશ્રીએ શ્રી શાંતિનાથ ભગવાને મેઘરથ રાજાના ભવમાં કરેલું પારેવાનું રક્ષણ, તેમનાં તીર્થંકરજીવનની લોકોત્તરતા, જિનપ્રભુની પ્રતિષ્ઠાથી જગતમાત્રનું કલ્યાણ થાય છે, વગેરે વિષયો અદ્‌ભુત છટાથી છણ્યા. તે સાંભળી સંઘવી બાલુભાઈ ઉત્તમચંદે પોતાના ખર્ચે મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરવા માટે સંઘને વિનંતિ કરી અને સંઘે ઉત્સાહપૂર્વક તેમને રજા આપી. સં. ૧૯૯૭ ના માહ સુદિ ૬ ને દિવસે પૂજ્ય ઉપાધ્યાયજી મ. ના વરદ હસ્તે શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિષ્ઠા થઈ અને સંઘમાં જયજયકાર વર્ત્યો. એ ધ્યાન રાખવાની જરૂર છે કે જ્યાં ખાલી સ્નાત્ર ભણાવીને ભગવાનને બેસાડી દેવાની ભાવના હતી, ત્યાં પૂજ્યશ્રીના ઉપદેશથી આવો ભારે પ્રતિષ્ઠામહોત્સવ થયો, તે પૂજ્યશ્રીની પુણ્ય પ્રકૃતિનો જેવો તેવો પ્રતાપ ગણાય નહિ. આ ઉત્સવમાં આઠે દિવસ સાધર્મિકતવાત્સલ્યો અને સંઘજમણો થયાં હતાં તથા ગવૈયા દિનાનાથ અને પાલીતાણાની શ્રી લબ્ધિસૂરિ સંગીતમંડલીને બોલાવવામાં આવી હતી.

આ પ્રસંગે એક આત્માર્થી પટેલ પોપટલાલ દુદાભાઈ

લહેરી—વડોદરા રાજ્યના રીટાયર્ડ સર્વેયરની વિનંતિથી પૂજ્ય શ્રીએ આત્મબોધ કરાવનારી **આત્મસખા યાને વિવેક-દર્શન** નામની એક લઘુ પુસ્તિકા લખી, જેની આજે અનેક આવૃત્તિઓ થઇ ચૂકી છે. બાદ વિહાર કરી જુનાગઢ પધાર્યા.

## શ્રી ગિરનારજીની યાત્રા

સૌરાષ્ટ્રનાં બે મહાન તીર્થો શત્રુંજય અને ગિરનાર. તેમાં શત્રુંજયની યાત્રા તો પૂજ્યશ્રીએ કરી હતી, પણ ગિરનારની યાત્રાનો આ પ્રસંગ પહેલો જ હતો, તેથી આત્માને અત્યંત પ્રસન્નતા થાય એ સ્વાભાવિક છે. તેમણે એક જ દિવસમાં આ મહાન તીર્થની પાંચે ટુંકો જુહારી તથા સહસા-(સહસ્રામ્ર) વનની પણ સ્પર્શના કરી. જેમને પુરુષાર્થનો પાનો ચડેલો છે, તે ધાર્યું કામ અવશ્ય સિદ્ધ કરી શકે છે. વાચકોને આશ્ચર્ય થશે કે આટલા વર્ષે પહેલો જ યાત્રા-પ્રસંગ અને એક જ દિવસમાં કેમ પતાવી દીધું? તેના કારણમાં જણાવવું જોઈએ કે गुरोराज्ञा बलीयसी—ગુરુની આજ્ઞા બલવાન છે.

અહીં પૂજ્ય ગચ્છાધિપતિ તરફથી સમાચાર આવ્યા હતા કે સાંગલી તરફ વિચરો. હવે પોતાની ઈચ્છા કે ભાવના સામું જોવાનું હતું જ નહિ. આથી શ્રી ગીરનારજીને એક જ દિવસમાં ભેટી લીધો. આનું નામ ખરૂં સમર્પણ. પછી તુરત જુનાગઢથી વિહાર કરી સાવરકુંડલા પધાર્યા, ત્યારે ત્યાં સમા-ચાર આવ્યા કે—હવે તે તરફ વિચરવાની જરૂર નથી. પૂજ્ય-શ્રીએ ત્યારે પણ પૂજ્ય ગુરુદેવની આજ્ઞા શિરોધાર્ય કરી

સંતોષ માન્યો, સાવરકુંડલામાં સ્થિરતા કરી, ચૈત્રી ઓળીનું આરાધન કરાવ્યું, ત્યાંથી પાલીતાણા પધાર્યા અને સલુણા સિદ્ધક્ષેત્રની યાત્રા કરી. અમૃતનું પાન ગમે તેટલી વખત કરીએ છતાં તે મીઠું જ લાગે છે.

## ૩૦–વઢવાણ શહેરમાં ચાતુર્માસ

ત્યાંથી શિહોર પધારતાં વઢવાણ શહેર સંઘના આગેવાનો તરફથી ચાતુર્માસ માટે વિનંતિ થઈ, તે પૂજ્ય ગચ્છાધિપતિની આજ્ઞા મળતાં સ્વીકારવામાં આવી. ત્યાંથી વળા–વલ્લભીપુર પધારતાં પૂના સીટીના આગેવાનોએ આવીને ચાતુર્માસ માટે અરજ ગુજારી, પણ વઢવાણ શહેરના ચાતુર્માસની જય બોલાઈ ગઈ હતી, તેથી તેઓ દર્શન–વંદન કરીને પાછા ફર્યા હતા.

ચાતુર્માસાર્થે વઢવાણ શહેર પધારતાં સંઘે શાનદાર સ્વાગત કર્યું હતું અને સંવેગી ઉપાશ્રયમાં સ્થિરતા થઈ હતી. અહીં પૂજ્યશ્રીની વ્યાખ્યાનવર્ષાથી ધર્મધરામાં સ્વાધ્યાય, સંયમ, જપ, તપ, દાન, દયા, પરોપકાર આદિ વિવિધ ગુણવિટપો પાંગર્યા હતા અને તેથી શ્રીવીરવિભુની વાડી શોભાયમાન થઈ હતી. અહીં પૂજ્યશ્રીએ અનેકાન્તજયપતાકા, સ્યાદ્વાદરત્નાકર વગેરે ગ્રંથો વાંચ્યા હતા.

જોરાવરનગરમાં પર્વાધિરાજની આરાધના કરાવવા માટે

મુનિશ્રી વર્ધમાનવિજયજી તથા મુનિશ્રી ચિદાનન્દવિજયજીને મોકલવામાં આવ્યા હતા, તેમણે સુંદર કામગીરી બજાવી હતી.

પરંતુ આ વીસમા ચાતુર્માસની વિશેષ નોંધપાત્ર બીના તો એ હતી કે તેમાં '**નિત્ય નિયમો અને જીવનવ્રતો, દેવ-ગુરુ-કલ્યાણમાળા, પ્રશ્નોત્તરત્હોંતેરી** વગેરે પુસ્તકો રચાયાં હતાં. આ દરેક પુસ્તકની અનેક આવૃત્તિઓ આજે પ્રસિદ્ધ થઈ ચૂકી છે, એટલે પ્રસ્તુત પુસ્તકો કેવાં લોકોપયોગી નીવડયાં હશે, તેનો ખ્યાલ આવી શકશે. આ ચોમાસામાં પણ શ્રીસંઘની વિનંતિથી વ્યાખ્યાનમાં શ્રી ભગવતીસૂત્ર તથા કુમારપાળચરિત્ર વાંચવામાં આવ્યાં હતાં. ઉત્સવ-મહોત્સવ તથા શાસનની પ્રભાવના અપૂર્વ થઈ હતી.

'વિચારીને વાણી વદો'ની સલાહ આપનાર ગૂર્જર કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈની આ જન્મભૂમિમાં સાહિત્યપઠન અને સાહિત્યસર્જન કરવાની કોઈ અવનવી પ્રેરણા મળે છે, એવો અનુભવ અમને પણ થયેલો છે. આ મોસાળસ્થાનમાં રહીને અમે ચોથી ગુજરાતીનો અભ્યાસ કર્યા બાદ અંગરેજી શિક્ષણ માટે અમદાવાદ ગયા હતા અને વેકેશન ગાળવા માટે વારંવાર અહીં આવતા હતા. તે વખતે અમારા પૂજ્ય મામાશ્રી અમને મોજશોખ કરાવવાને બદલે તાત્ત્વિક ગ્રંથોનું વાચન કરાવતા હતા અને અમને લેખો લખવાની તથા કાવ્યો રચવાની સ્વયંભૂ પ્રેરણાઓ થતી હતી. અમારા પ્રારંભનાં કેટલાંક કાવ્યો અહીં જ સ્ફુરેલાં. તેમાંનું એક બરાબર યાદ છે:

તોટક

નર કોઈ કહે સુખ સુંદર જ્યાં,
ધનધાન્ય થકી ભવનો ઉભરે;
નર કોઈ કહે સુખ સુંદર જ્યાં,
હુકમે શત સેવક કામ કરે. ૧.
નર કોઈ કહે સુખ સુંદર જ્યાં,
તરુણીગણ તુષ્યત હાસ્ય કરે;
પણ ધીરજ જ્ઞાનસુધારસને,
નિત ઝૂકત લાખ સલામ ભરે. ૨.

વઢવાણ શહેરમાં આજે જે શ્રીશાંતિનાથ ભગવાનના પ્રાસાદનાં દર્શન થાય છે, તેનું મંગલાચરણ પણ પૂજ્યશ્રીનાં ચાતુર્માસમાં જ થયું હતું અને તેનું મૂળ માર્ગદર્શન પૂજ્યશ્રીએ જ કરાવ્યું હતું. લીમડાનો ઉપાશ્રય જે બંધ રહેતો હતો, તેને લાભ મળવાની શરૂઆત પૂજ્યશ્રીનાં ચાતુર્માસમાં થઇ હતી.

ચાતુર્માસ પૂર્ણ થયે માગસર સુદિ ૬ ને દિને મુનિ શ્રી કનકવિજયજી (હાલ પંન્યાસજી)ના શિષ્ય મુનિશ્રી ચંદ્રપ્રભવિજયજીને પોતાના વરદ હસ્તે વડી દીક્ષા આપી. તે પછી પૂજ્યશ્રીએ સૌરાષ્ટ્રની હદ છોડી અને વીરમગામમાં પ્રવેશ કર્યો. ત્યાં અમારાં માતુશ્રીના સમાન-નામવાળા અને સમાન ધાર્મિક ભાવનાવાળા શ્રાવિકા મણિ-બ્હેને પાંચ છોડનું ઉજમણું કર્યું, સુંદર ઉત્સવ ઊજવ્યો ને પૂજ્યશ્રીના વરદ હસ્તે સં. ૧૯૯૮ ના માહ વદિ ૬ ના દિને દીક્ષા અંગીકાર કરી સાધ્વી વલ્લભશ્રીજીની શિષ્યા—

સાધ્વી **મહોદયાશ્રીજી** તરીકેનું સ્થાન પ્રાપ્ત કર્યું. અહીં પૂજ્યશ્રીએ શાસ્ત્રવાર્તાસમુચ્ચયાદિ જૈન ન્યાયગ્રંથો વાંચ્યા હતા. ત્યાંથી સાણંદ પધારતાં શ્રી ચીમનલાલ કેશવલાલ કડિયા, શ્રી ફૂલચંદ કાલિદાસ તથા શ્રી ચીમનલાલ ડાહ્યાભાઈ વગેરે દ્વારા અમદાવાદ પધારવાની વિનંતિ થઈ અને તેનો યથોચિત સ્વીકાર કરવામાં આવ્યો. અહીંની સ્થિરતામાં પૂજ્યશ્રીએ '**સપરિશિષ્ટ તત્ત્વતરંગિણી ટીકાનુવાદ**' તૈયાર કર્યો હતો

## ૩૧ – અમદાવાદમાં શાસનપ્રભાવના

વૈશાખમાં પૂજ્યશ્રી અમદાવાદ પધારતાં ભારે સામૈયું થયું હતું અને કાળુશીની પોળમાં સ્થિરતા થઈ હતી. અહીં મધુપ્રિય મધુકરોની જેમ શ્રાદ્ધસમુદાય વ્યાખ્યાન-માંથી ઝરતાં વચનપુષ્પોનો મકરંદ ચૂસી રહ્યો હતો અને તેથી એક જાતની મસ્તી માણી રહ્યો હતો. તેને ચાતુર્માસ પોતાને ત્યાં કરાવવાની પ્રબળ ભાવના હતી, પણ વચમાં શું ઘટના બની, તે પાઠકોએ જાણી લેવાની જરૂર છે.

પૂજ્ય ગચ્છાધિપતિ ઇચ્છતા હતા કે આપણા પૂજ્ય ઉપાધ્યાયજીનું ચાતુર્માસ તેમની સાથે ખંભાત થાય તો સારૂં, એટલે તેમનો એ પ્રકારનો સંદેશ આવ્યો. આપણા ઉપાધ્યાયજીની પણ એ જ તીવ્ર ઇચ્છા હતી. પણ કાળુશી-પોળના શ્રાદ્ધસમુદાયને એ પસંદ કેમ પડે ? એટલે તેના આગેવાનો ખંભાત ગયા અને કાળુશીની પોળના ચાતુર્માસ

માટે રજા મેળવી આવ્યા. પરંતુ હાથમાં રહેલું ફળ મુખમાં મૂકતાં અનેક ઘટનાઓ બની જાય છે, તેમ આ બાબતમાં પણ બન્યું.

મનસુખભાઈની પોળના નાકે શ્રી વિજયદાનસૂરિજ્ઞાનમંદિર તથા પૌષધશાળાનું ભોંયરા સાથેનું છ માળનું નવું ભવ્ય મકાન તૈયાર થયું હતું અને તેમાં પહેલું ચાતુર્માસ કરાવવા માટે સહુની નજર આપણા પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ પર ઠરી હતી. એટલે તેના ટ્રસ્ટી વગેરે ખંભાત ઉપડયા ને તે માટે પૂજ્ય ગચ્છાધિપતિની આજ્ઞા મેળવી લાવ્યા. ફલતઃ પૂજ્યશ્રીએ સં. ૧૯૯૮ના અષાડ સુદિ ૬ ના મંગલ દિને શ્રીભગવતીસૂત્રના ભારે વરઘોડા સાથે જ્ઞાનમંદિરમાં પ્રવેશ કર્યો અને તે જ મંગલદિનના મંગલમુહૂર્તથી કાળુશીની પોળના સ્વ. શા. શનાભાઈ હકમચંદનાં ધર્મપત્ની ધીરી બહેન તરફથી વ્યાખ્યાનમાં શ્રીભગવતીસૂત્રની અને ભાવનાધિકારે શ્રી ચંદ્રકેવલીચરિત્રની વાચના રખાઈ. તે અંગે વરઘોડા, પૂજા, પ્રભાવના ગહુંલી વગેરેનો સર્વ ખર્ચ તેમણે જ કર્યો હતો. અને શેઠ માણેકલાલ મનસુખભાઈના સુપુત્ર શેઠ રાજેન્દ્રકુમારના હાથે શ્રી ભ[illegible]ત્ર વહોરાવ્યું હતું, તેમજ સોનામહોરોથી પૂજન કર્યું હતુ[illegible] તેમનો ભરાવેલો સાચા મોતીનો મઢાવેલો સ્વસ્તિક આજે પણ જ્ઞાનમંદિરના વ્યાખ્યાનહોલમાં ચઢાવેલો શોભી રહ્યો છે, અને દરેક આગંતુકને તે ભવ્ય પ્રસંગની સુંદર યાદી આપી રહ્યો છે.

આ અનુપમ પ્રસંગનો ભાવ અમારાં મનમાં આ પ્રમાણે સ્ફુરે છે :

રાજનગર રળિયામણું, જૈનપુરી જયકાર;
બહુ મંદિર બહુ માળિયાં, કહેતાં નાવે પાર. ૧
કાળુપુરના કાંઠડે, ઊંચું જ્ઞાનાગાર;
ભવ્ય ભવનથી શોભતું, દુઃખ–દુરિત હરનાર. ૨
જંબુગુરુની જ્યોત અહીં, પ્રકટી પહેલી વાર;
શાસનની શોભા વધી, સજ્જનને સુખકાર. ૩
રોજ રોજ એ પીરસે, જ્ઞાનતણો રસથાળ;
આવે ઉલ્લાસે ઘણા, બૂઢ્ઢા ને વળી બાળ. ૪
ધીરજ આ ધરણી વિષે, રૂડું ધર્મ ને ધ્યાન;
જે આરાધે ભાવથી, તેનાં ગાઉં ગાન. ૫

સં. ૧૯૯૮ની સાલ એટલે ઇ. સ. ૧૯૪૨. તે વખતે 'કરેંગે યા મરેંગે' સત્યાગ્રહની લડત [illegible] જોશમાં હતી, છતાં પૂજ્યશ્રીની પીયૂષવાણીનું પાન કરવા અનેક નવયુવકો ઉપસ્થિત થતા હતા અને પોતાના પ્ર[illegible] સુંદર સમાધાન પામીને ધર્મમાર્ગમાં જોડાઈ જતા હતા.

આ વીશમા ચાતુર્માસનું વિહંગાવલોકન કરવું ઉચિત ગણાશે. એક બાજુ નવું ભવ્ય જ્ઞાનમંદિર અને તેમાં પૂજ્ય ઉપાધ્યાયજી જેવા સમર્થ વક્તા, બીજી બાજુ શ્રીભગવતી સૂત્ર જેવી સર્વાનુયોગી સર્વવિજ્ઞાનમયી સર્વશ્રેષ્ઠ વાણી, એટલે લોકોએ તેનો ઘણો જ સારો લાભ લીધો હતો.

## પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા

પર્યુષણ પર્વની આરાધના સુંદર થઇ હતી. બાદ આસો માસમાં ઓળીનું આરાધના કરાવ્યું હતું. એ વખતે

સમવસરણમાં પ્રભુની ચતુર્મુખ સિંહદેશના, આકાશગામી ધર્મચક્ર અને તેની સાથે હરણહરણીની સ્થાપનાનું રહસ્ય પૂજ્યશ્રીએ સમજાવ્યું હતું. આસો સુદ ૧૩ ના દિને શ્રી વિજયદાનસૂરિ પાઠશાળાની સ્થાપના કરાવી હતી. ઉપરાંત છઠ્ઠા કર્મગ્રંથના વિષયનો '**સિત્તરી–ચૂર્ણિ**' ગ્રંથ, જે ક્લિષ્ટ મનાતો હતો, તેનું સુવિશુદ્ધ સંપાદન કર્યું હતું. આસો વદિ અમાસને દિને અહીં પૂજ્યશ્રીએ ભગવતી સૂત્રમાં જીવને અવિરતિનિમિત્તક થતાં કર્મબંધનનું સ્વરૂપ સમજાવ્યું હતું, તેથી ઉલ્લસિત થઈને શ્રી ચીમનલાલ કડિયા આદિએ શ્રી સંઘને પોતાના અતીત ભવોમાં વોસિરાવ્યા વિના મૂકેલાં પુદ્‌ગલોને વોસિરાવવાની ક્રિયા કરાવવા માટે પૂજ્યશ્રીને વિનંતિ કરી. આથી પૂજ્યશ્રીએ એ વિધિનું સંયોજન કરીને શ્રી સંઘને અતીતપુદ્‌ગલાદિ વોસિરાવવાની ભવ્ય ક્રિયા કરાવી હતી. અત્રે કહેવું જોઈએ કે આવી સુંદર ક્રિયાની પહેલ પૂજ્યશ્રીએ પ્રથમ કરતાં એનું અનુકરણ બીજા સમુદાયોમાં પણ ઘણું સારું થયું છે અને હવે તો આવી ઉત્તમ ક્રિયાનો લાભ સાર્વત્રિક લેવાઈ રહ્યો છે. અહીં અમે એક બીજી વિશેષ ઘટનાની પણ નોંધ લેવા ઇચ્છીએ છીએ, કારણ કે તે આપણા ઉપાધ્યાયજીનાં વિશેષ સમર્પણનું એક સુંદર દૃષ્ટાંત પૂરું પાડે છે. સ્વ૦ પૂજ્ય પરમ ગુરુદેવે પૂ. મુનિપ્રવરશ્રી મંગળવિજયજીએ સંગ્રહિત કરેલો ભાવનગર-વડવાનો પુસ્તકભંડાર તેમની જ ખાસ વિનંતિથી આપણા પૂજ્ય ઉપાધ્યાયજીને સોંપ્યો હતો અને તે એમણે ડભોઈમાં સ્થાપ્યો હતો, પણ આ જ્ઞાનમંદિર તૈયાર થયું અને તેમાં

પ્રથમ સુંદર ગ્રંથસંગ્રહની જરૂર હતી, એટલે તેમણે એ આખો સંગ્રહ જ્ઞાનમંદિરને સોંપી દીધો. સમજણપૂર્વકના સમર્પણભાવ વિના આમ બનવું શકય નથી. આ રીતે જ્ઞાનમંદિરની પાટ જેમ તેમનાથી ચાલુ થઈ તેમ જ્ઞાનમંદિરનો વિશાળ જ્ઞાનભંડાર પણ તેમનાથી જ ચાલુ થયો. આજે એ જ્ઞાનભંડારમાં ૧૩૦૦૦ જેટલા મુદ્રિત પુસ્તકોનો સુંદર સંગ્રહ છે. તેમજ તેમાં સારી સારી જુની હસ્તલિખિત પ્રતિઓ પણ સંગ્રહાયેલી છે.

ચોમાસાના ચાર માસ પૂર્ણ થયે સાધુ મહાત્માઓ વિહાર કરે છે અને વિહાર કરવાના સંયોગો ન હોય તો ચાતુર્માસપરિવર્તન કરીને વિહારનો વિધિ સાચવે છે. આ વખતે તેમનાં પુનિત પગલાં પોતાને ત્યાં કરાવવા જુદા જુદા સંઘો તથા ભાવિકો વિનંતિ કરે છે, તેમાંથી જેની વિનંતિનો સ્વીકાર થાય તેને શાસનપ્રભાવના સાથે શ્રી ચતુર્વિધ પૂજાનો અદકો લાભ મળે છે. આ રીતે શેખના પાડાના શ્રીસંઘને આપણે ભાગ્યશાળી ગણવો જોઇએ, કારણ કે આપણા પૂજ્ય ઉપાધ્યાયજીએ તેમની વિનંતિનો સ્વીકાર કરીને શેખના પાડે પદાર્પણ કર્યું હતું. શ્રીસંઘે આ પ્રસંગને મંગલ માની ત્યાં સારી ધામધૂમ કરી હતી અને આત્મશુદ્ધિનો યજ્ઞ પણ આદર્યો હતો. ત્યાં વિશાળ મંડપમાં નંદીની સ્થાપના કરીને અનેક શ્રાવક-શ્રાવિકાઓએ અવિરતિની આહૂતિઓ આપી હતી અને સમ્યકત્વમૂલ-દ્વાદશવ્રત તથા બ્રહ્મચર્યાદિ ઉત્તમ વ્રતો-નિયમો ધારણ કર્યા હતા. પશ્ચાત્ પૂજ્યશ્રી ત્યાંથી જ્ઞાનમંદિરે પધાર્યા હતા.

# ૩૨ – સૂરિપદસમારોહ

આચાર્યપદ કે સૂરિપદ એ શ્રમણજીવનમાં સધાયેલી પ્રગતિનું સહુથી મોટું પાદચિહ્ન છે, કારણ કે તેથી ગચ્છનું નાયકપણું પ્રાપ્ત થાય છે. આ પદની જવાબદારીઓ પણ ઘણી મોટી છે. પોતાના હાથ નીચેના સાધુઓની સમભાવથી સારસંભાળ કરવી, તેમને પ્રમાદાદિ દોષોથી વારવા, જ્ઞાન–ધ્યાનાદિ માટે પ્રેરણા કરવી અને વારંવાર હિતશિક્ષા આપીને તેમનું સમર્પણ સફળ બનાવવું, ઉપરાંત જનતાને ધર્મમાર્ગે વાળવી અને શાસનમાં નાનાં મોટાં અનેક કાર્યો સંભાળવાં. આ જવાબદારી વહન કરવા માટે જ્ઞાન, અનુભવ, જાતિકુલસંપન્નતા આદિ અનેક ગુણો અપેક્ષિત છે, એનાથી આપણા પૂજ્યશ્રી સંપન્ન હતા, એમ કહેવામાં કશીજ અતિશયોક્તિ નથી.

## આચાર્યપદ આપવાનો નિર્ણય

ખંભાતમાં ચાતુર્માસ બિરાજમાન પૂજ્ય ગચ્છાધિપતિનાં દિલમાં આપણા શાસનપ્રભાવક પૂજ્ય ઉપાધ્યાયજીને આ પદ આપવાની ભાવના ઘણા વખતથી ઘોળાતી હતી. સં. ૧૯૯૫માં પૂ. આ. શ્રી વિજયક્ષમાભદ્રસૂરિજીની આચાર્યપદવી મુંબઈમાં થઈ, ત્યારે જ તેમને પદવીદાન કરવાનો પ્રયાસ થયેલો, કિન્તુ આપણા પૂજ્યશ્રી તે માટે નિસ્પૃહ હતા. એવામાં અહીં તેઓશ્રીની પાસે અભ્યાસ

કરતા મસુર ( મહારાષ્ટ્ર )ના એક બાલમુમુક્ષુ મનુભાઈને એક રાત્રે સ્વપ્ન આવ્યું કે અમદાવાદમાં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજને પૂજ્ય ગુરુદેવના વરદ હસ્તે સૂરિપદ સમર્પણ થયું અને મારી દીક્ષા થઈ. આ સ્વપ્ન બાલમુમુક્ષુએ પૂજ્ય ગચ્છાધિપતિને જણાવ્યું અને તેમણે મનમાં પાકો નિર્ણય કરી લીધો. જ્યોતિર્વિદ મુનિ શ્રી રત્નાકરવિજયજી પાસે સં. ૨૦૦૦નો વૈશાખ માસ આ માટે જોવડાવી પણ રાખ્યો હતો. ચાતુર્માસ બાદ તેઓશ્રી ખંભાતથી વિહાર કરી સપરિવાર અમદાવાદ પધાર્યા, ત્યારે હેમંતઋતુનો બીજો માસ ચાલતો હતો.

તેઓશ્રી રાજપુર પધાર્યા ( કે જે અમદાવાદનું એક પરું છે ) ત્યારે જ્ઞાનમંદિરમાંથી પૂજ્ય ઉપાધ્યાયજી વગેરે મુનિરાજો સત્કારાર્થે સામા ગયા હતા અને ત્યાં ભાવિકો તરફથી શ્રી ચિંતામણિપાર્શ્વનાથ-જિનાલયમાં ભાવપૂર્ણ પૂજા ભણાવવામાં આવી હતી. બાદ શુભ મુહૂર્તે સામૈયા-પૂર્વક તેઓશ્રીએ જ્ઞાનમંદિરમાં પ્રવેશ કર્યો હતો. પૂજ્ય આચાર્ય ભગવંતનો વિશાળ સમુદાય અહીં એકત્ર થયો હતો. આપણા ઉપાધ્યાયજીને આચાર્યપદ પ્રદાન કરવાનાં ચક્રો હવે વેગથી ગતિમાન થયાં હતાં.

## મુહૂર્ત નક્કી થયું

પૂજ્યપાદશ્રીનાં ફરમાનથી મુહૂર્તનો પરામર્શ થતાં જ્યોતિર્વિદ મુનિશ્રી કાંતિવિજયજીએ માહ સુદિ ૬ની લગ્નકુંડલી પસંદ કરી, તે સં. ૧૯૯૯ની જ હતી.

મુનિશ્રી રત્નાકરવિજયજી એમાં સંમત થયા, પછી મુનિશ્રી રૈવતવિજયજી કે જેઓ જ્યોતિષનો તાજો અભ્યાસ કરીને તૈયાર થયેલા હતા, તેમને પૂજ્ય ગચ્છાધિપતિએ આ કાઢેલા મુહૂર્ત્તના ગ્રહો સ્પષ્ટ કરવાની આજ્ઞા કરી. આથી ઉક્ત મુનિશ્રીએ લગ્નશુદ્ધિ-દિનશુદ્ધિ વગેરેના આગળપાછળના ઊંડા પરામર્શપૂર્વક **ફાગણ સુદિ ૩ નો** દિવસ સારો જણાતાં પૂજ્ય ગચ્છાધિપતિ આગળ રજૂ કર્યો. પૂજ્ય ગચ્છાધિપતિએ મુનિરાજ શ્રી કાંતિવિજયજી તથા રત્નાકરવિજયજી અને બીજા અન્ય જ્યોતિષીઓ પાસે તપાસ કરાવી. સરવાળે એ મુહૂર્ત સહુના એકમતે શ્રેષ્ઠ પુરવાર થયું. આથી મુનિશ્રી રૈવતવિજયજીએ કાઢેલું ચાલુ સાલનું ફાગણ સુદિ ૩ નું મુહૂર્ત નક્કી થયું અને મનુભાઈના સ્વપ્નને નજીકમાંજ સિદ્ધ થવાની તક સાંપડી.

## ધીરીબહેનની વિનંતિનો સ્વીકાર

હવે આ પદ ક્યાં આપવું ? તેની વિચારણા થવા લાગી. તે માટે ત્રણ સ્થાનો પસંદગી પામતાં હતાં : અમદાવાદ, ડભોઈ અને ખંભાત. એવામાં શ્રીભગવતીજી વંચાવવાનો ઉદાર લાભ લઈ રહેલાં ધીરી બહેનના કાને આ વાત આવી, એટલે તેમણે પૂજ્ય ગચ્છાધિપતિને વિનંતિ કરી કે 'કૃપાવંત થઈને આ લાભ અમદાવાદને જ આપો. તેના મહોત્સવનો સઘળો ખર્ચ કરવાની મારી ભાવના છે.' અમદાવાદ પ્રથમ પસંદગીમાં હતું, એટલે પૂજ્ય ગચ્છાધિપતિએ તે માટે સંમતિ આપી અને ધીરી-

બહેનનાં ધીર હૃદયમાં આનંદનો ઉછાળો આવી ગયો. પછી તેમણે કાળુશીની પોળના સંઘને વિનંતિ કરી કે 'આપ આજ્ઞા આપો તો પૂજ્ય ઉપાધ્યાય શ્રી જમ્બૂવિજયજી મહારાજને આચાર્યપદ આપવાનો મહોત્સવ આપણી પોળમાં કરું.' આવો લાભ લેવાની ભાવના કોને ન થાય? તેમાં યે કાળુશીની પોળ તો ધર્મીઓનું ધામ ગણાય, એટલે સંઘે અત્યંત પ્રસન્ન થઈને આજ્ઞા આપી અને મહોત્સવનું બધું કામ ઉપાડી લીધું.

## પૂજ્ય ગચ્છાધિપતિ વગેરેની પધરામણી

પોળના સંઘ તરફથી શેઠ મણિલાલ શનાભાઈની સહીવાળી કલામય કંકોતરીઓ બહાર પાડવામાં આવી અને તે દેશપરદેશ મોકલવામાં આવી. માહ વદિ ૧૦ ના શુભ દિવસે પૂજ્ય ગચ્છાધિપતિ વગેરે મુનિવરોની વાજતે ગાજતે પધરામણી કરવામાં આવી અને સુંદર રચનાઓ સહિત એક ભવ્ય મંડપ ઊભો કરી શ્રીસંભવજિનપ્રાસાદમાં શ્રીશાન્તિસ્નાત્ર–અષ્ટાહ્નિકા–મહોત્સવ પણ તેજ દિવસથી શરૂ કરવામાં આવ્યો. ભવતારક ભગવતીજીની તેમજ શ્રીચંદ્રકેવલીચરિત્રની વાચના પણ તેજ દિવસે પૂરી થઇ.

આ મહોત્સવમાં ભાગ લેવા માટે પૂજ્ય આચાર્યશ્રી વિજયક્ષમાભદ્રસૂરિજી આદિ ઘણા સાધુ–સાધ્વીઓ વિહાર કરીને અમદાવાદ આવ્યા હતા અને મુંબઈથી શેઠ જીવતલાલ પ્રતાપશી, શેઠ માણેકલાલ ચુનીલાલ, શેઠ રમણલાલ દલસુખભાઇ આદિ તથા ડભોઇથી પૂજ્ય ઉપાધ્યાયજીના

સંસારી માતુશ્રી મુક્તાબાઈ, વડીલભાઈ બાપુભાઈ તથા પાનાચંદ આદિ ઉપરાંત સુરત, ખંભાત, રાધનપુર, વીરમગામ, વડોદરા–સૌરાષ્ટ્ર મારવાડ–મહારાષ્ટ્ર માલવ વગેરે ઘણાં સ્થલેથી અનેક અગ્રગણ્ય શ્રાવક–શ્રાવિકાઓનો બહોળો સમુદાય ઉપસ્થિત થયો હતો.

બરાબર આ જ વખતે પૂજ્ય ઉપાધ્યાય શ્રી મનોહરવિજયજી મહારાજને આચાર્યપદવી આપવાનો ઉત્સવ પણ વિદ્યાશાળામાં મંડાયો હતો.

## તૈયારીઓ

હવે પ્રસ્તુત મહોત્સવ અંગે કાળુશીની પોળમાં કેવી તૈયારીઓ થઈ હતી, તેનું સામાન્ય નિરીક્ષણ કરી લઈએ. આ ઉત્સવ ઉજવવા માટે પોળના આબાલવૃદ્ધ જનોમાં અનેરો ઉત્સાહ પ્રકટી નીકળ્યો હતો, એટલે તેમણે આ કાલુશાહની કે કાલુશીની પોળને સુંદર રીતે શણગારી હતી. તેમાં ચંદનીઓ, બોર્ડો, ધ્વજાઓ, તોરણો બાંધી દીધા હતા અને વીજળીની રોશનીનો ભારે ઝગમગાટ કર્યો હતો. ઉપરાંત અનેક સુંદર રચનાઓ કરી હતી. પોળમાં પ્રવેશ કરતાં જ દુંદુભિમંડપ આવતો હતો. તેમાંથી બે શેરીઓ નીકળતી હતી, જેમાંની એક શેરીને સર્વવિરતિ અને બીજીને દેશવિરતિનું નામ આપવામાં આવ્યું હતું. સર્વવિરતિ શેરીના માર્ગે આગળ વધતાં મોક્ષદરવાજો આવતો હતો કે જેની અંદર સિદ્ધિરમાનું ક્રીડાંગણ, બે બાજુ અનુત્તર શોભતા સર્વાર્થસાધક મોક્ષ–

મહેલો અને તેની અંદર સર્વોચ્ચ તખ્ત ઉપર બિરાજતા અખિલ વિશ્વતારક મહા અભયદાતા શ્રીસંભવજિનેશાદિ લોકનાથો ખાસ દર્શનીય હતા. અહીં બીજી રચના વસ્તુપાળના દરબારની કરવામાં આવી હતી, તે પણ એટલીજ દર્શનીય હતી.

## સંગીતસાધન

આ મહોત્સવમાં ગાયક હીરાભાઈએ પોતાની સુંદર સંગીતકલાથી ભક્તિરસની ભારે જમાવટ કરી હતી અને ખંભાતની શ્રી આત્મ-કમલ-લબ્ધિ જૈન સંગીતમંડળીએ તેમાં સુંદર સાથ આપ્યો હતો, એટલે પૂજા તથા ભાવનામાં મોટી માનવમેદની જામતી હતી. સ્વર કે નાદમાં મનુષ્યોને મોહિત કરવાની શક્તિ તો છે જ, પણ તે પશુ-પક્ષીઓ તથા વનસ્પતિને પણ મોહિત કરી શકે છે, એટલે ઉત્સવ-મહોત્સવોમાં તેનું સ્થાન અનિવાર્ય બને છે.

## સૂરિપદપ્રદાન

અનુક્રમે ફાગણ સુદિ ત્રીજનો દિવસ આવી પહોંચ્યો, તે પોતાની સાથે આશા, ઉત્સાહ અને આનંદનું અનેરું વાતાવરણ લેતો આવ્યો હતો. દિશાઓ તેની સુભગતામાં સાથ આપી રહી હતી અને સમીરગણ પોતાની શીતલતા તથા મધુરતાથી તેની આહ્લાદકતાને ઉત્તેજી રહ્યો હતો.

મંડપમાં નંદિની (નાણની) સ્થાપના કરવામાં આવી હતી અને આજના પવિત્ર દૃશ્યથી પોતાનાં નયન-

ચિત્તને પાવન કરવા માટે શ્રાવક શ્રાવિકાઓનો મોટો સમુદાય ઉપસ્થિત થયો હતો. સાધુ તથા સાધ્વીઓની હાજરી પણ વિપુલ હતી. પૂજ્ય ગચ્છાધિપતિએ પાટ પર વિરાજી આપણા ઉપાધ્યાયજી જેઓ કાલગ્રહણની ક્રિયા વગેરે કરીને તૈયાર હતા, તેમને નાણની ક્રિયા કરાવી ઉત્તમ મીન લગ્ને ધન નવમાંશમાં સ્વવરદ હસ્તે આચાર્યપદનો વિધિપૂર્વક ન્યાસ કરી પોતાની પાટે આચાર્ય શ્રીવિજયજમ્બૂસૂરિજી તરીકે સ્થાપ્યા. પછી પ્રાચીન આચાર્યે નૂતન આચાર્યને હિતશિક્ષારૂપ દેશના આપી અને આચાર્યોની પરસ્પર વંદનવિધિ થઈ. જ્યારે નૂતન આચાર્યને વંદના થઇ ત્યારે તેમની મુખાકૃતિ ઉપર તરવરેલા સૌમ્ય ભાવને વર્ણવવા માટે અમારી પાસે શબ્દો નથી. પછી નૂતન આચાર્યે ગુરુસ્થાને વિરાજી સમયોચિત દેશના આપી અને સકલ સંઘે નૂતન આચાર્યને વંદન કરીને કાંબળીઓ ઓઢાડી ખૂબ શાસનભક્તિ કરી. આ પ્રસંગથી કોનાં હૃદયમાં આનંદની ઉર્મિઓ નહિ ઉઠી હોય?

એક મંગલપાઠકે આ અવસરને અનુલક્ષીને કહ્યું હતું કે—


ज्ञानं सद्दर्शनं सद् विरतिमधिगतः सत्तपा वीर्यशाली,
पञ्चाचारप्रधानः समितिसुकलितो गुप्तयोगः कृतज्ञः ।
अग्र्यः सङ्ख्यावतां यः स्वपरसमयविद् भावितात्मा जिताक्षः,
जम्बूराचार्यवर्य्यः स भवतु हितकृद् लब्धवर्णालिवन्द्यः ॥

'સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રના ધારક, સુંદર તપકર્તા, વીર્યવડે સુશોભિત, જ્ઞાનાચારાદિ પંચાચારના પાલક, ઈર્યાદિ સમિતિપંચકથી સમેત, મન આદિ યોગ-ત્રયીના ગોપક, કૃતજ્ઞ, પંડિતોમાં અગ્રેસર, સ્વ-પર-સમય-વેત્તા, ભાવનાશીલ, ઇન્દ્રિય વિષય–વાસનાના વિજેતા અને વિદ્વદ્વૃંદવંદનીય એવા શ્રી જમ્બૂસૂરીશ્વર ભવ્યોના હિતકારી બનો.'

અમે ઉપર ઉત્તમ લગ્નનો નિર્દેશ કર્યો છે, તેની પ્રતીતિ નીચેની કુંડલી પરથી થઈ શકશે.

## લગ્નકુંડલી

સં. ૧૯૯૯ના ફાગણ સુદિ ૩ ને મંગળવાર, રેવતી નક્ષત્ર, એ સિદ્ધિયોગ, ચોથો રવિયોગ.



અહીં લગ્નમાં પરાક્રમસ્થાનનો માલીક શુક્ર ઉચ્ચનો થઈને રહ્યો છે અને તેની સાથે જ્ઞાનેશ્વર ચંદ્રની યુતિ થયેલી છે. આ યોગને લગ્નેશ ગુરુ કેન્દ્રમાં રહીને કેન્દ્રદૃષ્ટિથી જોઈ રહ્યો છે, તેથી રાજયોગ બલવત્તર બન્યો છે. વળી ભાગ્યેશ મંગલ ઉચ્ચનો થઈ લાભ સ્થાનમાં રહ્યો છે, તે ધનભુવનનો પણ માલીક બન્યો છે. લગ્નેશ તથા કર્મેશ ગુરુ કેન્દ્રમાં સુખભુવનમાં પડેલો છે, શનિ ત્રીજા ઉપચય સ્થાનમાં રહેલ છે, તેના ઉપર ભાગ્યેશની ત્રિકોણદૃષ્ટિ છે. એકંદર આ કુંડલીમાં પડેલા ગ્રહોના યોગો ઘણા ઉત્તમ છે, તેથી આચાર્યપદવી બાદ તેઓશ્રીના હાથે શાસનનાં અનેક પ્રભાવાન્વિત કાર્યો થયાં છે અને હજી પણ ઘણાં થવાનો સંભવ છે.

## ઉપાધ્યાયપદવી તથા દીક્ષાદાન

આ સમયે પૂજ્ય આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરિજીના શિષ્ય પં. ભુવનવિજયજી ગણિને ઉપાધ્યાયપદ અર્પણ કરવામાં આવ્યું, મુનિશ્રી મિત્રાનંદવિજયજી કે જેનો ઉલ્લેખ અમે મસુરના બાલમુમુક્ષુ મનુભાઈ તરીકે કરી ગયા છીએ અને જેમને માહ સુદિ ૬ ના મંગલમુહૂર્તે દીક્ષા આપવામાં આવી હતી, તેમને વડી દીક્ષા આપવામાં આવી અને ડભોઈના શાહ વાડીલાલ ચુનીલાલના બાલ બ્રહ્મચારિણી પુત્રી ( બાપુભાઈની દૌહિત્રી ) રાજુલકુમારીને ભાગવતી દીક્ષા આપી પ્રવર્તિની સાધ્વી કલ્યાણશ્રીજી

ડભોઈવાળાના શિષ્યા સાધ્વી ધર્મશ્રીજી કરવામાં આવ્યા. બાદ શ્રીફળ-લાડુ વગેરેની પ્રભાવનાઓ થઈ.

## શાન્તિસ્નાત્રાદિ

બપોરે શાન્તિસ્નાત્ર ભણાવાયું તથા મહેમાનો અને પોળના નિખિલ સંઘનું સાધર્મિકવાત્સલ્ય કરાયું. આખા શહેરમાં પ્રત્યેક જિનમંદિરે પ્રભુજીને અંગરચના કરવામાં આવી. આ રીતે આ મહોત્સવ અમદાવાદના ધાર્મિક ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થયો.

પ્રિય પાઠકો ! આ ઉત્સવમાં ધીરી બહેને ધીરજ ઉપરાંત ઉદારતા પણ એવી દાખવી કે, આપણે તેમનું અભિવાદન કર્યા સિવાય રહી શકીએ નહિ. તેમણે આ ઉત્સવમાં પૂરા દશસહસ્ર (૧૦૦૦૦) નો સદ્વ્યય કર્યો હતો અને નૂતન આચાર્યશ્રીના સંસારી બંધુ બાપુભાઈ તથા પાનાચંદભાઈ એ આ શુભ પ્રસંગની યાદગીરીમાં શ્રી આર્ય જં. મુક્તાબાઈ જ્ઞાનમંદિરમાં એક હજારનું વધુ દાન કર્યું હતું અને એક હજાર પ્રભાવનામાં વાપર્યા હતા.

સંગીતકાર હીરાભાઈને શાલ તથા ચંદ્રક અને પાટણવાળા પંડિત અમૃતલાલ મોહનલાલને સોનાનો અછોડો તથા અન્ય અનેક સેવાભાવિઓ વગેરે સહુને શાલો વગેરેનાં યથોચિત પારિતોષકો આપવામાં આવ્યાં હતાં.

આ અનુપમ પ્રસંગને અક્ષરાંકિત કરતી '**સૂરિપદ સમારોહ**' નામની એક લઘુ પુસ્તિકા ગુર્વાષ્ટકો સાથે મુનિશ્રી વર્ધમાનવિજયજીદ્વારા સંગ્રહિત થઈ કાળુશીની

પોળના શ્રીપાર્શ્વચિંતામણિમંડળ તરફથી પ્રસિદ્ધ કરવામાં આવી હતી.

પ્રિય પાઠકો ! એ પવિત્ર પદની પ્રાપ્તિને આજે પંદર વર્ષ કરતાં પણ અધિક સમય વ્યતીત થઈ ગયો છે. છતાં ઘણાનાં મનમાંથી તેની સ્મૃતિ ભૂંસાઇ નથી. આ પંદર કરતાં અધિક વર્ષના ગાળામાં તેઓશ્રીનું જીવન સ્વ–પર–કલ્યાણકારી પ્રવૃત્તિમાં એક સરખું વહ્યું છે અને તેથી જૈન શાસનની જયપતાકા અનેક દેશોમાં ફરકવા પામી છે. એનો પરિચય પણ આપણે ક્રમશઃ મેળવી લઈએ.

## ૩૬ – માતાપુત્રીને દીક્ષા

રાધનપુરનિવાસી ધર્મપ્રિય મહાનુભાવ હરગોવન જીવરાજ મણિયારના બહેન જાસુદ પોતાની બાલબ્રહ્મચારિણી પુત્રી સાથે વિદુષી સાધ્વી રંજનશ્રીજી ( પાંજરાપોળવાળા સાધ્વી તિલકશ્રીજીના સમુદાયના ) પાસે દીક્ષા લેવાની ભાવનાવાળા હતા. તેમને પવિત્ર દીક્ષા દાન કરવા માટે આપણા નૂતન આચાર્યશ્રીને રાધનપુર મોકલવાની વિનંતિ કરવા તેઓ અમદાવાદ આવ્યા અને પૂજ્ય ગચ્છાધિપતિને તે બાબતની વિનંતિ કરી. તેઓશ્રીએ કૃપાવંત થઈને એ વિનંતિનો સ્વીકાર કરતાં પૂજ્યશ્રીએ કાળુશીની પોળમાંથી ફાગણ સુદિ ૧૦ના રોજ સ્વશિષ્યાદિ પરિવાર સાથે રાધનપુર ભણી વિહાર કર્યો. પ્રથમ દિવસે

જૈનદશાપોરવાડ સોસાયટીને પાવન કરી. ત્યાં શ્રી સંઘનો આગ્રહ થતાં સ્થિરતા કરી ચૈત્રી ઓળીનું સામુદાયિક આરાધન કરાવ્યું. પુનમને દિવસે શ્રી સિદ્ધગિરિજીનાં મોટાં દેવવંદન વંદાવ્યાં. આ વખતે જૈન સોસાયટીના પ્રમુખ શેઠ મણિલાલ સુરચંદ, સેક્રેટરી પ્રેમાભાઈ બાલાભાઈ તથા આશાભાઇ છગનલાલ વગેરેએ પૂજ્યશ્રીને ચાતુર્માસ માટે વિનંતિ કરી. અત્યાર સુધી જૈન સોસાયટીમાં સાધુઓનું ચાતુર્માસ થયું ન હતું, એટલે આ પ્રસંગ પહેલવહેલો હતો. તેનો પૂજ્ય ગચ્છાધિપતિની સંમતિથી સ્વીકાર કર્યો અને ચાતુર્માસની જય બોલાઈ.

ચાતકપક્ષી વર્ષાનાં પ્રથમ જલબિંદુ માટે જેવી આતુરતા સેવે છે, તેવીજ આતુરતા રાધનપુરવાસીઓ પૂજ્યશ્રીનાં દર્શન માટે સેવી રહ્યા હતા, કારણ કે અત્યાર સુધી તેમને એ સૌભાગ્ય પ્રાપ્ત થયું ન હતું. તેથી વૈશાખ સુદિ ૨ ના માંગલિક દિને પૂજ્યશ્રી રાધનપુર પધાર્યા ત્યારે આબાલવૃદ્ધજનતા હર્ષઘેલી બની દૂર સુધી સામી આવી હતી અને શ્રી હરગોવન મણિયારે ભવ્ય સામૈયું કર્યું હતું. આયંબિલખાતાનાં પ્રતાપભવનમાં માંગલિક સંભળાવીને પૂજ્યશ્રીએ તંબોલી શેરીના ઉપાશ્રયમાં સ્થિરતા કરી હતી. આ વિહારમાં પૂજ્યશ્રીથી ધર્મભાવિત થયેલા શેઠ કેશવલાલ મૂળચંદ, પોતાની વૃદ્ધ ઉંમરે પણ, ઠેક અમદાવાદથી સાથેજ પગે ચાલતા આવ્યા હતા.

દીક્ષાનિમિત્તે જાસુદબહેન તરફથી ઉત્સવ મંડાયો હતો અને શાંતિસ્નાત્ર ભણાવાયું હતું. વૈશાખ સુદિ ૧૧

ના દિવસે માતાપુત્રી ઉભયને પૂજ્યશ્રીના વરદ હસ્તે દીક્ષાદાન થયું હતું અને તેમને વિદુષી સાધ્વી રંજનશ્રીજીની શિષ્યા સાધ્વી પ્રિયંકરાશ્રીજી તથા તેમની શિષ્યા નિરંજનાશ્રીજી તરીકે સ્થાપવામાં આવ્યા હતા. આ સમયે શ્રી વૃદ્ધિલાલ વાડીલાલ કે જેમના ભાઈ ચંપકલાલે પાછળથી પૂજ્યશ્રી પાસે દીક્ષા લીધી હતી તેમણે અને બીજા ભાગ્યશાળીઓએ સજોડે ચતુર્થવ્રત વગેરે ઉચ્ચર્યાં હતાં. ખરેખર—

રાધનપુર રૂડું અતિ, ધનવાનોનું ધામ;
દાનદયાના દીવડા, જ્યાં પ્રકટે અભિરામ. ૧
જૈનપુરી એ જશભરી, ભવિયણનો ભંડાર;
રૈવતઆદિ મુનિવરો, જ્યાંથી આવ્યા બહાર. ૨
ધન્ય કુલ મણિયારનું, ધર્મભાવ ભરપૂર;
જીવરાજના સુત જુઓ, હરગોવન અતિ શૂર. ૩
તસ ભગિની જાસુદનાં, કરીએ શાં વખાણ?
પુત્રી સહ દીક્ષાગ્રહી, માની જિનવર આણ. ૪
આગળ પણ હજી આવશે, આ કુલનો મહિમા ય;
ધીરજ તો પૂજે સદા, ગુણીજન કેરા પાય. ૫

અહીં પૂજ્યશ્રીને ચાતુર્માસ કરવા માટે ઘણી આગ્રહ ભરી વિનંતિ થઈ અને આગેવાનો અમદાવાદ જઈ આવ્યા પણ અસાધારણ કારણ સિવાય બોલાયેલી જય શી રીતે ફરે? એટલે તે લાભ એમને મળી શક્યો નહિ. નિયત દિવસે પૂજ્યશ્રીનો રાજનગર ભણી વિહાર થયો.

## ૩૪ – જૈન સોસાયટીમાં જયજયકાર

ભોંયણી પધારતાં શેઠ મણિલાલ સુરચંદ આદિ જૈન સોસાયટીના ગૃહસ્થો વંદન કરવા આવ્યા હતા. તેમને સોસાયટીમાં પોતાનાં બંધાવેલાં દહેરાસરમાં મૂળનાયક શ્રીપાર્શ્વનાથ પ્રભુનો પ્રવેશ કરાવવો હતો. તેનું મુહૂર્ત પૂછતાં મુનિશ્રી રૈવતવિજયજીએ અષાડ સુદિ ૨ નો દિવસ ઉત્તમ જણાવ્યો હતો. પૂજ્યશ્રીનો ચાતુર્માસ–પ્રવેશ પણ તે જ દિવસે હતો. આ રીતે દેવ અને ગુરુ બંને અષાડ સુદિ ૨ ના દિવસે ભવ્ય સામૈયા સાથે જૈન સોસાયટીમાં પ્રવેશ પામ્યા. જ્યાં દેવ અને ગુરુની વિદ્યમાનતા હોય ત્યાં ધર્મ તો ધસમસતો આવે છે. આ વાતની વિશેષ પ્રતીતિ આપણને પૂજ્યશ્રીનું આ બાવીશમું ચાતુર્માસ કરાવશે.

અહીં સૂત્રાધિકારે શ્રી આચારાંગસૂત્ર તથા ભાવનાધિકારે શ્રી પાર્શ્વનાથચરિત્ર વાંચવા માંડયું અને તે પર પૂજ્ય-શ્રીનાં પ્રભાવશાળી પ્રવચનો થવા લાગ્યાં. તેણે સોસાયટીનાં એશઆરામી જીવનમાં વ્રત, નિયમ અને ત્યાગની ભાવના દાખલ કરી દીધી તથા શાસ્ત્રશ્રવણ, શાસ્ત્રાભ્યાસ અને સત્સંગની લગની લગાડી દીધી. શ્રી આશાભાઈ છગનલાલ પૂજ્યશ્રી પાસે લોકપ્રકાશ વાંચતા હતા. શેઠ ચંદ્રકાન્ત બકુભાઇ તથા સુધાકર મનસુખરામ આદિ ધર્મબિન્દુની

ધારણા કરતા હતા. બીજા પણ અનેક મુમુક્ષુઓ ઉપસ્થિત થઈને વિવિધ પ્રશ્નો કરતા હતા અને તેનું સુંદર સમાધાન પામી સદ્ધર્મમાં શ્રધાન્વિત થતા હતા.

આ સ્થળે એક પાઠક પશ્ન કરે છે કે 'અહીં દેવની વિદ્યમાનતા કયાં હતી ? આ બધો તો ગુરુગુણનો મહિમા છે.' અમે તેમને કહીએ છીએ કે–આજે અરિહંત દેવ ભલે સ્વદેહે વિદ્યમાન ન હોય પણ અક્ષરદેહે વિદ્યમાન છે અને નામ તથા સ્થાપના વડે મંદિરોમાં વિરાજે છે. તેમની અનન્ય ઉપાસનાથી જ ગુરુમાં ગુણો પ્રકટે છે અને તે આપણામાં ગુણધર્મ પ્રકટાવે છે. એટલે 'દેવ અને ગુરુની વિદ્યમાનતા હોય ત્યાં ધર્મ તો ધસમસતો આવે છે.' એ અમારું વિધાન યથાર્થ ઠરે છે.

પર્યુષણ પર્વ આવતાં તપનું તેજ ઝળકી ઉઠયું હતું. રાધનપુરનિવાસી શકરચંદભાઈએ માસક્ષમણની તપશ્ચર્યા કરી હતી અને મુનિશ્રી રૈવતવિજયજીએ ૨૦ ઉપવાસની ભાવના સફળ કરી હતી. અટ્ઠાઈઓ વગેરેના આંકડા અંગુલિઓના પર્વને ઓળંગી ગયા હતા. અરુણસોસાટીમાં શેઠ રતિલાલ કેશવલાલ (કેશવલાલ મૂલચંદવાળા)ના ધર્મપત્ની મંજુલા બહેને અટ્ઠાઈની તપસ્યા કરી હતી. તે નિમિત્તે તેમણે પૂજ્યશ્રીને પોતાના બંગલે નિમંત્રી ત્રણ દિવસનો ઉત્સવ ઉજવ્યો હતો.

આ રીતે પૂજ્યશ્રીના ચાતુર્માસથી જૈન સોસાયટીમાં જયજયકાર થયો હતો. ઘણા ભાવિકોએ નાણ મંડાવીને ચતુર્થવ્રત વગેરે ઉચ્ચાર્યાં હતાં. તેઓશ્રીએ વાવેલા આ

બીજના પ્રતાપે ત્યાર પછી ત્યાં અન્યાન્ય સાધુ મહારાજોનાં ચાતુર્માસ આજ દિન સુધી થયા જ કરે છે. પ્રાચ્ય વિદ્યા-ભવન સ્થાપવાની વિચારધારા પણ આ ચોમાસામાં જ ઉત્પન્ન થયેલી તે પાછળથી ફળીભૂત થઈ હતી.

### રૂ. ૬૦૦૦૦ ની માતબર ટીપ

ચાતુર્માસ પરિવર્તનનો લાભ અરુણ સોસાયટીવાળા શેઠ સુધાકર મનસુખરામે લીધો હતો. બાદ સોસાયટી–સંઘનો વધુ રોકાવાનો આગ્રહ થતાં ત્યાં થોડા દિવસની સ્થિરતા થઈ હતી. તે વખતે પૂજ્યશ્રીના ઉપદેશથી શ્રી વિશ્વનંદિકર વાસુપૂજ્યવિહાર નિર્માણ કરવાનું નક્કી થયું હતું. મીસ્ત્રી ભગવાનદાસે તેના માર્ગદર્શક નકશાઓ વગેરે તૈયાર કર્યા હતા અને તે અંગે માત્ર નવ બંગલાઓમાંથી તત્કાળ રૂા. ૬૦૦૦૦ ની માતબર ટીપ થઈ હતી.

## ૩૫–રાજકોટમાં અંજનશલાકાપ્રતિષ્ઠામહોત્સવ

એવામાં શ્રી છોટાલાલ હેમચંદ વગેરેની નૂતન ભરાવેલાં જિનબિંબોની અંજનશલાકા–પ્રતિષ્ઠાનિમિતે રાજકોટ પધારવાની વિનંતિ થતાં પૂજ્ય ગચ્છાધિપતિએ તેનો સ્વીકાર કર્યો હતો અને આપણા આચાર્યશ્રીને પણ સાથે ચાલવાનો આદેશ આપ્યો હતો. તેથી સં ૨૦૦૦ ના માગશર વદિ ૧૦ના રોજ સૌરાષ્ટ્ર ભણી વિહાર થયો હતો.

વિહારમાં માણેકપુર આવતાં પૂજ્યશ્રીનાં વ્યાખ્યાનથી પ્રતિબોધ પામી માણેકપુરના ઠાકોર સાહેબે શિકાર વગેરે જીવહિંસાનો ત્યાગ કર્યો હતો. ત્યાંથી માણસા, વિજાપુર વગેરેને લાભ આપી વડાલામાં પૂ. આ. ભ. શ્રી વિજયલબ્ધિ-સૂરિજી મ. બિરાજમાન હતા, તેમને ખાસ વંદન કરવા માટે પૂજ્ય ગચ્છાધિપતિઆદિ સમુદાય સાથે ત્યાં પધાર્યા હતા. પછી તારંગાજી આદિની યાત્રાઓ કરી મહા વદિ બીજે રાજ-કોટમાં ભારે સામૈયા સાથે પ્રવેશ કર્યો હતો.

ફાગણ સુદિ ૩ ની અંજનશલાકા તથા સૂદિ ૪ ની પ્રતિષ્ઠા પૂજ્ય ગચ્છાધિપતિ, પૂજ્ય આચાર્યશ્રી વિજય-રામચંદ્રસૂરિજી તથા આપણા આચાર્યશ્રીના વરૂદ હસ્તે ૬૦ ઠાણા સહિત ચતુર્વિધ સંઘની વિશાળ હાજરીમાં ભારે ધામધૂમથી થઈ હતી. તે નિમિત્તે પંદર દિવસ સુધી પ્રભુનાં પંચકલ્યાણક વગેરે ઉજવણીના ઉત્સવો અતિ ઉલ્લાસથી ઉજવાયા હતા. આ અંજનશાલકામાં ૨૫૦ પ્રતિમાજી પર અંજનનો વિધિ કરવામાં આવ્યો હતો.

## ચાતુર્માસનિર્ણય

ગતવર્ષે રાધનપુર સંઘની ચાતુર્માસ કરાવવાની ભાવના સફળ થઈ ન હતી, તેથી આ વખતે તેણે રાજકોટ આવી પોતાની વિનંતિ તાજી કરી અને તેનાં સમર્થનમાં અનેક દલીલો આગળ ધરી. તેનો પૂજ્ય ગચ્છાધિપતિની આજ્ઞાથી સ્વીકાર થતાં રાધનપુર ચાતુર્માસની જય બોલાઈ. અહીં અમને પેલી પ્રસિદ્ધ પંક્તિઓ યાદ આવે છે કે—

उद्यमेन हि सिध्यन्ति, कार्याणि न मनोरथैः।
न हि सुप्तस्य सिंहस्य, मुखे प्रविशन्ति मृगाः ॥

—કાર્યો ઉદ્યમથી જ–પ્રયત્નથી જ સિદ્ધ થાય છે, નહિ કે મનોરથોથી. સિંહ અત્યંત પરાક્રમી હોવા છતાં તે સૂઈ રહેતો હોય તો મૃગો આવીને તેનાં મુખમાં થોડા જ પડે છે? અર્થાત્ નથી પડતા.

## ૩૬ – અમદાવાદના પુણ્યપ્રસંગો

રાજકોટથી જામનગર વગેરેની યાત્રા કરીને પૂજ્યશ્રી અમદાવાદ પધાર્યા ને જ્ઞાનમંદિરમાં વિરાજ્યા, કારણકે અહીં પુણ્ય પ્રસંગો ઉપસ્થિત થયા હતા. તેમાંનો એક પ્રસંગ મુમુક્ષુને દીક્ષાદાનનો હતો અને બીજો પ્રસંગ જિન-મંદિરની શિલારોપણવિધિનો હતો. મૂળ રાજપુરના રહીશ પણ હાલ અમદાવાદમાં રહેતા બાલબ્રહ્મચારી શ્રી જયંતિલાલ મોહનલાલ સં. ૧૯૯૮ ના ચાતુર્માસમાં પૂજ્યશ્રીના સમાગમમાં આવ્યા હતા અને ત્યારથી સંસાર પર નિર્વેદ પામ્યા હતા. હવે તેમને દીક્ષા લેવાની ભાવના થઇ હતી અને તે માટે વૈશાખ સુદિ ૭ નો દિન નક્કી થયો હતો. તે માટે તેમના વડીલ બંધુ ડાહ્યાલાલે શેખના પાડે પાંચ દિવસનો મહોત્સવ માંડયો હતો. અરુણ સોસાયટીમાં નૂતન જિનમંદિરનો શિલારોપણવિધિ પણ તેજ મંગલદિને

નક્કી થયો હતો. પૂજ્યશ્રીના વરદ હસ્તે આ ઉભય પ્રસંગો કેવી રીતે પ્રતિષ્ઠા પામ્યા, તે આપણે જોઈ લઈએ.

વૈશાખ સુદિ ૭ નું પુનિત પ્રભાત ઉદય પામ્યું ત્યારે પૂજ્યશ્રીની ઉપસ્થિતિ અરુણ સોસાયટીમાં હતી. શ્રાવકોએ આમંત્રણો પાઠવીને ભારે સામૈયું ઉજવ્યું હતું. પોતાને આંગણે એક નૂતન જિનમંદિરનું નિર્માણ થાય અને તેનો શિલારોપણવિધિ એક આગમપ્રજ્ઞ આચાર્યશ્રીની પુણ્ય-નિશ્રામાં થાય એ શું ઓછા આનંદની વાત ગણાય? વૃષભ લગ્નના વૃષભ નવમાંશમાં ઉક્ત મંદિરનો શિલારોપણવિધિ શેઠ બકુભાઈના હસ્તે પૂજ્યશ્રીના વાસક્ષેપ પૂર્વક સારી રીતે થયો. ત્યારથી એ સોસાયટીમાં મંગલમાલા ઉત્તરોત્તર વિસ્તરતી જ રહી છે. ક્રિયાકારક ભાઈ કાન્તિલાલ સવચંદ હતા. ત્યાંથી જ્ઞાનમંદિરે પધારી દીક્ષાદાનનો વિધિ પોતાના વરદ હસ્તે કરાવ્યો અને મિથુન લગ્નના મીન નવમાંશે મુમુક્ષુ જયંતિભાઈને ભાગવતી દીક્ષા આપી **મુનિશ્રી નિત્યાનંદવિજયજી** તરીકે પોતાના શિષ્ય કર્યા. સંયમને વિષે પુરુષાર્થનો ઉલ્લાસ કરવો ખરેખર! ઘણો દુર્લભ છે, પણ સત્ત્વશાળી પુરુષોને આ જગત્‌માં કંઈજ અશક્ય નથી. દીક્ષાના આ પુણ્ય પ્રસંગે ધાર્મિક વર્ગમાં અનેરો ઉત્સાહ પ્રેર્યા હતો અને તેથી કેંકની સંસારશૃંખલાઓ ઢીલી પડી ગઈ હતી. બાદ ત્યાંથી રાધનપુર–ચાતુર્માસ માટે સ્વશિષ્યાદિ પરિવાર સાથે વિહાર કર્યો હતો.

## ૩૭ – રાધનપુર અને આસપાસ

શ્રી શંખેશ્વરજીની યાત્રા કરીને જેઠ સુદિ ૧૦ ના શુભ દિને ચાતુર્માસાર્થે રાધનપુર પધારતાં શ્રીસંઘનું હૈયું હર્ષથી ઉભરાઈ ગયું હતું અને તેણે સ્વાગતાદિ સર્વ ક્રિયાઓ સમુચિત વિધિથી કરી હતી.

અષાડ સુદિ ૧ ના દિવસે સુરેન્દ્રનગરમાં (તે વખતના વઢવાણ કેમ્પમાં) પૂજ્ય આચાર્યશ્રી વિજયક્ષમાભદ્રસૂરિજી કાલધર્મ પામ્યાના ખબર મળતાં સકલ સંઘે પૂજ્યશ્રીની નિશ્રામાં દેવવંદન કર્યું હતું અને તે નિમિત્તે શ્રીચિંતામણિ પાર્શ્વનાથ જિનમંદિરમાં મહોત્સવ કર્યો હતો.

અહીં શેઠ નરોત્તમ મનસુખરામ મોરખિયા આદિના આગ્રહથી પૂજ્યશ્રીએ વ્યાખ્યાનમાં શ્રીભગવતીજીસૂત્ર તથા સમરાદિત્યકથા સંભળાવ્યાં હતાં, સાધુઓને શ્રીઉત્તરાધ્યયનઆદિ સૂત્રોના યોગ વહેવડાવ્યા હતા અને **ષડ્દર્શન મૂળ** ઉપરની **શ્રીવિદ્યાતિલક સૂરિજીની સંસ્કૃત ટીકાનું** સુંદર સંપાદન કર્યું હતું. આ પુસ્તક આજે પાઠ્ય પુસ્તક તરીકે સાધુઓ આદિ સહુમાં બહુ જ આદરપાત્ર બન્યું છે. એની મૂલ પ્રતિ મુનિશ્રી રૈવતવિજયજીએ તંબોલી શેરીમાં પરઠવવા માટે રાખેલાં પાનાંમાંથી શોધી કાઢી હતી.

અહીં પૂજ્યશ્રીની પ્રેરણાથી નમસ્કારમંત્રનો તપ થતાં ઘણા ભાઈબહેનોએ લાભ લીધો હતો અને પૂજ્ય મુનિરાજશ્રી રૈવતવિજયજીએ આ સંસારી જન્મભૂમિ હોઈ તપની વિશિષ્ટ આરાધના નિમિત્તે પોતાના ૩૪ વર્ષની સંખ્યા-સૂચક ૩૪ ઉપવાસ કર્યા હતા. શ્રાવણ વદિ ૪ થી અક્ષય-નિધિ તપ શરૂ થયો હતો. તે વખતે રેશનીંગ ચાલતું હોવાથી વસ્તુઓ પૂરતા પ્રમાણમાં મળતી ન હતી, છતાં હમેશની ટોળીઓનો લાભ લેવાયો હતો. ૧૬-૧૫-૧૨-૧૦-૮ આદિ તપશ્ચર્યાઓ વિપુલ પ્રમાણમાં થઇ હતી. એમાં મુનિશ્રી રૈવતવિજયજીનાં સંસારી બહેન ચંદને પોતાની નરમ તબીયત-માં પણ ઉત્સાહથી અઠ્ઠાઈનો તપ કર્યો હતો. તે નિમિત્તે પર્યુષણ બાદ અષ્ટાહ્નિકામહોત્સવ, અષ્ટોત્તરી મહાસ્નાત્ર, પ્રભુની રથયાત્રા, નવકારશી આદિ અનેક કાર્યો શાહ હિંમત-લાલ ભુરાલાલ, સંઘવી ગુણચંદ ઇચ્છાચંદ, શ્રીનરોત્તમભાઈ મોરખિયા આદિ શ્રીસંઘ તરફથી થયાં હતાં. વળી પૂજ્યશ્રીના ઉપદેશથી ચૈત્યપરિપાટી સાત દિવસ સુધી વાજતે ગાજતે થઈ હતી. તેમાં પોળે પોળે વ્યાખ્યાન, પૂજા, પ્રભાવનાદિનો લાભ પણ સારી રીતે લેવાયો હતો.

## ઉપધાન

બેડા (મારવાડ) નિવાસી શ્રી લાલચંદ રાજમલને ઉપધાન તપ કરાવવાની ભાવના થતાં શેઠ હરગોવનદાસ મણિયારની પ્રેરણાથી તેમણે રાધનપુર આવી પૂજ્ય આચાર્યશ્રીને વિનંતિ કરી હતી અને તેનો સ્વીકાર થતાં આસો વદિ ૭ થી ઉપધાન

તપની આરાધના શરૂ થઈ હતી. તેમાં ૧૫૦ ભાઈબહેનોએ જોડાવાનો લાભ લીધો હતો.

ચોમાસું પરિવર્તન કરાવવાનો લાભ ઠસાડિયા હિંમતલાલ ભુરાલાલ તરફથી લેવાયો હતો.

માગસર સુદિ ૫ ના દિવસે ઉપધાનતપની આરાધના કરનાર તપસ્વીઓને માલા પહેરાવવાનો મંગલવિધિ થયો હતો. તે નિમિત્તે શ્રી લાલચંદજી તરફથી અષ્ટોત્તરી સ્નાત્ર તથા અષ્ટાહ્નિકામહોત્સવ થયો હતો અને ઘર દીઠ એક શેર લાડુની લહાણી કરવામાં આવી હતી.

## ભાગવતી દીક્ષાઓ

આ મંગલમાલાના મેરુ સમાન દીક્ષાનો પ્રસંગ પણ રાધનપુરનાં આંગણે ઉપસ્થિત થયો હતો અને તેની ધર્મકીર્તિમાં વધારો કરી ગયો હતો. રાધનપુરનિવાસી ચંપકલાલ વાડીલાલે સં. ૧૯૯૯માં પૂજ્યશ્રી પાસે ચતુર્થ-વ્રત ગ્રહણ કર્યું હતું અને હવે તેમની ભાવના સિદ્ધિ-માર્ગને સરળ બનાવનાર સર્વવિરતિના સમ્યક્ પથે વિચર-વાની હતી, તેથી તેમના વડીલ બંધુ વૃદ્ધિલાલે તેમને દીક્ષા આપવાનું મુહૂર્ત જોવડાવ્યું હતું. વળી ડભોઈના રહીશ શ્રીમાન્ હીરાલાલ મોતીલાલને પણ હવે દિવ્યતાનું દર્શન કરાવનારી ભવતારિણી ભાગવતી દીક્ષા ગ્રહણ કરવાની ભાવના થઈ હતી. આ હીરાભાઈ આપણા આચાર્યશ્રીના સંસારી બનેવી થાય કે જેમણે પોતાના તેર વર્ષના પુત્ર વાડીલાલને સં. ૧૯૮૪માં રાજીખુશીથી દીક્ષા અપાવી

મુનિશ્રી વર્ધમાનવિજયજી કર્યા હતા અને સં. ૧૯૮૬માં બીજા પુત્ર ચીમનલાલને દિલચમન વરઘોડો ચડાવી મુનિશ્રી ચિદાનંદવિજયજી કર્યા હતા તથા સં. ૧૯૯૫માં પોતાનાં ધર્મપત્ની રાધિકાબહેનને પણ એ પવિત્ર પંથે પ્રયાણ કરવાની પરવાનગી આપી સાધ્વી રંજનશ્રીજી કર્યાં હતાં, તેમજ વડોદરા રાજ્યે બાલસંન્યાસદીક્ષા પર પ્રતિબંધ મૂકવાનો ધારો ઘડવાની તૈયારી કરી ત્યારે બાલદીક્ષાની તરફેણમાં સચોટ નિવેદન કરી આવનાર વીર-નર પણ તેઓ જ હતા. આ પરથી પાઠકો તેમની અડગ ધર્મધગશનો પરિચય સારી રીતે મેળવી શકશે. આવા બે પુણ્યાત્માઓ પોતાને આંગણે દીક્ષા લેવા તત્પર થાય એનો રાધનપુરવાસીઓ પોતાનું અહોભાગ્ય કેમ ન સમજે ? તેમણે આ બંને મુમુક્ષુઓને પોતાને ત્યાં નિમંત્રી વાયણાં કરાવ્યાં હતાં અને જાહેર સમારંભો કરી માનપત્રો અર્પ્યાં હતાં.

માગશર સુદિ ૧૦ના મંગલ દિવસે ચતુર્વિધ સંઘ સમક્ષ તેમનો દીક્ષાવિધિ થયો હતો. તેમાં હીરાભાઈનું નામ મુનિશ્રી પ્રિયંકરવિજયજી અને ચંપકલાલનું નામ મુનિશ્રી દેવભદ્રવિજયજી રાખી બંનેને પૂજ્ય આચાર્યશ્રીના શિષ્યો કરવામાં આવ્યા હતા.

અહીં અમારો મનોભાવ પદ્યમાં પરિણમે છે, તેથી તેને અક્ષરાંકિત કરીશું:

સહસ્ર બેની સાલમાં, રૂડું ચાતુર્માસ;
જંબૂસૂરિ જશ વધ્યો, પૂગી રૈવત આશ. ૧
વ્રત-નિયમો ઉપન્યા ઘણા, તપસ્યાનો નહિ પાર;
મગસર સુદિ દશમી દિને, દીક્ષાનો જયકાર. ૨
હોંશે હીરાભાઈએ, લીધો સંયમભાર;
મુનિવર પ્રિયંકર થયા, વંદું વારંવાર. ૩
ચોથાએ ચડિયા ઘણા, ચંપક આદિ લોક;
દેવભદ્ર મુનિરાયને, વંદે ધીરજ થોક. ૪

## શ્રી ભીલડીયાજીનો છ–રી પાળતો સંઘ

જૈન શાસનમાં ભાવનાનું મૂલ્ય કેટલું બધું અંકાયું છે? તેને ભાવનાશિની કહેવામાં આવી છે, કારણકે સર્વ સત્પ્રવૃત્તિનું મૂળ તેમાંજ રહેલું છે.

રાધનપુરનિવાસી વારૈયા જીવાભાઈ દેવશીનાં ધર્મપત્ની મણિબહેનને છ–રી પાળતા ચતુર્વિધ સંઘ સાથે શ્રી ભીલડીયાજી તીર્થની યાત્રા કરવાની ભાવના થતાં આચાર્યશ્રીને વિનંતિ કરી. તે વિનંતિનો સ્વીકાર કરીને પૂજ્યશ્રીએ ચતુર્વિધ સંઘ સાથે માગશર વદિ ૧૩ના દિવસે રાધનપુરથી વિહાર કર્યો. પૂજ્યશ્રીની નિશ્રામાં શ્રીચતુર્વિધ સંઘ વાજતે ગાજતે નાનપરા, ઉન, થરા વગેરેની સ્પર્શના કરીને પોષ સુદિ આઠમે શ્રી ભીલડીયાજી તીર્થે પહોંચ્યો. દરેક સ્થળે સંઘનો સુંદર સત્કાર થયો હતો અને શ્રી ભીલડીયાજી તીર્થમાં પેઢી તરફથી સામૈયું કરવામાં આવ્યું હતું. ત્યાં ત્રણ દિવસની

સ્થિરતા થઈ હતી. સંઘવણ બહેને પૂજાપ્રભાવનાદિ તીર્થ-ભક્તિનો સારો લાભ લીધો હતો. આ સંઘમાં સો માણસ સામેલ હતું.

જૂના સમયમાં આ સ્થાન ભીમપલ્લી તરીકે ઓળખાતું હતું અને તે બાર કોસના ઘેરાવામાં ફેલાયેલું હતું. તેમાં સવાસો શિખરબંધ જિનમંદિરો હતાં અને શ્રુતના અતિશય-વાળા બહુશ્રુત આચાર્ય સોમપ્રભસૂરીશ્વરજી ચાતુર્માસ રહ્યા હતા. તે વખતે કાર્તિક માસ બે હતા. સૂરિવરને પોતાના જ્ઞાનબળથી ખબર પડી કે બીજા કાર્તિક માસમાં આ નગરીનો નાશ થશે, એટલે ચોમાસું બીજા કાર્તિકમાં પૂરું થાય છતાં તેઓ પ્રથમ કાર્તિકમાં ચાતુર્માસ પૂર્ણ કરી અન્યત્ર વિહાર કરી ગયા. સાથે ઘણા શ્રાવકકુટુંબો પણ ચાલ્યા ગયા. તેઓ જે સ્થળે રહ્યા તે રાધનપુર કહેવાયું. પછી એ નગરીનો નાશ થયો. આજે પણ તેની આજુબાજુનાં ખોદકામમાંથી મોટી ઈંટો, પત્થરો તથા પ્રાચીન અવશેષો મળી આવે છે. શ્રી શાન્તિનાથ ભગવાન આદિની પ્રતિષ્ઠાના લેખો સં. ૧૨૧૫, ૧૩૩૪ અને ૧૩૪૪ ના જે મળી આવ્યા છે, તે પરથી આ નગરીનો નાશ ૧૩૫૩ પછી થયાનું અનુમાન નીકળે છે. સં. ૧૮૭૨ માં એ સ્થાને ભીલડી ગામ નવું વસ્યું છે. ઉપર્યુક્ત નાશમાં મહાચમત્કારી શ્રીપાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા બચ્યા હતા. આજે ત્યાં મંદિર છે અને વિશાળ ધર્મશાળા છે.

મંદિરમાં ઉપર મૂલનાયક શ્રી મહાવીરસ્વામી છે અને ભોંયરામાં મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાન છે.

પરંતુ તીર્થમાહાત્મ્ય શ્રી પાર્શ્વનાથજીનું છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા ડાબી બાજુ ભારવટિયા નીચે બિરાજમાન છે, એજ બચેલા ચમત્કારી ભીલડીઆ પાર્શ્વનાથ છે. તે પરિકર અને સપ્તફણાથી વિભૂષિત છે. આ ભોંયરામાં એક ગુરુમૂર્તિ દિવાલમાં બેસાડેલી છે. તેને લોકો ગૌતમસ્વામિની માને છે, પણ તે ગૌતમસ્વામિની નથી, કિન્તુ અન્ય આચાર્યની છે. ઉપર મંદિર ફરતી ૩૧ દહેરીઓ છે.

સંઘવણે સુદિ ૧૦મે તીર્થમાળ પહેરી નવકારશીનું જમણ આપ્યું હતું અને શા ગણપતલાલ ઇચ્છાચંદે ધર્મશાળાની એક ઓરડી નોંધાવી હતી. પછી સંઘ છૂટો પડ્યો હતો. ઉપર્યુકત પ્રસંગોને આવરી લેતી એક પુસ્તિકા **શ્રી ભીલડીયા તીર્થ અને રાધનપુર ચૈત્યપરિપાટી** નામની પૂજ્યશ્રીએ સં. ૨૦૦૩માં લખેલી પ્રસિદ્ધ છે.

### ભાભેરમાં ધ્વજદંડારોપણ–મહોત્સવ

પૂજ્યશ્રી ત્યાંથી વાવ–થરાદ થઈ, ભોરલમાં શ્રી નેમિનાથ ભગવાનની યાત્રા કરી, બલોધણ–કુવાળા થઇને ભાભેર પધાર્યા હતા. તે વખતે ત્યાં મુનિશ્રી સુજ્ઞાનવિજયજી આદિ પણ હતા. અહીં છેલ્લા પાંત્રીશ વર્ષથી સંઘમાં કુસંપને લીધે શ્રી મુનિસુવ્રતસ્વામીનાં દહેરાસર ઉપર ધ્વજદંડ ચડતો ન હતો, પરંતુ પૂજ્યશ્રીનો પવિત્ર ઉપદેશ સાંભળતાં જ એ કુસંપ દૂર થયો અને ધ્વજદંડ ચડાવવાનું નક્કી થયું. તે માટે મહા સુદિ ૧૧ નો શુભ દિન નિશ્ચિત થયો અને શાન્તિસ્નાત્ર તથા અટ્ઠાઈ મહોત્સવ આદિની તૈયારી થવા લાગી.

એવામાં લોદ્રાસંઘનો આગ્રહ થવાથી પૂજ્યશ્રી લોદ્રા પધાર્યા અને ત્યાં પ્રવર્તતો કુસંપ સદુપદેશ આપી દૂર કરાવ્યો. પરિણામે ઘણાં વર્ષોથી બંધ પડેલું નવકારશીનું જમણ તેજ દિવસે થયું અને બધા સાથે બેસીને સંતોષથી જમ્યા. ત્યાંથી પૂજ્યશ્રી પાછા ભાભેર પધાર્યા.

માહ સુદિ ૧૧નાં શુભ મુહૂર્તે મંદિરનાં શિખર ઉપર ધ્વજદંડ પૂજનવિધિપૂર્વક ચડાવવામાં આવ્યો અને સકળ સંઘમાં આનંદ વર્ત્યો. તે દિવસે શાન્તિસ્નાત્ર ભણાવાયું અને નવકારશીનું જમણ થયું. આ રીતે પૂજ્યશ્રીનાં પગલાં થવાથી ભાભેરવાસીઓના ભાગ્યનો ઉદય થયો. કુસંપ દૂર થાય અને માંગલિક કાર્યો થવા લાગે એને ભાગ્યોદય નહિ માનીએ તો કોને માનીશું ?

## પુનઃ રાધનપુરમાં

ભાભેરથી વિહાર કરી પૂજ્યશ્રી પુનઃ રાધનપુર પધાર્યા અને માહ સુદિ ૧૪નાં મંગલ પ્રભાતે મુનિશ્રી પ્રિયંકરવિજયજી તથા મુનિશ્રી દેવભદ્રવિજયજીને વડી દીક્ષા આપી.

સં. ૧૯૯૯માં પૂજ્યશ્રી રાધનપુર પધાર્યા હતા, ત્યારે ભાઈ બાબુલાલ શીવલાલે દીક્ષાનો નિયમ લીધો હતો અને બાદ ચતુર્થવ્રત અંગીકાર કર્યું હતું. તેમને ફાગણ સુદિ ૩ને દિવસે દીક્ષાદાનનો પવિત્ર વિધિ કરવાનો હતો, પણ અહીં માહ સુદિ ૧૫ના રોજ પૂજ્ય ગચ્છાધિપતિનો તાર આવ્યો કે ' અમદાવાદમાં સ્વ. પૂજ્ય મોટા

ગુરુદેવની મૂર્તિપ્રતિષ્ઠા થવાની છે, માટે જલ્દી અમદાવાદ આવો.' એટલે મુનિશ્રી ચિદાનંદવિજયજી આદિને રાધનપુર રોકી માહ વદિ ૧ ને દિવસે પૂજ્યશ્રીએ અમદાવાદ ભણી વિહાર કર્યો. ખરેખર! ગુરુભક્તિ એ સહુથી મોટો ગુણ છે અને તેજ આત્માને અધ્યાત્મનાં શિખર ઉપર આરૂઢ કરે છે. કોઈએ ઠીક જ કહ્યું છે કે—

गुरुभक्तिविहीनस्य, तपो विद्या व्रतं कुलम् ।
व्यर्थं सर्वं शवस्येव, नानाऽलङ्कारभूषणम् ॥

'જેમ મડદાને ધારણ કરાવેલાં વિવિધ પ્રકારનાં આભૂષણો વ્યર્થ છે, તેમ ગુરુભક્તિથી રહિત સાધકનાં તપ, વિદ્યા, વ્રત અને કુલ વ્યર્થ છે.'

## ૩૮ – ગુરુમૂર્તિપ્રતિષ્ઠાદિ

ફાગણ સુદિ એકમે પૂજ્યશ્રી અમદાવાદ પધાર્યા, ત્યારે પૂ. ઉપાધ્યાય શ્રી ભુવનવિજયજી, પંન્યાસશ્રી જશવિજયજી, મુનિ શ્રી ચારિત્રવિજયજી આદિ અનેક સાધુ સાધ્વીઓ તથા શ્રાવક–શ્રાવિકાઓ સત્કારાર્થે સામા આવ્યા હતા. પૂજ્ય ગચ્છાધિપતિની પુણ્યનિશ્રામાં શેખના પાડે સ્થિરતા થઈ હતી. તે વખતે ગુરુમૂર્તિપ્રતિષ્ઠા–નિમિત્તે શ્રીસંઘ તરફથી જ્ઞાનમંદિરમાં શાંતિસ્નાત્રાદિ ભારે મહોત્સવ ચાલી રહ્યો હતો.

ફાગણ સુદિ ૩નાં શુભ મુહૂર્તે પૂ. પા. સંઘસ્થવિર આ. ભ. શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી, પૂ. પા. આ. ભ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી, પૂ. પા. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી, પૂ. પા. આ. શ્રી વિજયમનોહરસૂરીશ્વરજી, પૂ. પા. આ. શ્રી વિજયજંબૂસૂરીશ્વરજી, પૂ. મુનિરાજ શ્રી મંગલવિજયજી મ. આદિ અનેક સાધુસાધ્વીઓ અને સહસ્રાવધિ શ્રાવકશ્રાવિકાઓની સમુપસ્થિતિમાં શ્રી વિજયદાનસૂરિજ્ઞાનમંદિરમાં બનાવેલી સુંદર આરસની છત્રીમાં સ્વ. સકલાગમરહસ્યવેદી પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજની સ્વકાયપ્રમાણ આરસની ભવ્ય મૂર્તિ ઉત્તમ વિધિવિધાનો સાથે પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી. તે વખતે મંગલતૂરોએ દિશા ગજવી હતી અને માનવમેદનીનાં મુખમાંથી નીકળેલો જયધ્વનિ દૂર–સુદૂર સંભળાયો હતો.

## બાબુભાઇને દીક્ષાદાન

આ બાજુ રાધનપુરમાં મુનિ શ્રી ચિદાનંદવિજયજીએ તે જ દિવસે મુમુક્ષુ બાબુભાઈને દીક્ષાદાન કર્યું હતું અને મુનિશ્રી તીર્થપ્રભવિજયજી તરીકે પૂજ્ય આચાર્યશ્રીના શિષ્ય સ્થાપ્યા હતા. તેમના માતાપિતા તથા વડીલબંધુએ દીક્ષાનો ઉત્સવ દિલથી કર્યો હતો. પછી મુનિશ્રી ચિદાનંદવિજયજી વગેરે ત્યાંથી વિહાર કરી અમદાવાદ પૂજ્યશ્રીની સેવામાં પધાર્યા હતા. ગુરુસેવા એ વિનયી શિષ્યો માટે સૌથી મોટી આરાધના છે.

## ૩૯ – ડભોઈ અને ખંભાતમાં

વિક્રમની ત્રીજી સહસ્રાબ્દિએ પૃથ્વીપર પોતાનું પ્રથમ વર્ષ પ્રસાર્યું હતું અને તેનો અર્ધોભાગ કાળના અનંત પ્રવાહમાં મળી ગયો હતો. હવે તેનો બીજો અર્ધો ભાગ શરૂ થતો હતો અને તેના છ માસ પૈકી પ્રથમ માસનું પદાર્પણ થઈ ચૂકયું હતું. એ માસના બે દિવસો વ્યતીત થયા હતા અને અક્ષયદાનથી અંકિત થયેલો ત્રીજો દિવસ આવી પહોંચ્યો હતો. આ દિવસને શુભ માની પૂજ્યશ્રીએ ખંભાત ભણી પગલાં માંડયાં હતાં, કારણ કે આગામી ચાતુર્માસ ત્યાંજ ગાળવાનું હતું અને તે બાબતની સંઘની વિનંતિનો પૂજ્ય ગચ્છાધિપતિની સંમતિથી સ્વીકાર થઈ ચૂકયો હતો, પણ ત્યાં પધારતાં પહેલાં ડભોઈ જવું જરૂરી હતું, કારણ કે ત્યાંના સંઘે પૂજ્યશ્રીને પધારવાની વિનંતિ કરી હતી અને પૂજ્યશ્રીએ લાભનું કારણ જાણી તેનો સ્વીકાર કર્યો હતો, એટલે પ્રયાણ ડભોઈ ભણી થયું હતું.

### જીર્ણોદ્ધારનો નિર્ણય

વૈશાખ વદિ ૭ના દિવસે શ્રીસંઘે કરેલા સામૈયા-પૂર્વક પૂજ્યશ્રી ડભોઈ પધાર્યા અને ઉત્સાહ-આનંદનું વાતાવરણ વિસ્તરી ગયું. ત્યાં શ્રી સાગરસંઘનાં બે જિનાલયો—શ્રીઆદિનાથ જિનાલય અને શ્રીધર્મનાથ જિનાલય—અતિ જીર્ણ થઈ ગયેલાં હોઇ તેના જીર્ણોદ્ધાર

માટે શ્રીસંઘને ઉપદેશ આપ્યો. આ ઉપદેશ યોગ્ય અધિકારીઓને યોગ્ય સમયે અપાયેલો હોઇ તરત જ ફલદાયી થયો અને એક જ જગામાં બંને દહેરાસરો પધરાવી પાયામાંથી જીર્ણોદ્ધાર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

નિર્ણય થતાં કામની યોજના વિચારવી જોઈએ, એટલે શ્રીસંઘે એક જ દહેરાસરમાં બધો પરિવાર બરાબર બિરાજમાન કેવી રીતે કરી શકાય ? એ બાબતમાં પૂજ્યશ્રીની સલાહ લીધી તથા અમદાવાદવાળા મીસ્ત્રી ભગવાનદાસ ગીરધરલાલ પાસે તેનો નકશો કરાવ્યો.

હવે શ્રીધર્મનાથ જિનાલયની જગા ખાલી પડી હતી, તેથી જ્ઞાનમંદિરસંસ્થાને તેનું યોગ્ય કીંમત લઈ વેચાણ કરવામાં આવ્યું ને તે જગામાં 'આર્ય જંબૂસ્વામી જૈન મુક્તાબાઈ આગમમંદિર' બાંધવાનો નિર્ણય લેવાયો.

સં. ૧૯૯૩માં પૂજ્યશ્રીના ચાતુર્માસપ્રસંગે આ જ્ઞાનમંદિર માટે જે ઉત્થાન થયું હતું, તેનાથી પાઠકો પૂરા પરિચિત છે.

### ખંભાતમાં ચાતુર્માસ ( સં. ૨૦૦૧ )

પૂજ્યશ્રી પોતાનું સં. ૨૦૦૧નું ચાતુર્માસ ગાળવા ખંભાત પધાર્યા, ત્યારે જૈનશાળાસંઘ તરફથી ભવ્ય સ્વાગત થયું હતું. તેજ દિવસે મંગળ પ્રવચન બાદ નૂતન દીક્ષિત મુનિ શ્રીતીર્થપ્રભવિજયજીને વડી દીક્ષા આપવામાં આવી હતી. આ રીતે જે ચાતુર્માસનું મંગલ મુહૂર્ત વડી

દીક્ષાના સંસ્કારથી થાય તે યશસ્વી કેમ ન નીવડે ? ‘જેની શરૂઆત સારી તેનું છેવટ સારું’ એ ઉક્તિથી સહુ વાકેફ છે.

અહીં સંઘપતિ શેઠ રમણલાલ દલસુખભાઈની ભાવનાથી વ્યાખ્યાનમાં શ્રી ભગવતીસૂત્ર અને શ્રી વસ્તુપાલચરિત્ર વાંચવામાં આવ્યાં અને પીસ્તાલીશ આગમના તપની યોજના થતાં ઘણાં સ્ત્રીપુરુષોએ તેનો લાભ લીધો. શેઠ શાંતિલાલ મણિલાલે તેમનાં માતુશ્રીનાં આ તપની સ્મૃતિનિમિત્તે પીસ્તાલીશ આગમનો સોના–ચાંદી–ઝવેરાતથી ભરાવેલો એક સુંદર સાથિયો કરાવ્યો અને તે જૈનશાળામાં પધરાવ્યો. બીજી પણ અનેક તપશ્ચર્યાઓ થઈ.

પર્વાધિરાજ પર્યુષણ આવતાં મુનિશ્રી રૈવતવિજયજીએ ૨૪ ઉપવાસની તપસ્યા કરી, મુનિશ્રી નિત્યાનન્દવિજયજીઆદિએ અઠ્ઠાઈ કરી અને વૈદ્ય ગોરધનદાસે માસક્ષમણની ભાવના સફળ કરી. શ્રી સંઘમાં પણ અઠ્ઠાઇઓ વગેરે સારા પ્રમાણમાં થઈ અને ચોસઠ પહોરી પોષધોએ એક નવોજ વિક્રમ નોંધાવ્યો. તે વખતે મોંઘવારી સખત હતી, અનાજનું રેશનીંગ હતું, ઘણાં કુટુંબોને અનેક પ્રકારની મુશ્કેલીઓ નડતી હતી. આ પરિસ્થિતિનું માપ કાઢીને પૂજ્યશ્રીએ ઉપદેશ આપતાં શ્રાવકોએ સાધર્મિક બંધુબહેનોની રાહત અર્થે એક મોટું ભક્તિફંડ એકઠું કર્યું અને તેની તુરત વ્યવસ્થા કરી દીધી. અહીં સંઘોન્નતિનાં બીજાં પણ આવાં અનેક કાર્યો થયાં હતાં.

તપસ્યાનિમિત્તે ભાદરવા સુદિ ૫ થી શેઠ કસ્તુરભાઈ અમરચંદ તરફથી અમર જૈનશાળાના વિશાળ ખંડમાં શ્રી શાન્તિસ્નાત્ર તથા અષ્ટાહ્નિકામહોત્સવ મંડાયો. તેની એક વિશેષતા એ હતી કે આદ્યચક્રવર્તી ભરત મહારાજાના દરબારની તેમાં ભવ્ય રચના કરવામાં આવી હતી.

## અભૂતપૂર્વ શહેરયાત્રા

પર્યુષણનાં પ્રવચનસમયે સામુદાયિક ચૈત્યપરિપાટીનો ઉપદેશ સાંભળી શ્રોફ કાંતિલાલ ઉજમશીએ સુંદર કંકોત્રીઓ કાઢી પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં ભાદરવા સુદ ૭ થી સકળ સંઘ સાથે ધામધૂમપૂર્વક શહેરમાં સર્વ ચૈત્યોની યાત્રા કરાવી હતી. આ વખતે જુદી જુદી પોળોમાં હમેશાં પૂજા પ્રભાવના તથા પૂજ્યશ્રીનાં પ્રવચનો થતાં હતાં. સ્થળે સ્થળે પૂ. ગુરુમહારાજોને ગહુંલીઓ વગેરેથી તથા સંઘવીને ફૂલહારો વગેરેથી સત્કારવામાં આવતા હતા. પૂજ્યશ્રીનાં પ્રવચનયુક્ત પ્રસ્તુત ચૈત્યપરિપાટીના પ્રભાવથી ઘણી પોળોમાં પેસી ગયેલા ઝઘડાઓ દૂર થયા હતા. પરિણામે કેટલીક પોળોમાં એકત્ર સાધર્મિકવાત્સલ્યો પણ થયાં હતાં. આવા સંપ તથા સંગઠનથી ધર્મનો મહિમા પણ સારા વિસ્તારને પામ્યો હતો.

પૂજ્યશ્રીને વીશસ્થાનકની ઓળી ચાલતી હતી, તેની પૂર્ણાહુતિ પણ આ ચૈત્યપરિપાટીના સમયે જ થઇ હતી અને તેથી તે દિવસે પૂજા, પ્રભાવના, અંગરચના વગેરે વિશેષ પ્રકારે થયાં હતાં. આ ચૈત્યપરિપાટી કુલ પંદર દિવસ

ચાલી હતી. તે દરમિયાન સંગીતજ્ઞ હીરાભાઈનું સંગીત ગુંજતું રહ્યું હતું અને પ્રજાનું આકર્ષણ કરવામાં સફળ નીવડયું હતું. શ્રી કાંતિભાઇએ પ્રત્યેક જિન ચૈત્યમાં જર્મન સિલ્વરનો થાળ, પૂજાનાં ઉપકરણો તથા રોકડ રકમની ભેટ આપી હતી અને અંગરચના તથા એકએક પૂજા વગેરે પણ પ્રતિદિન કરાવી હતી. છેલ્લે દિવસે જૈનશાળાના વિશાળ હોલમાં સંઘના પ્રત્યેક સ્ત્રીપુરુષ આદિને તેમણે એક એક રૂપિયાની પ્રભાવના કરી હતી. આવી યાદગાર સંઘ ચૈત્યપરિપાટી ખંભાતના ઈતિહાસમાં આ પહેલીવહેલી જ હતી, તેથી લોકોએ તેની ખૂબ અનુમોદના કરી હતી. આ શહેરમાં યાત્રા થતાં અનેક આત્માઓને જે સુલભબોધિપણું વગેરે ધર્મનો અપૂર્વ લાભ થયો તેનું મુખ્ય કારણ સામુદાયિક જિનદર્શન, પૂજ્યશ્રીનો ઉપદેશ અને કાંતિભાઈની ઉદારતા હતાં. આ હકીકતને અભિનંદી. આપણે આગળ ચાલીએ.

પૂજ્યશ્રીનું આ ચોવીશમું ચાતુર્માસ અનેક શાસનપ્રભાવનાપૂર્વક પૂર્ણ થયું હતું અને તેનું પરિવર્તન કરાવવાનો લાભ શેઠ રમણલાલ દલસુખભાઈ તરફથી લેવાયો હતો. કારતક વદિ ૨ ને દિવસે શ્રી પદ્માવતીજીનાં દહેરાસરે શ્રી સિદ્ધચક્રજી પાષાણપટ પર અઢાર અભિષેકનો વિધિ કરવામાં આવ્યો હતો. બાદ પૂજ્યશ્રીનો વિહાર ડભોઈ તરફ થયો હતો.

### પુનઃ ડભોઈમાં

કાવી વગેરે તીર્થોની યાત્રા કરી પૂજ્યશ્રી પાદરા

પધાર્યા કે ઉત્સાહનો ઉદધિ ગર્જારવ કરવા લાગ્યો અને ચાતુર્માસની વિનંતિ બહાર આવી. હજી તો ચાતુર્માસનાં આગમનને ઘણી વાર હતી, એટલે પૂજ્યશ્રીએ એ વિનંતિ અવસરને ભળાવી અને વ્યાખ્યાન વગેરેનો લાભ આપી ડભોઈમાં પદાર્પણ કર્યું. પૂજ્ય પુરુષોનો સત્કાર સર્વત્ર સાનંદ સમુચિત થાય છે, એટલે અહીં તેનો વિશિષ્ટ નિર્દેશ કરતા નથી.

હવે આ સમય દરમિયાન ડભોઈમાં શું બન્યું હતું, તે પર એક દૃષ્ટિપાત કરી લઈએ. ત્યાં નક્કી થયેલા જીર્ણોદ્ધારનું ખાત મુહૂર્ત સં. ૨૦૦૧ ના શ્રાવણ વદિ ૬ ના રોજ થયું હતું અને દહેરાસરોમાંથી શ્રી જિનબિંબો ઉત્થાપવાનો વિધિ સં. ૨૦૦૨ ના કારતક વદિ ૨ ના દિને થયો હતો. આ બન્ને પ્રસંગોમાં પૂજ્યશ્રીના શિષ્યો મુનિશ્રી વર્ધમાનવિજયજીઆદિ ઠાણા ૩ જેઓને ત્યાં ચાતુર્માસ રાખ્યા હતા, તેમનાં સાનિધ્યનો લાભ શ્રીસંઘને સારો મળ્યો હતો. અહી એટલી નોંધ કરવી ઉચિત ગણાશે કે શ્રીસાગરસંઘ દરેક કાર્યમાં પૂજ્યશ્રીનું માર્ગદર્શન સ્વીકારે છે અને તેઓશ્રીના જ્યોતિર્વિદ્ શિષ્ય મુનિશ્રી રૈવતવિજયજીનાં સચોટ મુહૂર્તો પ્રમાણે જ બધાં ધાર્મિક કાર્યો કરે છે, તેથી સંઘમાં આજ સુધી આનંદમંગલ પ્રવર્તે છે. આ રીતે દરેક ધાર્મિક કાર્યોમાં ગુરુનું માર્ગદર્શન સ્વીકારવું એ અન્ય સંઘો માટે ય અનુકરણીય છે.

## શિલાસ્થાપનવિધિ

માગસર સુદિ ૧૦ ના રોજ ખંભાતનિવાસી શેઠ

રમણલાલ દલસુખભાઈના શુભ હસ્તે ભવ્ય સમારોહ-પૂર્વક મંદિરનો શિલાસ્થાપનવિધિ થયો હતો. તે વખતે પૂજ્યશ્રીએ સંપત્તિનો સદ્વ્યય કરવાનો સદુપદેશ આપતાં સમુપસ્થિત સજ્જનોએ સ્વલ્પ સમયમાં સાધારણ ખાતાની ટીપમાં રૂપિયા દશ સહસ્રની સુંદર રકમ લખાવી દીધી હતી.

આ દહેરાસરોને પોતાની કેટલીક મૂડી હતી, પણ તે સ્વીકૃત કાર્ય માટે પર્યાપ્ત ન હતી. તેથી પૂજ્યશ્રીએ પ્રેરણા કરીને અમદાવાદ, મુંબાઈ, ખંભાત, મહેસાણા, ખોરજ ( ડાભી ) આદિ અન્યાન્ય સંઘોનાં દહેરાસરોમાંથી મદદ અપાવી હતી અને પ્રતિષ્ઠાવખતે પણ સારી ઉપજ થઈ હતી. આ રીતે કલાના કમનીય નમૂના રૂપ દેવ-વિમાન સદૃશ દેદીપ્યમાન શ્રી ઋષભાદિજયતિલકપ્રાસાદ કોઇને કશી આંચ આપ્યા વિના ખડો થઇ ગયો હતો. જ્યાં શ્રદ્ધા, ભક્તિ અને પુરુષાર્થની ત્રિપુટી જામે ત્યાં કાર્યસિદ્ધિમાં કસર શેની રહે ?

## ખંભાતમાં અષ્ટાન્હિકામહોત્સવાદિ

ડભોઈમાં શિલાસ્થાપનાદિ સર્વ કાર્ય સાનંદ સંપન્ન થયા પછી શેઠ રમણલાલ દલસુખભાઈની વિનંતિથી પૂજ્યશ્રી પુનઃ ખંભાત પધાર્યા. ત્યાં શેઠશ્રીએ પોતાના માતુશ્રી સ્વ. સાંકુબાઈના શ્રેયાર્થે પૂજ્યશ્રીની નિશ્રામાં શ્રી શાન્તિસ્નાત્ર-પૂર્વક અષ્ટાહ્નિકામહોત્સવ ખૂબ ઉલ્લાસથી કર્યો. અહીં અમે કહીશું કે–

દીકરા હોજો દીકરા, જે કાઢે જગ નામ;
તેમજ માતપિતા તણી, પૂરે આશ તમામ. ૧

બાકીના તો ઠીકરા, ઠેબે આવે રોજ;
રાડો લાવે ગામની, ફજેતિયાની ફોજ. ૨

**ધીરજ** તો સાચું કહે, કયાંથી આવે ગુણ?
નાખ્યું નહિ જો આપણે, થોડુંયે મહીં લૂણ. ૩

સમ્યક્ત્વને સુદૃઢ કરનાર આ ઉત્સવ–મહોત્સવોથી જનતામાં જાગૃતિ આવતી નથી એમ કોણ કહે છે? જેઓ એમ કહેતા હોય તેમણે આ વખતે ઉપસ્થિત થયેલી માનવ-મેદનીનું નિરીક્ષણ કરવું જરૂરી છે. એમાં ધર્મશ્રદ્ધાળુ વર્ગનું પ્રમાણ મોટું હતું અને તે હોય જ, પણ જે મહાનુભાવો પોતાનો સમય આળસ, પ્રમાદ કે અસત્કથાઓમાં વેડફી નાખતા હતા તે પણ ઉપસ્થિત થયા હતા ને આદર્શ દેવ કોણ? આદર્શ ગુરુ કયા? આદર્શ ધર્મ શો? વગેરે વિચારો કરવા લાગ્યા હતા. આ પ્રશ્નોનો સામાન્ય જવાબ તો તેમને ત્યાંજ મળી જતો હતો પણ વિશેષ જાણવા માટે પૂજ્યશ્રીનાં પવિત્ર સાંનિધ્યમાં જવાની ભલામણ થતી હતી અને એ રીતે એ મહાનુભાવો પૈકી કેટલાક પૂજ્યશ્રી પાસે આવી પોતાની જિજ્ઞાસા તૃપ્ત કરી જતા હતા. તાત્પર્ય કે ધર્મના મહોત્સવો જનતામાં સારી જાગૃતિ આણી દેનારા છે.

બાદ શ્રીચિંતામણિપાર્શ્વનાથનાં મંદિરે પૂજ્યશ્રીની નિશ્રામાં સાત તીર્થપટો પર અઢાર અભિષેકનો વિધિ થયો

અને તે અઢારે પાપસ્થાનકની પરુષતાનો પ્રણાશ કરવામાં નિમિત્તભૂત થયો.

એવામાં આચામ્લ—આયંબિલ વ્રતને ઉત્તેજન આપનારો ચારુ ચૈત્ર માસ આવ્યો, એટલે પૂજ્યશ્રીએ શ્રીનવપદજીની શાશ્વતી ઓળીનું અનન્ય આરાધન કરાવ્યું અને આરાધકોનાં અંતરમાં પવિત્રતાનો પ્રકાશ પાથર્યો. ચૈત્રી પુનમને દિવસે શાહ ભીખાભાઈ ઝવેરચંદ તરફથી સામુદાયિક શ્રી સિદ્ધગિરિજીના મોટા દેવ વંદાવવામાં આવ્યા હતા.

ખંભાતવાસીઓ પૂજ્યશ્રી પર પરમ શ્રદ્ધા પ્રકટવાનાં કારણે, તેઓનું સાંનિધ્ય છોડવા તૈયાર ન હતા, પણ વડોદરામાં મંજુલા બહેનની દીક્ષાનો પ્રસંગ તેઓશ્રીને નિમંત્રી રહ્યો હતો. એટલે પૂજ્યશ્રીએ ખંભાતથી વિહાર કર્યો અને ચૈત્ર વદિ ચૌદશના દિવસે વડોદરામાં પદાપર્ણ કર્યું. ત્યાં જાની શેરીના સંઘે કરેલા સ્વાગતપૂર્વક તેઓ આત્માનંદ ઉપાશ્રયે વિરાજ્યા અને એ પરમ ગુરુદેવની પુણ્ય સ્મૃતિથી આત્માને ભાવિત કરવા લાગ્યા.

## વડોદરામાં દીક્ષાદાન

દીક્ષાનિમિત્તે પાંચ દિવસનો પવિત્ર મહોત્સવ મંડાયો અને વૈશાખ સુદિ ૬ ના શુભ દિવસે તેમને દીક્ષાદાન કરવામાં આવ્યું. તે સમયે તેમનું નામ સાધ્વી રોહિતાશ્રી રખાયું અને તેમને સાધ્વી કલ્યાણશ્રીજી ડભોઈવાળાના શિષ્યા કરવામાં આવ્યા. દીક્ષા દિવ્ય જીવનને પ્રેરનારી છે,

દુઃખદાવાનલને શમાવનારી છે અને અક્ષય અનંત સુખસાગર પ્રત્યે લઈ જનારી છે, એટલે જ ભવ્યાત્માઓ વડે વારંવાર અનુમોદાય છે અને સ્વયં ગ્રહણ કરાય છે. તો આપણે પણ તેની અનુમોદના કેમ ન કરીએ?

## જંગલ અને વાઘનું દૃષ્ટાંત

કેટલાક કહે છે કે 'સંસારમાંથી ભાગી છૂટવામાં બહાદુરી શું? તેમાં રહીને શ્રેયની સાધના કરો તો જ ડાહ્યા ગણાઓ.' આ મહાનુભાવોને અમે શું કહીએ? તમે કોઈ દિવસ વનવગડાનો પ્રવાસ ખેડયો છે ખરો? અથવા કોઇ ગાઢ જંગલને પાર કરવાનો પ્રયત્ન કર્યો છે ખરો? જ્યાં ઝાડ પર ઝાડ ઉગ્યાં હોય ને દિવસે પણ તરણિનું તેજ પહોંચતું ન હોય ત્યાં વનપશુઓનો કેવો ઘોર ચિત્કાર ઉઠે છે? તે વખતે તમારી છાતીનાં પાટિયાં સાબીત રહ્યાં છે કે ખખડવા માંડયાં છે? કદાચ વીર પુરુષ હો ને છાતીનાં પાટિયાંને સલામત રાખી શકયા હો તો નજીકની ઝાડીમાં ખડખડાટ થતાં તમારાં મનની સ્થિતિ શું થઈ છે? તમે યત્રતત્ર ભાગી છૂટવાનો પ્રયત્ન તો નથી કર્યો ને? અહીં પણ તમે સ્થિરબુદ્ધિ રાખી શકયા હો તો અમારો એક વિશેષ પ્રશ્ન છે કે તેજ વખતે ઉક્ત ઝાડીમાંથી બે ભયંકર વ્યાઘ્ર તમારી સામે ધસી આવ્યા હોય તો શું કરો? તેની સામે બાથંબાથ કરો કે કોઈ તોતીંગ વૃક્ષની ડાળનો આશ્રય લો? અમે તો તેનો અનુભવપૂર્ણ સત્ય ઉત્તર માગીએ છીએ, નહિ કે કાલ્પનિક

અમે પોતે જંગલ અને પર્વતોના પ્રવાસો અનેકવાર ખેડયા છે ને તેમાં ત્રણ વાર વ્યાઘ્રને ભેટવાના પ્રસંગો આવ્યા છે, તેથી અમે જાણીએ છીએ કે તે વખતે અમારી તથા અમારા સાથીઓની સ્થિતિ કેવી થઈ હતી? જંગલમાં રહીને વાઘનો સામનો કરવો એ સહેલો નથી જ. એ વખતે ભાગી છૂટીને કે અન્ય ઉપાય અજમાવીને આપણો બચાવ કરવો એ જ ડહાપણ છે ને એ જ બહાદુરી છે. તો પછી સંસારરૂપી અરણ્ય કે જે કામ, ક્રોધ, માયા, લોભ, આદિ અનેક ભયંકર પશુઓથી ભરેલું છે અને જેમનો હલ્લો નિરંતર થયા જ કરે છે યા થવાની ભીતિ સતત રહ્યા જ કરે છે, તેને છોડીને સર્વવિરતિ રૂપી મોટાં વૃક્ષની ડાળે બેસવું અને પોતાના આત્માની રક્ષા કરવી એમાં શું ખોટું છે? અમે તો માનીએ છીએ કે એ જ રસ્તો ડહાપણભરેલો છે. અહીં અમને જૈન શાસ્ત્રકારોની પેલી પ્રસિદ્ધ પંક્તિઓ યાદ આવે છે કે—

दोपंथेहिं न गम्मइ, दोमुह सुई न सीवए कंथं।
दुन्नि वि न हुंति कयावि, इंदियसुक्खं च मुक्खं च ॥

'એકી સાથે બે પંથ કરી શકાતા નથી, એક સોય પોતાના બે મોઢાથી કંથા સીવી શકતી નથી, તેજ રીતે ઇદ્રિયસુખ અને મોક્ષ એ બે કદાપિ સાથે સંભવી શકતાં નથી.' તાત્પર્ય કે જેને મોક્ષ જોઈતો હોય તેણે સંસાર છોડવો જ જોઇએ.

## ખંભાતમાં દીક્ષાદિ પ્રવૃત્તિઓ

આટલા પ્રાસંગિક વિવેચન પછી આપણે પૂજ્યશ્રીની સાથે વિહાર કરી પાછા ખંભાત આવીએ, કારણ કે ત્યાં

પણ એક મુમુક્ષુ બહેન દીક્ષા લેવા તત્પર થયા છે અને કેટલાંક જિનબિંબોની પ્રતિષ્ઠા કરવાની છે.

પૂજ્યશ્રીએ વડોદરાથી વિહાર કર્યો ત્યારે મુનિશ્રી બાહુવિજયજીની તબિયત નરમ હતી, એટલે મુનિશ્રી રૈવતવિજયજી વગેરેને તેમની સાથે વડોદરા કોઠીપોળના ઉપાશ્રયે રાખ્યા હતા અને મુનિશ્રી વર્ધમાનવિજયજી આદિને સાથે લીધા હતા.

ખંભાતમાં વૈશાખ વદિ ૭ નાં શુભ મુહૂર્તે શાહ રમણલાલ વજેચંદ, શેઠ શાંતિલાલ મણિલાલ તથા ચોકસી રતનલાલ જીવાચંદનાં ભરાવેલાં જિનબિંબોની શ્રી વિજય-પાર્શ્વનાથનાં દહેરે, શ્રી સીમંધરસ્વામીનાં દહેરે તથા ચોકસીનાં દહેરે પૂજ્યશ્રીએ પ્રતિષ્ઠા કરાવી અને મુમુક્ષુ બહેન કમલાને દીક્ષા આપી સાધ્વી રોહિણાશ્રી તરીકે તેમને સાધ્વી કલ્યાણશ્રીજીના શિષ્યા કર્યા. તે નિમિત્તે શાહ રમણલાલ વજેચંદ તરફથી મહોત્સવાદિ સર્વ કાર્યો સુંદર થયાં હતાં.

અહીં પાદરાનો સંઘ ચાતુર્માસની વિનંતિ કરવા આવ્યો હતો. ભરૂચ-વેજલપુરના સંઘો પણ તેજ કામે ઉપસ્થિત થયા હતા. તેનો નિર્ણય પૂજ્યશ્રીની આજ્ઞાથી પાદરાની તરફેણમાં આવ્યો અને ભરૂચ-વેજલપુરમાં મુનિશ્રી ચિદાનંદવિજયજી આદિને મોકલવાનું ઠર્યું. બાદ પૂજ્યશ્રી વડોદરા પધાર્યા. ત્યાંથી બિમાર મુનિશ્રી બાહુવિજયજી આદિને સાથે લઈ પાદરા ચાતુર્માસ માટે વિહાર કર્યો અને જેઠ સુદિ ૧૦મે શ્રીસંઘના ભવ્ય સત્કાર સાથે પાદરામાં શ્રી સંભવજૈનશાળામાં પ્રવેશ કર્યો.

### મુનિશ્રી બાહુવિજયજીનો કાળધર્મ

અહીં મુનિશ્રી બાહુવિજયજીની તબિયત રાજયક્ષ્માને કારણે વધારે બગડવા પામી હતી અને તેને કાબૂમાં લેવા માટે યોગ્ય ઉપચારો થઈ રહ્યા હતા. પૂજ્યશ્રી આદિ મુનિમંડલે, ગોધાવીથી આવેલા તેમના પિતાશ્રી ચીમનલાલે તથા ભાઈ હરિલાલે, તેમજ સ્થાનિક સંઘે તેમની સેવા-શુશ્રૂષામાં કંઈ કમી રાખી નહિ, પણ આયુષ્યરેખા બળવાન હોય તોજ ઉપચારો અને સેવાશુશ્રૂષા કામ લાગે છે, એ કોણ નથી જાણતું? ઉત્તમ આરાધના અને નિર્યામણા-પૂર્વક મુનિશ્રી બાહુવિજયજી સં. ૨૦૦૨ના અષાડ સુદિ ૪ના દિવસે સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા. શ્રી સંઘે ઝરીયન પાલખીમાં તેમની ભવ્ય સ્મશાનયાત્રા કાઢી હતી અને પાદરાનાં બન્ને દહેરાસરોમાં તેમનાં નિમિત્તે માંગલિક મહોત્સવો થયા હતા. મુનિશ્રીના સ્વર્ગવાસની દર વાર્ષિક તિથિએ પાદરામાં શ્રી સંભવજિનાલયે પૂજા કાયમ ભણાવવામાં આવે છે.

## ૪૦ – ચાતુર્માસ અને અભિનવ અટ્ઠાઈમહોત્સવ

જૈન સાહિત્યનાં અભ્યાસ-પ્રકાશન માટે જે થોડાં ગ્રામ-શહેરો પ્રતિષ્ઠા પામ્યા છે, તેમાં પાદરાનો પણ સમાવેશ થાય છે. અધ્યાત્મપ્રસારકમંડળ અને વકીલ મોહનલાલ હેમચંદનાં નામ જેમણે સાંભળ્યાં છે, તેમને આ સુવિદિત છે. આજના સમર્થ પ્રવચનકાર શ્રી વિજય-

રામચંદ્રસૂરીશ્વરજી પણ આજ ગામના હોવાથી તે વિશેષ પ્રસિદ્ધિમાં આવ્યું છે.

અહીં ચાતુર્માસની પ્રવૃત્તિઓ ચરણકરણની અભિવૃદ્ધિ કરનારી નીવડી હતી. વ્યાખ્યાનમાં શેઠ રમણલાલ પ્રેમચંદ તરફથી શ્રી ભગવતીસૂત્ર અને કુમારપાળ પ્રબંધ વંચાયાં હતાં. તે નિમિત્તે શેઠ રમણભાઈએ શ્રી ભગવતીસૂત્રનો મોતીનો મોટો સાથિયો ભરાવી સંઘને અર્પણ કર્યો હતો. પર્વાધિરાજમાં મુનિશ્રી રૈવતવિજયજીએ ૧૭ ઉપવાસ તથા મુનિશ્રી દેવભદ્રવિજયજીએ ૧૩ ઉપવાસ કર્યા હતા. બીજી તપસ્યાઓ પણ સારા પ્રમાણમાં થઇ હતી અને તે અંગે શ્રી શાંતિસ્નાત્રઆદિ ઉત્સવ–મહોત્સવ તથા નવકારશીનાં જમણ પણ થયાં હતાં. આ ગામનું વાતાવરણ કેટલાક વખતથી ખરતરગચ્છતરફી થઈ ગયું હતું, તે પૂજ્યશ્રીનાં ચાતુર્માસથી ઘણા અંશે સુધરી ગયું હતું.

આ ચાતુર્માસમાં પૂજ્યશ્રીએ પોતાની કલમને પુનઃ વેગ આપ્યો હતો અને તેનાથી '**શ્રી તત્ત્વ તરંગિણી બાલાવબોધ તથા તપા–ખરતરભેદ**' નામની બે પ્રાચીન કૃતિઓનો ઉધ્ધાર થયો હતો.

ચાતુર્માસ બદલાવવાનો લાભ મુજપુરવાળા જેઠાલાલ રણછોડભાઇએ લીધો હતો. ત્યાંથી બીજા દિવસે શાહ રતિલાલ ચુનીલાલ દલાલને ત્યાં પધરામણી થઇ હતી.

## વાસદમાં અભિનવ અઠ્ઠાઈમહોત્સવ

એવામાં વાસદના શ્રીસંઘને પોતાને ત્યાં શ્રીઅષ્ટોત્તરી સ્નાત્રાદિ મહોત્સવ કરવાની ભાવના જાગી, કારણ કે આવો મહોત્સવ છેલ્લા ચાલીશ વર્ષથી પોતાને આંગણે કર્યો ન હતો. વાસદમાં શ્રી સંભવનાથ ભગવાનનું મંદિર છે, તેની પ્રતિષ્ઠા સ્વ. પરમ ગુરુદેવના વરદ હસ્તે થયેલી અને ત્યારથી ગામે ચડતો દહાડો જોયેલો, તેથી આ મહોત્સવ પણ તેમના સમુદાયના એક લબ્ધપ્રતિષ્ઠ આચાર્યશ્રીની પુણ્યનિશ્રામાં થાય એવી સહુની ઈચ્છા હતી, એટલે સંઘના આગેવાનો વિનંતિ કરવા આવ્યા હતા. પૂજ્યશ્રીએ એ વિનંતિનો સ્વીકાર કરી કારતક વદિ ૬ ના દિવસે પાદરાથી વિહાર કર્યો અને ચોથા દિવસે વાસદને પાવન કર્યું.

દિવાકરનો દેદાર દેખીને સરોજસમૂહને કેવી પ્રસન્નતા થાય છે? કેવો આનંદ થાય છે? વાસદવાસીઓ પૂજ્યશ્રીનો દેદાર દેખીને તેવીજ પ્રસન્નતા અને તેવોજ આનંદ અનુભવવા લાગ્યા. મહોત્સવની તડામાર તૈયારીઓ ચાલી. વડોદરાથી ટકોરખાનું આવ્યું, દરાપરાથી ચોઘડિયાં આવ્યાં ને સુરતમાંથી સંગીતવિશારદ પધાર્યા. કારતક વદિ ૧૩ થી મહોત્સવનાં મંડાણ થયાં. તેમાં પાંચ પપ્પાઓએ પોતાનું પાણી બતાવ્યું—પ્રશસ્તભાવ, પ્રવચન, પૂજા, પ્રભાવના અને પ્રતિક્રમણ. વળી સાત સસ્સાઓ આગળ તરી આવ્યા: સદ્ભાવ, સત્કાર, સુવ્યવસ્થા, સમ્યક્ત્વ, સામાયિક, સદાચાર અને સંગીત. જ્યાં આ બારની બેઠક હોય ત્યાં ભવભીરુતા, ભાવના, અને

ભવ્યતા એ ત્રણ તત્ત્વો અવશ્ય પ્રકટે છે, જય વિજય જરૂર હાજર થાય છે અને અભ્યુદય પોતાનું મસ્તક ઉન્નત કરે છે, એટલે વાસદવાસીઓએ માંડેલો મહોત્સવ પુર બહારમાં ખીલી ઉઠયો ને ગામ–પરગામના સેંકડો લોકો ઉપરાંત વ્યોમમાં વિચરનારાઓનું પણ આકર્ષણ કરવા લાગ્યો.

માગશર સુદિ ચોથના દિવસે જલજાત્રાનો વરઘોડો નીકળ્યો, તેમાં રૌપ્યરથ ઘુઘરીઓથી ગાજતો હતો, વડોદરાનું સરકારી બેન્ડ વિવિધ તર્જો વગાડતું હતું અને ડભોઈથી ખાસ આવેલું શ્રી યશોવિજયજી જૈન બેન્ડ પણ શ્રોતાઓનાં શ્રવણદ્વારને સુંદર સ્વરોથી ભરી દેતું હતું. માગસર સુદિ પાંચમને દિવસે અષ્ટોત્તરીસ્નાત્ર ભણાયું, તેમાં પણ ઉત્સાહનો અભિનવ રંગ દૃષ્ટિગોચર થતો હતો. ૧૦૦૧ મણ ઘીની બોલી બોલીને અષ્ટોત્તરીસ્નાત્રમાં રૂપિયો અને શ્રીફળ લઇને ઊભા રહેવાનો લાભ શાહ શાંતિલાલ વીરચંદે લીધો હતો. તેમાં રૂપિઆ અને સોનામહોર પણ તેમણે પોતાનાં ઘરની મૂકી હતી. કુલ ઉપજ સોળ સહસ્રની થઈ હતી. બહારગામ માટે આઠે દિવસ રસોડું ખુલ્લું મૂકાયું હતું અને વરઘોડા તથા સ્નાત્રને દિવસે નવકારશીનું જમણ અપાયું હતું. માત્ર અઢાર ઘરની વસ્તીમાં આવો ભવ્ય ઉત્સવ થાય તેને આપણે પૂજ્યશ્રીનો પ્રભાવ જ માનીએ.

માગસર સુદિ ૧૩ ના દિવસે પૂજ્યશ્રીએ ત્યાંથી શ્રી કેસરિયાજીની યાત્રા માટે કપડવંજ તરફ વિહાર લંબાવ્યો.

## ૪૧ – શ્રી કેસરિયાજી થઇ અમદાવાદ

મર્ત્યજન્મનાં આઠ મહાફલોમાં તીર્થયાત્રાની પણ ગણના છે, તેથી મહાપુરુષો તીર્થાટન ખૂબ કરે છે. કેશરિયાજીની યાત્રા કર્યાને આજે બરાબર ચોવીશ વર્ષનાં વ્હાણાં વાઈ ગયાં હતાં. એ હતી સં. ૧૯૭૯ની સાલ, આ હતી સં. ૨૦૦૩ ની સાલ. એટલે પૂજ્યશ્રીને એ તારક તીર્થની પુનઃ યાત્રા કરવાની ભાવના ઉદ્ભવી હતી અને તેથી જ તે તરફ પ્રયાણ આદર્યું હતું.

મહી નદી ઓળંગ્યા પછી ચરોતરનો ચારુ પ્રદેશ શરૂ થયો અને તેના ગૌરવશાલી ગામડાંઓની સ્પર્શના થવા લાગી. એમ કરતાં નડિયાદ આવ્યું, આંતરોલી આવ્યું ને કપડવંજનાં મકાનો દેખાવા લાગ્યાં. ત્યાંનો શ્રીમાળી-સંઘ સામૈયું લઇને સામો આવ્યો અને પૂજ્યશ્રીનો વાજતે ગાજતે પુરપ્રવેશ કરાવ્યો. અહીં સંઘના આગ્રહથી પંદર દિવસની સ્થિરતા થઈ. પૂજ્યશ્રીનાં વ્યાખ્યાન આદિથી શ્રીસંઘને તો શ્રીપર્વાધિરાજની આરાધના જેવો ઉત્સવ થઈ ગયો હતો. મુનિશ્રી પ્રિયંકરવિજયજીએ ત્યાં અઠ્ઠાઈની તપશ્ચર્યા કરી હતી. શ્રીસંઘે તેનાં ઉદ્યાપનનિમિત્તે પંચાહ્નિક મહોત્સવ ઉજવ્યો હતો.

### ટીંટોઇ

ત્યાંથી ધનસુરા થઇ ટીંટોઈ પધારતાં સંઘે સુંદર સ્વા-

ગત કર્યું હતું અને મુહરિ પાર્શ્વનાથની યાત્રા થઈ હતી. અહીં પ્રસંગવશાત્ અમે એટલી સ્પષ્ટતા કરવા ઇચ્છીએ છીએ કે જગચિંતામણિ ચૈત્યવંદનમાં છેલ્લા કેટલાક વખતથી मुहरिपास એવો શબ્દ લખાય છે અને બોલાય છે, પણ ત્યાં મૂળ શબ્દો महुरि पास છે, એમ પ્રાચીન પ્રતિઓ જોતાં જણાઈ આવે છે. તેનો અર્થ સ્તબકકારોએ मथुरायां पार्श्वः એવો કરેલો છે, જે ઐતિહાસિક સંશોધનમાં પણ યથાર્થ પુરવાર થાય છે; એટલે વર્તમાન મુહરિ જગચિંતામણિમાં વર્ણવેલી તે વખતની પ્રસિદ્ધ પંચતીર્થીથી ભિન્ન છે.

## શ્રી કેસરિયાજીની યાત્રામાં

અહીંથી વિહાર થતાં છ સાધ્વી મહારાજો તથા ભાવિક શ્રાવક-શ્રાવિકાઓનો સંઘ સાથે જોડાયો હતો. પૂજ્ય ગુરુદેવો સાથે યાત્રા કરવાનો લાભ કોણ ન ઇચ્છે? ત્યાંથી નાનાપુર, શામળાજી, યાવત્ ડુંગરપુર થઈ માહ સુદિ ૪ ના દિવસે પૂજ્યશ્રીએ ધુલેવા ગામમાં પ્રવેશ કર્યો હતો અને શ્રી કેશરિયાજીનાથનાં નામથી વિખ્યાત થયેલ શ્રી ઋષભદેવ ભગવાનની યાત્રા કરી હતી. અહીં અમદાવાદવાળા શેઠ જેશીંગભાઈ ઉગરચંદે રથયાત્રાનો વરઘોડો કાઢવાનો લાભ લીધો હતો.

## ડભોઈ ભણી

આ તીર્થમાં ચાર દિવસની સ્થિરતા કર્યા પછી પૂજ્યશ્રી શ્રાવક-શ્રાવિકા સંઘ સાથે પાછા ટીંટોઈ પધાર્યા હતા.

ત્યાંથી તેઓશ્રીએ ગોધરા–વેજલપુર થઈ પરોલીમાં યદુનંદન શ્રી અરિષ્ટનેમિ ભગવાનની યાત્રા કરી ફાગણ સુદિ ૧૦ ના રોજ ડભોઈમાં પદાર્પણ કર્યું હતું. અહીં સાધ્વીશ્રી કલ્યાણશ્રીજીએ અઠ્ઠાઇની તપશ્ચર્યા કરી હતી અને તે નિમિત્તે શ્રીસંઘે પૂજ્યશ્રીની નિશ્રામાં પંચાહ્નિકા–મહોત્સવ ઉજવ્યો હતો. તપ એ કર્મનિર્જરાનું કારણ છે અને તે નિમિત્તનો ઉદ્યાપનમહોત્સવ અનેક જીવોને એ માર્ગમાં લઇ આવવાનું એક પ્રબળ નિમિત્ત છે.

### અનુક્રમે અમદાવાદમાં

હવે પૂજ્યશ્રીને અમદાવાદ પધારવું હતું, એટલે તેઓશ્રીએ વડોદરા, પાદરા, જંબૂસર, કાવી થઈને જેઠ વદિ ૧ ના દિને ખંભાતને પાવન કર્યું અને ત્યાં શ્રી જીરાઉલા પાર્શ્વનાથ ભગવાનની વરસગાંઠનિમિત્તે ઉજવાયેલા મહોત્સવને પુણ્યનિશ્રાનો લાભ આપી માતર થઇ અમદાવાદમાં પદાર્પણ કર્યું. ત્યાં કાળુશીની પોળે પધારતાં શ્રીસંઘનો ચાતુર્માસ માટે અતિ આગ્રહ થયો, એટલે તેનો સ્વીકાર કરવામાં આવ્યો. સૂરિપદસમારોહ વખતે ધીરી બહેને તથા અહીંના સંઘે જે ભક્તિ દર્શાવી હતી, તે આપણે ભૂલ્યા નથી, તો જેણે તેનો સાક્ષાત્ અનુભવ કર્યો હોય, તે કેમજ ભૂલે ?

### ચાતુર્માસની ચારુ પ્રવૃત્તિઓ

અહીં સદ્ભાવનું સરોવર છલકાતું હતું, તેથી વ્રત, નિયમ, તપ, જપ, સારી રીતે થયાં હતાં. પટવા બાલાભાઈ મંગનલાલ તરફથી અક્ષયનિધિ તપ કરાવાયો હતો, તેનો

ઘણા ભાવિકોએ લાભ લીધો હતો. પર્યુષણમાં મુનિશ્રી નિત્યાનંદ વિજયજી તથા મુનિશ્રી દેવભદ્રવિજયજીએ અઠ્ઠાઇઓ કરી હતી.

પર્યુષણ બાદ પટવા બાલાભાઈ તરફથી મહોત્સવ મંડાયો હતો, તેનો સંઘે સારો લાભ લીધો હતો. હાથીના હોદ્દા પર શ્રીકલ્પસૂત્ર તથા અક્ષયનિધિકુંભ સાથે વરઘોડો નીકળ્યો હતો.

અહીંના દેરાસરોમાંથી ડભોઈ દેરાસરના જીર્ણોદ્ધારમાં મદદ મેળવવા માટે પૂજ્યશ્રીના ઉપદેશથી શેઠ નરોતમ મયાભાઈ, જીવણલાલ છોટાલાલ ઝવેરી, નરેશભાઈ મનસુખરામ, ત્રિકમલાલ છોટાલાલ તથા ચીમનલાલ કેશવલાલ કડીઆની કમીટી નીમાઇ હતી. તેઓએ ઘણાં ઠેકાણે ટ્રસ્ટીઓને મળી ખૂબ મહેનત લઇને સારી રકમની મદદ કરાવી હતી.

શેઠ કેશવલાલ મૂળચંદ જેઓ સં. ૧૯૯૯ માં પૂજ્યશ્રી સાથે અમદાવાદથી રાધનપુર પગપાળા વિહારમાં ગયા હતા અને જેઓ પૂજ્યશ્રીના ઉપદેશથી ધર્મમાં જોડાઈને છેલ્લે સારી આરાધના પામ્યા હતા, તેમનો સ્વર્ગવાસ થતાં તેમના શ્રેયાર્થે તેમના સુપુત્રો શેઠ રતિભાઈ આદિએ પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં જૈન સોસાયટી ખાતે અઠ્ઠાઈમહોત્સવ તથા શાન્તિસ્નાત્રાદિમહોત્સવો ખૂબ ઉલ્લાસથી કર્યા હતા.

આ ચાતુર્માસમાં પૂજ્યશ્રીએ **'નિત્ય સ્મરણસ્તોત્રાદિ-સંદોહ'**નું સંયોજન કર્યું હતું. વ્યાખ્યાનોમાં વૃન્દારુવૃત્તિ તથા પ્રદ્યુમ્નચરિત્ર વાંચ્યાં હતાં. ચોમાસું બદલાવવાનો ભવ્ય લાભ શ્રીમતી ધીરી બહેને લીધો હતો અને પૂજ્યશ્રીના

ઉપદેશાનુસાર પોતાનાં મરણ બાદ પોતાનું મકાન જ્ઞાનમંદિર અને ઉપાશ્રય કરવા માટે અર્પણ કર્યું હતું તથા બચત રકમ રહે તે પણ એ ખાતે વાપરવાનું વીલ કર્યું હતું. સં. ૨૦૧૩માં તેઓ સ્વર્ગવાસ પામતાં તેમની એ શુભ ભાવનાઓ સફળ થઈ છે.

## ૪૨–ડભોઈમાં યાદગાર પ્રતિષ્ઠામહોત્સવ

આપણે હવે દર્ભાવતી તરફ દૃષ્ટિપાત કરીએ. ત્યાં ભોંયરાસહિત બે માળનો મનોરથકલ્પદ્રુમાયમાણ શ્રી-ઋષભાદિજયતિલકપ્રાસાદ પ્રતિષ્ઠા માટે તૈયાર થઈ ગયો છે. કોઈ પણ પ્રાસાદ–મંદિર–ચૈત્યોની સુંદરતાનો આધાર તેને તૈયાર કરાવનાર મહાનુભાવ કે મહાનુભાવો ઉપર તેમ જ શિલ્પી ઉપર રહ્યો હોય છે. ત્રૈલોક્યદીપક ધરણવિહારને ધરણાશાહ પોરવાડ જેવો ઉદાર ભાવનાશાળી અને દેપાક જેવો કલાકુશલ શિલ્પી સાંપડચો ન હોત તો ? અહીં જે મહાનુભાવોએ આ કામ હાથ ધર્યું હતું, તેઓ મુખ્યત્વે પૂજ્યશ્રીનું માર્ગદર્શન સ્વીકારતા હતા અને પૂજ્યશ્રી પ્રાસાદાદિ ધર્મસ્થાનોનાં ભવ્ય નિર્માણમાં શાસ્ત્રીય ધોરણ જળવાય તે માનનારા હતા, તેમજ શિલ્પી ભગવાનદાસ સં. ૨૦૦૩ માં ગુજરી ગયા પછી તેમના ભાણેજ હરિભાઈ અને પુત્ર ઈશ્વરલાલ પણ જિનમંદિરો બાંધવાની કલામાં કુશલ તથા હોંશીલા હતા, એટલે ઉક્ત પ્રાસાદ ઘણો ભવ્ય તથા કલામય બન્યો હતો.

સં. ૨૦૦૪ના પોષ સુદિ ૬નાં મંગલમુહૂર્તે પૂજ્યશ્રીની પધરામણી થતાં ડભોઈના સંઘે અનન્ય આનંદ અનુભવ્યો હતો. પોષ સુદિ ૧૦નાં શુભ મુહૂર્તે શ્રી મુકતાબાઈ જ્ઞાનમંદિરનાં મકાનનું ખાતમુહૂર્ત શેઠ મંગલદાસ ભાઈચંદ કપડવંજ વાળાના હાથે થયું હતું અને તેણે હવે પછી થનારા યાદગાર પ્રતિષ્ઠામહોત્સવની અગ્રભૂમિકા પૂરી પાડી હતી.

માહ સુદિ ૩થી પ્રતિષ્ઠામહોત્સવ શરુ થયો હતો. સુદિ ૬નાં શુભ મુહૂર્તે શ્રી મુનિસુવ્રતસ્વામીનાં દહેરાસરથી શ્રી આદિનાથ ભગવાન આદિ જિનબિંબોનો નૂતન પ્રાસાદમાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. માહ સુદિ ૯ ના દિવસે જલજાત્રાનો વરઘોડો નીકળ્યો હતો. તેમાં વડોદરાથી આવેલા રૌપ્યરથે, મનોહર માતંગે તથા અદ્ભુત ઇંદ્રધ્વજે ભવ્યતા આણી હતી અને સુરતના પ્રખ્યાત રઝાકબેન્ડે આકર્ષણ ઉમેર્યું હતું. સાંજે સાધર્મિકોના સત્કારરૂપ નવકારશી થઈ હતી.

માહ સુદિ ૧૦નાં મીન લગ્ન–શ્રેષ્ઠ નવમાંશે મૂલનાયકો શ્રી આદિનાથ, શ્રી પાર્શ્વનાથ, શ્રી ધર્મનાથ, શ્રી કેસરિયાજી આદિ ૩૫ જિનભગવંતો, ગૌતમસ્વામિજી, યક્ષયક્ષિણી, ધ્વજદંડ આદિને પૂજ્યશ્રીના વરદ હસ્તે સૂરિમંત્રમંત્રિત વાસનિક્ષેપપૂર્વક ભારે ધામધૂમથી ગાદીનશીન કરવામાં આવ્યા હતા. મૂલનાયક શ્રી આદીશ્વર ભગવાનને બેસાડવાનો લાભ રૂા. ૭૦૦૧ ની ઉછામણીથી ફડીઆ છીતાલાલ ચુનીલાલે લીધો હતો. ભોંયરામાં અર્ધપદ્માસનસ્થિત લેપ્યમય પ્રકટપ્રભાવી શ્રીદર્ભાવતીપાર્શ્વનાથ ભગવાનને

ગાદીએ બેસાડવાનો લાભ રૂા. ૫૫૦૧ ની ઉછામણીથી ખંભાતનિવાસી શેઠ રમણુલાલ દલસુખભાઈએ લીધો હતો. શ્રી ધર્મનાથ ભગવાનને શાહ બાપુભાઈ મગનલાલ વડજવાળાએ, શ્રી કેશરિયાજી ભગવાનને શાહ છોટાલાલ છગનલાલ કાજીએ, શ્રી વાસુપૂજ્ય ભગવાનને અમદાવાદના પટવા બાલાભાઈ મગનલાલે, શ્રી શાંતિનાથ ભગવાનને શાહ પાનાચંદ મગનલાલ વડજવાળાએ, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનને અમદાવાદનાં શ્રીમતી ધીરીબહેન શનાભાઈએ, શ્રી મહાવીર સ્વામી ભગવાનને શાહ મોતીલાલ પીતાંબરે, શ્રી ગૌતમસ્વામીને શાહ ફુલચંદ ચુનીલાલ પીતાંબરે એમ અનેક મહાનુભાવોએ સુંદર બોલીઓ બોલીને પધરાવ્યા હતા.

તે દિવસે અષ્ટોત્તરીસ્નાત્ર ભણાવાયું હતું અને નવકારશી થઈ હતી. સાધર્મિકવાત્સલ્યનું રસોડું દશે દિવસ શ્રીસંઘ તરફથી ખુલ્લું રહ્યું હતું. સાગરસંઘ પ્રમાણમાં નાનો ગણાય, છતાં તેણે આ રીતે ઉલ્લાસપૂર્વક ઘણો ખર્ચ કર્યો હતો. પૂજ્યશ્રીની પુણ્ય નિશ્રાથી દહેરાસરને ઉપજ પણ ઘણી સારી થઈ હતી. દહેરાસરના ધ્વજદંડારોપણનો લાભ શા. બાપુભાઈ મગનલાલ વડજવાલાએ અને દ્વારોદ્‌ઘાટનનો લાભ અમદાવાદવાળા પટવા બાલાભાઈએ લીધો હતો. એકંદર ડભોઈનો આ પ્રતિષ્ઠામહોત્સવ યાદગાર બની ગયો હતો.

અહીં અમે એક વિશેષ નોંધ કરવા ઇચ્છીએ છીએ કે ડભોઈના સંઘમાં જે વિજય અને સાગરનાં તડ પડેલાં

તેની કડવાસ આ દહેરાસરનું મંગલ શિલાસ્થાપન થયું ત્યારથી જ ઓછી થવા લાગી હતી, તે આ પ્રતિષ્ઠા-વખતે ઘણી ઘટી ગઈ અને સં. ૨૦૦૯માં તદ્દન નાબુદ થઈ ગઈ. આ રીતે આ પ્રાસાદનિર્માણે સંઘમાં એકતા સ્થાપવાનું જે મંગળ કાર્ય સાધ્યું, તેની સ્તુતિ કરવા માટે અમારી પાસે પૂરતા શબ્દો નથી, એટલે 'ધન્ય પ્રાસાદ! ધન્ય પ્રતિષ્ઠા! ધન્ય ગુરુદેવ!' એ છ શબ્દો ઉચ્ચારીને જ સંતોષ માનીએ છીએ.

અહીંથી આચાર્યશ્રી વિહાર કરી પૂજ્ય ગચ્છાધિ-પતિની સેવામાં ખંભાત પધાર્યા હતા.

## ૪૩ – સ્પર્શના બળવાન છે !

જૈન મહાત્માઓ 'સ્પર્શના બળવાન છે' એ શબ્દો ઘણી વખત ઉચ્ચારે છે. એનો અર્થ એ છે કે જે ક્ષેત્રની સ્પર્શના થવાની હશે તે થશે. એ માટે અત્યારે કંઈ પણ નિશ્ચયકારી વચન બોલી શકાય નહિ. ક્યારે કઈ ઘટના બનશે અને શું કરવું પડશે? તેનું નિશ્ચિત જ્ઞાન નહિ ધરાવનાર છદ્મસ્થો નિશ્ચયકારી ભાષાનો ઉપયોગ કેમ કરી શકે? સવારે શ્રીરામચંદ્રજીનો રાજ્યાભિષેક નિશ્ચિત જણાતો હતો, પણ વચ્ચે રાત્રિ વહી ગઈ અને પરિણામ શું આવ્યું? જ્યાં અયોધ્યાનાં સુવર્ણસિંહાસન પર આરૂઢ થવાનું હતું, ત્યાં ભીષણ જંગલોમાં પ્રયાણ કરવાનો વખત

આવ્યો. આપણને પોતાને પણ એવા અનુભવ કયાં ઓછા થયા છે ? એટલે કોઈએ નિશ્ચયકારી ભાષા બોલવાનું સાહસ ખેડવા જેવું નથી.

ખંભાતમાં પૂજ્યશ્રીની લાંબી સ્થિરતા થઈ હતી અને તે સમ્યગ્ દર્શન–જ્ઞાન–ચારિત્રની અનુપમ અભિવૃદ્ધિ કરનારી નીવડી હતી. એ વખતે પીંડવાડાના સંઘની ચાતુર્માસ માટે વિનંતિ થતાં પૂજ્ય ગચ્છાધિપતિની આજ્ઞાથી તેનો સ્વીકાર કરવામાં આવ્યો હતો, પણ આગળ શું બન્યું તે ધીરજથી અવલોકીએ.

વૈશાખ સુદિ ૧૪ થી જૈનશાળાના વિશાળ હોલમાં પૂજ્યશ્રીની નિશ્રામાં શાહ ભીખાભાઈ ઝવેરચંદનું પાંચ છોડનું ઉજમણું ઘણા ઠાઠમાઠથી થયું હતું. તે નિમિતે શાન્તિસ્નાત્ર ભણાવાયું હતું અને શાસનપ્રભાવના સારી થઈ હતી. બાદ વૈશાખ વદિ ૭ ના દિવસે પૂજ્યશ્રીએ પીંડવાડા પધારવા માટે વિહાર કર્યો હતો.

પૂજ્ય ગચ્છાધિપતિ જેઓ વચમાં ખંભાતથી અમદાવાદ પધાર્યા હતા, તેઓ હાલ અમદાવાદથી ખંભાત પધારી રહ્યા હતા. તેમનાં બારેજા મુકામે દર્શન કરી પૂજ્યશ્રી અમદાવાદ–અરૂણસોસાયટીમાં પધાર્યા. તે જ દિવસે હરસના મસામાંથી લોહી પડવા માંડયું. બીજે દિવસે જ્ઞાનમંદિરે પધાર્યા ત્યારે એ તકલીફ વધી ગઈ અને ઉત્તરોત્તર વધતી જ ગઈ. પરિણામે ચાલવાની શક્તિ મુદ્દલ રહી નહિ.

અમે આગળ પૂજ્યશ્રીના આરોગ્યનો ઉલ્લેખ કરી ગયા છીએ ને અત્યાર સુધી કોઈ બિમારીનું વર્ણન કરવાનો પ્રસંગ આવ્યો નથી, એટલે આ પ્રસંગનો ઉલ્લેખ કરતાં કલમને થોડો થડકાટ લાગે છે. કાયા ગમે તેવી કસાયેલી હોય પણ આખરે તો એ કાચી માટીનો કુંભ છે, એ ભૂલવાનું નથી. આજે તો સારા શરીરવાળા પણ પીસ્તાલીશ પછી લથડે છે અને નાના મોટા વ્યાધિઓના ભોગ બને છે, એટલે આ તકલીફને વયસહજ માની આગળ ચાલીએ.

જ્ઞાનમંદિરના સેવાભાવી કાર્યકર્તા શ્રી ચીમનલાલ કેશવલાલ કડિયાએ ખંભાતમાં પૂજ્ય ગચ્છાધિપતિ પાસે જઈ આ અવસ્થાનું નિવેદન કર્યું અને 'પીંડવાડા પહોંચવાનું શકય નથી માટે અમદાવાદ ચાતુર્માસ કરવાની આજ્ઞા આપો' એવી વિનંતિ કરી. પૂજ્ય ગચ્છાધિપતિએ બધી સ્થિતિ લક્ષમાં લઈને પીંડવાડાને બદલે અમદાવાદમાં ચાતુર્માસ કરવાની આજ્ઞા ફરમાવી. પૂજ્યશ્રીની પોતાની ઇચ્છા પીંડવાડા ચાતુર્માસ કરવાની હતી, છતાં સંયોગોએ તેમને અમદાવાદમાં ચાતુર્માસ કરવાની ફરજ પાડી, તેથી જ અમે '**સ્પર્શના બળવાન**'ની હિમાયત કરીએ છીએ.

બે માસના ઉપચારો પછી પૂજ્યશ્રીમાં ચાલવાની શક્તિ આવી ગઈ અને કામ પૂર્વવત્ ચાલવા લાગ્યું.

ચાતુર્માસમાં સુયગડાંગ સૂત્રનાં વ્યાખ્યાનો શરૂ થયાં અને શ્રાવક-શ્રાવિકાઓએ તપ વગેરે સુંદર આરાધના

કરવા માંડી. શ્રાવણ વદિ ૪ થી અક્ષયનિધિતપનો અહીં પહેલોજ પાયો મંડાયો. પર્યુષણમાં મુનિ શ્રી રૈવતવિજયજીએ, મુનિશ્રી નિત્યાનંદ વિજયજીએ તથા મુનિશ્રી દેવભદ્રવિજયજીએ અટ્ઠાઈની તપશ્ચર્યાઓ કરી. સંઘમાં પણ તપસ્યા ઘણી થઈ હતી. તે સાલ એટલે સં. ૨૦૦૪માં ભાદરવા સુદિ ૫ નો ક્ષય હતો, એટલે ચોથપાંચમ ભેગા રાખીને સંવત્સરીપર્વનું આરાધન ઉદયતિથિ ચોથને દિવસે જ કરવામાં આવ્યું હતું.

આ આરાધનાનિમિત્તે જ્ઞાનમંદિરમાં અષ્ટાહ્નિકા-મહોત્સવ ઉજવાયો હતો અને ગજરાજની ગૌરવભરી સવારી સાથે અક્ષયનિધિ તપનો ભારે વરઘોડો નીકળ્યો હતો. ભાદરવા સુદિ ૧૦ના રોજ શાન્તિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. બાદ શ્રી નવપદજીની આરાધના પણ ઉત્તમ થઈ હતી.

## ૪૪ – સંવત ૨૦૦૫–૬ની સાલ

સં. ૨૦૦૪ની સાલ ચારુ પ્રવૃત્તિઓનો ચોક પૂરીને વિદાય થઇ હતી અને સં. ૨૦૦૫ની સાલ પ્રશસ્ત પ્રવૃત્તિઓ કરાવવા માટે આવી પહોંચી હતી. આ સાલનો ઉપયોગ કોણે કેમ કર્યો હશે? તે કહેવાનું અમારી પાસે સાધન હોય તો પણ કહેવાની જરૂર નથી, કારણ કે પ્રસ્તુત પ્રકરણ મુખ્યત્વે પૂજ્યશ્રીની પ્રવૃત્તિઓ સાથે સંબંધ ધરાવે છે, એટલે અહીં અમે તેનું જ નિરૂપણ કરીશું.

## ચલોડામાં પ્રતિષ્ઠામહોત્સવ

ચાતુર્માસ પૂર્ણ થયે પૂજ્યશ્રીએ અમદાવાદથી વિહાર કર્યો અને વીરમગામ ભણી પગલાં માંડ્યાં, ત્યારે ચલોડા (તાબે ધોળકા) ના સંઘની વિનંતિ થઈ કે 'પૂજ્યશ્રી પ્રતિષ્ઠાનિમિત્તે અમારે ત્યાં પધારો.' આવા સુંદર અને ઉપકારક નિમિત્તનો અસ્વીકાર કેમ થઈ શકે ? એટલે તેઓશ્રીએ તેનો સ્વીકાર કર્યો. અહીં પ્રાચીન દહેરાસર હતું, તેનો મૂળથી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો અને તેમાં શ્રી જીરાઉલા પ્રભુજીની પ્રતિષ્ઠા કરવાની હતી. માહ સુદિ ૫નાં શુભ મુહૂર્તે એ પ્રતિષ્ઠા ધામધૂમથી કરાવવામાં આવી અને એ નિમિત્તે ભગવાનનો વરઘોડો, શાંતિસ્નાત્ર, સંઘનવકારશી વગેરે સહિત મહોત્સવ પણ ઘણો સારો થયો હતો. રેશનીંગનો સમય હતો, છતાં ગામના પાટીદાર ભાઈઓનો આ કામમાં સહકાર ઘણો સારો હતો. અમદાવાદ વગેરે બહારગામના પણ ઘણા ભાઈઓ ત્યાં આ પ્રસંગે આવ્યા હતા.

## ગોધાવીના મંગલપ્રસંગો

ત્યાંથી ગોધાવી પધારતાં સ્વ. મુનિશ્રી બાહુવિજયજીના પુણ્ય સ્મરણાર્થે ગોધાવીસંઘે આઠ દિવસનો મંગલ-મહોત્સવ કર્યો હતો અને તેમાં સ્વ. મુનિશ્રીના સંસારી પિતા શેઠ ચીમનલાલ લલ્લુભાઈએ અગ્રગણ્ય ભાગ લીધો હતો. આ મહોત્સવનિમિત્તે પાટણથી ગવૈયા ચીમનલાલ પુનમચંદ તથા કેશવલાલ પુનમચંદ આવ્યા હતા. છેલ્લે

દિવસે નવાણું અભિષેકની મોટી પૂજા ભણાવાઈ હતી અને પ્રભુજીને નવો તૈયાર થઈને આવેલો હીરાનો મુગટ ચડાવવામાં આવ્યો હતો. તેની ઉપજ પણ ઘણી સારી થઇ હતી. આ પ્રસંગે વિદુષી સાધ્વી રંજનશ્રીજી પધારી શકયા ન હતા, પરંતુ તેમનાં શિષ્યા જેઓ સ્વ. મુનિશ્રીનાં સંસારી બહેન થતાં હતાં, તેઓ સાધ્વી રેવતીશ્રીજી આદિ અન્ય સાધ્વીઓ સાથે ત્યાં ઉપસ્થિત થયાં હતાં.

## બે દીક્ષાઓ

પાઠકો ! જે પિતાએ પોતાના પુત્રને પ્રવ્રજયાના પવિત્ર પંથે ચડાવ્યો, પોતાની નવયૌવના પુત્રીને પણ એ માર્ગે વિચરવાની અનુમતિ આપી, તે પોતાની બે નાની પુત્રીઓની ભાગવતી દીક્ષા લેવાની ભાવના કેમ જ ભાંગે ? તેમણે એ માટે પણ પ્રસન્નચિત્તે રજા આપી ને પોતાને ત્યાંથી દીક્ષાનો વરઘોડો કાઢી, વર્ષીદાન દેવરાવી, માહ વદિ ૫નાં શુભ મુહૂર્તે, દહેરાસરનાં ચોગાનમાં બાંધેલા ભવ્ય મંડપમાં, પૂજ્યશ્રીના વરદ હસ્તે તેમને દીક્ષા અપાવી સાધ્વી રેવતીશ્રીજી વગેરેની શિષ્યાઓ કરી. સંસારરૂપી કાદવમાં આ રીતે જ્યારે કમળો ઉગતાં જોઈએ છીએ, ત્યારે અમારું હૃદય ભાવનાવશ બની જાય છે અને વિશેષ નહિ તો તેમના ગુણ ગાઈને તથા તેમના પવિત્ર ચારિત્રની પુનઃ પુનઃ અનુમોદના કરીને ચિત્તને પાવન કરવાનું પ્રલોભન રોકી શકતા નથી. પાઠકો ! આપ પણ એ અનુમોદનામાં સામેલ થાઓ. જે સમાજની કુમારિકાઓ યૌવનમાં આવીને વિલાસના પંથે વિચરવાને બદલે

સંયમના સુશ્લાધ્ય પંથે વિચરે છે અને જ્ઞાન-ધ્યાન-તપ-સંયમથી પોતાના આત્માને ભાવિત કરે છે, એ સમાજનું ભાવી ઉજ્જવળ હોવા વિષે શંકા ઉઠાવવી એ અમને પોતાને તો એક પ્રકારનો પ્રબળ પ્રજ્ઞાપરાધ લાગે છે. પવિત્રતા એ પણ એક પ્રબળ તાકાત છે અને તે સમાજમાં સંગ્રહાયેલી હોય ત્યાં સુધી તેની કાયા ક્ષીણ કેમ થાય? અમે આ ચીમનલાલ શેઠને ઓળખતા હતા, પણ તે આટલા ભાવનાશાળી ભવભીરુ પુરુષ હશે, તેની કલ્પના અમને એ વખતે આવી ન હતી, એટલે એ સમયે તેમનું અભિવાદન કરી શકયા ન હતા, પણ આ પ્રસંગને પંક્તિબદ્ધ કરતાં તેમનું અભિવાદન મોકળા મને કરી લઈએ છીએ.

દીક્ષાના પવિત્ર દિને શ્રી ચીમનભાઈ તરફથી સાધર્મિકવાત્સલ્યનો લાભ લેવાયો હતો. તેમણે પોતે પણ સજોડે ચતુર્થવ્રત ઉચ્ચર્યું હતું.

### પાનસર

'સાધુજન રમતા ભલા' એ ઉક્તિને ચરિતાર્થ કરવા પૂજ્યશ્રીએ ત્યાંથી વિહાર કર્યો અને ફાગણ સુદિ ૧ ના દિવસે પાનસર પધાર્યા. ત્યાં પાંચ દિવસની સ્થિરતા કરી. તેમાં ફાગણ સુદિ ૩ નો દિવસ આવ્યો કે જે પૂજ્યશ્રીની આચાર્યપદવીનું અભિનવ સ્મરણ કરાવતો હતો, એટલે અમદાવાદના ધર્મનિષ્ઠ શેઠ મયાભાઈ સાંકળચંદ તરફથી ભારે પૂજા ભણાવવામાં આવી. ફાગણ સુદિ

૪ ના દિવસે અમદાવાદથી શેઠ રતિલાલ નાથાલાલ તળિયાની પોળના સંઘને લઈને અહીં પધારતાં પૂજા તથા સાધર્મિકવાત્સલ્યનો સારો લાભ લેવાયો હતો.

## મ્હેસાણા

ત્યાંથી લીંચમાં ફાગણ ચોમાસી કરી, ખેરવા થઈ મ્હેસાણા પધારતાં ભાવિકોએ વ્યાખ્યાનવાણીનો સારો લાભ લીધો હતો. ત્યાં સંઘનો આગ્રહ થતાં ચૈત્રી ઓળીનું સુંદર આરાધન કરાવ્યું હતું. આ દિવસોમાં શ્રી મહાવીર પ્રભુનું જન્મકલ્યાણક આવે છે તથા મોટા દેવવંદન કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે, તે બંનેની ઉજવણી ઉલ્લાસપૂર્વક થઈ હતી. અહીં એટલું ઉમેરવું યોગ્ય લેખાશે કે ઓળીનાં આરાધન પહેલાં પૂજ્ય ગચ્છાધિપતિની એક મહોત્સવનિમિત્તે ધીણોજમાં પધરામણી થતાં પૂજ્યશ્રી તેમને વંદન કરી આવ્યા હતા. આ પ્રસંગે મ્હેસાણાસંઘે પૂજ્યશ્રીને ચાતુર્માસનો લાભ આપવાની સાગ્રહ વિનંતિ કરી હતી. પૂજ્ય ગચ્છાધિપતિની અનુમતિથી તેનો સ્વીકાર થયો હતો.

## તારંગાના ગોખલામાં પ્રભુપ્રતિષ્ઠા

બાદ, મ્હેસાણાથી ચૈત્ર વદિ ૧ ના રોજ વિહાર થયો હતો. પૂજ્યશ્રીએ ઊંઝા–ઉનાવા થઈ વીસનગરને પાવન કર્યું હતું. ત્યાં થોડા દિવસ સ્થિરતા કરીને વડનગર–શીપોર થઈ વૈશાખ પ્રતિપદાએ તારંગાજી પધાર્યા હતા અને ત્યાં તેઓશ્રીએ પરમાર્હત્ મહારાજા કુમારપાળે

બંધાવેલાં ભવ્ય શિખરયુક્ત મનોહર મંદિરમાં બિરાજમાન શ્રી અજિતનાથ ભગવાનની યાત્રા કરી હતી.

અહીં પૂનાસીટીથી શ્રીમતી ધનાબાઈ ચંદ્રભાણુ મુનોત પોતાના પરિવાર સાથે આવ્યા હતા. તેમની ભાવના એક ગોખલામાં પ્રભુજીનું ત્રિગડું બેસાડવાની હતી. તે બાબત વિનંતિ થતાં પૂજ્યશ્રીએ વૈશાખ સુદિ ૬નાં શુભ મુહૂર્તે પ્રતિષ્ઠા કરાવી હતી અને તે નિમિત્તે ધનાબાઇએ પંચાહ્નિકમહોત્સવ વગેરેનો લાભ લીધો હતો.

## કુંભારિયા-આબૂજીની યાત્રા

ત્યાંથી પૂજ્યશ્રીએ વૈશાખ સુદિ ૭ ના દિવસે કુંભારીયાજી અને આબૂ ગિરિરાજની યાત્રા માટે વિહાર કર્યો હતો. રસ્તામાં ઝાડી-ઝાંખરાં ખૂબ આવતાં હતાં, પણ ત્યાં કોઈને કશો ઉપદ્રવ થયો ન હતો. અનુક્રમે દાંતા થઈ તેઓશ્રી કુંભારિયાજી પધાર્યા હતા અને ત્યાં બે દિવસની સ્થિરતા કરી બેનમૂન કારીગરીવાળા મંદિરોની યાત્રા કરી હતી. આ તીર્થની યાત્રા તેઓશ્રીનાં જીવનમાં પહેલી હતી, એટલે તેણે અપૂર્વ ઉલ્લાસ પ્રકટાવ્યો હતો. અહીં વિમળશાહ મંત્રીએ સોનું ઉત્પન્ન કરેલું તેનાં કોટડાં આમ તેમ વિખરાયેલાં પડયાં છે. પણ કેટલાક ઇતર અજ્ઞાની લોકો આરાસુરી અંબામાતાનો પ્રભાવ બતાવવા માટે એમ કહે છે કે અંબામાતાએ કોપ કરી જૈન દહેરાં બાળી નાખ્યાં હતાં, તેનાં આ અવશેષો છે. તેઓ આ હકીકત માત્ર મુખથી નથી કહેતા, પણ તે માટે ચોપડીઓ છપાવી

પ્રચાર કરે છે. તેમાં કેટલાક જૈનોની મદદ લીધેલી હોય છે. તેથી ઘણા લોકો ભ્રમમાં પડી જવાનો સંભવ છે. આવા કાર્યમાં મદદ કરવી એ કોઈ પણ જૈનને કેમ શોભે ? પણ આપણા સમાજની અજ્ઞાન દશા તે માટે કારણભૂત છે અને તેથી આપણાં હૃદયમાં ઊંડો ખેદ થાય તેવું છે.

ત્યાંથી ખરેડી થઈ પૂજ્યશ્રીએ આબૂ ગિરિરાજનું આરોહણ શરુ કર્યું હતું અને વૈશાખ વદિ ૫ના દિવસે દેલવાડામાં પધરામણી કરી હતી. તેઓશ્રીની આબૂ ગિરિરાજની આ યાત્રા બીજી વારની હતી, પણ તે પહેલી જેટલીજ પ્રસાદકર નીવડી હતી. જ્યાં ભવ્યતાનો ભંડાર ભર્યો હોય ને સૌંદર્યના સાગરની છોળો ઉછળતી હોય ત્યાં જેટલી વાર જઈએ તેટલી વાર આનંદજ આવે, એમાં સંશય નથી. અહીં શેઠ કાન્તિલાલ તથા સારાભાઈ કોલસાવાળા તરફથી પૂજ્યશ્રીનું ભવ્ય સામૈયું થયું હતું અને આઠ દિવસની સ્થિરતા થઇ હતી. તેમાં વ્યાખ્યાન-વાણીનો લાભ યાત્રાળુ વગેરેને સારી રીતે અપાયો હતો.

## જીરાઉલા પાર્શ્વનાથની યાત્રા

આ અનુપમ તીર્થની યાત્રા કરીને પૂજ્યશ્રી અના-દરાના રસ્તે નીચે ઉતર્યા હતા અને દાંતરાઈ થઇ જીરાઉલા –પાર્શ્વનાથની યાત્રાએ પધાર્યા હતા. તે વખતે ત્યાં જીર્ણો-દ્ધાર ચાલી રહ્યો હતો. ભવ્ય બાવન જિનાલયમાં શ્રી અરિષ્ટ-નેમિ, શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ વગેરે ભગવાનની યાત્રા

કરતાં અપૂર્વ આત્મોલ્લાસ થયો હતો. અહીં નોંધવાલાયક બીના એ છે કે ભગવાન જિરાઉલા પાર્શ્વનાથ એક ઓરડીમાં ઓળખાય નહિ તેવી રીતે બિરાજમાન કરેલા અથવા થયેલા જોવાય છે.

## મ્હેસાણા ભણી

ત્યાંથી મંડાર-ડીસા થઈ, મ્હેત્રાણામાં શ્રી આદીશ્વર ભગવાનની યાત્રા કરી, સિદ્ધપુર પધાર્યા હતા અને ત્યાં ધર્મપ્રેમી મહેતા દોલતચંદ વેણીચંદની ઘણા વખતની વિનંતિ હોવાથી એક અઠવાડિયું સ્થિરતા કરી હતી. તે દરમિયાન એક દિવસ બધા શ્રાવકોએ પૌષધ કરીને પૂજ્યશ્રી પાસે પૌષધદિન પાળ્યો હતો. તે વખતે ત્યાંનાં બન્ને જિનાલયો જોઈને તેના જીર્ણોદ્ધાર માટે તથા પ્રભુપરિવાર વ્યવસ્થિત કરવા માટે પૂજ્યશ્રીએ શ્રીસંઘને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. તે મુજબ તેઓ આજે અમદાવાદની શ્રીજીર્ણોદ્ધાર કમીટી-હસ્તક કાર્ય કરાવી રહ્યા છે.

ત્યાંથી વિહાર કરીને ચાતુર્માસનિમિત્તે સં. ૨૦૦૫ના અષાડ સુદિ ૨ ના દિવસે શ્રીસંઘના સામૈયાપૂર્વક મ્હેસાણામાં પ્રવેશ કર્યો હતો.

## ચાતુર્માસ

અહીં અષાડ સુદિ ૧૦ થી શ્રીસમ્યકત્વસપ્તતિ અને પૃથ્વીચંદ્ર-ગુણસાગર ચરિત્રની વાચના શરૂ થઈ હતી અને પૂજ્યશ્રીની પ્રેરણાથી શા. વસંતલાલ પાનાચંદ આદિ યુવકોમાં ઉત્સાહની ભરતી આવતાં શ્રી સુમતિજિનસંગીત-

મંડળ સ્થપાયું હતું, જે આજપર્યંત સુંદર સેવા બજાવી રહેલ છે. અહીં વ્રત—નિયમો સારા પ્રમાણમાં લેવાયા હતા અને તપશ્ચર્યાનું આરાધન પણ રૂડી રીતે થયું હતું. ઉત્સવ તથા વરઘોડામાં પણ અનેરો ઠાઠ રહ્યો હતો. આસો માસની શાશ્વતી ઓળીમાં અનેક આરાધકોએ ભાગ લીધો હતો.

આ રીતે સં. ૨૦૦૫ની સાલ અનેકવિધ પ્રશસ્ત પ્રવૃત્તિઓમાં પૂર્ણ થઇ હતી અને સંવત ૨૦૦૬ની સાલનું પદાર્પણ થયું હતું. સમય સમયનું કામ કરે છે, તે કોઇ માટે રોકાતો નથી, તો આપણે પણ અહીં શા માટે રોકાઈએ? પૂજ્યશ્રીએ ચાતુર્માસ પૂર્ણ થતાં વીસનગર ભણી પ્રયાણ કર્યું છે, એટલે તેઓશ્રીની સાથે જ ચાલીએ અને ત્યાં જે પ્રસંગ ઉપસ્થિત થયો છે, તેનું અવલોકન કરીએ.

## વીસનગરમાં હરિજનપ્રવેશનો પ્રશ્ન

આજે કારતક વદિ ૧૨નો દિવસ છે. પ્રાતઃકાલના ૯ વાગ્યા છે, સંઘ ભવ્ય સ્વાગત કરી રહેલ છે અને પૂજ્યશ્રી સીધા કલ્યાણીપાર્શ્વનાથનાં મોટા મંદિરે પધારે છે. કોઈ પણ ગામમાં પ્રવેશ કરીને પ્રથમ જિનમંદિરને જુહારવાં એ જૈન સાધુઓની પ્રણાલિકા છે, એટલે એમાં નવું કશું જ નથી, પણ અહીં આ સમયે પધારવામાં પૂજ્યશ્રીનો એક વિશિષ્ટ ઉદ્દેશ છે, એટલે તેની નોંધ લઈએ છીએ. અહીંના સંઘને હરિજનભાઈઓ તરફથી નોટિસ મળી છે કે અમે આ દિવસે, આ સમયે, આ મંદિરમાં

દર્શનાર્થે પ્રવેશ કરીશું, એટલે સંઘ ચિંતાતુર બન્યો છે અને તે પૂજ્યશ્રીને ખાસ વિનંતિ કરીને અહીં લાવ્યો છે. પૂજ્યશ્રીએ 'સર્વ સારાં વાનાં થશે' એવી શ્રદ્ધાથી અહીં પદાર્પણ કર્યું છે, એટલે તેઓ મંદિરે પધાર્યા છે અને ધ્યાન ધરી રહ્યા છે. આખો સંઘ ત્યાં શાંતિથી બેઠો છે.

સમય થયો એટલે જીલ્લા કલેકટરની સરદારી નીચે હરિજન ભાઈઓનું સરઘસ આવ્યું. તે વખતે મંદિર બહારના ચોકમાં પૂજ્યશ્રીનું પ્રવચન ચાલી રહ્યું હતું, તેમાં તેઓ પ્રસંગોચિત શ્રી જિનમંદિરની પ્રવિત્રતા, તેમાં વર્જવી જોઈતી ૮૪ આશાતના વગેરે વિષયો સારી રીતે સમજાવતા હતા. તેમાં 'જે દેવવિષે પોતાની આંતરિક શ્રદ્ધા ન હોય તેનાં મંદિરમાં દર્શનનિમિત્તે દાખલ થઈ ધાંધલ મચાવવી એ સજ્જનતા તથા શિષ્ટાચારનો ખુલ્લો ભંગ છે,' એ પણ સમજાવ્યું, તથા જિનેશ્વર ભગવાનનાં પવિત્ર દર્શનથી કોઈને પણ પોતાનાં નયન-મન-આત્માને પવિત્ર કરવા હોય તે કરી શકે છે,' એમ પણ જણાવ્યું.

પૂજ્યશ્રીની આ સમજાવટે અદ્‌ભુત કાર્ય કર્યું. હરિજનોએ મંદિરમાં દાખલ થવાની હઠ છોડી દીધી. તેમણે બહાર ઊભા રહીને જ દર્શન કર્યાં અને બીજાં જૈન મંદિરોએ જવાનું માંડી વાળ્યું.

આ રીતે એક અટપટા પ્રશ્નની શાંતિભરી પતાવટ થઈ, તેથી સકળ સંઘને ઘણો જ આનંદ થયો અને તેણે અતિ

આગ્રહ કરીને ત્યાં પૂજ્યશ્રીની થોડા દિવસ સ્થિરતા કરાવી.

## શ્રી શંખેશ્વરજીમાં

ત્યાંથી વાલમ વગેરેની સ્પર્શના કરીને પૂજ્યશ્રી માગસર વદિ ૮ ને રોજ શ્રી શંખેશ્વરજી પધાર્યા. ત્યાં વદિ ૧૦ નો મેળો હોવાથી ગામોગામના સંઘો સારા પ્રમાણમાં આવ્યા હતા. આ અવસરે પૂજ્યશ્રીએ શ્રી જૈન સંસ્કૃતિરક્ષક સભાના ઉપક્રમે મુંબાઈ સરકારના ટ્રસ્ટ રજી· સ્ટ્રેશન એકટની અનિચ્છનીયતા વિષે જાહેર પ્રવચન આપ્યું હતું અને તેમાં દેવદ્રવ્યની પવિત્રતા તથા ઉપયોગિતા અને તેનાં સંરક્ષણ તથા સંવર્ધનની અનિવાર્ય આવશ્યકતા પર સારો પ્રકાશ પાડયો હતો. અન્ય વક્તાઓએ પણ આ વિષય પર સારાં પ્રવચનો કર્યાં હતાં.

વદિ ૧૦ ના દિવસે અહીં નવકારશી થઈ હતી, ભારે પૂજા ભણાવાઈ હતી અને વરઘોડો ખૂબ ઠાઠથી નીકળ્યો હતો.

## રાધનપુરમાં ચાતુર્માસની વિનંતિ

ત્યાંથી વદિ ૧૨ ના વિહાર કરી પોષ સુદિ ચોથના રોજ પૂજ્યશ્રી સસ્વાગત રાધનપુર પધાર્યા હતા. અહીંના સંઘ પર પૂજ્યશ્રીનો કેવો અને કેટલો ઉપકાર હતો, તેનાથી આપણે પરિચિત છીએ, એટલે તેઓશ્રીનાં આગમનથી સહુને કેટલો આનંદ થયો હશે ? તે કલ્પી શકીએ છીએ.

અહીં સંઘે ચાતુર્માસ માટે જોરદાર વિનંતિ કરી હતી, પણ હજી ચાતુર્માસ આડે ઘણો સમય હતો, તેથી ભાવના બતાવી અવસરે ઉત્તર આપવાનું જણાવ્યું હતું.

માહ સુદિ ૨ ના દિવસે પૂજ્ય મોટા ગુરુદેવની સ્વર્ગારોહણતિથિ આવતાં પૂજ્યશ્રીએ પ્રસંગોચિત પ્રવચન કર્યું હતું અને ગુરુગુણનો મહિમા પ્રકાશ્યો હતો. જો શ્રેયઃસદનના દિવ્ય દરવાજામાં દાખલ થવું હોય તો ગુણપૂજા કરતાં બીજો કયો ઉપાય શ્રેષ્ઠ છે? નમસ્કાર મહામંત્રનું સતત સ્મરણ એ ગુણપૂજા છે, ચતુર્વિંશતિ જિનસ્તુતિ-સેવા એ પણ ગુણપૂજા છે અને ગુરુવંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ તથા પ્રત્યાખ્યાન પણ એક પ્રકારની આત્મશુદ્ધિ અને સમર્પણ પૂર્વકની ગુણપૂજા જ છે.

આ ગુણગાન વખતે પૂજ્ય આચાર્યશ્રી વિજયભદ્રસૂરિજી અધ્યક્ષસ્થાને બિરાજ્યા હતા અને પૂજા-પ્રભાવનાદિનો લાભ દસાડિયા હિંમતલાલ ભુરાલાલ તરફથી લેવાયો હતો.

## કુવાળામાં સુંદર મહોત્સવ

ફોફાણી નરપતલાલ મનસુખલાલને પોતાના સદ્ગત પિતાશ્રીના સ્મરણાર્થે પોતાનાં વતન કુવાળામાં મહોત્સવ કરવાની ભાવના હતી. તેમણે પૂજ્યશ્રીની પુણ્યનિશ્રા માટે વિનંતિ કરતાં પૂજ્યશ્રી માહ સુદિ ત્રીજના રોજ વિહાર કરી સુદિ પાંચમે કુવાળા પધાર્યા. મહોત્સવની શરુઆત પણ તે જ દિવસથી થઈ અને ભાભેરથી આવેલી સંગીતમંડળીએ

રસનો છંટકાવ કરવા માંડયો. પૂજા–પ્રભાવનાએ તેમાં પ્રાણ પૂર્યાં અને પૂજ્યશ્રીનાં વિશદ વ્યાખ્યાનોએ તેની યશોપતાકા ફરફરાવી દીધી. ગામનાં પ્રમાણમાં ઉત્સવ ઘણો સુંદર થયો. જ્યાં પૂજય પુરુષોનાં પગલાં પડે ત્યાં શોભામાં શી ખામી રહે ?

## એટા–ભાભેર વગેરે

ત્યાંથી એટા તીર્થની યાત્રા કરી માહ સુદિ ૧૩ ના દિવસે પૂજ્યશ્રી ભાભેર પધાર્યા અને ત્યાં સંઘનો અતિ આગ્રહ થવાથી એક અઠવાડિયાની સ્થિરતા થઇ. ભાવ સારો, ભાવિકતા સારી, એટલે અઠવાડિયું ભાભેરવાસીઓના ભવ-ભ્રમણને ભાંગનારું નીવડયું. એવામાં વાવના સંઘે આવી વાવ પધારવાની વિનંતિ કરી, એટલે પૂજ્યશ્રીએ વાવ તરફ વિહાર કર્યો અને માહ વદિ ૧૩ ના દિવસે વાવને પાવન કર્યું. અહીં સુવિહિત સાધુઓને પધારવાનો પ્રસંગ ઓછો, એટલે આ આગમને અપૂર્વ આનંદ પ્રેર્યો અને આત્મિક-આરાધના માટે ઉત્કટ ઈચ્છા જગાડી. ત્યાં એટાતીર્થ–કમીટીના સભ્યોએ ફરી એટા પધારવાની વિનંતિ કરી અને ફાગણ સુદિ ૩ ની આચાર્યપદવીનિમિત્તે પૂજા–પ્રભાવના વગેરે કરવાની ભાવના દર્શાવી. પરિણામે ફાગણ સુદિ બીજે વાવથી વિહાર થયો અને સુદિ ત્રીજની સવારે રામપુરને ગુરુભક્તિ કરવાની તક મળી. ત્યાંથી એક માઇલનો વિહાર કરી એટા પધારતાં કુવાળા, ભાભેર, વાવ વગેરે ગામોથી આવેલા શ્રાવકસમુદાયે સુંદર સત્કાર કર્યો અને

પોતાનાં સમ્મકત્વની શુદ્ધિ કરી. પૂજાપ્રભાવનાએ તેમાં ઓપ ચઢાવ્યો અને શાસનપ્રભાવના ઝળકી ઉઠી. હાલ તો આ એટા તીર્થ બંધ પડી ગયું છે અને ત્યાં નીકળેલા ચમત્કારી શ્રીઆદીશ્વર ભગવાનનાં પ્રતિમાજી શિહોર નવાં દેરાસરમાં મૂલનાયક તરીકે બિરાજમાન છે.

## લોદ્રાએ પણ ઉત્સવ કર્યો

ત્યાંથી વિહાર કરી ભાભેર થઈ ફાગણ સુદિ પાંચમે લોદ્રા પધાર્યા કે જ્યાં સંઘ ઘણા સમયથી અષ્ટાહ્નિકામહોત્સવ તથા શાન્તિસ્નાત્ર માટે સમુત્સુક હતો. પૂજ્યશ્રીનો લાભ મળતાં તેની એ સમુત્સુકતા કાર્યમાં પરિણમી અને ફાગણ સુદિ ૭ થી મહોત્સવનાં મંડાણ મંડાયાં. જ્યાં ભાવની ભવ્યતા આગળ આવે છે, ત્યાં ગણિત ગંદુ લાગે છે અને આંકડા અકારા થઈ પડે છે, એ કોણ નથી જાણતું ? એટલે લોદ્રા-નિવાસીઓએ ખર્ચ સામું જોયું નહિ, પણ શકય પ્રયત્ને સુંદર સામગ્રી મેળવી તાત્કાલિક શાંતિસ્નાત્ર ભણાવીને તથા નવકારશી વગેરે કરીને મહોત્સવને દીપાવ્યો અને પ્રાપ્ત થયેલા પૂજ્યશ્રીનાં સાન્નિધ્યને સફળ કર્યું. આ પ્રસંગે મુનિશ્રી સુજ્ઞાન-વિજયજી કે જેઓ ત્યાંથી આગળ વિહાર કરી ગયા હતા, તેઓ પણ સંઘની વિનંતિથી ત્યાં પાછા આવી ગયા હતા.

ફાગણ વદિ ત્રીજે ત્યાંથી વિહાર થયો, તેણે નાથપરા તથા થરાની સ્પર્શના કરાવી પૂજ્યશ્રીને સરીયદ સમીપે આણ્યા. ત્યાં અમદાવાદ પધારવાનું પ્રબળ નિમિત્ત પ્રાપ્ત થયું ન હોત તો તેઓશ્રીનો વિહાર કઈ બાજુ થાત એ

કહેવાને અમો શક્તિમાન નથી. અમદાવાદમાં પટવા બાલાભાઈ મગનલાલને પૂજ્યશ્રીનાં સાન્નિધ્યમાં શાન્તિસ્નાત્રાદિ ધર્મપ્રભાવના કરવાની પ્રબલ ભાવના હતી, તેથી વિહારનું હવે પછીનું લક્ષ્ય અમદાવાદ બન્યું.

### ચારૂપ તીર્થમાં

ચૈત્રસુદિ એકમે પૂજ્યશ્રી ચારૂપ પધાર્યા, ત્યાં મંત્રી ભોગીલાલભાઈ–નંદલાલભાઈ વગેરે તરફથી પાટણ પધારવાની વિનંતિ થઈ અને મુનિશ્રી વર્ધમાનવિજયજી, જેઓ છેલ્લું ચાતુર્માસ પાટણ રહ્યા હતા, તેઓ પણ વંદનાર્થે પૂજ્યશ્રી સમક્ષ ઉપસ્થિત થયા. પરંતુ પૂજ્યશ્રીએ ભાવિકોને અમદાવાદ જવાનું કારણ સમજાવી ત્યાંથી વિહાર કર્યો. મેત્રાણા, સિદ્ધપુર, ઊના, ગંભીરા, જોટાણા, લાંઘણજ, વડસમા, ખેરજ (ડાભી) તથા બોરૂ થઈ માણસા–લોદરા પધાર્યા અને ત્યાંથી લીંબોદરામાં એક મહોત્સવને સાન્નિધ્યનો લાભ આપી વૈશાખસુદિમાં અમદાવાદ પધાર્યા.

### અમદાવાદમાં ઉત્સવાદિ

પટવા બાલાભાઈએ કાળુશીની પોળમાં શ્રી સંભવનાથજિનાલયમાં મહોત્સવ માંડયો. ભાવના ભરપૂર હતી અને પૈસાનો કોઈ પ્રશ્ન ન હતો, એટલે એ મહોત્સવને અનેરો રંગ ચઢયો. ગવૈયા હીરાલાલ ઠાકોર નિત્ય નવા-નવા રાગોથી પૂજા ભણાવતા અને જૈન આરાધકમંડળ પોતાની વિશિષ્ટ શૈલિથી રસની રેલંછેલ કરતું. પૂજ્શ્રીની વૈરાગ્યમયી વાણી અનેક ભવ્ય જીવોની મોહનિદ્રા તોડતી અને સંવેગ–નિર્વેદનું પાન કરાવતી.

## ૪૫-રામનું સ્વપ્ન ભરતને ફળે છે?

આ અરસામાં રાધનપુર-સાગરગચ્છના આગેવાનો શ્રી ગણપતલાલ ઈચ્છાચંદ, તથા શેઠ આનંદીલાલ કમળશીભાઇ વગેરે પૂજ્યશ્રીને ચાતુર્માસની વિનંતિ કરવા આવ્યા. તેમની ભાવના સફળ કરવા માટે પૂજ્યશ્રીએ પહેલા અષાડ સુદિ ૩ ના દિને અમદાવાદથી વિહાર કર્યો અને સાબરમતી, પાનસર, મહેસાણા થઇ અષાડ વદિ છઠ્ઠે પાટણને પાવન કર્યું. પણ અહીં રામનું સ્વપ્ન ભરતને ફળવા જેવું કેવી રીતે થયું? તે આપણે જોઈએ.

### પાટણમાં ચાતુર્માસ

પૂજ્યશ્રી પધાર્યા તે દિવસથી જ મેઘરાજાએ વરસાદની મહેર કરી અને નદીનાળાં જળથી ઉભરાવા લાગ્યાં. બનાસ તો બે કાંઠે આવી, એટલે તેને ઓળંગવાનું શકય રહ્યું નહિ. રાધનપુરના આગેવાનો ડીસા થઈ પાટણ આવ્યા, ત્યાં તેમણે સર્વ પરિસ્થિતિ નજરે નિહાળી. આ બાજુ પાટણવાસીઓને પણ પૂજ્યશ્રીનાં ચાતુર્માસની ઇચ્છા હતી, કારણકે તેમને ગુરુમહારાજનો યોગ મલ્યો ન હતો, તેમાં કુદરતની મદદ મળી ગઈ, એટલે તેમને અનુકૂલ થયું. રાધનપુરના ભાઇઓ સંમતિ આપીને પાછા ગયા અને થોડા દિવસ રાહ જોયા બાદ પાટણનાં ચાતુર્માસની જય બોલાઈ. અમે આગળ સ્પર્શના બળવાનનો ઉલ્લેખ કરી ગયા છીએ, તેનું આ બીજું દૃષ્ટાંત આપણી સામે આવ્યું.

નગીનદાસ હોલમાં ચાતુર્માસ થયું. વિપાકસૂત્રની વાચના થઈ અને નમસ્કારમંત્ર, અષ્ટમહાસિદ્ધિ તથા શેઠ કિશોરચંદ હેમચંદ તરફથી અક્ષયનિધિ વગેરે ઘણાં તપો થયાં. બહેનોએ સેંકડોની સંખ્યામાં ચંદનબાળાના અઠ્ઠમો ઉપાડ્યા અને પારણે પૂજ્યશ્રી પ્રમુખ ચતુર્વિધ સંઘને વાજતે ગાજતે પોતાને ત્યાં પગલાં કરાવવા માંડયાં. ત્યાં ગુરુપૂજન થતું, જ્ઞાનપૂજન થતું, શ્રીસંઘને પ્રભાવના થતી અને ખાસ બાંધેલા મંડપમાં પૂજ્યશ્રીને પ્રવચન આપવાની વિનંતિ થતી, તેથી પૂજ્યશ્રી ઉપસ્થિત શ્રોતાસમુદાયને દાન–શીલ–તપ–ભાવનો મહિમા સમજાવતા અને સંયમને વિષે પુરુષાર્થ દોરવવાની પ્રેરણા કરતા. મહાપુરુષોની વાણી કદી વંધ્યા હોતી નથી. તેને પચ્ચક્ખાણ રૂપી પુત્ર જન્મે છે અને દયા, શાંતિ, સમતા વગેરે પુત્રીઓનો પરિવાર થાય છે. જ્યાં આવો સુંદર કુટુંબપરિવાર હોય ત્યાં શાસન–પ્રભાવનાનું પૂછવું જ શું? શ્રી સંઘપૂજાનું વાર્ષિક કર્તવ્ય પણ આ રીતે સુંદર અદા કરાતું હતું.

## તપશ્ચર્યાનું વાતાવરણ

પર્યુષણમાં મુનિશ્રી વર્ધમાનવિજયજીએ અટ્ઠાઈ અને મુનિશ્રી દેવભદ્રવિજયજીએ નવ ઉપવાસ કર્યા હતા. ધન્ય મુનિવરો! ધન્ય તમારી તપશ્ચર્યા! જો તમે પોતાનાં આચરણથી જગતને આ માર્ગ ન બતાવ્યો હોત તો ભવભ્રમણ કરી રહેલા અનંત આત્માઓનું શું થાત? તેઓ પોતાના કર્મની નિર્જરા શી રીતે કરી શકત?

સંઘમાં ૧૬–૧૦–૯–૮ તથા અઠ્ઠમની તપશ્ચર્યા સારા પ્રમાણમાં થઈ હતી. ભાદરવા સુદિ સાતમે રૌપ્યરથ તથા ગજરાજની સવારી સાથે નીકળેલા ભવ્ય વરઘોડાનાં પાટણની પ્રજાએ પૂર્ણ પ્રેમથી દર્શન કર્યાં હતાં અને 'દેવ આવા જ હજો' વગેરે શબ્દો બોલીને સમ્યકત્વની સ્પર્શના–શુદ્ધિ કરી હતી.

આ રીતે સં. ૨૦૦૬ ની સાલનું ઓગણત્રીસમું ચાતુર્માસ સંઘને આનંદમંગલકારી નીવડયું હતું.

ચાતુર્માસ પરિવર્તનનો લાભ લેવા ઘણા ભાઈઓની ઈચ્છા હતી, પણ એ સદ્‌ભાગ્ય શેઠ નંદલાલ ભોગીલાલને પ્રાપ્ત થયું હતું.

## ૪૬ – ઉપકારની પરંપરા

સં. ૨૦૦૭ ની સાલમાં પૂજ્યશ્રીએ ઉપકારની જે પરંપરા સર્જી હતી, તેનાથી હવે પરિચિત થઇએ. 'પ્રથમ નહિ તો પછી' એ ન્યાયે રાધનપુરના ભાઈઓની પધારવા માટેની વિનંતિ ચાલુ જ હતી. તેથી પૂજ્યશ્રીએ કારતક વદિ ૬ ના મંગલ પ્રભાતે પાટણથી વિહાર કર્યો. કાંસા પધારતાં પાટણસંઘે પૂજા–સાધર્મિકવાત્સલ્ય વગેરેનો લાભ લીધો. ત્યાંથી સરિયદ થઈ પૂજ્યશ્રી ઉંબરી પધાર્યા. અહીં શ્રાવકોનાં ૧૮ ઘર હતાં અને શ્રીઆનંદપાર્શ્વનાથ ભગવાનનું

એક નાનું સરખું મંદિર હતું. તે મંદિર જીર્ણ થઈ ગયું હતું અને પૂંઠ, દૃષ્ટિ વગેરે દોષોવાળું હતું, તેથી પૂજ્યશ્રીએ તેનો જીર્ણોદ્ધાર કરવાનો ઉપદેશ આપ્યો. આ બાબતમાં ઉંબરીસંઘ વર્ષોથી એક મત ન હતો, પણ પૂજ્યશ્રીનો ઉપદેશ કર્ણવિવરદ્વારા ચિત્તમાં પ્રવેશ્યો કે અજબ પરિવર્તન થઇ ગયું. સહુ જીર્ણોદ્ધારની બાબતમાં એક મત થઈ ગયા અને પૂજ્યશ્રી જે સલાહ આપે તે પ્રમાણે જ બધું કામ કરવું, એવા નિર્ણય પર આવી ગયા. આને આપણે ભાગ્યોદયની નીશાની જ સમજીએ.

તેજ વખતે પૂજ્યશ્રીની સૂચનાનુસાર અમદાવાદથી મીસ્રી ભગવાનદાસ ગીરધરલાલ સોમપુરાની કંપનીવાળા મીસ્રી હરિભાઈને બોલાવવામાં આવ્યા. તેમને દહેરાસર વગેરેની જગા બતાવીને માર્ગદર્શક નકશો (પ્લાન) તૈયાર કરવાનું કામ સોંપવામાં આવ્યું.

પૂજ્યશ્રીને મૌન એકાદશીની આરાધના ત્યાં જ થઈ. બાદ મંગલ પ્રસંગનાં મુહૂર્ત નક્કી કરાવી ત્યાંથી વિહાર કર્યો.

## થરા

થરા પધારતાં સંઘે ઘણા ઉત્સાહ અને આડંબરથી સામૈયું કર્યું. ત્યાંથી બે માઈલ દૂર વરખડી મુકામે શ્રી ગોડીજી પાર્શ્વનાથનાં પગલાંનો મોટો મહિમા છે, તેથી પૂજ્યશ્રી સકળ સંઘ સાથે પગલે પધાર્યા. ત્યાં શ્રીસંઘે પૂજા ભણાવી તથા સાધર્મિકવાત્સલ્ય કર્યું, જેનો લાભ આજુબાજુના ગામોમાંથી આવેલા લોકોએ સારી રીતે લીધો.

### રાધનપુર

ત્યાંથી નાથપુરા, લોદ્રા, ઊન થઇ રાધનપુર પધારતાં શ્રીસંઘની ઘણા વખતની દર્શન–સમાગમની ભાવના પૂર્ણ થઈ. આ ક્ષેત્ર સારી રીતે ખેડાયેલું હતું અને તેમાં ધર્મ રૂપી બીજો વવાયેલાં હતાં, એટલે ભક્તિ–વિનય–બહુમાનથી હરિયાળું હોય એ સ્વભાવિક છે. પૂજ્યશ્રીએ અહીં થોડા દિવસની સ્થિરતાના લાભ આપી પોષ વદિ ચોથે વિહાર કર્યો, ત્યારે ઘણા ભાવિકો દૂર સુધી વળાવવા આવ્યા હતા અને વિરહવિચારે તેમનાં નેત્રો સજળ બન્યાં હતાં.

### શંખેશ્વર ને ભોંયણી

પૂજ્યશ્રીને બધાં તીર્થો પ્યારાં છે, પણ શ્રી શંખેશ્વરજી વિશેષ પ્યારું છે, તે અત્યાર સુધીના અનુભવ પરથી આપણે જાણી ચૂકયા છીએ, એટલે તેઓશ્રીનું પ્રયાણ શ્રી શંખેશ્વરજી ભણી થયું. ત્યાં ઉલ્લાસપૂર્વક યાત્રા કરીને તેઓશ્રી ભોંયણી પધાર્યા અને તીર્થનાયક મલ્લિપ્રભુને જુહારી કૃતાર્થ થયા. અહીં શેઠ મફતલાલ વરવાલાલ ખાવડ પધારવાની વિનંતિ કરવા આવ્યા, તેથી પૂજ્યશ્રીએ રાધનપુર–ભંકોડા થઈ માહ સુદિ ૧ ના રોજ ખાવડને પાવન કર્યું.

### ખાવડ

માહ સુદિ બીજે પૂજ્ય મોટા ગુરુદેવની સ્વર્ગારોહણ તિથિ ઉજવી, તે વખતે વ્યાખ્યાન–પ્રભાવનાદિ ધર્મકાર્યો ઉત્તમ રીતે થયાં અને ગુરુગુણનો મહિમા ગાજવા લાગ્યો.

વિશેષમાં નાણુ મંડાવી શેઠ વરવાલાલ, શેઠ નરસિંહલાલ તથા શેઠ સુખલાલે સજોડે ચતુર્થ વ્રત ઉચ્ચર્યાં.

શેઠ વરવાલાલ તરફથી સાધર્મિકવાત્સલ્ય થયું. અહીં ટૂંકી સ્થિરતામાં બહુ મોટો ઉપકાર થયો.

**અહીંથી આપણે થોડો કાવ્યવિહાર કરીએ—**

( દોહરા )

ખાવડથી ગુરુ આવિયા, રાજપુર રળિયાત;
ત્યાંથી આગળ શું બન્યું, સાંભળજો સહુ વાત. ૧
પાનસરે વિભુ વીરને, વંદે ગુરુ ગુણવંત;
જિનવર ગુણ ગાતા થકાં, આવે ભવનો અંત. ૨

( સોરઠા )

ત્યાંથી ખોરજ ગામ, ડાભીનું પાવન કર્યું;
કીધું અદ્‌ભુત કામ, શ્રાવકગણુ સમજાવીને. ૩

પૂજ્યશ્રીએ શ્રાવકગણુને શું સમજાવ્યું ?

( મનહર છંદ )

**વિજય**નાં વાજાં વાગે, **પ્રેમ** તણાં પુર જાગે,
**સૂરિ**વૃંદ ષડ્જ રાગે, જેના ગુણ ગાય છે;
કામ નહિ ક્રોધ નહિ, વિષય–વિકાર નહિ,
માયા તણી છાયા નહિ, લોભ જ્યાં હણાય છે;
**રામ** અને કૃષ્ણ જેવા, નિત્ય કરે જેની સેવા,
**જંબ** તેમ બીજા એવા, દીપે વખણાય છે.

અહો ! **નમિ** જિનતણું, ચૈત્ય થયું જીર્ણ ઘણું;
ધૂળ એહ જાણપણું, જ્યાં ન કાંઈ થાય છે. ૪

ગુરુદેવ જીર્ણોદ્ધારનું મહત્ત્વ સમજાવે છે—

( તોટક છંદ )

નવલાં જિનમંદિરથી ઉપજે
પરલોક–સુધારણ પુણ્ય ઘણું;
પણ જે જન જીર્ણ સુધાર કરે,
તસ હોય નહિ ભમવા જ પણું. ૫

એ સાંભળીને શ્રાવકો શું કહે છે ?

( નારાચ છંદ )

અમે ગમાર બાળકો ન જાણિયે કશું પ્રભો !
કરી કૃપા અગાધ આજ ઉપકાર આપનો;
જરૂર કામ આ મહાન જોરથી ઉપાડશું,
નહીં વિચાર રાત–દી તણો જ દિલ લાવશું. ૬
પરંતુ આપના વિના ન કોઈ રાહ આપશે,
થશે ભૂલો ઘણી અને મહાન જંગ જામશે;
કરો કૃપા અશેષ દેવ ! આવડે ન બોલતાં,
રહો અહીં વિશેષ બેશ કર્મકાષ્ઠ છોલતાં. ૭

શ્રાવકોની આ વિનંતિ સાંભળી પૂજ્યશ્રીએ અહીં અઠવાડિયાની સ્થિરતા કરી. પછી અમદાવાદથી મીસ્ત્રી હરિભાઈને બોલાવવામાં આવ્યા અને તેમને બધી હકીકત સમજાવી કામ સોંપ્યું.

## નારદીપર-સોજા

ત્યાંથી આજુબાજુ વિહાર કરી પૂજ્યશ્રી નારદીપર પધાર્યા, ત્યાં પૂજ્ય આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરિજી સોજા પધારવાના સમાચાર મળ્યા. આ ગામ અહીંથી બહુ નજીક હતું, એટલે પૂજ્યશ્રીએ તેમને વાંદવા માટે સોજા તરફ વિહાર કર્યો. રસ્તામાં બંને ગુરુભ્રાતાઓ ભેગા થઇ ગયા. જ્યાં એકની ઉપસ્થિતિ પરમમંગલનું કારણ બને છે, ત્યાં બેની ઉપસ્થિતિનું કહેવું જ શું ? સકળ સંઘને ઘણોજ આનંદ થયો અને તેણે બંને આચાર્યવરોનું ભાવભીનું સ્વાગત કર્યું. ત્યાં અમદાવાદવાળા શ્રીધર્મારાધકમંડળને બોલાવી શ્રીસંઘે ઘણા ઉત્સાહથી શ્રી અષ્ટાપદજીની પૂજા ભણાવી. પછી પૂજ્યપાદ શ્રી વિજયરામચંદ્રસૂરિજીને વંદન કરી, તેમની પાસેથી ભાવભરી વિદાય લઇ માહ વદિ ૧૩ના દિવસે પૂજ્યશ્રી અમદાવાદ પધાર્યા.

### અમદાવાદ

ચોથા દિવસે ફાગણ માસ આવ્યો, તે પોતાની સાથે પવિત્ર સ્મૃતિ લેતો આવ્યો. એથી ભાવિકોનાં મન અતિ ઉલ્લાસ પામ્યાં. ધીરીબહેને આચાર્યપદપ્રદાનના મંગળ દિને કાળુશીની પોળમાં પૂજા ભણાવી પોતાની ગુરુભક્તિ સફળ કરી.

અહીં (અમદાવાદ) શાહપુર મંગળપારેખના ખાંચેથી શેઠ ચીમનલાલ ડાહ્યાભાઇ તથા બાબુભાઈ આદિ શ્રાવક-સંઘની વિનંતિ થતાં પૂજ્યશ્રી ચૈત્ર સુદિ ૧ના રોજ શાહ-પુર પધાર્યા. ત્યાં સકળ સંઘે વ્યાખ્યાન વાણીનો સારી

રીતે લાભ લીધો અને શંકા–સંશયનો સમુચ્છેદ કર્યો. બાદ ચાતુર્માસ માટે આગ્રહભરી વિનતિ થતાં પૂજ્ય ગચ્છાધિપતિની આજ્ઞા મંગાવી અને તે મળી જતાં ચાતુર્માસની જય બોલાઈ.

હવે ચૈત્ર સુદિ ૫ના દિવસે પૂજ્ય આચાર્યશ્રી વિજય-રામચંદ્રસૂરિજી જ્ઞાનમંદિરે પધારવાના સમાચાર પ્રાપ્ત થતાં પૂજ્યશ્રીએ શાહપુરથી વિહાર કરી જ્ઞાનમંદિરને પાવન કર્યું. ત્યાં પૂજ્ય આચાર્યદેવને ભેગા થયા, શાસ-નના અનેકવિધ પ્રશ્નોની વિચારણા કરી અને જ્ઞાનગોષ્ઠિવડે આત્માને ઓપવા લાગ્યા. એવામાં ડભોઇસંઘના આગેવાનો ઉપસ્થિત થયા અને તેમણે ડભોઈ પધારવાની વિનંતિ કરી.

અમે શ્રી ઋષભાદિજયતિલકપ્રાસાદની વાત આગળ લખી ગયા છીએ. તેની બાજુમાં જ શ્રી ચંદ્રપ્રભસ્વામીનું એક નાનું દહેરાસર શ્રી વિજયસંઘનાં આધિપત્યમાં હતું. આ તરફ સાગરસંઘનું એનાથી ત્રણગણું મોટું એક મુનિસુવ્રતસ્વામીનું દહેરાસર બીજા લતાના મધ્ય ભાગમાં હતું, તે વિજયસંઘને ફાવે તેમ હતું. તેથી સાગરસંઘે ઉક્ત દહેરાસરોની અદલાબદલી કરવાની વિનંતિ કરી હતી. તેનો સમય પાકતાં સં. ૨૦૦૬માં વિજયસંઘે શ્રી ચંદ્રપ્રભજિનાલયનો કબજો સાગરસંઘને સોંપ્યો અને સાગર-સંઘે પોતાનાં મુનિસુવ્રતજિનાલયનો કબજો વિજય સંઘને સોંપ્યો. બાદ સાગરસંઘે શ્રી ચંદ્રપ્રભજિનાલયને જીર્ણોદ્ધારમાં ભેળવી દીધું. આ દહેરાસરની આગળની જગ્યા તો સાગર સંઘની હતી જ. એટલે ત્યાં એક બાજુ ચંદ્રવિહાર તથા

સામી બાજુ દાનગુરુવિહાર બાંધવાની યોજના અમલમાં મૂકી. તેની પ્રતિષ્ઠા માટે ડભોઈ સંઘના આગેવાને અહીં આવ્યા હતા અને વહેલી તકે પધારવાની વિનંતિ પેશ કરી રહ્યા હતા. એ વિનંતિ પૂજ્યશ્રીએ મંજૂર રાખી અમદાવાદથી વિહાર કર્યો હતો.

## નડિયાદમાં નવો રંગ

ખેડા થઇ ચૈત્ર સુદિ ૧૦ના રોજ નડિયાદ પધારતાં સંઘ તરફથી સામયું થયું હતું. બીજે દિવસે પૂજ્યપાદ આચાર્ય ભ૦શ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજ મહારાષ્ટ્રમાંથી વિહાર કરી રાધનપુર દીક્ષા આપવા જતાં અહીં પધાર્યા હતા અને તેમનો પણ સુંદર સામૈયાપૂર્વક પ્રવેશ કરાવ્યો હતો. તે વખતે પૂજ્યશ્રી શિષ્યસમુદાય સાથે સામા ગયા હતા અને વિધિપૂર્વક વંદન કર્યું હતું. શિષ્ટાચારનું પરિપાલન એ સજ્જનોનો સહજ ધર્મ છે. આપણા પૂજ્યશ્રી આચાર્યદેવને મળ્યા ત્યારે આકાશમાંથી કેશર–ચંદનનો છંટકાવ થયો હતો. આમ બનવાનું કારણ તેઓશ્રીના પ્રશિષ્ય પં. શ્રી મહિમાવિજયજીને જે મિત્રદેવનું સાન્નિધ્ય રહે છે, તે આવા વિશિષ્ટ પ્રસંગે પુણ્યશાલીનાં પગલે પૂ. આચાર્ય ભગવંતની સેવામાં અદૃશ્ય રહી શાસનપ્રભાવનાનો અતિશય બતાવી જાય છે.

## છાણી–વડોદરા

નડિયાદથી આણંદ–વાસદ થઈ છાણી પધારતાં પાલેજવાળા શાહ ચીમનલાલ છોટાલાલ, માસ્તર જીવણલાલ

હરગોવન તથા શાહ ઉત્તમચંદ નેમચંદ આદિ આગેવાનો પાલેજમાં નવા દહેરાસરનું મુહૂર્ત લેવા આવ્યા હતા અને તેમણે પૂજ્યશ્રીને એ પ્રસંગે ખાસ પધારવાની વિનંતિ કરી હતી. તેમણે શિલાસ્થાપન માટે જેઠ સુદિ ૨ નું મુહૂર્ત નક્કી કરી આપ્યું હતું તથા પધારવા માટે વર્ત-માન જોગ રાખ્યો હતો. ત્યાંથી વિહાર કરી, વડોદરા થઈ ચૈત્ર વદિ ૫ ના રોજ શુભ મુહૂર્તે ડભોઇમાં પ્રવેશ કર્યો હતો.

## ડભોઈમાં ચંદ્રવિહારાદિપ્રતિષ્ઠા

અહીં પ્રતિષ્ઠા માટે જે સંગેમરમરની દેવકુલિકાઓ વગેરે મકરાણેથી તૈયાર થઇને આવવાનું હતું, તે હજી સુધી આવ્યું ન હતું, એટલે સંઘના આગેવાનો ચિંતામાં પડયા હતા, પણ પૂજ્યશ્રીએ પ્રવેશ કર્યો તે જ દિવસે એ બધું રેલ્વેમાં ચડી ગયાનો તાર આવી ગયો ને અમદાવાદથી મીસ્રી હરિભાઈ પણ આવી પહોંચ્યા. આ રીતે સર્વ સંયોગો સાનુકૂળ જણાતાં સંઘને અતિ આનંદ થયો અને તેણે મહોત્સવની તડામાર તૈયારીઓ કરવા માંડી.

મુહૂર્ત નજીક આવતાં શ્રી સાગરસંઘે સુંદર કંકો-ત્રીઓ કાઢી અને તેનું અનેક સ્થળે વિતરણ કર્યું. ચૈત્ર વદિ ૧૪ ના દિને કુંભસ્થાપન થયું તથા મહોત્સવની શરૂઆત થઈ. વૈશાખ સુદિ ચોથે ગ્રહપૂજન થયું, પાંચમે ડભોઈનાજ રૌપ્યરથ સાથે ભવ્ય વરઘોડો નીકળ્યો અને સુદિ છઠના શુભ દિવસે ચંદ્રવિહારમાં શ્રી ચંદ્રપ્રભસ્વામીની

તથા ચરમ કેવલી શ્રીજંબૂસ્વામી આદિની અને શ્રીદાનગુરુ-મંદિરમાં સ્વ. પૂજ્ય મોટા ગુરુદેવ શ્રી વિજયદાનસૂરિજી મહારાજની ગુરુમૂર્તિ આદિની પ્રતિષ્ઠા પૂજ્યશ્રીના વરદ હસ્તે થયેલા શ્રીસૂરિમંત્રમંત્રિત વાસક્ષેપ પૂર્વક ઉછામણીમાં ભાગ લેનારા ફડીઆ હીરાલાલ મોતીલાલ, છોટાલાલ છગનલાલ કાજી, પાનાચંદ મગનલાલ વડજવાળા આદિ મહાનુભાવોએ કરી. બપોરે શાન્તિસ્નાત્ર ભણાવાયું, પ્રભાવના થઇ અને સાંજે સાધર્મિકવાત્સલ્યદ્વારા સહુની ભક્તિ કરવામાં આવી. આ રીતે માત્ર ત્રણ વર્ષ પછી પૂજ્યશ્રીના હાથે ડભોઇમાં બીજી પ્રતિષ્ઠા પણ ધામધૂમથી થઈ. જ્ઞાન-મંદિરનું શિલાસ્થાપન પણ એ જ સાલમાં પૂજ્યશ્રીના સંસારી ભાઈ પાનાચંદ મગનલાલના શુભ હસ્તે થયું હતું.

## પાલેજમાં શિલાસ્થાપન

અહીં અમદાવાદથી શાહપુરવાળા ભાઇઓ પૂજ્યશ્રીને ચાતુર્માસ લઈ જવા માટે આવ્યા હતા. પૂજ્યશ્રીએ તેમને પોતાનો પ્રવેશસમય વગેરે આપતાં તેઓ ખુશી થઈને ગયા હતા. પાલેજથી શાહ ચીમનલાલ છોટાલાલ આદિ ગૃહસ્થો શિલાસ્થાપનપ્રસંગે પૂજ્યશ્રીને પધારવા માટે ફરી વિનંતિ કરવા આવ્યા હતા. તેમની વિનંતિને માન આપી પૂજ્યશ્રીએ વૈશાખ વદિ ૧૦ ના રોજ ડભોઈથી વિહાર કર્યો અને વદિ ૧૩ નાં શુભ મુહૂર્તે પાલેજમાં પધરામણી કરી. તે વખતે શ્રાવકસમુદાયે સમુચિત સત્કાર કર્યો હતો અને ભક્તિની ભવ્યતા પ્રકાશી વિનય તથા બહુમાનને અગ્રપદ આપ્યું હતું.

જેઠ સુદિ ૨ નાં મંગલ પ્રભાતે શુભ લગ્ને શેઠ મનસુખલાલના શુભ હસ્તે પૂજ્ય આચાર્યદેવની નિશ્રામાં શિલાસ્થાપન સુંદર રીતે થયું હતું અને તે પર પૂજ્યશ્રીનો વસુભૂતિની વિભૂતિવાળો વાસક્ષેપ થયો હતો. બાદ ખાસ બંધાયેલા મંડપમાં પધારી મંગલ પ્રવચન કર્યું હતું. તેમાં ચૈત્યનિર્માણથી થતા લાભોનું વિશદ વિવેચન કર્યું હતું અને તે અંગે ટીપની જરૂર જણાતાં ઉદારતાનો ઉપદેશ આપ્યો હતો. પરિણામે ત્યાં ટીપમાં ટપોટપ નાણાં ભરાઈ ગયાં હતાં અને આંકડો ત્રિભુવનસૂચક ત્રણ પરથી પસાર થઈને પંચપરમેષ્ઠીવાચક પાંચનો સ્પર્શ કરીને ત્રીજા શૂન્ય પર અટકયો હતો. કોઇને સ્વપ્ને પણ આશા નહોતી કે આ સમારોહમાં આ રીતે રૂપિયા પાંત્રીસ હજાર જેવી સુંદર ટીપ થશે ! પૂજ્યશ્રીનો કોઈ અજબ પ્રભાવ કે કોઈએ નહિ ધારેલું પરિણામ આવી ગયું. પાલેજનો સંઘ તેઓશ્રીનો ઉપકાર કેમ ભૂલે ? તેણે આ મંદિરની પ્રતિષ્ઠા પણ તેઓશ્રીના વરદ હસ્તે જ કરાવવાનો નિર્ણય જાહેર કર્યો અને અહીં વધુ દિવસ રોકાઇ જવાની વિનંતિ કરી. પૂજ્યશ્રીએ તેમને ઉતાવળા ન થવા સમજાવ્યું અને 'આ સાલ તો અમદાવાદ શાહપુર ચોમાસાની જય બોલાઈ ગઈ છે, એટલે ત્યાં જ ગમન કરવું પડશે, પણ તમો બધા ભાવના ચડતી રાખજો, જ્ઞાનીએ જોયું હશે તો ભાવના સફળ થશે, હજી સમય ઘણો છે,' વગેરે જણાવતાં સંઘને શાંતિ થઇ.

અહીં એક સ્પષ્ટતા અવશ્ય કરવી જોઈએ કે

શિલાસ્થાપન માટે પૂજ્યશ્રીએ જેઠ સુદિ ૨ નું જે મુહૂર્ત આપ્યું હતું, તે બાબત કેટલાકે વહેમ ઘાલ્યો હતો, તેથી સંઘના આગેવાનોએ અમદાવાદ જઈ પાંજરાપોળ, વિદ્યાશાળા, લુહારની પોળ વગેરે ઉપાશ્રયોએ બિરાજતા પૂજ્ય આચાર્યાદિ મુનિ ભગવંતોને મળી મુહૂર્તની ખાતરી કરી હતી અને તેમાં આ મુહૂર્ત શ્રેષ્ઠ હોવાનો એકમતી અભિપ્રાય સાંપડયો હતો, એટલે સંઘની શ્રદ્ધા અને ભાવના વધી જાય એ સ્વાભાવિક છે. પછી તો એમનાં દહેરાસરનું કામ ઝડપી આગળ ચાલ્યું અને બીજી સાલમાં પ્રભુજીને પ્રવેશ કરાવવાનું મુહૂર્ત પણ પૂજ્યશ્રીજી પાસેથી ગ્રહણ કરી પ્રભુજીનો પ્રવેશ કરાવ્યો. તે વખતે ઉપજ પણ અણધારી ઘણી સારી થઈ હતી.

જીર્ણમંદિરોનો ઉદ્ધાર કરાવવો, નૂતન ચૈત્યો નિર્માણ કરાવવાં, વર્તમાન વિહારોમાં રહી ગયેલી ખોડખાંપણો સુધરાવવી, અંજનશલાકા–પ્રતિષ્ઠામહોત્સવો કરાવવા, યોગ્ય મુમુક્ષુઓને દીક્ષાઓ આપી ભવકૂપમાંથી ઉદ્ધાર કરવો, જીવન સુધારનારાં વ્રતનિયમોનું પ્રદાન કરવું, ઉપધાન–ઉદ્યાપન ઉત્સવ–મહોત્સવ યોજવા, વ્યાખ્યાનો આપવાં, દાન–શીલ–તપ–ભાવની પુષ્ટિ કરવી, શ્રદ્ધાને સુદૃઢ બનાવી જ્ઞાનને વેગ આપવો, સંઘમાં કુસંપ પેઠો હોય તો સમજાવીને દૂર કરવો, આ બધો ઉત્તમ કોટિનો ઉપકાર નહિ તો બીજું શું છે? ભૂખ્યાને અન્ન દેવું, તરસ્યાને પાણી પાવું, દુઃખીને એ પૈસા આપી મદદ કરવી, ગરીબોને શિક્ષણ–ધંધામાં સહાય કરવી એ બધા સામન્ય કોટિના ઉપકારો છે,

કારણકે તેથી વર્તમાન જીવનની કેટલીક જરૂરિયાતો સંતોષાય છે, પણ આત્મવિકાસના માર્ગે પ્રયાણ થતું નથી; જ્યારે ઉપરની પ્રવૃત્તિઓ મનુષ્યને પોતાના સ્થૂલ લાભ ઉપરાંત અંતિમ લક્ષ્યપર લઇ જાય છે અને શાશ્વત સુખની પ્રાપ્તિ કરાવે છે, તેમજ 'ભૂખ્યાઓને અન્નદાન' વગેરે ઉપકારો પણ એજ પ્રવૃત્તિઓ કરાવે છે. જેઓ 'આ ભવ મીઠો પરલોક કોણે દીઠો?' એવી માન્યતા ધરાવે છે, તેમને માટે અમારી આ પંક્તિઓ નથી, કારણકે ત્યાં તો અમારે એકડે એકથી ફરી આંક ઘુંટાવવો પડે અને તેમની સર્વ માન્યતાઓનું સમૂલ ઉચ્છેદન કરવું પડે, જે એક સ્વતંત્ર ગ્રંથની અપેક્ષા રાખે છે, એટલે આ પંક્તિઓ તો અંતરથી ધર્મને માનનારા પણ મોહ-પ્રમાદના વશથી ઉપેક્ષા સેવનારા ભવભીરુઓ માટેજ છે.

## અમદાવાદ-શાહપુર ચાતુર્માસ

પાલેજથી જેઠ સુદિ ૨ ની સાંજે વિહાર કરી પૂજ્યશ્રી મીયાગામ, મુજપુર, બોરસદ થઇ માતર પધાર્યા કે જે સાચા દેવ સુમતિનાથનું સ્થાન ગણાય છે. અહીં શાહપુર સંઘના આગેવાનો વંદન કરવા માટે આવ્યા હતા અને દહેરાસરમાં પૂજા ભણાવવાનો લાભ લીધો હતો.

માતરથી આગળ વિહાર કરી નાયકા, બારેજા થઈ પૂજ્યશ્રીએ અમદાવાદના પરિસરોમાં પ્રવેશ કર્યો હતો અને અરુણસોસાયટીને પાવન કરી હતી. અહીં આલિશાન જિનમંદિર તૈયાર થયેલું હોઈ તેની અંજનશલાકા તથા

પ્રતિષ્ઠાનો લાભ લેવા પૂજ્યશ્રીએ સંઘને ઉત્સાહિત કર્યો હતો. સાધન હોય, સંયોગ હોય, પણ ઉત્સાહ ન હોય તો કયું કાર્ય સાનંદ સંપન્ન થાય છે? સંઘના આગ્રહથી અહીં થોડા દિવસ સ્થિરતા થઈ હતી, બાદ પૂજ્યશ્રી જ્ઞાન-મંદિરે પધાર્યા હતા.

ગ્રીષ્મ ઋતુનો ચોથો માસ, તેનો બીજો પક્ષ અને તેની બીજી તિથિ શુભ મુહૂર્તનાં કારણે ચાતુર્માસ પ્રવેશની પસંદગી પામી હતી, એટલે શાહપુરનો સંઘ તે દિવસે પ્રાતઃકાળના ૮–૩૭ કલાકે જીયા બેન્ડ સાથે ભવ્ય સામયું લઈને પૂજ્યશ્રીને લેવા માટે જ્ઞાનમંદિરે આવ્યો હતો. ત્યાંથી પૂજ્યશ્રી ઉક્ત સામૈયા સાથે શાહપુર પધાર્યા હતા. ત્યાં ગહુંલીઓ તથા સુવર્ણ–રજતસુમનો વડે સત્કારાતા સૂરિજી મંગળ પારેખના ખાંચે પધાર્યા હતા અને શમરસની સાક્ષાત્ મૂર્તિ સમા શ્રીશાંતિ-જિનનાં દર્શન કરી ઉપાશ્રયમાં પ્રવેશ્યા હતા. પછી શ્રાદ્ધ સમૂહને મંગલ પ્રવચન સંભળાવતાં દશ દૃષ્ટાંતે દુર્લભ માનવભવનું મહત્ત્વ પ્રકાશ્યું હતું અને તેની કોઈ પણ ક્ષણ આળસ કે પ્રમાદમાં વેડફાઈ ન જાય તેની તકેદારી રાખવાનો અનુરોધ કર્યો હતો. બાદ શ્રીફળની પ્રભાવના થઈ હતી.

સૂરિજીનું સાન્નિધ્ય અનેક રીતે ઉપકારી થયું હતું. અષાડ સુદિ ૧૧ થી ભવભીરુ ભાવિકવૃંદને શ્રી ભગવતી સૂત્રનાં ભવ્ય પ્રવચનો સાંભળવા મળ્યા હતાં અને થોડા

દિવસ બાદ ચૌદ પૂર્વ, અઠ્ઠાવીસ લબ્ધિ, અક્ષયનિધિ વગેરે તપો કરવાની અણમોલ તક સાંપડી હતી. ધર્મ ચર્ચાઓ ચાલુ જ હતી અને તે ષડ્દ્રવ્યથી માંડીને વર્તમાન કાળના વિષમ પ્રશ્નો સુધી વિસ્તરતી હતી. ગમે તેવા વિષમ પ્રશ્નો પૂછાય કે ગમે તેવી અટપટી દલીલો આગળ ધરવામાં આવે તો પણ સૂરિજીના શાંત મનઃપ્રદેશમાં કંટાળાનો કોંટો ફૂટતો નહિ કે ઉશ્કેરાટ, ઉતાવળ યા ઉપેક્ષાભાવની વૃત્તિ ઉઠતી નહિ. તેઓશ્રી મુમુક્ષુનાં મનનું સમાધાન કરવા માટે શ્રુતિ, યુક્તિ અને અનુભુતિ એ ત્રણે 'તિ'નો ઉચિત ઉપયોગ કરતા અને તેનું પરિણામ સંતોષકારક જ આવી જતું.

### ધ્વજદંડારોપણ

પૂજ્યશ્રીની પુણ્ય નિશ્રામાં શ્રાવણ સુદિ १૩ નાં શુભ મહૂર્તે શ્રી શાંતિનાથ જિનાલય ઉપર મહોત્સવપૂર્વક ધ્વજદંડ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. એવામાં પર્યુષણનો પયગામ આવ્યો, એટલે દાન, શીલ, તપ અને ભાવની આરાધના વિશેષ ભવ્ય બની. પૂજ્યશ્રીના અંતેવાસીઓમાંથી મુનિશ્રી વર્ધમાનવિજયજીએ અને મુનિશ્રી દેવભદ્રવિજયજીએ અઠ્ઠાઇની તપશ્ચર્યા કરી અને શ્રાવક–શ્રાવિકા સમુદાયે પણ વિવિધ તપસ્યાઓનો ઉદારતાથી આશ્રય લીધો. છેવટે અરસપરસના અપરાધોની ક્ષમાયાચના થઈ અને મૈત્રી ભાવનો મહિમા પ્રસર્યો.

આ ભવ્ય પ્રસંગ પછી સૂત્રવાચના તથા તપ

નિમિત્તે અષ્ટાહ્નિકામહોત્સવ ઉજવાયો અને ગજરાજની ગરવી સવારી સાથે ભગવતી સૂત્રનો ભારે વરઘોડો નીકળ્યો. તેણે પણ માનવીઓનાં કષાયકદર્થિત વિષયવિશ્રૃંખલિત મન પર સમ્યક્ત્વની સુધા છાંટી અને ભાવિકવૃંદની ભવતારિણી ભવ્ય ભાવનાને વેગ આપ્યો. બાદ દરવાજાના ખાંચે પૂજ્યશ્રીની નિશ્રામાં જૈન પાઠશાળાની સ્થાપના–ઉદ્‌ઘાટન થયું હતું, જે આજે પણ બરાબર ચાલે છે. પૂજ્યશ્રીના ઉપદેશથી ચુનારાના ખાંચે ચાલતા શ્રી વર્ધમાન તપખાતાનો ખાડો પણ પૂરાઈ ગયો હતો.

અરુણ સોસાયટીમાં મંદિરનિર્માણનું કામ લગભગ પૂરું થવા આવ્યું હતું, એટલે અંજનશલાકા તથા પ્રતિષ્ઠાની તૈયારી કરવાની હતી. તે અંગે માર્ગદર્શન લેવા તેના કાર્યકર્તાઓ શેઠ રતિલાલ કેશવલાલ, શેઠ ત્રિકમલાલ ડાહ્યાભાઈ, શેઠ સુધાકર મનસુખલાલ, શેઠ ચીમનલાલ ડાહ્યાભાઇ, શ્રી ચીનુભાઇ કોઠારી તથા શ્રી ભોગીલાલ નાણાવટી વગેરે વારંવાર અહીં આવતા હતા અને પૂજ્યશ્રીએ આપેલાં માર્ગદર્શનને ચીવટાઇથી અનુસરતા હતા. મુહૂર્ત લેવાનો પ્રસંગ આવતાં પૂજ્યશ્રીની આજ્ઞાથી જ્યોતિર્વિદ મુનિશ્રી રૈવતવિજયજીએ નવા બિંબો ભરાવવાનું મુહૂર્ત સં. ૨૦૦૮ના માગસર સુદિ ૨ નું આપ્યું હતું અને અંજનશલાકા તથા પ્રતિષ્ઠા માટે માહ સુદિ ૬ નું મુહૂર્ત શ્રેષ્ઠ જણાવ્યું હતું.

હવે મુહૂર્તો નજીક હોવાથી તેમણે પૂજ્ય ગુરુદેવને અરુણ સોસાયટીમાં પધારવાની સાગ્રહ વિનંતિ કરી અને

અંજનશલાકાપ્રતિષ્ઠાદિમહોત્સવ તેઓશ્રીનાં સાત્ત્વિક સાન્નિધ્યમાં કરવાનો જ નિર્ણય કર્યો.

આ ચાતુર્માસમાં પૂજ્ય સાધ્વી કલ્યાણશ્રીજી ડભોઇ-વાળા આદિ ઠાણા પણ શાહપુર સંઘની વિનંતિથી મંગળ-પારેખના ખાંચે જાસુદબાઈ પાઠશાળામાં રહ્યા હતા. તેમના સદુપદેશથી સ્ત્રીવર્ગમાં પણ સારી જાગૃતિ આવી હતી. ચાતુર્માસ પરિવર્તનનો લાભ શ્રીસંઘે લીધો હતો.

પ્રિય પાઠક ! આ રીતે આપણે સં. ૨૦૦૭ની સાલમાં પૂજ્યશ્રીએ સર્જેલી ઉપકારની પરંપરાનું અવલોકન કરીને સં. ૨૦૦૮ ની કાર્તિકી પૂર્ણિમા સુધી આવી પહોંચ્યા. હજી આપણે છ વર્ષથી પણ કંઈક અધિક સમયનું અવલોકન કરવાનું છે, એટલે ત્વરિત ગતિએ આગળ વધીએ અને તે દરમિયાન પૂજ્યશ્રીની પવિત્ર ધર્મનિષ્ઠા તથા પ્રબળ પ્રતિભાએ સર્જેલી શાસનોન્નતિથી પરિચિત થઈએ.

## ૪૭ – અરુણ સોસાયટીમાં શાસનસૂર્યોદય

પૂજ્ય સંઘસ્થવિર આચાર્ય ભગવંત શ્રી વિજયસિદ્ધિ-સૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય આચાર્યશ્રી વિજયરામચંદ્ર-સૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્ય આચાર્યશ્રી વિજયમનોહર-સૂરીશ્વરજી મહારાજ વગેરેએ પોતાના વિશાળ શિષ્ય-સમુદાય સાથે કુંતાસાની પોળમાં ચાતુર્માસ–પરિવર્તન

કર્યું હતું અને ત્યાં શાન્તિસ્નાત્રાદિ મહોત્સવ મંડાયો હતો. તે પ્રસંગ પર પધારવાની વિનંતિ થતાં પૂજ્યશ્રી કારતક વદિ ત્રીજે શાહપુરથી વિહાર કરી ફતાસાની પોળમાં પધાર્યા હતા. અહીં પૂજ્યશ્રીની પ્રેરણાથી અરુણ સોસાયટી સંઘ તરફથી શેઠ રતિલાલ, ત્રિકમલાલ, સુધાકરભાઈ, ચીમનલાલ નાણાવટી, ચીનુભાઈ કોઠારી આદિએ પૂજ્ય આચાર્યદેવોને અંજનશલાકા–પ્રતિષ્ઠામહોત્સવપ્રસંગે પધારવાની સાગ્રહ વિનંતિ કરી હતી અને તેનો તેઓશ્રી તરફથી સ્વીકાર થયો હતો. મહાપુરુષો અનિવાર્ય કારણ સિવાય કોઇની પ્રાર્થના નિષ્ફળ કરતા નથી.

ત્યાં શાન્તિસ્નાત્ર થયા પછી કારતક વદિ ચોથના રોજ પૂજ્યશ્રી બ્રહ્મપુરીમાં શ્રી અમૃતલાલ મહાસુખને ઘેર પધાર્યા હતા. બાદ લક્ષ્મીનારાયણની પોળને લાભ આપી વદિ ૬ ની સાંજે શાહપુર આવી ગયા હતા અને ત્યાંથી વદિ સાતમે અરુણ સોસાયટીને પાવન કરી હતી. શેઠ કાંતિલાલ કેશવલાલના બંગલે સ્થિરતા થઈ હતી. ત્યાં પૂજ્યશ્રીએ એકત્ર થયેલા સંઘને સચોટ ઉપદેશ આપતાં નજીક આવી રહેલા મંગલ પ્રસંગોને સારી રીતે ઉજવવાનો અનુરોધ કર્યો હતો અને પરમ પુણ્યનું પાથેય બાંધી લેવાનો ઉત્સાહ રેડ્યો હતો.

## મૂર્તિ ઘડવાની શરુઆત

માગસર સુદિ ૨ ને સોમવારનાં શુભ મુહૂર્તે આ બંગલાના એક ભાગમાં જે વિશિષ્ટ ક્રિયા થઈ, તેનાથી

અમે પાઠકોને પરિચિત કરવા ઇચ્છીએ છીએ. પૂજ્યશ્રીની પ્રેરણાથી અહીં શ્રી વિશ્વનંદિકર વાસુપૂજ્યવિહાર તૈયાર થયો હતો, એ આપણે જાણી ચૂકયા છીએ. તેમાં પધરાવવા માટે સુંદર મૂર્તિ તૈયાર કરવાની હતી. આ મૂર્તિ માટે ગુલાબી આરસનો એક પાષાણખંડ પસંદગી પામ્યો હતો, તેને આજ રોજ અહીં લાવવામાં આવ્યો હતો. આ પાષાણખંડ હવે પાષાણખંડ રહેવાનો ન હતો, પણ ત્રિભુવનતિલક શ્રી જિનેશ્વર ભગવાનની મૂર્તિ તરીકે સ્થાન પામવાનો હતો, તેથી તેના પર એક પવિત્ર વિધિ કરવામાં આવ્યો હતો. પ્રથમ તેનું નિર્મળ જળ વડે સારી રીતે પ્રક્ષાલન કરવામાં આવ્યું હતું અને તેના પરનો કચરો તથા મેલ દૂર કરવામાં આવ્યો હતો. પછી તેના પર સાત્ત્વિક ભાવના સંકેતરૂપ દુગ્ધની ધારા રેડવામાં આવી હતી અને પુનઃ તેનું જલવડે પ્રક્ષાલન કરી તેને ધૂપ–દીપ વડે વાસિત કરવામાં આવ્યો હતો. પછી તેના પર પૂજ્યશ્રીએ વાસક્ષેપ કર્યો હતો અને ત્યારબાદ શિલ્પીએ તેમાંથી મૂર્તિ ઘડવાની શરૂઆત કરી હતી. શિલ્પી કુશળ હોય તો તેના હાથે એ મૂર્તિમાં પ્રાણ પૂરાય છે, અર્થાત્ તે સજીવ જેવી સુંદર બને છે.

અમારો આ અભિપ્રાય આધુનિક નથી પણ અઠ્ઠાવીસ વર્ષ જેટલો પુરાણો છે. તેના પ્રમાણરૂપે અમે સં. ૧૯૮૭ ની સાલમાં રચેલા **'અજંતાનો યાત્રી'** નામક ખંડ કાવ્યની * બે પંક્તિઓ અહીં ઉદ્‌ધૃત કરીએ છીએ—

*આ ખંડકાવ્ય કવિવર ટાગોર, મહાકવિ નાનાલાલ, શ્રી કેશવ

દૃશદ જડ કહે છે દેખી આ કો જડાત્મા ?
સ્થપતિ કુશલ હસ્તે પ્રાણુ શું ના પૂરાય ?

અજંતાના કલામંડપોમાં નાગરાજયુગ્મની અતિ સુંદર મૂર્તિ નિહાળ્યા પછી અમારાં હૃદયમાંથી આ ઉદ્ગાર નીકળી પડયા હતા.

મૂર્તિપૂજામાં નહિ માનનારા કેટલાકનાં મુખેથી અમે એવા શબ્દો સાંભળ્યા છે કે 'પત્થર તો જડ છે, એને પૂજવાથી શું?' પણ એ મહાનુભાવોને ખબર નથી કે એ જડ જણાતા પત્થર પર અનેક પવિત્ર વિધિવિધાનો થાય છે અને તેમાં પૂજ્ય મહાત્માઓ દ્વારા પ્રાણુની પ્રતિષ્ઠા થાય છે, ત્યાર પછી એ મૂર્તિ પૂજ્ય બને છે અને સ્થાપનાનિમિત્તની દૃષ્ટિએ જોઈએ તો ખુદ જિનેશ્વરનું જ સ્થાન લે છે. તેના પુષ્ટ આલંબનથી આજ સુધીમાં અનેક આત્માઓ આ સંસાર-સાગર તરી ગયા છે ને હવે પછી પણ તરશે. મૂર્તિપૂજા એક યા બીજા સ્વરૂપે જગતભરમાં પ્રસિદ્ધ છે, તેથી તેનો વિરોધ કરવો એ બુદ્ધિમત્તા નથી.

## પૂર્વભૂમિકા

સોસાયટીના સર્વ ભાઈઓએ આવી રહેલા મહોત્સવ માટે પોતપોતાને યોગ્ય રકમો લખાવી દીધી અને દાન-

---

હર્ષદ ધ્રુવ, શ્રી નરસિંહરાવ ભોળાનાથ દીવેટિયા વગેરે પ્રસિદ્ધ પુરુષોની પ્રશંસા પામેલું છે. હાલ તેનો પં. રુદ્રદેવ ત્રિપાઠી સાહિત્યાચાર્યદ્વારા અનુવાદ થયો છે ને એક અધ્યાપકદ્વારા અંગ્રેજી ભાવાનુવાદ પણ તૈયાર થયો છે.

વીર શેઠ માણેકલાલ ચુનીલાલે મૂળનાયકજી તથા ધ્વજદંડ પધરાવવાની પોતાની ભાવના વ્યકત કરતાં કાર્યકર્તાઓના ઉત્સાહમાં અનેક ગણો વધારો થયો. એ પછી મૂળ દહેરાસરની ડાબી બાજુની એક શિખરબંધ દહેરીનો લાભ મૂર્તિ પધરાવવા સાથે શેઠ ત્રિકમલાલ ડાહ્યાભાઈ મારફતિયાને આપવાનું નકકી થયું અને જમણી બાજુની બીજી શિખરબંધ દહેરીનો લાભ મૂર્તિ પધરાવવા સાથે શેઠ રતિલાલ કેશવલાલને આપવાનો નિશ્ચય થયો.

હવે ધનાર્ક બેસવાના હોવાથી માગસર વદિ ૨ નાં મંગલ મુહૂર્તે અંજનશલાકા તથા પ્રતિષ્ઠામંડપનો સ્થંભ રોપાવો જોઇએ, તે લાભ સારી ઉછામણી બોલનાર શેઠ સુધાકર મનસુખરામને અપાયો. આ રીતે મહોત્સવની પૂર્વભૂમિકા તૈયાર થઈ.

પોષ વદિ ૬ થી મહોત્સવનું મંડાણ થવાનું હતું, એટલે તેમાં પધારવા માટે શ્રીસંઘઆમંત્રણપત્રિકાઓ સુંદર રૂપરંગમાં છાપવામાં આવી અને તે ગામોગામના સંઘને પોસ્ટ મારફત પહોંચાડવામાં આવી.

## આચાર્યાદિ મુનિવરોનું આગમન

મહોત્સવનો મંગલ દિન આવી પહોંચતાં આમંત્રિત આચાર્યભગવન્તો, તેમ સત્કારાર્થે સમયસર હાજર થઈ ગયેલા આપણા આચાર્યશ્રી તથા અન્ય મુનિવરો મળી કુલ ૭૦ ઠાણાનું એલીસબ્રીજ ખુશાલભુવન આગળથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. સવારના ૮-૪૭ કલાકે એ બધાનો અરુણસોસા-

ચટીમાં પ્રવેશ થયો. ત્યાં અંજનશલાકા–પ્રષ્ઠિામંડપમાં મહોત્સવ માટે પધરાવેલા શ્રીવાસુપૂજ્યસ્વામીનાં દર્શન કરી, ખાસ બંધાયેલા પ્રવચનમંડપમાં પધારી પૂજ્ય આચાર્ય શ્રીવિજયરામચંદ્રસૂરિજીએ સુંદર માંગલિક પ્રવચન કર્યું, બાદ શ્રીફલની પ્રભાવના થઈ.

## ગૃહચૈત્યમાં પ્રભુપધરામણી

તે જ દિવસે વિજય મુહૂર્તે અમદાવાદ શહેરમાં કુસુંબાવાડમાં શાહ જેશીંગલાલ કાલિદાસ જરીવાલાને ત્યાં નૂતન બનાવેલાં ગૃહચૈત્યમાં પ્રભુજીને પધરાવવાનું મુહૂર્ત હોવાથી આચાર્ય ભગવંતો શહેરમાં પધાર્યા હતા, જ્યાં ઉક્ત શેઠશ્રી તરફથી ભવ્ય સામૈયું કરવામાં આવ્યું હતું. બાદ વિજય મહૂર્તે પ્રભુજીને બિરાજમાન કરવાની ક્રિયા થઈ હતી અને પૂજા–પ્રભાવનાદિ પણ ઉત્તમ રીતે થયાં હતાં. પછી આચાર્ય ભગવંતો પાછા અરુણ સોસાયટીમાં પધારી ગયા હતા.

## તૈયારીઓ

હવે આ મહોત્સવ અંગે સોસાયટીમાં કેવી તૈયારીઓ થઇ હતી, તેનું અવલોકન કરી લઈએ. અંજનશલાકા-પ્રતિષ્ઠામંડપ તથા પ્રવચનમંડપનો ઉલ્લેખ અમે ઉપર કરી ગયા છીએ, તેની રચના ઘણી સુંદર કરવામાં આવી હતી. ખાસ કરીને તેનાં પ્રવેશદ્વારો વિવિધ સુશોભનો વડે શણગારવામાં આવ્યાં હતાં, જેથી આગંતુકોને તેમાં દાખલ થતાં જ ભવ્યતાનું ભાન થતું હતું. બીજા એક મંડપમાં મેરુ

પર્વતની રચના કરવામાં આવી હતી કે જે ભૂમંડલમાં બધા પર્વતો કરતાં ઊંચો છે અને શ્રીજિનેશ્વર દેવના સ્નાત્રાદિ મહોત્સવોથી પવિત્રતામાં પણ પહેલો આવે છે. તેની પાસે સમવસરણની રચના કરવામાં આવી હતી કે જેમાં વિરાજીને જિનેશ્વરદેવો અતિશયયુક્ત વાણી વડે સર્વ જીવોને ધર્મનો ઉપદેશ આપે છે. તેની પાસે ચંપાપુરીની રચના કરવામાં આવી હતી કે જે શ્રીવાસુપૂજ્યસ્વામીનાં જન્મથી વસુધામાં વિખ્યાત થયેલી છે. તેની બાજુમાં કેટલીક વેદિકાઓ બનાવવામાં આવી હતી કે જે પ્રસ્તુત પ્રસંગમાં ઉપયોગી હતી. આ બધા મંડપો ધ્વજા–વાવટાથી તેમજ સુંદર સુભાષિતવાળા બોર્ડોથી શણગારવામાં આવ્યા હતા અને તેમાં વિવિધરંગી વીજળીની રોશની પુર બહારમાં છોડી દેવામાં આવી હતી, એટલે અલકાપુરી જેવું દૃશ્ય ખડું થતું હતું. અલકાપુરીની મધ્યમાં ઇંદ્રનો મહેલ હશે એમ અમે માનીએ છીએ. કદાચ ત્યાં હોય કે ન હોય પણ અહીં તો ત્રિલોકના નાથનો ભવ્ય પ્રાસાદ મધ્યમાં વિરાજી રહ્યો હતો અને મનુષ્યના ત્રિવિધ તાપ શમાવવાનો સંકેત કરી રહ્યો હતો.

## પ્રભાવશાળી પ્રવચનો

સવારે પ્રવચનમંડપમાં પૂજ્ય શ્રીવિજયરામચંદ્રસૂરિજી મહારાજનાં પ્રવચનો થતાં, ત્યારે લોકોની ઠઠ જામતી. તેમાં સોસાયટીઓ ઉપરાંત શહેરના માણસો પણ સામેલ થતા. રસ કે ઉત્સાહ એક એવી વસ્તુ છે કે જે ગમે તેવા કષ્ટ –પરિશ્રમને પણ ગણકારતી નથી!

આ પ્રવચનોમાં સુદેવ કોને કહેવાય? તીર્થંકર પરમાત્માની શી વિશેષતા છે? તેમનો આપણા બધા પર કેવો મહાન ઉપકાર છે? તેમનાં પાંચ કલ્યાણકોનું રહસ્ય શું છે? અંજનશલાકાદિ વિધિ કેવી ઉચ્ચ કોટિની છે? અને આપણું તે અંગે શું કર્તવ્ય છે? વગેરે વિષયો તેઓશ્રી પોતાની લાક્ષણિક શૈલિથી સચોટ સમજાવતા અને તેથી લોકોનો એ બાબતનો ઉત્સાહ ખૂબ જાગૃત થતો. પછી તો એવી સ્થિતિ આવી કે ક્યારે પ્રતિષ્ઠાનો દિવસ આવે અને ક્યારે અમારાં તન–મન–ધનને સફળ કરીએ? તેની જ સહુ ઘડીઓ ગણવા લાગ્યા. આ ઉત્સાહનો પડઘો ઉછામણીઓના પ્રસંગમાં આબાદ પડ્યો હતો.

### અંગરચનાદિ

અરુણસોસાયટીમાં બંગલાઓ થોડા જ હતા, છતાં ઉત્સવનો રંગ અજબ હતો. પ્રતિદિન અંગરચના, પૂજા, પ્રભાવના, સાધર્મિકવાત્સલ્ય વગેરેનો લાભ સારો લેવાતો હતો. પૂજા અને ભાવનામાં સંગીતકાર હીરાભાઈ તથા જૈન ધર્મારાધકમંડળે ખૂબ રંગત જમાવી હતી.

### મહોત્સવ આગળ ધપે છે.

પોષ વદિ દશમે જલયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો. તે શાહ માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલય પાસે આવેલા શેઠ ચમનલાલ લાલભાઇના બંગલા સુધી ગયો હતો અને ત્યાં સ્નાત્ર ભણાવ્યા બાદ પાછો ફર્યો હતો. બંગલે શેઠ સારાભાઈ જેશીંગભાઇ ગુરુપૂજન વગેરેનો લાભ લઈ કૃતાર્થ થયા હતા.

વદિ ૧૧ ના દિવસે કુંભસ્થાપન થયું હતું, વદિ ૧૨ ના દિવસે દશદિક્પાલ તથા નવગ્રહપૂજનનો વિધિ થયો હતો, વદિ ૧૩ના દિવસે નંદ્યાવર્તનું પૂજન થયું હતું અને વદિ ૧૪નો દિવસ શ્રી સિદ્ધચક્રબૃહત્પૂજનથી સોહામણો બન્યો હતો. આ પૂજનમાં પૂ. આ. શ્રી વિજયોદયસૂરિજી મહારાજ આદિ પણ પધાર્યા હતા. ધાર્મિક ઉત્સવોમાં મનનો મેલ કાપવાની તથા શીલની સુગંધ ફેલાવવાની જે તાકાત રહેલી છે, તે અહીં પૂર્ણરૂપે પ્રકટ થઈ રહી હતી અને તેથી દર્શકોની સંખ્યા ભૂમિતિશ્રેઢી– ( Geometrical Progression )× નાં ધોરણે આગળ વધી રહી હતી. આ મહોત્સવમાં પધારનારા સાધુસાધ્વીઓની સંખ્યા જોઈએ તો એમ કહેવું જ પડે કે આ મહોત્સવે ખરેખર! એક વિક્રમ નોંધાવ્યો હતો. ૧૦૦ જેટલા સાધુ મહારાજો ને ૨૦૦ જેટલા સાધ્વી મહારાજો એ કંઈ જેવી તેવી સંખ્યા ન ગણાય! પણ આ ઉત્સવનું આકર્ષણ એટલું બધું હતું કે જે નહિ કલ્પવામાં આવેલું તે પણ બની રહ્યું હતું.

## કલ્યાણકોની સુંદર ઉજવણી

માહ સુદિ ૧ થી શ્રી જિનેશ્વરદેવોનાં કલ્યાણકોની ઉજવણી શરૂ થઈ. પ્રથમ દિવસે ચ્યવનકલ્યાણક એટલે

× ૧, ૩, ૫, ૭, ૯ એ ગણિત શ્રેઢી એટલે Arithmetical Progression છે. અને ૧, ૩, ૯, ૨૭, ૮૧ એ ભૂમિતિશ્રેઢી છે. પ્રથમની શ્રેઢી સરવાળાના ધોરણે આગળ વધે છે, બીજી શ્રેઢી ગુણાકારના ધોરણે આગળ વધે છે.

દેવલોકમાંથી ચ્યવીને મનુષ્યલોકમાં ગર્ભરૂપે આવવાનો પ્રસંગ પૂરા ભાવોલ્લાસથી ઉજવવામાં આવ્યો. બીજા દિવસે જન્મકલ્યાણક એટલે માતાના ઉદરે જન્મવાનો પ્રસંગ પણ ખૂબ ઠાઠથી ઉજવવામાં આવ્યો. તેમાં ઇંદ્ર, દેવો તથા છપ્પન દિક્કુમારિકાઓ વગેરેને જોતાં એમ જ લાગતું હતું કે શું તેઓ સાક્ષાત્ પૃથ્વી પર ઉતરી આવ્યા છે? પછી નામકરણ, નિશાળગરણું, લગ્નસમારંભ અને રાજ્યારોહણની અવસ્થાઓ પણ તે તે પ્રસંગને અનુરૂપ ઘણી સુંદર ઉજવાઈ હતી. પરંતુ આ બધા પ્રસંગોને કળશ ચઢાવે તેવા ત્રણ પ્રસંગો હવે જ આવતા હતા. તેમાંનો પહેલો પ્રસંગ હતો દીક્ષાકલ્યાણકનો. વર્ષીદાન આપીને, સકળ રાજ્ય-રિદ્ધિનો ત્યાગ કરી, સર્વ સંસારી સંબંધો છોડીને તીર્થંકર પરમાત્મા મહાભિનિષ્ક્રમણ કરે છે અને દિવ્યતાનું દર્શન કરાવનારી દીક્ષા અંગીકાર કરે છે. તે વખતે ઘણા પ્રેક્ષ-કોને એમ જ લાગ્યું કે આપણે હજી સુધી આ સંસારમાં કેમ પડી રહ્યા છીએ? શ્રી વાસુપૂજ્યવિભુએ બતાવેલા માર્ગે કેમ સંચરતા નથી? અહો આપણી કાયરતા! બીજો પ્રસંગ હતો જ્ઞાનકલ્યાણકનો. તેનો મુખ્ય સંદેશો હતો રાગ અને દ્વેષને મૂલમાંથી ઉખેડી કૈવલ્યની પ્રાપ્તિ કરવાનો. મનુષ્ય જ્યાં સુધી રાગ અને દ્વેષનો ક્ષય કરે નહિ, ત્યાં સુધી તે વીતરાગ બની શકે નહિ અને વીતરાગ બને નહિ તો પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ કરી શકે નહિ. શ્રી તીર્થંકર પરમાત્માએ રાગદ્વેષનો સંપૂર્ણ અંત કરીને જ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. છેવટનો પ્રસંગ હતો નિર્વાણનો.

એ આપણા જેવા સંસારી મનુષ્યોનાં નયનોને સજળ બનાવે, કારણ કે તેમાં જગત્ પર ઉપકારની અકલ્પ્ય વૃષ્ટિ કરનારા જિનેશ્વરદેવો પોતાનું ચરમ શરીર છોડી સિદ્ધશિલામાં વિરાજવા માટે ઊર્ધ્વગતિ કરે છે. પરંતુ વિવેકબુદ્ધિ જાગૃત હોય તો છેવટનું ધ્યેય સિદ્ધિ, મુક્તિ,. મોક્ષ કે નિર્વાણ છે, એ સમજતાં વાર લાગે નહિ. એ છે આત્માના અનન્ત સહજ સુખનો સાક્ષાત્કાર કરવાની પરાકાષ્ઠા, કિંવા પૂર્ણ-વિરામ.

આ બધાં દૃશ્યો તાદૃશ કરવા માટે માતાપિતા, છપ્પન દિક્કુમારિકાઓ, ઇન્દ્રાણીઓ, સૌધર્મેન્દ્રાદિ ચોસઠ ઈન્દ્રો, લોકાંતિક દેવો, મહેતાજી, સાસુ–સસરા, રાજ્ય-મંત્રી, બારોટ, વર્ષીદાન વગેરેની ઉછામણીઓ બોલાવવામાં આવી હતી, તેમાં ભાવિકોએ ભાવ દર્શાવવામાં જરાય કચાશ રાખી ન હતી. અનુભવીઓ એમ કહેતાં સંભળાયા હતા કે આ ઉછામણીઓએ તેનાં પહેલાંની સર્વ ઉછામણીઓને પાછી પાડી દીધી હતી. જ્યાં ભાવનાનું આવું ભવ્ય દૃશ્ય સર્જાયું હોય ત્યાં ખુદ ભગવાનને ગાદીએ બેસાડવાની ઉછામણી જાદુઈ ઝડપે આંકડા વટાવી જાય, એમાં નવાઈ શી?

માતાપિતા બનવાનો લાભ જૈન સોસાયટીવાળા શાહ લાલભાઈ અંબાલાલે સજોડે લીધો હતો. સૌધર્મેન્દ્ર બનવાનો લાભ શેઠ બકુભાઈ મણિલાલે લીધો હતો. સાસુ–સસરા બનવાનો લાભ ગીરધરનગરવાળા શાહ માણેકલાલ

મોહનલાલે લીધો હતો. પ્રભુને લઈને વર્ષીદાન દેવાનો લાભ અરુણસોસાયટીવાળા શેઠ સુધાકર મનસુખરામે લીધો હતો.

કલ્યાણક તથા કુલેકાના વરઘોડા સોસાયટીમાં ફર્યા હતા અને દીક્ષાકલ્યાણક–વર્ષાદાનનો વરઘોડો ગજરાજ આદિની સઘળી સામગ્રી સાથે અરુણ સોસાયટીમાંથી ચડી અમદાવાદ શહેરમાં ફર્યો હતો. શું તે વખતની માનવમેદની ! હૈયે હૈયું દળાતું હતું. નાના, મોટા, ઘરડાબુઢ્ઢા સહુ તેમાં સામેલ જણાતા હતા. આ વરઘોડાનાં દર્શન કરીને સહુએ ઉપસ્થિત પ્રસંગની અનુમોદના કરી હતી.

આ વરઘોડાના આગલે દિવસે, એટલે માહ સુદિ ૪થે કરજત–બોધાનના એક મુમુક્ષુ ભાઈ લીલાચંદે દીક્ષાગ્રહણ કરી હતી, અને તેમનું નામ મુનિશ્રી લોચનવિજયજી રાખવામાં આવ્યું હતું.

## અંજનશલાકા તથા પ્રતિષ્ઠા

માહ સુદિ ૬નો દિવસ માત્ર અરુણસોસાયટીમાં જ નહિ પણ અમદાવાદના ધાર્મિક ઈતિહાસમાં ચિરસ્મરણીય રહેશે, કારણ કે તે દિવસે ધનલગ્ન ધનનવમાંશે પૂજ્ય આચાર્ય ભગવંતોએ અંજનને માટે પધરાવેલાં ૧૨૫ જિનબિંબોને સુવર્ણશલાકાવડે નયનોન્મિલનકારી અંજન કર્યું હતું અને સમવસરણદેશના પછી નિર્વાણ-કલ્યાણકનો વિધિ સંપન્ન કરાવ્યો હતો. બાદ કુંભલગ્ને શ્રી વિશ્વનંદિકરવાસુપૂજ્યપ્રાસાદમાં મૂળનાયક શ્રી વાસુ-

પૂજ્ય ભગવાનને શેઠ માણેકલાલ ચુનીલાલે ગાદીએ બેસાડ્યા હતા. શ્રી સુવિધિનાથ ભગવાનને શેઠ રતિલાલ કેશવલાલે, શ્રી પદ્મપ્રભ ભગવાનને શા. ત્રિકમલાલ ડાહ્યાભાઈએ, શ્રી મુનિસુવ્રતસ્વામીને શેઠ રતિલાલ નાણાવટીએ, શ્રી ચંદ્રપ્રભ ભગવાનને શેઠ કચરાભાઇ વખતચંદે, શ્રી સુમતિનાથ ભગવાનને શેઠ રમણલાલ ખીમચંદે અને શ્રી મહાવીર સ્વામી ભગવાનને શેઠ સુધાકર મનસુખરામે પધરાવ્યા હતા. પૂજ્ય આચાર્ય ભગવંતોએ પોતાના વરદ હસ્તે એ તમામ જિનબિંબોને વાસક્ષેપ કર્યો હતો.

પૂજ્ય પુરુષોનાં પગલાંથી પૃથ્વી પાવન થાય છે અને તેમની શુભ ભાવનાઓથી ભૂષિત થયેલો વાસક્ષેપ સિદ્ધિને સત્વર સમીપ આણે છે, એ અનુભવ કોને નથી ? આમ છતાં કોઈ એમ માનતું હોય કે આ તો ધર્મઘેલાઓની એક પ્રકારની ધર્મઘેલછા છે, તો અમે તેમાં સંમત થઈ શકતા નથી. આજે નૂતન વિજ્ઞાન ( New science )નો જોરથી પ્રચાર થઇ રહ્યો છે, તેમાં વિચારબળ ( Thought force ), વિચારની અસર ( Thought influence ) અને વિચારપરિવર્તન ( Thought transference ) નો વિષય ખૂબ છણાયો છે અને અનેક દાખલાદલીલોથી એ હકીકત પુરવાર કરવામાં આવી છે કે કોઈ વસ્તુની પ્રબળ ભાવના એજ તેની સિદ્ધિનો મૂળ પાયો છે, એટલે ઉપર્યુક્ત ક્રિયાઓ ધર્મઘેલછાજનિત નથી, પણ અનુભવના ઉદધિમંથનમાંથી ઉત્પન્ન થયેલો એક પ્રકારનો અમૃતકુંભ છે અને તે વિઘ્નરૂપી વિષનું વારણ કરવાને સંપૂર્ણ સમર્થ છે.

## બૃહત્સ્નાત્ર વગેરે

બપોરે અષ્ટોત્તરીશાન્તિસ્નાત્ર ભણાવાયું હતું. પ્રભુજીને ઝવેરાતની બહુમૂલ્ય અંગરચના કરવામાં આવી હતી. રાત્રે ભવ્ય ભાવના બેઠી હતી. તેમાં વિશાળ જનસમુદાય ભાગ લઈ શકે તે માટે જિનાલયની ચોકી સુધી ઊંચો મંચ બાંધી દેવામાં આવ્યો હતો.

આ દિવસોમાં સરકાર તરફથી જમણ પર પ્રતિબંધ હોવાનાં કારણે નવકારશીનું જમણ થયું ન હતું, પણ પ્રભુજીને બિરાજમાન કર્યા તે સમયથી સાંજ સુધીમાં દરેકને બે લાડુ અને ફુલવડીની છૂટા હાથે પ્રભાવના શેઠ માણેકલાલ ચુનીલાલ તરફથી કરવામાં આવી હતી.

## દ્વારોદ્ઘાટન

માહ વદિ ૭ના સુપ્રભાતે દ્વારોદ્ઘાટનની ઉછામણી બોલીને શેઠ માણેકલાલ ચુનીલાલે વાજતે ગાજતે પૂજ્ય આચાર્યદેવોની નિશ્રામાં નવનિર્મિત જિનાલયનાં દ્વારોદ્ઘાટનની ક્રિયા કરી હતી અને શ્રીસંઘને દર્શન કરાવવાનો લાભ લીધો હતો.

## સફળ પૂર્ણાહુતિ

આ રીતે આ મહોત્સવ અપૂર્વ ઉલ્લાસ, અદ્વિતીય હાજરી અને અનુપમ ધર્મરંગને લીધે ચિરસ્મરણીય બની ગયો હતો. તેની કુલ ઉપજ આસરે રૂા. ૧૨૫૦૦૦ સવા લાખની થઈ હતી. અંજન શલાકા વખતે ૧૨૫ જિનબિંબો આવ્યાં હતાં.

# ૪૮ – રાધનપુરમાં અંજનશલાકાદિ

જે પુરુષો જીવનનું ધ્યેય સમજ્યા છે, તેઓ એની પૂર્તિ માટે સતત પરિશ્રમ કર્યા કરે છે અને તેમાં આનંદ પામે છે. જે પુરુષો જીવનનું ધ્યેય સમજ્યા નથી, તેઓ જે તે પ્રવૃત્તિમાં પોતાનો સમય પસાર કરી નાખે છે અને ભારે પરિશ્રમ કરવાનો પ્રસંગ આવે તો કંટાળીને આઘા ભાગે છે. આ પરથી આપણે પૂજ્યશ્રીની સતત પ્રયત્નશીલતાનું રહસ્ય સમજી શકીશું.

પૂજ્યશ્રીએ આવડો મોટો ઉત્સવ પાર પાડ્યો, છતાં ન તો એક દિવસનો આરામ લીધો કે ન તો થાકની ફરિયાદ કરી, પરંતુ માહ સુદિ ૭ નું નિર્મળ પ્રભાત ઉગતાં જ ભેટ બાંધી અને રાધનપુરમાં હવે પછી ઉપસ્થિત થનારા દીક્ષા તથા અંજનશલાકાદિપ્રસંગનિમિત્તે વિહાર કર્યો.

રાધનપુરના ધર્મનિષ્ઠ મહાનુભાવ શ્રી હરગોવન જીવરાજ મણિયારથી આપણે પરિચિત થયા છીએ. તેમણે સં. ૧૯૯૯ની સાલમાં પોતાની બહેન જાસુદને તેમની પુત્રી સાથે ઉત્સવપૂર્વક દીક્ષાદાન કરાવ્યું હતું. હવે તેમની પુત્રી શારદા સંસારથી વૈરાગ્ય પામીને દીક્ષા લેવાની ભાવનાવાળી થઈ હતી, તેમજ પોતાનાં ભરાવેલાં ૧૦૦ જેટલાં જિનબિંબોની અંજનશલાકા પણ કરવાની હતી. તેથી

તેમણે માગસર માસમાં પૂજ્યશ્રી પાસે આવી રાધનપુર પધારવાની આગ્રહભરી વિનંતિ કરી હતી. એક તો રાધનપુર જેવું રળિયામણું ક્ષેત્ર અને અંજનશલાકા જેવું મહાન કાર્ય, એટલે પૂજ્યશ્રીએ તેનો સ્વીકાર કર્યો હતો હવે રાધનપુરમાં એ અંજનશલાકાનું મુહૂર્ત માહ વદિ છઠ્ઠનું હતું અને તેના અંગે જે દશાહ્નિક ઉત્સવ કરવાનો હતો, તેની શરૂઆત માહ સુદિ ૧૩ને રોજ થવાની હતી, એટલે જેમ બને તેમ વહેલા રાધનપુર પહોંચવું જ જોઈએ. તેથી પૂજ્યશ્રીએ ઉપર પ્રમાણે સુદિ ૭ નો વિહાર કર્યો હતો.

પૂજ્ય આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરિજી મ૦ પણ અહીંથી વિહાર કરી દિલ્હી તરફ પધારવાના હોઇ બધા સાથે જ નીકળ્યા હતા અને જૈન સોસાયટીના ભાવિકોની વિનંતિથી ત્યાં પદાર્પણ કરીને સ્વસ્તિક સોસાયટીમાં શાહ ચંદુલાલ મોહનલાલના બંગલે પધાર્યા હતા. ત્યાં એક કલાક રોકાઈને પૂજ્યશ્રીએ રાધનપુર તરફ વિહાર આગળ લંબાવ્યો હતો.

## રાધનપુરપ્રવેશ

અમદાવાદથી રાધનપુર ૯૬ માઇલનાં અંતરે આવેલું છે. એ અંતર બબ્બે ત્રણ ત્રણ વિહારો કરીને પૂજ્યશ્રીએ માત્ર છ જ દિવસમાં કાપ્યું અને માહ સુદિ ૧૩ નાં પુનિત પ્રભાતે તેઓશ્રી રાધનપુર આવી પહોંચ્યા. મહોત્સવનું કુંભસ્થાપન આજેજ હતું અને પૂજ્ય ગુરુદેવ પણ સમયસર આવી પહોંચ્યા, એથી ભાવિકોના આનંદનો પાર રહ્યો

નહિ. સમયસર થયેલી પ્રાવૃટ્‌ની પધરામણી ચિરપિપાસિત ચાતકપોતને મહા આનંદનું કારણ બને છે.

પૂજ્ય આચાર્યદેવ, મુનિશ્રી વર્ધમાનવિજયજી, મુનિશ્રી રૈવતવિજયજી, મુનિશ્રી તીર્થપ્રભવિજયજી આદિ મુનિગણ સાથે ગામબહાર શેઠ મોતીલાલ મૂળજીની વાડીએ પધાર્યા હતા અને જલયાત્રાનો વરઘોડો પણ ત્યાંજ ઉતરવાનો હતો, એટલે સોનામાં સુગંધ ભળી હતી. પૂજ્ય ગુરુદેવ આટલો ઉગ્ર વિહાર કરીને પધાર્યા હતા, એટલે શ્રી મણિયાર તથા બીજા આગેવાનોએ તેઓશ્રીનો આભાર માન્યો હતો અને પોતાની ખુશાલી બતાવી હતી.

વરઘોડો આવી જતાં સકળસંઘે પૂજ્યશ્રીને વંદન કર્યું હતું, ગહુંલી રચી સોના રૂપાનાં ફૂલડે વધાવ્યા હતા અને શાસનદેવની જય બોલાવી હતી. બાદ વરઘોડા સાથે જ પૂજ્યશ્રીનો નગરપ્રવેશ થયો હતો. ત્યાં શ્રી આદીશ્વર ભગવાનનું મંદિર આવતાં દર્શન-ચૈત્યવંદન કરી પૂજ્યશ્રી સાગરગચ્છના ઉપાશ્રયે પધાર્યા હતા. ત્યાં મંગલપ્રવચન કરતાં જણાવ્યું હતું કે—

धर्माज्जन्म कुले शरीरपटुता सौभाग्यमायुर्बलं,
धर्मेणैव भवन्ति निर्मलयशो विद्यार्थसंपत्तयः ।
कान्ताराच्च महाभयाच्च सततं धर्मः परित्रायते,
धर्मः सम्यगुपासितो भवति हि स्वर्गापवर्गप्रदः ॥

'હે મહાનુભાવો! ધર્મની આરાધના સમ્યક્ પ્રકારે કરવામાં આવે તો તે શું શું ફળો આપે છે, તે તમે

જાણો છો? શાસ્ત્રકાર ભગવંતો એ ફળોને ગણાવતાં કહે છે કે પ્રથમ તો તેનાથી ઊંચા કુલમાં જન્મ થાય છે, પછી પાંચે ઈન્દ્રિયોની પૂર્ણતા, સૌભાગ્ય, આયુષ્ય અને બલની પ્રાપ્તિ થાય છે. તે જ રીતે ધર્મનું યોગ્ય આરાધન ઘોર જંગલોમાં અને મહાન ભયો ઉપસ્થિત થયે તેના આરાધકનું રક્ષણ કરે છે, એટલુંજ નહિ પણ સારી રીતે સેવેલો તે ધર્મ સ્વર્ગ અને મોક્ષનું સુખ પણ આપે છે.

તમે લક્ષ્મીના લાલચુ થઈને અનેક જાતની દોડધામ કરો છો અને સાચાં ખોટાં પણ કરો છો, પરંતુ લક્ષ્મી કે સંપત્તિ પુણ્યને આધીન છે, એટલે પુણ્યનો વધારો થાય ત્યાં તે સ્વયં આવી પહોંચે છે. કહ્યું છે કે:

निपानमिव मण्डूकाः सरः पूर्णमिवाण्डजाः ।
शुभकर्माणमायान्ति विवशाः सर्वसम्पदः ॥

'જેમ તળાવ ભરેલું હોય ત્યાં દેડકાઓ આવે છે અને સરોવર ભરેલું હોય ત્યાં પક્ષીઓ આવે છે, તેમ જ્યાં શુભ કર્મનો સંચય હોય છે, ત્યાં સર્વ સંપત્તિઓ વિવશ થઇને આવે છે. માટે પુણ્ય ઉપાર્જન કરો.'

પ્રશ્ન—સાહેબ! પુષ્કળ પરસેવો પાડીને એકઠું કરેલું ધન હાથથી છૂટતું નથી. શું કરવું?

ઉત્તર—છોડાવનારા મળશે ત્યારે તો છૂટશે ને?

પ્રશ્ન—એ જુદી વાત. અમારા હાથે છૂટતું નથી, ઉપાય બતાવો.

ઉત્તર—હે મહાનુભાવો! આ જગત્માં ધન કે લક્ષ્મી માટે ત્રણ જ માર્ગ છે: દાન, ભોગ અને નાશ. જેઓ

પોતાના હાથે સમજણપૂર્વક દાન કરે છે તે શ્રેષ્ઠ છે, તેનો ઉપભોગ કરે છે તે મધ્યમ છે, પરંતુ જે દાન દેતો નથી તેનું ધન મધપૂડાનાં મધની જેમ નાશ પામે છે. મધપૂડો જોયો છે ને? માખીઓ તેને કેટલા પ્રેમથી વળગી હોય છે? રખે કોઇ એમાંથી મધનું ટીપું લઈ ન જાય! તે માટે ટોળીઓ ગોઠવીને ચોકી કરે છે. પણ તમે જાણો છો કે વાઘરી આવીને જ્યાં ધૂણી કરે છે કે એ મધમાખીઓને આડાઅવળા જતું રહેવું પડે છે અને મધપૂડો લુંટાઈ જાય છે! એમાંથી કંઈ બચતું નથી! જ્યાં આખો ને આખો મધપૂડો ઉપડી જાય ત્યાં શું બચે? પેલો કાળરૂપ વાઘરી આવશે ને મૃત્યુનો ધુમાડો આપશે ત્યારે સંપત્તિ–લક્ષ્મી–ધનનો આખો મધપૂડો લુંટાઈ જવાનો! તમારે માટે કંઈ ઉપયોગનો રહેવાનો નહિ? જેઓ સોનારૂપાના ઢગલા પર બેસતા અને હીરામોતીથી લદાયેલા રહેતા, તેમને છેવટે હાથની મૂઠીઓ ખુલ્લી રાખીને જવાનો વખત આવતાં કહેવું પડયું 'કે હું આવ્યો હતો મૂઠી બંધ રાખીને, પણ જાઉં છું મૂઠી ખોલીને!' હવે કહો જોઉં–ધન હાથથી છૂટશે કે નહિ?'

## મહોત્સવ

પૂજ્યશ્રીનાં સાન્નિધ્યથી મહોત્સવની રોનક જ ફરી ગઈ. માળી કુશળ હોય ને ફળ ન ખીલે એ કેમ બને? આ શુભ પ્રસંગે મુનિશ્રી મુક્તિવિજયજી (હાલ ગણિ) આદિ પણ અમદાવાદથી વિહાર કરીને અહીં આવી ગયા હતા.

આખો અંજનશલાકામહોત્સવ શ્રીઆદીશ્વર ભગવાનના ખૂબજ વિશાલ મંદિરમાં થવાનો હતો, એટલે ત્યાં અંદર અને બહાર મંડપો બંધાયા હતા અને ધ્વજ, પતાકા, બોર્ડ તથા રોશનીનો છૂટથી ઉપયોગ થયો હતો. મંદિરની સામેના ભાગમાં અયોધ્યાની રચના કરવામાં આવી હતી અને શ્રેયાંસકુમાર ભગવાનને ઈક્ષુરસથી પારણું કરાવે છે, એ દૃશ્યની ચલરચના કરવામાં આવી હતી. લાખો ક્રોડો વર્ષ થઇ જવા છતાં શ્રેયાંસકુમાર જનસ્મૃતિમાંથી ખસતા નથી, તેનું કારણ એ છે કે તેમણે આ અવસર્પિણી કાળમાં સુપાત્ર મુનિને શુદ્ધ દાન કેવી રીતે અપાય? તેનો માર્ગ ખુલ્લો કર્યો હતો. તેમણે આપેલું દાન ચિત્ત, વિત્ત અને પાત્ર એ ત્રણે રીતે ઉત્તમ હતું. ચિત્ત એટલે મનનો ભાવ, વિત્ત એટલે આપવાનું દ્રવ્ય અને પાત્ર એટલે દાન ગ્રહણ કરનાર સુપાત્ર વ્યક્તિ. તે વખતે શ્રેયાંસકુમારનો મનોભાવ અત્યંત ઉલ્લસિત હતો, દ્રવ્ય પણ ઇક્ષુરસ જેવું શુદ્ધ–નિર્દોષ હતું અને લેનાર ત્રિલોકના નાથ શ્રી આદીશ્વર ભગવાન હતા! લોકોને દાન આપવાની ખબર ન હતી. સર્વપ્રથમ તેમની આ પ્રવૃત્તિ જોઇને આ કાળમાં લોકો શુદ્ધ દાન આપવાનું શીખ્યા એ જ આ પ્રસંગની અમરતાનું કારણ છે. તે સિવાય મેરૂપર્વત સમસરણાદિ બીજી રચનાઓ પણ હતી.

## કલ્યાણકોનો ઠાઠ

મહોત્સવ મહોત્સવની રીતે થવા લાગ્યો અને જનતાનું

જબ્બર આકર્ષણ થયું. માહ વદિ ૧ થી પંચકલ્યાણકના વિશિષ્ટ પ્રસંગો ઉજવાયા. તેણે એ આકર્ષણને અનેકગણું વધારી દીધું. અહીં તે પૈકીના રાજ્યારોહણ પ્રસંગની ખાસ નોંધ લેવા ઇચ્છીએ છીએ, કારણ કે તે વખતે ભગવાનના મુખ્ય મંત્રી બનેલા રાધનપુરનિવાસી શાહ પનાલાલ નાગરદાસને એવી ભાવના થઈ કે ભગવાન દીક્ષા લે ત્યારે મારે પણ કંઈક કરવું જોઈએ. તેમનાં ધર્મપત્ની પણ એવા જ ભાવિક હતા. એટલે તે બંનેએ ભર યુવાવસ્થામાં ત્યાં જ ચોથું વ્રત ઉચ્ચર્યું અને તે નિમિત્તે રાધનપુરમાં ઘર દીઠ એક એક રૂપિયાની પ્રભાવના કરી. ખરેખર! નિમિત્ત બળવાન છે અને તે આવા મહોત્સવો પૂરાં પાડે છે.

માહ વદિ ૪ ને દિવસે દીક્ષાકલ્યાણકનો ભવ્ય વરઘોડો નીકળ્યો, ત્યારે મહાનુભાવ મણિયાર પોતે, એમના બાલબ્રહ્મચારિણી દીક્ષાર્થી પુત્રી કુમારી શારદા, તેમજ દીક્ષાર્થિની બાલબ્રહ્મચારિણી બીજી ચાર કુમારિકાઓ પ્રભુજીને લઇને છૂટા હાથે દાન આપતા હતા.

## અંજનવિધિ અને દીક્ષાઓ

માહ વદિ ૬ નાં શુભ મુહૂર્તે પૂજ્ય આચાર્યદેવે પોતાના વરદ હસ્તે એક સો જેટલી પ્રતિમાજીઓને અંજન કર્યું. તેમાંના ઘણા પ્રતિમાજીઓ તો શ્રી મણિયારે પોતાના સ્નેહીઓ વગેરેને માટે ભરાવેલાં હતાં. પૂજ્યશ્રીના હાથે થયેલી અંજનશલાકાઓ કેટલી સફળ છે કે આમાંના ઘણાં પ્રતિમાજીઓ આજે જુદાં જુદાં મંદિરોમાં મૂળનાયકજી

તરીકે વિરાજે છે અને મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન ભીલડીયા તીર્થમાં મૂલનાયક તરીકે બિરાજે છે.

સવારે અંજનશલાકા કરીને પૂજ્યશ્રી ગામ બહાર શેઠ મોતીલાલ મુળજીભાઈની વાડીએ પધાર્યા હતા કે જ્યાં દીક્ષાના મંગલ પ્રસંગ માટે ભવ્ય મંડપ બંધાવેલો હતો. પૂજ્યશ્રીએ પાંચે મુમુક્ષુ બહેનોને પોતાના વરદ હસ્તે દીક્ષા આપી હતી અને વિદુષી સાધવી રંજનશ્રીજીના પરિવારમાં સાધ્વીઓ કરી હતી. સાધ્વી રંજનશ્રીજી પણ આ પ્રસંગે અહીં પધારેલાં હતાં. એક સાથે પાંચ પાંચ બહેનો ભાગવતી દીક્ષા અંગીકાર કરે એ પ્રસંગને સામાન્ય કેમ લેખાય ? અમે હિંમતથી કહીએ છીએ કે આ એક જાતનો વિક્રમ હતો. આ પાંચ બહેનોમાં એક મણિયારનાં પુત્રી બહેન શારદા હતા, એક મણીઆરના ભાઈ બચુભાઈના પુત્રી હતા, બે ગોધાવી અને એક લોદ્રાના હતા. તેમણે આ અંજનશલાકા અને દીક્ષાઓનાં શુભ નિમિત્તે રાધનપુરમાં ઘર દીઠ શેર શેર મીઠાઈની લ્હાણી કરી હતી.

બપોરે અષ્ટોત્તરી બૃહત્શાંતિસ્નાત્ર ભણાવાયું હતું, બીજે દિવસે મહાનુભાવ મણિયાર પૂજ્યશ્રીને શ્રીસંઘ સાથે વાજતે ગાજતે પોતાને ત્યાં લઇ ગયા હતા અને ગુરુપૂજનાદિ કર્યા પછી તેઓશ્રી પાસે વ્યાખ્યાન સાંભળ્યું હતું.

આ પ્રસંગે બહારગામથી પણ ઘણા માણસો આવ્યા હતા. મહોત્સવનો સઘળો ખર્ચ શ્રી મણિયારે જ કર્યો

હતો. પૂજ્યશ્રીનાં પવિત્ર સાન્નિધ્યથી આ આખોયે મહોત્સવ આનંદમંગલપૂર્વક નિર્વિઘ્ને પૂર્ણ થયો હતો.

અહીં એ નોંધ પણ કરવી જોઈએ કે પાટણમાં મુનિશ્રી કુમુદવિજયજીને વર્ધમાનતપની સોમી ઓળી ફાગણ સુદિ આઠમે પૂરી થતી હતી. તે અંગે એક મહોત્સવ શેઠ નગીનદાસ મંડપમાં યોજાયો હતો. આ મહોત્સવને પૂજ્યશ્રીનું સાન્નિધ્ય પ્રાપ્ત થાય તે માટે વિનંતિ કરવા પાટણથી મંત્રી ભોગીલાલ તથા બીજા ભાઇઓ અહીં આવ્યા હતા અને તેમણે વિધિસરની વિનંતિ કરી હતી. પૂજ્યશ્રીએ એ વિનંતિનો સ્વીકાર કરી તેમની ભાવના સફળ કરી હતી.

## ૪૯—પાટણમાં શતઓળીની ઉજવણી

રાધનપુરથી માહ વદિ ૧૧ ને રોજ વિહાર થયો, ત્યારે ઘણા માણસો દૂર સુધી વિદાય આપવા આવ્યા હતા. પૂજ્યશ્રીએ તેમને હિતશિક્ષા આપતાં જણાવ્યું હતું કે—

“चला विभूतिः क्षणभङ्गि यौवनम्
कृतान्तदन्तान्तरवर्ति जीवितम् ।
तथाप्यवज्ञा परलोकसाधने,
अहो ! नृणां विस्मयकारि चेष्टितम् ॥

'જે સંપત્તિ કે વિભૂતિ મેળવવા માટે તમે દિનરાત મથી રહ્યા છો તે ચંચળ છે, જે યૌવન પર મુસ્તાક બનીને તમે ધર્મ-કર્મ ભૂલી રહ્યા છો, તે ક્ષણભંગુર છે, જે જીવન તમને અતિ પ્યારું છે અને જે તમે દીર્ઘ સમય સુધી સાચવી રાખવા ઇચ્છો છો તે યમની બે દાઢ વચ્ચે રહેલું છે, આમ છતાં પરલોકનાં સાધનમાં ઉપેક્ષા થઇ રહી છે, એ શું બતાવે છે? મનુષ્યનું ચરિત્ર ખરેખર! ઘણું વિચિત્ર છે.'

'તમે એ વિચિત્રતાનો ત્યાગ કરી મૂળ માર્ગે આવો અને તમારાં જીવનને વ્રતનિયમો તથા ત્યાગથી વિભૂષત કરો. આ જિનશાસન ફરીને મળવું દોહિલું છે, એટલે ધર્મારાધનમાં જરાયે પ્રમાદ કરશો નહિ.'

આ અમૃતવચનો સાંભળી ઘણાયે ત્યાં વ્રતનિયમો લીધા.

નાનાપરા, ઊન, સરિયદ વગેરે સ્થળોએ થઈ ફાગણ સુદિ એકમે પૂજ્યશ્રી પાટણ પધાર્યા અને શેઠ નગીનદાસ હોલમાં સ્થિર થયા. આ વખતે સંઘે સામૈયાદિક શાસનભક્તિનો લાભ લીધો હતો.

### મંડપમાં

પૂજ્યશ્રીએ મંગલ પ્રવચનમાં શ્રીવર્ધમાન આયંબિલ તપનો મહિમા પ્રકાશતાં જણાવ્યું કે—

" सर्व मंगलमां पहेलुं मंगल, वरणवियुं जे ग्रंथे;
ते तपपद त्रिहुं काल नमीजे, वरसहाय शिवपंथे रे.

'જેનું શાસ્ત્રોમાં પ્રથમ મંગલ તરીકે વર્ણન આવે છે ને જે મોક્ષે જવાને માટે ઉત્તમ સહાયરૂપ છે, તે તપપદ ત્રણે કાલમાં નમવા યોગ્ય છે.'

'આ તપના સર્વ પ્રકાર સુંદર છે, શ્રેયસ્કર છે, પણ તેમાં અપેક્ષાવિશેષથી આયંબિલનો મહિમા અધિક છે, કારણ કે તેનાં વિધિપૂર્વક અનુષ્ઠાને શ્રીચંદ્ર કેવલીને લોકોત્તર પુણ્યાઈ આપી હતી, દ્વારિકા નગરીનો દાહ થતો બાર વર્ષ સુધી અટકયો હતો, સાતસો કોઢિયાઓના કોઢ મટયા હતા અને શ્રીપાળ રાજાને અનેરી રાજ્યરિદ્ધિ મળી હતી, આવાં તો બીજાં અનેક દૃષ્ટાંતો છે.

'આયંબિલમાં પણ વર્ધમાન તપનો મહિમા અધિક છે, કારણ કે ચંદ્ર રાજા વગેરેએ તેનાં અનુષ્ઠાનથી જ સિદ્ધિને સુલભ બનાવી હતી. **અંતકૃત્‌દશાંગસૂત્રમાં** આ તપને માટે ટંકશાળી વચનો લખાયેલાં છે, તેથી જ આજે શ્રમણ–શ્રમણી સમુદાય તથા શ્રાવકશ્રાવિકાઓ એનું અનન્ય ભાવે અનુષ્ઠાન કરી રહ્યા છે. આ તપની જેટલી આચરણા કે છેવટે અનુમોદના કરો તેટલી ઓછી જ છે.'

આ પ્રવચનની શ્રોતાઓ પર બહુ સુંદર અસર થઈ હતી. મહોત્સવ અંગે તેમનો ઉત્સાહ અત્યંત વૃદ્ધિ પામ્યો હતો.

## શતઓળીનો મહોત્સવ

મુનિશ્રી કુમુદવિજયજી પ્રસિદ્ધ પ્રવચનકાર પૂજ્ય આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરિજીના શિષ્ય હતા અને તેમણે અપૂર્વ સમતા દાખવીને વર્ધમાન તપની સોમી ઓળી પૂરી

કરી હતી. તેથી પ્રભાવિત થઈને સંઘે આ મહોત્સવ માંડયો હતો.

આ ઉજવણી નિમિત્તે તેણે નગીનદાસ હોલને સુંદર રીતે શણગાર્યો હતો અને તેમાં શ્રીવર્ધમાન આયંબિલ તપનું માહાત્મ્ય દર્શાવનાર શ્રીચંદ્રકેવલીની તથા સર્પને ઉગારી રહેલા શ્રી પાર્શ્વનાથ ભગવાન વગેરેની અનેક હાલતી ચાલતી રચનાઓ કરી હતી. આ દૃશ્ય અનેક રીતે વિસ્મયકારી હોવાથી અનેક લોકો તેને નજરે નિહાળવા આવતા હતા. શાસનપ્રભાવનાનો આ કેવો સુંદર પ્રકાર!

ફાગણ સુદિ ૧ થી મહોત્સવ શરૂ થયો હતો અને રોજ નવનવી પૂજાઓ રાગરાગણીઓ સાથે ભણાવવામાં આવતી હતી. છેલ્લે દિવસે શાન્તિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું.

ફાગણ સુદિ ૯ના દિવસે પૂજ્યશ્રીના વરદ હસ્તે તપસ્વીજીને પારણું થયું હતું. તે નિમિત્તે તંબોલીવાડાના શાહ અમૃતલાલ રીખવચંદે પૂજ્ય આચાર્યદેવાદિની ચતુર્વિધ સંઘ સાથે વાજતે ગાજતે પોતાને ત્યાં પધરામણી કરાવી હતી અને ગુરુપૂજન, જ્ઞાનપૂજન તથા વ્યાખ્યાનાદિનો લાભ લીધો હતો.

## વડી દીક્ષાઓ

ફાગણ સુદ ૧૦ નાં શુભ મુહૂર્તે મુનિશ્રી રવિવિજયજી (હાલ ગણિ) ના શિષ્ય મુનિશ્રી લોચનવિજયજી કે જેઓની દીક્ષા અરૂણ સોસાયટીમાં મહોત્સવપ્રસંગે માહ વદિ ૪ ના દિને થઈ હતી, તેમની અને પં. શ્રીભદ્રંકર વિજયજી

ગણિના શિષ્ય મુનિ શ્રી કીર્તિકાન્તવિજયજીને પૂજ્યશ્રીએ વડી દીક્ષાઓ આપી હતી, ત્યારે મંડપમાં શ્રીસંઘ તરફથી નાણુ મંડાઈ હતી. આ રીતે મહોત્સવ આનંદ મંગલથી પૂર્ણ થતાં પૂજ્યશ્રીએ પાટણથી વિહાર કર્યો હતો.

## ૫૦ – પાલેજમાં પદાર્પણ

પ્રિય પાઠક! આપણે સં. ૨૦૦૮ની સાલમાં વિચરી રહ્યા છીએ અને તેનો ફાગણ માસ પણ લગભગ અર્ધો વ્યતીત થઈ ચૂકયો છે. હજી શેષકાળના ચાર માસ બાકી છે અને તેમાં પૂજ્યશ્રી ગુજરાતનાં ગામોમાં વિચરીને ધર્મનો સંદેશ આપવાના છે, તો આપણે પણ તેઓશ્રીની સાથે પગલાં ઉપાડીએ અને એ ભવ્ય દૃશ્ય નજરે નિહાળીએ:

### દોહરા

જંબૂ ગુરુ જગદીવડો, વર્ધમાન વિખ્યાત;
રૈવત આદિ મુનિવરો, સાથે ઠાણા સાત. ૧
છોડી પાટણ આવિયા, જ્યાં કંબોઈ ગામ;
મનમોહન વિભુ પાર્શ્વનું, સુંદર સલૂણું ધામ. ૨
યાત્રા અનુપમ એહની, કરે કર્મ ચકચૂર;
સાચું કહું શ્રોતાજનો, આત્મ જિતે તે શૂર. ૩
ત્યાંથી આવ્યા ભોંયણી, જ્યાં મલ્લિ જિનરાય;
સુર અસુર નર રાજવી, સેવે જેના પાય. ૪

દર્શન કીધાં દિલ ભરી, વિમળ વંદન સાથ;
સમતાએ સમર્યા ઘણા, ત્રિભુવન કેરા નાથ. ૫

વિચર્યા ત્યાંથી ગુરુજનો, દેતા ધર્મનો બોધ;
પશુ પ્રાણી કે ચોરનો, નડે ન કો અવરોધ. ૬

નવાણુ નાનાં નિર્મળાં, ભદ્રિક ભોળા લોક;
ધન્ય! ધરા ગુજરાતની, આપે સંપત્તિ થોક. ૭

સુંદર ઝાડી ઝુંપડા, વળી હરિયાળાં ખેત;
કિચુડ બોલે કોસ ત્યાં, ઉપજે અદકું હેત. ૮

વાનરની વસ્તી ઘણી, ધીંગાં એનાં ઢોર;
ટહૂકે કોયલ કુંજમાં, નાચે મનહર મોર. ૯

પાનસરે પ્રભુ વંદીને, આવ્યા ખોરજ ખંત;
શિક્ષા આપી સંઘને, સર્વ સુધાર્યો તંત. ૧૦

ત્યાંથી ગુરુજી આવિયા, સાભ્રમતીને તીર;
જેનો મહિમા જગ ઘણો, જાણો છો મતિધીર. ૧૧

મહામથક ગાડીતણું, વસ્તી પણ ભરપૂર;
પાણીમાં પાણી ઘણું, સસલા થાયે શૂર. ૧૨

પાસે પુર રળિયામણું, જૈન પુરી જયકાર;
ત્યાં રૂડાં પગલાં કર્યાં; પુણ્ય તણો નહિ પાર. ૧૩

હવે થોડો વિહાર ગદ્યકાવ્યમાં કરીએ—

ગુરુદેવ બેઠા છે નિજાવગ્રહે,
શિષ્યો છે સ્વાધ્યાયમગ્ન,

એવામાં આવે છે પાલેજવાસીઓ.
કરે છે વિધિવત્ વંદન
કરયુગ જોડીને,
ભાવપૂર્ણ અતિભવ્ય.
પછી વદે છે વિનમ્રભાવે—
બાર બાર માસથી
થઈ રહી છે વિનંતિ ગુરુદેવ!
ચાતુર્માસની.
પણ અમ ભાગ્યે યારી આપી નથી.
આવ્યા હતા અરુણ સોસાયટીને આંગણે,
જ્યારે જામ્યો હતો,
અંજનશલાકા–પ્રતિષ્ઠામહોત્સવ.
વિનંતિ તાજી કરી,
હોંશે હોંશે ફરી ફરી,
પરંતુ ભાગ્યનાં દ્વાર ખુલ્યાં છે કોનાં પુણ્ય વિના?
વદ્યા આપ વિશદ વાણી—
'અહો સંસારના પ્રાણી!
કરો વાતો બહુ શાણી,
પરંતુ કાળની ફાળ
નથી શું વિકરાળ?
ક્યારે શું કરશે કહો?
તેમાંયે કોઈ શાસનના

કદી આવે મહાપ્રશ્નો,
તો એમ ઉપસ્થિતિ
થાય કોઈ પણ સ્થળે.
માટે મહાનુભાવો ઓ !
ધરો અવલંબન ધૈર્યનું.'
'ગુરુદેવ !
લાંબી ધીરજ ધરી,
આવ્યા છીએ આજે ફરી,
જવું છે વિનતિ સફળ કરી,
માટે જ વરસાવો કૃપાનો મેહ.'
દિલમાં વસી વાત,
પાલેજવાસીઓ કેરી,
પણ આજ્ઞા અપેક્ષિત
ગચ્છાધિપતિ ગુરુદેવની.

× × × ×

કહ્યું મહાનુભાવો ઓ !
તમે ભાગ્યશાળી છો.
સંમતિ છે ગુરુદેવની,
એટલે,
સ્થિરતા થશે પાલેજની.'
અને આનંદ-ઉદધિની
ઉછળી છોળો મહામહા,
બોલાઇ બહુ જોરે
જય ચાતુર્માસની.

રાજનગરથી વિહાર થયો. ખેડા આવ્યું, માતર આવ્યું, આણંદની સ્પર્શના થઇ. વાસદ, છાણી, વડોદરાને લાભ અપાયો, ડભોઈમાં થોડી સ્થિરતા થઈ. ત્યાં શ્રી ઋષભાદિજયતિલકપ્રાસાદ તથા આર્યજંબૂસ્વામી જૈન મુક્તાબાઈ આગમમંદિરનું કામ ચાલતું હતું, તેનાં દર્શન બાદ વિહાર આગળ વધ્યો. તાપ કહે મારું કામ. જેઠ પૂરો તપે. પણ તિતિક્ષાની તાલીમ લઇને તૈયાર થયેલા ત્યાગીઓને એથી શું ? એ તો નિયત કાર્યક્રમ પ્રમાણે આગળ વધ્યા અને અવનીપર આષાઢનું આગમન થયું, તેજ દિવસે પાલેજના પરિસરમાં આવેલ જીનમાં પધાર્યા. જેમને પધારવા માટે બાર મહિનાથી શ્રીસંઘ ઉત્કંઠા સેવતો હતો અને જેમની નિશ્રામાં થયેલા શિલાસ્થાપનનાં બળે આજે શ્રી મહાવીર જિન ચૈત્ય તૈયાર થઇ ગયું હતું, તેઓ આજે સાક્ષાત્ પધાર્યા હતા, એટલે ઉત્સાહ અને આનંદનું પૂછવું જ શું ? બીજા દિવસે પુરપ્રવેશ થયો, ત્યારે પાલેજે સુંદરમાં સુંદર શણગાર સજ્યો હતો અને સ્વાગતમાં કોઈ કચાશ રાખી ન હતી.

### ધર્મદેશના

અહીં પૂજ્યશ્રીએ મંગલ પ્રવચનમાં ધર્મનો મહિમા પ્રકાશતાં જણાવ્યું હતું કે—

"दानं च शीलं च तपश्च भावो,
धर्मश्चतुर्धा जिनबान्धवेन ।
निरूपितो यो जगतां हिताय,
स मानसे मे रमतामजस्रम् ॥

'જિનબાંધવ શ્રીતીર્થંકરદેવે જગતના હિતાર્થે દાન, શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારનો ધર્મ ઉપદેશ્યો છે, તે મારાં મનમાં નિરંતર વાસ કરો.'

"प्राज्यं राज्यं सुभगदयिता नन्दना नन्दनानां,
रम्यं रूपं सरसकविता चातुरी सुस्वरत्वम् ।
नीरोगीत्वं गुणपरिचयः सज्जनत्वं सुबुद्धिः,
किन्तु ब्रूमः फलपरिणतिं धर्मकल्पद्रुमस्य ॥

'મોટું રાજ્ય, સુંદર સ્રી, પુત્રોના ઘેર પણ પુત્રો, રમણીય રૂપ, સરસ કવિત્વશકિત, ચતુરાઈ, મધુરકંઠ, નીરોગીપણું, ગુણોનો પરિચય, સજ્જનતા, સદ્બુદ્ધિ ઈત્યાદિ કેટલું કહીએ? આ બધાં ધર્મરૂપી કલ્પવૃક્ષનાં ફળો છે.'

'માટે મહાનુભવો! ધર્મનું આરાધન બને તેટલું કરી લ્યો. ધર્મ નિરંતર કરવા યોગ્ય છે, છતાં સંસારની વિટંબણાઓમાં અથવા પ્રમાદ કે આળસથી આરાધન બરાબર ન થયું હોય તો હવે ચાતુર્માસ શરુ થાય છે, તેમાં બને તેટલી ધર્મકરણી કરી લેવાનો સંકલ્પ આજથી જ કરી લેજો.'

પ્રવચન બાદ શ્રીસંઘ તરફથી શ્રીફળની પ્રભાવના થઈ હતી.

અહીં પૂજ્યશ્રીનાં પ્રવચનોએ થોડા દિવસમાં જ સારી જાગૃતિ લાવી દીધી હતી, તેથી ધર્મકરણીમાં ધરખમ વધારો થયો હતો. વ્રત, નિયમો સારા પ્રમાણમાં લેવાયા હતા અને તપસ્યા પણ સારા પ્રમાણમાં થઈ હતી. શ્રી

નમસ્કાર મહામંત્ર તથા અક્ષયનિધિ તપનો લાભ ઘણા ભાઈબહેનોએ લીધો હતો. પર્વાધિરાજનું આગમન થતાં મુનિશ્રી રૈવતવિજયજીએ ૧૩ ઉપવાસની તપશ્ચર્યા કરી હતી. આ મહાત્માએ કેળવેલી તપશક્તિનો વિશેષ પરિચય આજ ગ્રંથના બીજા ખંડમાં આપેલો છે, એટલે અહીં તે સંબંધી વિસ્તાર કરતા નથી, પણ એટલું જણાવીએ છીએ કે તેમની આ તપશ્ચર્યાએ અનેક આત્માઓને ઉત્સાહિત કર્યા હતા અને તપનું એક તેજોમય વાતાવરણ ઊભું કરી દીધું હતું. આ તપશ્ચર્યાનિમિત્તે શ્રીસંઘે ધામધૂમથી અષ્ટાહ્નિકામહોત્સવપૂર્વક શાન્તિસ્નાત્ર ભણાવ્યું હતું.

જેમ પારસમણિના સંગથી લોહ સુવર્ણ બની જાય છે, તેમ પૂજ્યશ્રીના પરિચયથી નફ્ટ, નાદાન ને નાસ્તિકો પણ વિવેકી અને આસ્તિક બની જતા તથા સદાચારમાં સ્થિર થતા. આ સંયોગોમાં લઘુકર્મી કે ભવભીરુ આત્માઓનું તો પૂછવુંજ શું ? પાટણના ભાઈશ્રી મહેન્દ્રકુમાર પૂજ્યશ્રીના પરિચયમાં આવતાં દીક્ષાની ભાવનાવાળા બન્યા હતા અને તેમણે ચતુર્થવ્રત તથા બીજા કેટલાક નિયમો ગ્રહણ કર્યા હતા. એક પાટીદાર ગૃહસ્થ જેઠાલાલ કેસુરભાઈ પૂજ્યશ્રીના ઉપદેશથી જૈન ધર્મમાં રુચિવાળા થયા હતા. પૂજ્યશ્રીનાં ચાતુર્માસ–પરિવર્તનનો લાભ તેમણે જ લીધો હતો. આ રીતે સં. ૨૦૦૮નું પાલેજ–ચાતુર્માસ ઘણા આનંદમંગલથી પૂર્ણ થયું હતું.

આ ચાતુર્માસમાં ગંધારતીર્થના વહીવટદાર શેઠ

ચુનીલાલ રાયચંદે પૂજ્યશ્રીને ગંધાર પધારવાની વિનંતિ કરી હતી, કારણ કે માગસર માસમાં મંદિર પર ધ્વજદંડો ચડાવવાના હતા. તેથી ચાતુર્માસ પૂર્ણ થયે પૂજ્યશ્રીએ ગંધાર તરફ વિહાર કર્યો.

## ૫૧ – ગંધાર – કાવી તીર્થમાં

**સાહચર્ય** (Association) નો એક સિદ્ધાંત એ છે કે એકનાં સ્મરણે બીજાનું સ્મરણ થાય. આપણને બ્રાહ્મીનું નામ લેતાં સુંદરી તરતજ યાદ આવે છે, ભરતનું નામ લેતાં બાહુબળીની યાદ તાજી થાય છે અને શ્રી મહાવીરનું નામ લેતાં શ્રીગૌતમનું સ્મરણ થવા લાગે છે. ખાસ કરીને જેનાં નામો જોડકાં બની ગયાં હોય તેમાં તો એકનાં સ્મરણે બીજાનું સ્મરણ અવશ્ય થાય છે. આ સિદ્ધાંતનો કલામય ઉપયોગ કરવાથી અવધાનકારો સેંકડો વસ્તુઓ સ્મૃતિપટ પર તાજી કરી શકે છે.

ગંધાર તીર્થમાં પણ સાહચર્યનો આ નિયમ લાગુ પડે છે, કારણ કે તે કાવી તીર્થની નજીક આવેલું હોવાથી જનતામાં કાવી–ગંધાર એવા જોડકા શબ્દની પ્રસિદ્ધિ થયેલી છે. ભરૂચ અને ખંભાત વચેના માર્ગમાં આ બે તીર્થો મોટાં છે.

ગંધારતીર્થ ભરૂચથી સત્તર માઈલનાં અંતરે આવેલું છે. ત્યાં એક વખત બહુ મોટું શહેર હતું, પણ અકસ્માત

સમુદ્રનાં પાણી ફરી વળતાં તેનો નાશ થયો. આજે તો ત્યાં એક નાનું ગામડું જ છે. અહીં બે પ્રાચીન જિન-મંદિરો છે. એક શ્રી મહાવીરસ્વામીનું અને બીજું શ્રી અમીઝરા પાર્શ્વનાથનું. આ મંદિરોની સ્થાપના શ્રી વિજય-સેનસૂરિજીના હાથે સં. ૧૬૫૯માં થયેલી છે.

પાલેજથી મીયાગામ, પાદરા, બોભા, આમોદ વગેરેને સ્પર્શતા પૂજ્યશ્રી માગસર સુદિ ૧૦ ના દિવસે ગંધાર પધારી ગયા હતા. તે વખતે આ ઉત્સવનિમિત્તે પધારેલા આચાર્ય શ્રી વિજયધર્મસૂરિજી આદિ તથા પૂજ્યશ્રીનાં શિષ્યરત્નો મુનિશ્રી જયન્તવિજયજી, નિત્યાનંદવિજયજી આદિ પૂજ્યશ્રીને સત્કારવા સામા આવ્યા હતા. ત્યાં પૂજ્યશ્રીએ દર્શનાદિ કરીને ખાસ બંધાયેલ મંડપમાં પ્રવચનનો પ્રકાશ કર્યો હતો.

બીજા દિવસે બંને દહેરાસરો તથા તેના ફરતી દહેરીઓ ઉપર ધજાઓ ચઢાવવાનો વિધિ થયો હતો. આચાર્ય શ્રી વિજયપ્રતાપસૂરિજી આદિ આચાર્યોએ તેના પર વાસક્ષેપ કર્યો હતો. આ મંગલપ્રસંગ ઉપર લગભગ ૩૦૦૦ માણસો આવ્યા હતા અને ઉપજ પણ ઘણી સારી થઈ હતી. જૈન સમાજ પ્રમાણમાં નાનો છે, છતાં અનેક તીર્થો અને મંદિરોનો વહીવટ સંભાળે છે તથા ઉત્સવ-મહોત્સવો પણ અનેક કરી શકે છે, તેનું એક સંગીન કારણ બોલીઓ દ્વારા થતી ઉપજ છે. જો ઉપજ ન થતી હોય તો આ બધાની વ્યવસ્થા થાય શી રીતે? એટલે જેઓ બોલીઓનું રહસ્ય સમજતા નથી અને તેના પર

મનફાવતી ટીકા કરે છે, તેમણે બોલીઓની આ શક્તિથી પરિચિત થવું જોઇએ.

મહોત્સવ પૂર્ણ થતાં પૂજ્યશ્રીએ અહીંથી વિહાર કર્યો હતો અને આમોદ-જંબૂસર થઈ કાવી તીર્થની યાત્રા કરી હતી. ગંધારથી કાવીનું અંતર ૨૨–૨૩ માઈલ જેટલું છે. એક કાળે અહીં પણ મોટું શહેર હતું. તેથી જ ખંભાતના કોટયાધિપતિ શેઠ દેપાલના પુત્ર વડુઆની પત્ની હીરાબાઈએ અહીં સુંદર બાવનજિનાલય બંધાવ્યું હતું.

એક વખત હીરાબાઇ પોતાના પુત્ર કુંવરજીની પત્ની વીરાબાઇ સાથે આ મંદિરનાં દર્શને આવ્યા, ત્યારે વીરાબાઈએ સાસુને ધીરેથી કહ્યું કે 'બાઈજી! મંદિરનું શિખર તો બહુ ઊંચું ચણાવ્યું, પણ બારણું બહુ નીચું કરાવ્યું.' આ શબ્દો સાંભળી હીરાબાઇએ કહ્યું કે 'વહુજી! તમને બહુ હોંશ હોય તો પિયરથી દ્રવ્ય મંગાવીને સરખું મંદિર બંધાવો!'

સાસુનાં આ મહેણાંથી વહુને ચાનક ચડી, એટલે તેણે પિયરથી દ્રવ્ય મંગાવી પાંચ જ વર્ષમાં બીજું બાવનજિનાલય મૂળ મંદિરની પાસે જ ખડું કર્યું. તેની પ્રતિષ્ઠા સં. ૧૬૫૫માં શ્રી વિજયસેનસૂરિજીના હાથે થઈ હતી.

## ૫૨ – ખંભાત થઇ ખોરજ (ડાભી)

આ બંને કલામય મંદિરોની યાત્રા કરી પૂજ્યશ્રી ખંભાત પધાર્યા. ત્યાં પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય-

લબ્ધિસૂરીશ્વરજી મહારાજ બહોળા શિષ્યસમુદાય સાથે બિરાજમાન હતા. એ શિષ્યસમુદાયમાંથી ઉપાધ્યાયશ્રી જયંતવિજયજી ગણિ, મુનિરાજશ્રી વિક્રમવિજયજી, (હાલ પંન્યાસજી) મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી આદિ પૂજ્યશ્રીના સત્કારાર્થે સામા આવ્યા હતા.

અમરતપગચ્છજૈનશાળામાં સ્થિરતા થઈ હતી, મંગલ પ્રવચન થયું હતું. આ વખતે પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ સૂરિમંત્રની પાંચમી પીઠ આરાધી રહ્યા હતા કે જેમાં સોળ દિવસ સુધી આયંબિલની તપશ્ચર્યા કરવાની હોય છે અને કોઈ સ્ત્રીનું મુખ જોઈ શકાતું નથી. આ આરાધના પૂર્ણ થવાને હવે માત્ર પાંચ જ દિવસ બાકી રહ્યા હતા, એટલે આપણા પૂજ્યશ્રીને પૂર્ણાહુતિ સુધી રોકાવાનો આગ્રહ થયો. આથી તેઓશ્રી રોકાઈ ગયા અને તેમણે પોતાનાં આગમસાર ગર્ભિત પ્રવચનોનો પ્રકાશ રેડી શ્રીસંઘને આલ્હાદિત કર્યો.

આચાર્ય ભગવંતને પારણું થતાં મૌન છૂટયું અને તેઓશ્રીએ સૂરિમંત્રની પાંચે પીઠ આરાધી, તેની ઉજવણી કરવા માટે પૂજ્યશ્રીએ શ્રીસંઘને અનુરોધ કરતાં હર્ષથી શ્રીસંઘે શ્રીસીમંધર સ્વામીનાં મંદિરે સુંદર અષ્ટાહ્નિકા-મહોત્સવ કર્યો.

હવે પૂજ્યશ્રીને ખોરજની પ્રતિષ્ઠા માટે પધારવાનું હતું, તેથી તેઓશ્રીએ પૂ. આચાર્ય ભ૦ પાસેથી વિદાય લઈ ખંભાતથી વિહાર કર્યો અને માતર, બારેજા થઈ

અમદાવાદ અરુણ સોસાયટીમાં પધરામણી કરી. ત્યાંથી જ્ઞાનમંદિરે પધાર્યા, જ્યાં ખોરજનો સંઘ વિધિસરની વિનંતિ કરવા આવ્યો હતો. ખોરજ પર પૂજ્યશ્રીનો કેવો ઉપકાર હતો, તે આપણે હમણાં જ જોઈ ગયા છીએ.

## ખોરજ પ્રતિષ્ઠામહોત્સવ

પ્રતિષ્ઠા માટે મુહૂર્ત જોવાતાં માહ સુદિ ૧૧ નો દિવસ નક્કી થયો, પણ શ્રી સંઘના આગ્રહથી ત્યાં વહેલા પહોંચવાની આવશ્યકતા હતી, એટલે અમદાવાદથી તરતમાં જ વિહાર થયો.

પાનસરમાં ચરમતીર્થંકર શ્રી મહાવીર પ્રભુની યાત્રા કરીને પૂજ્યશ્રી સં. ૨૦૦૯ના પોષ વદિ ૭ ના રોજ ખોરજ ગામમાં પધાર્યા. આ વખતે તેઓશ્રી સાથે મુનિશ્રી વર્ધમાનવિજયજી, મુનિશ્રી રૈવતવિજયજી, મુનિશ્રી દેવભદ્રવિજયજી, મુનિશ્રી તીર્થપ્રભવિજયજી વગેરે શિષ્યરત્નો હતાં.

ખોરજમાં શ્રાવકોનાં માત્ર સત્તર ઘર અને કામ મોટું કરવાનું, એટલે ચિંતા થાય એ સ્વાભાવિક છે, પણ જે નૌકાનો કર્ણધાર કુશળ હોય તેને ગમે તેવા તોફાનમાં યે વાંધો ક્યાં આવે છે? અહીં મહોત્સવના કર્ણધાર આવી પહોંચ્યા હતા અને તે આ વિષયમાં પૂરેપૂરા કુશળ હતા, એટલે સર્વ ચિંતાનો ચૂરો થયો અને સંઘનો અભિલાષ સહર્ષ પૂરો થયો.

ગામડાના રસ્તાઓ ધૂળિયા વધારે હોય છે અને તેમાં ગંદકીનું પ્રમાણ પણ વધારે હોય છે, એટલે રસ્તાઓની

સફાઈ કરવામાં આવી ને ખૂણાખાંચરાનો કચરો પણ કાઢી નાંખવામાં આવ્યો. પછી શેરીએ શેરીએ ને ચોકે ચોકે તોરણો બંધાયાં અને દહેરાસરને પણ સુંદર રીતે શણગારવામાં આવ્યું.

પૂજા, સાધર્મિકવાત્સલ્ય તથા નવકારશીઓ જુદા જુદા ધણીઓ તરફથી નોંધાઈ ગઈ હતી, એટલે માહ સુદિ ૩ થી પ્રતિષ્ઠામહોત્સવનો પ્રારંભ થતાં તે અનુસાર પૂજા વગેરે કાર્યો થવા લાગ્યાં. આ મહોત્સવ અંગે કુંકુમ-પત્રિકાઓએ પણ પોતાનું સ્થાન ઝડપી લીધું હતું, તેથી નાગપુર, મુંબઈ વગેરે બહારગામના ભાવિકો સારા પ્રમાણમાં આવ્યા હતા. વળી સોજા, જામરા, બોરજ નારદીપુરા, મોટીબોરૂ, વડુ આદિ બાર ગામોનો જથ્થો કહેવાય, એટલે એ તો આ પ્રસંગમાં ઉલટભર્યો ભાગ લે એ દેખીતું જ હતું.

સોજાની મંડળીએ સંગીતવિભાગ સંભાળ્યો હતો, સમૌએ ચાંદીનો રથ આપીને મહોત્સવની શોભા વધારી હતી, ગામમાં દેશી ઢોલત્રાંસાં તો હતાં જ, વધારામાં બહારથી એક બેન્ડ આવ્યું હતું અને તેણે ઉત્સવના આનંદમાં સારો એવો વધારો કર્યો હતો.

માહ સુદિ દશમે જલયાત્રાનો ભવ્ય વરઘોડો ચડ્યો, તે આખા ગામમાં ફર્યો હતો અને લોકોની ભૂરિ ભૂરિ અનુમોદના પામ્યો હતો.

• માહસુદિ ૧૧ ને દિવસે પ્રતિષ્ઠાનો વિધિ ખૂબ ધામ-

ધૂમથી થયો હતો. તેમાં મૂળનાયક શ્રી નમિનાથ ભગવાન, તેમનાં યક્ષ–યક્ષિણીઓ અને ઘુમ્મટ ઉપર ધ્વજાની પ્રતિષ્ઠા પૂજ્યશ્રીના પવિત્ર વાસક્ષેપપૂર્વક કરવામાં આવી હતી.

મૂલનાયકજીને ગાદીએ બેસાડવાનો લાભ અહીંના શ્રીમાન્ વ્રજલાલભાઈએ લીધો હતો કે જેઓ આ પ્રસંગ માટે નાગપુરથી ખાસ આવ્યા હતા. બપોરે શાંતિસ્નાત્ર ભણાવાયું હતું.

આ ઉત્સવમાં ઉપજ ધારવા કરતાં ઘણી સારી થઈ હતી. પ્રતિષ્ઠાના દિવસે આખું ગામ ભેગું થયું હતું, તેને પૂજ્યશ્રીએ સુંદર ઉપદેશ આપ્યો અને પ્રતિષ્ઠાના દિવસે ગામમાં કે તેની આસપાસ કોઈ જીવહિંસા કરે નહિ તથા બળદને જોતરે નહિ, તે માટે કાયમનો ઠરાવ કરવામાં આવ્યો હતો. બાદ સહુને સાકરની પ્રભાવના કરવામાં આવી હતી. જીવદયાના મહાન પ્રવર્તક ગાદીએ બિરાજે ત્યારે આટલું તો થવું જ જોઈએ ને ? છેલ્લા બે દિવસમાં બારે ગામની નવકારશી થઈ હતી. સાધર્મિકવાત્સલ્યો તો રોજનાં હતાં જ. ખોરજ અને તેની આસપાસનાં ગામો આજે પણ આ ઉત્સવને આનંદભેર યાદ કરે છે અને પૂજ્યશ્રીનાં ચરણે મસ્તક નમાવે છે. અમે તો કહીશું કે–

ખરો રંગ જામ્યો ખોરજ ગામમાં!
ખોરજ ગામમાં પ્રભુજીના નામમાં,
ખરો રંગ જામ્યો ખોરજ ગામમાં.

અહીં સિદ્ધપુરથી મહેતા દોલતરામ વેણીચંદનો

સુપુત્રો શ્રી સિદ્ધિગિરિજી સંઘ લઇ જવા માટેનું મુહૂર્ત લેવા અને તીર્થમાળ પહેરાવવા પાલીતાણા પધારવાની વિનંતિ કરવા આવ્યા હતા, પરંતુ પૂજ્યશ્રીને ફાગણ માસમાં ડભોઈ ખાતે શ્રી જ્ઞાનમંદિરનાં ઉદ્‌ઘાટન તથા શાસનયક્ષ શ્રી મણિભદ્રજી અને દેવી અંબિકાજીની પ્રતિષ્ઠા માટે જવાનું હતું, એટલે તેઓને મુહૂર્ત નિશ્ચિત કરાવી દઈ, વાસક્ષેપ કરી આશીર્વાદ આપ્યા હતા. બાદ તેઓ વિદાય થયા હતા. એ સુમુહૂર્તે તેઓ સુખપૂર્વક સિદ્ધપુરથી સંઘસાજનને લઇ સ્ટેશને ગયા, તે પછી સિદ્ધપુરમાં ભારે રમખાણ પેદા થયું. જો આ મુહૂર્તયોગ તેઓને ન મલ્યો હોત તો તેઓ અંતરાયમાં જ ફસી જાત. આજે પણ તેઓ મુહૂર્તનો પ્રભાવ યાદ કરે છે. ●●

ત્યાંથી પૂજ્યશ્રી સોજા, જામરા, પેથાપુર, નરોડા થઈ અમદાવાદ જ્ઞાનમંદિરે પધાર્યા હતા.

## ૫૩ – અનુસંધાન

હવે પછી પૂજ્યશ્રીની જીવનપ્રભાનો જે વિસ્તાર થયો તેનું વર્ણન અમે જૈન શાસનની જયપતાકા અને શ્રી કલ્પાકજી તીર્થની અપૂર્વ સંઘ યાત્રા નામનાં પુસ્તકમાં વિસ્તારથી બતાવ્યું છે, એટલે અહીં તો માત્ર તેનું અનુસંધાન જ દર્શાવીએ છીએ.

## ડભોઈમાં પ્રતિષ્ઠા અને ઉદ્ઘાટન

પૂજ્યશ્રી જ્ઞાનમંદિરમાંથી અરુણ સોસાયટીમાં પધાર્યા. ત્યાંથી સં ૨૦૦૯ના ફાગણ સુદિ ત્રીજે ઉત્તમ શકુન ગ્રહણ કરીને તેઓશ્રીએ વિહાર કર્યો અને ડભોઈને પાવન કર્યું. ત્યાં ફાગણ વદિ ૮ને રવિવારે પૂજ્યશ્રીની નિશ્રામાં શ્રી ઋષભાદિજયતિલકપ્રાસાદમાં શ્રી મણિભદ્રજી તથા અંબિકાદેવી વગેરેની પ્રતિષ્ઠા થઈ તથા શેઠ જીવતલાલ પ્રતાપશીના હાથે **આર્યજંબૂસ્વામી જૈન મુક્તાબાઈ આગમમંદિરનું** ઉદ્ઘાટન થયું. તે વખતે પૂજ્યશ્રીના સંસારી બંધુઓ શ્રી બાપુલાલભાઈ અને પાનાચંદભાઈએ જ્ઞાનમંદિરમાં શાન્તિસ્નાત્રાદિમહોત્સવનો સંપૂર્ણ લાભ લીધો હતો. તે સમયે ત્યાં વિરાજમાન આચાર્યશ્રી વિજયપ્રતાપસૂરિજી આદિ પણ શાંતિસ્નાત્રમાં આવ્યા હતા તથા ડભોઈ સંઘમાં વર્ષોથી પડેલી તડ પણ સંધાઈ ગઈ હતી.

## સુરતમાં ચાતુર્માસ

ત્યાંથી પાલેજ વગેરેને સ્પર્શનાનો લાભ આપી પૂજ્યશ્રી સુરત છાપરિયા શેરી–સુતરિયાના ઉપાશ્રયે પધાર્યા અને સુરતવાસીઓની ઘણા વખતની ચાતુર્માસ માટેની વિનંતિ સફળ કરી. ત્યાં શ્રીભગવતીસૂત્ર અને શ્રીવિક્રમચરિત્રની વાચના થઈ, માસક્ષમણાદિ તપશ્ચર્યાઓ તથા બીજી અનેક આરાધનાઓ થઈ. ઉત્સવ–મહોત્સવો પણ ઘણા થયા અને તેના પર ઉપધાન–તપથી કળશ ચડચો.

અહીં પાઠકોને અમે એ યાદ કરાવવા ચાહીએ છીએ કે

અતીત ભવોનાં પાપધિકરણ પુદ્ગલો વોસિરાવવાની જે ક્રિયા વિધિ પૂજ્યશ્રીએ સં–૧૯૯૮ માં શ્રી વિજયદાનસૂરિ જ્ઞાન-મંદિર પૌષધશાળામાં શ્રી સંઘને કરાવી હતી, તે માટે અન્યત્ર પણ ઘણે સ્થળે વિનંતિ થતાં પૂજ્યશ્રીએ સં. ૧૯૯૯માં અમદાવાદ દશાપોરવાડ સોસાયટીમાં, સં, ૨૦૦૦ માં રાધનપુર જૈનશાળામાં, સં. ૨૦૦૧ માં ખંભાત અમર-તપગચ્છ જૈનશાળામાં, સં. ૨૦૦૨ માં પાદરા શ્રી સંભવ જૈન શાલામાં, સં. ૨૦૦૬ માં પાટણ શેઠ નગીનદાસ મંડપમાં, સં ૨૦૦૯ માં અહીં સુરત સુતરીઆ ઉપાશ્રય –ઉપધાન મંડપમાં પણ આ ક્રિયા વિધિ કરાવીને શ્રી સંઘને ખૂબ ઉપકૃત કર્યો હતો

## બગવાડામાં દીક્ષા

સુરતથી રાંદેર ઓરપાડ વગેરે આજુબાજુનાં ગામોને લાભ આપી નવસારી પધાર્યા. ત્યાં સંઘમાં સંપ કરાવ્યો તથા પ્રભુજીના અભિષેકો, સિદ્ધચક્રબૃહદયંત્રપૂજન વગેરે શાસનપ્રભાવનાઓ વિસ્તારી. બાદ બગવાડા પધાર્યા. ત્યાં મુનિશ્રી લબ્ધિસેનવિજયજીને વૈશાખ સુદિ ૭ ના દિવસે દીક્ષા આપી મુનિશ્રી રૈવતવિજયજીના શિષ્ય કર્યા. તેમના સંસારી પિતાશ્રી, ભાઈઓ અને ધર્મપત્ની આદિ તરફથી અઠ્ઠાઇમહોત્સવ, શાન્તિસ્નાત્ર, નવકારશી આદિ ધર્મકાર્યો સુંદર થયાં.

## ઘાટકોપરમાં ચાતુર્માસ (સં. ૨૦૧૦)

બગવાડાથી વિહાર કરી પૂજ્યશ્રી મુંબઈ પધાર્યા. ત્યાં

અંધેરી, દાદર, નમિનાથજી, લાલબાગ, સેન્ડહર્સ્ટ રોડ, વાલકેશ્વર, તથા કોટ આદિ સંઘોએ વ્યાખ્યાનવાણીનો ખૂબ ભક્તિપૂર્વક લાભ લીધો. પૂજ્યશ્રીને કેટલાક વખતથી હરસ-મસાનો ઉપદ્રવ હતો, તેનું ડૉ. મુકુંદ પરીખના હાથે સફળ ઓપરેશન થયું. આરામ થયા પછી ઘાટકોપર તપાગચ્છ સંઘની ચોમાસા માટેની વિનંતિ થતાં ઘાટકોપર જૈન સેનેટેરિયમમાં ચાતુર્માસ પધાર્યા. તપાગચ્છનું સ્વતંત્ર ચાતુર્માસ આ પ્રથમ જ હતું. ત્યાં સંઘની વિનંતિથી શ્રી ભગવતી સૂત્ર તથા ધન્યચરિત્રની વાચના થઇ. પર્યુષણની આરાધના ઘણી સુંદર થઈ. તે માટે ખાસ ભાટિયાની વાડીનો વિશાળ હોલ મેળવવામાં આવ્યો હતો. ચાતુર્માસ પૂર્ણ થયે પૂજ્યશ્રી અંધેરી થઈ દાદર પધાર્યા.

## મુંબઈથી બીજાપુર : પ્રતિષ્ઠાઓ તથા દીક્ષાઓ

દાદર–જ્ઞાનમંદિરમાં આરાધકોને ઉપધાનતપમાં પ્રવેશ કરાવી પૂજ્યશ્રી પૂના પધાર્યા. ત્યાં અહમદનગરથી વિહાર કરી પૂજ્ય ગચ્છાધિપતિ પણ વિશાળ સાધુસમુદાય સાથે પધારી ગયા. પૂજ્યશ્રીના ઉપદેશથી બાદશાહી સ્વાગત થયું. પૂજ્યશ્રીને સાત વર્ષે ગુરુસેવાનો અપૂર્વ લાભ મળ્યો. ત્યાંથી પૂજ્ય ગચ્છાધિપતિની આજ્ઞાથી મહારાષ્ટ્રમાં વિહાર આગળ લંબાવ્યો.

માહ સુદિ ૧૦ નાં શુભ મુહૂર્તે ફલટણમાં શ્રીશાંતિનાથ ભગવાનની તથા શ્રીફલટણગોડી પાર્શ્વનાથની ભવ્ય સમારોહપૂર્વક પ્રતિષ્ઠા થઈ. ત્યાંથી રહેમતપુર, મસુર,

કરાડ, કોલ્હાપુર, નિપાણી થઈને પાછા મસુર પધારી જેઠ સુદિ ૨ નાં શુભ મુહૂર્તે સાચા સુમતિનાથ ભગવાન આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા મહોત્સવસહિત સુંદર કરાવી. ત્યાંથી વિટા પધારી જેઠ સુદિ ૫ નાં શુભ મુહૂર્તે શાંતિલાલ નામના મુમુક્ષુ ભાઈને સમારોહપૂર્વક દીક્ષા આપી મુનિશ્રી સિદ્ધાચલવિજયજી તરીકે પોતાના શિષ્ય કર્યા તથા મૂળનાયકશ્રી સંભવનાથ ભગવાન આદિની પ્રતિષ્ઠા કરાવી. ત્યાંથી વિહાર કરી સાંગલી–મીરજ વગેરે સ્થળોને સ્પર્શતા બીજાપુરસંઘની ખાસ વિનંતિથી ચાતુર્માસ માટે બીજાપુર ( કર્ણાટક ) પધાર્યા.

## બીજાપુર ચાતુર્માસ (સં. ૨૦૧૧)

બીજાપુર ચાતુર્માસમાં શ્રી ભગવતીસૂત્રની વાચના થઈ, માસક્ષમણાદિ અનેકવિધ તપશ્ચર્યાઓ થઈ તથા ઉપાધાનતપનું સુંદર આરાધન થયું. અહીં પણ પુદ્ગલવોસિરાવવાનો વિધિ કરાવ્યો, તથા શ્રી સંઘને ઉપદેશ આપી શ્રી સમેતશિખરજી તીર્થના જિર્ણોદ્ધારમાં મદદ કરાવી અને શ્રી કુલ્પાકજીનો સંઘ કઢાવ્યો.

## શ્રી કુલ્પાકજીનો છ–રી પાળતો સંઘ

સં. ૨૦૧૨માં શ્રીકુલ્પાકજીનો છ–રી પાળતો સંઘ નીકળ્યો. તેણે પૂજ્યશ્રીની કીર્તિ પર સુંદર કળશ ચડાવ્યો. અત્યાર સુધીમાં તેઓશ્રીના હાથે ફરકેલી જૈન શાસનની જયપતાકા વધારે ગૌરવથી ફરકી.

શ્રીકુલ્પાકજીમાં સંઘવીઓને તીર્થમાળ પહેરાવતાં દેવદ્રવ્યની વૃદ્ધિ માટે ઉછામણી બોલવાનો ઉપદેશ આપ્યો.

પૂજ્યશ્રીના એ ઉપદેશથી ઉત્સાહિત થઇને તીર્થમાળા પહેરાવવાની અભૂતપૂર્વ ઉછામણી થઈ અને શ્રી કુલ્પાકજી તીર્થ પેઢીએ એ ઉછામણીનો શ્રી સંમેતશીખરજી તીર્થના મહા જિર્ણોદ્ધારમાં ખાસ પૂજ્યશ્રીની પ્રેરણાથી સદુપયોગ કર્યો. બાદ તીર્થમાં સાધારણનો જે તોટો હતો, તે પૂરવા માટે પણ પૂજ્યશ્રીએ ઉપદેશ કર્યો અને સંઘવીઓ તથા સંઘમાં આવેલા ભાવિકોએ ટપોટપ મોટી રકમની ટીપ કરી આપીને તીર્થને સારી આવક કરી આપી.

## આગળનો વૃત્તાંત

સં. ૨૦૧૨ના માહ વદિ ૭ થી આગળની પ્રશસ્ત પ્રવૃતિઓ, કુલ્પાકજીથી વિહાર, સિકંદરાબાદમાં મુનિશ્રી રૈવતવિજયજીને ગણિપદપ્રદાન, ભાડુંક–ભદ્રાવતીજી–અંતરીક્ષજીની યાત્રાઓ, મુંબઈ તરફ વિહાર, રસ્તામાં અનેકવિધ શાસન–પ્રભાવનાઓ, મુંબઈમાં ચાતુર્માસ, સં. ૨૦૧૩ માં મુંબઈથી શંખેશ્વરજી તરફ વિહાર, શંખેશ્વરજીથી બામણવાડજી, ત્યાંથી પંચતીર્થીની યાત્રા તથા પીંડવાડામાં ચાતુર્માસ, સં. ૨૦૧૪ માં મુનિશ્રી વર્ધમાનવિજયજીને ગણિપદપ્રદાન, પીંડવાડાથી ઉંબરીનો વિહાર, ઉંબરીમાં ભવ્ય અંજનશલાકા–પ્રતિષ્ઠા–મહોત્સવ, ત્યાંથી અમદાવાદ અને ગીરધરનગરમાં ચાતુર્માસ વગેરેનો વૃત્તાંત આ પુસ્તકના બીજા ખંડમાં સવિસ્તર આલેખાયેલો છે.

## મંગલ અવસર

પૂજ્ય આગમપ્રજ્ઞ આચાર્યદેવને સં. ૨૦૧૫ નાં માહ વદિ ૧૧ને દિને સાઠ વર્ષનું વય પૂરું થઈ એકસઠમું વર્ષ

બેસે છે એ મંગલ અવસરે જ આ પરિચય પાઠકોનાં કર કમળમાં આવશે અને તેમને સમયગ્ દર્શન–જ્ઞાન–ચારિત્ર–તપની અનન્ય આરાધનાનું એક દૃષ્ટાંત પૂરું પાડશે, એને અમે અમારી લેખિનીનું સૌભાગ્ય સમજીએ છીએ.

## અંતિમ વચન

પૂજ્યશ્રીના પરમ ઉપકારી જીવનનો જનતાને પરિચય થાય એ હેતુથી અમે યથાશક્તિ યથામતિ આ પ્રયાસ કર્યો છે. તે ત્રુટિરહિત થાય તે માટે પૂજ્યશ્રીના અંતેવાસી જ્યોતિર્વિદ મુનિશ્રી રૈવતવિજયજી ગણિવર્યે સંગ્રહેલી આધારભૂત માહિતીનો ઉપયોગ કર્યો છે અને કેટલુંક સંશોધન પણ કર્યું છે, પરંતુ અપૂર્ણ માનવીના હાથે પૂર્ણ ન્યાયની આશા તો ક્યાંથી રાખી શકાય? એટલે જે કાંઈ મતિ–દૃષ્ટિ દોષથી ક્ષતિઓ રહી ગઇ હોય તે માટે સહુની ક્ષમા પ્રાર્થી इति शम् ના ઉચ્ચાર સાથે આ પવિત્ર પરિચય પૂર્ણ કરીએ છીએ.

# અગત્યની નોંધ

[ પૂજ્યશ્રીનાં જીવન તથા કાર્યનો પ્રથમ નજરે જ ખ્યાલ આવી જાય તે માટે કેટલીક અગત્યની નોંધો અહીં આપવામાં આવી છે. પાઠકોને તે ખૂબ ઉપયોગી થશે. ]

## (૧) જન્માદિ

**જન્મ**—વિ. સં. ૧૯૫૫ માહ વદિ ૧૧ ને બુધવાર. તા. ૮–૩–૧૮૯૯. સ્થાન–ડભોઇ પાસે વડજ ગામ.

**લગ્ન**—વિ. સં. ૧૯૭૪ કારતક વદિ ૧૧. ડભોઈવાળા શાહ હિંમતલાલ મનસુખલાલના સુપુત્રી આધારદેવી સાથે.

**વિદ્યાભ્યાસ**—વિ. સં. ૧૯૭૫માં બોમ્બે યુનિવર્સિટીની મેટ્રીકની પરીક્ષા પસાર કરી.

**ઉપધાનતપ**—વિ. સં. ૧૯૭૭ના આસો માસમાં પાલી-તાણા મુકામે ધર્મપત્ની સાથે ઉપધાન તપની આ-રાધના કરી.

**પુત્રજન્મ**—વિ. સં. ૧૯૭૮ ના મા ાસર સુદિ ૧૪ ના રોજ બાલુભાઈ નામના પુત્રનો જન્મ થયો. દોઢ વર્ષ બાદ તે સ્વર્ગવાસી થયો.

**દીક્ષાગ્રહણ**—વિ. સં. ૧૯૭૮ ના જેઠ વદિ ૧ ના દિવસે શીરોહીમાં શ્રી મહાવીર જિનપ્રાસાદમાં ગુરુવચના-નુસાર સ્વયં સામાયિક ઉચ્ચરી દીક્ષાગ્રહણ કરી.

**વડીદીક્ષા અને નામકરણ**—વિ. સં. ૧૯૭૮ ના અષાડ સુદિ ૧૧ ના રોજ પાડીવ (રાજસ્થાન) માં વડી દીક્ષા થઇ. નામ મુનિ શ્રીજંબૂવિજયજી પડ્યું. પૂ. મુનિરાજશ્રી પ્રેમવિજયજી મહારાજ (હાલ પૂ. ગચ્છાધિપતિ )ના શિષ્ય થયા.

**ગણિપદ**—વિ. સં. ૧૯૯૦ના માહ સુદિ ૧૦ અમદાવા-દમાં પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીવિજયદાનસૂરિહસ્તે અર્પણ થયું.

**પંન્યાસપદ**—વિ સં. ૧૯૯૦ ના ફાગણ સુદિ ૪ અમદાવાદમાં પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયસિદ્ધિસૂરિજી તથા વિજયદાનસૂરિજીહસ્તે અર્પણ થયું.

**ઉપાધ્યાયપદ**—વિ. સં. ૧૯૯૨ના વૈશાખ સુદિ ૬ના દિવસે મુંબઈમાં પૂજ્ય આ. ભ. શ્રી વિજયપ્રેમસૂરિજીના હસ્તે અર્પણ થયું.

**આચાર્યપદ**—વિ. સં. ૧૯૯૯ ના ફાગણ સુદિ ૩ મંગળવારના દિવસે અમદાવાદમાં પ. પૂ. આ. ભ. શ્રી વિજયપ્રેમસૂરિજીના હસ્તે અર્પણ થયું.

## (૨) ચાતુર્માસની યાદિ

| વિ. સંવત્ | સ્થાન |
|---|---|
| (૧) ૧૯૭૮ | પાડીવ ( રાજસ્થાન ) |
| (૨) ૧૯૭૯ | મહીદપુર ( માલવા ) |
| (૩) ૧૯૮૦ | અમદાવાદ–વિદ્યાશાળા |
| (૪) ૧૯૮૧ | અમદાવાદ–વિદ્યાશાળા |
| (૫) ૧૯૮૨ | અમદાવાદ–વિદ્યાશાળા |
| (૬) ૧૯૮૩ | ખંભાત–અમરતપગચ્છ જૈનશાળા |
| (૭) ૧૯૮૪ | છાણી |
| (૮) ૧૯૮૫ | મુંબઇ–લાલબાગ ( ભૂલેશ્વર ) |
| (૯) ૧૯૮૬ | મુંબઇ–અંધેરી, શેઠ મણિલાલ કરમચંદના બંગલે |
| (૧૦) ૧૯૮૭ | મુંબઈ–લાલબાગ ( ભૂલેશ્વર ) |
| (૧૧) ૧૯૮૮ | વીરમગામ |

(૧૨) ૧૯૮૯ અમદાવાદ–વિદ્યાશાળા
(૧૩) ૧૯૯૦ અમદાવાદ–વિદ્યાશાળા
(૧૪) ૧૯૯૧ પાટણ–શેઠ નગીનદાસ મંડપ
(૧૫) ૧૯૯૨ મુંબઈ–લાલબાગ ( ભૂલેશ્વર )
(૧૬) ૧૯૯૩ ડભોઇ–સાગરસંઘ ઉપાશ્રય
(૧૭) ૧૯૯૪ ડભોઇ– ,, ,,
(૧૮) ૧૯૯૫ પાલીતાણા–શાંતિભુવન
(૧૯) ૧૯૯૬ સાવરકુંડલા
(૨૦) ૧૯૯૭ વઢવાણ શહેર–સંવેગી ઉપાશ્રય
(૨૧) ૧૯૯૮ અમદાવાદ–વિજયદાનસૂરિજ્ઞાનમંદિર–પૌષધશાળા
(૨૨) ૧૯૯૯ અમદાવાદ–જૈન સોસાયટી એલીસબ્રીજ
(૨૩) ૨૦૦૦ રાધનપુર–જૈનશાળા
(૨૪) ૨૦૦૧ ખંભાત–જૈનશાળા
(૨૫) ૨૦૦૨ પાદરા–જૈનશાળા
(૨૬) ૨૦૦૩ અમદાવાદ–કાળુશીની પોળ
(૨૭) ૨૦૦૪ અમદાવાદ–વિજયદાનસૂરિજ્ઞાનમંદિર–પૌષધશાળા
(૨૮) ૨૦૦૫ મ્હેસાણા
(૨૯) ૨૦૦૬ પાટણ–શેઠ નગીનદાસ મંડપ
(૩૦) ૨૦૦૭ અમદાવાદ–શાહપુર મંગળપારેખના ખાંચે
(૩૧) ૨૦૦૮ પાલેજ
(૩૨) ૨૦૦૯ સુરત–છાપરીયાશેરી–સુતરીયાનો ઉપાશ્રય
(૩૩) ૨૦૧૦ ઘાટકોપર–જૈનતપગચ્છ સેનેટેરિયમ

(૩૪) ૨૦૧૧ બીજાપુર ( કર્ણાટક )
(૩૫) ૨૦૧૨ મુંબઈ–લાલબાગ ( ભૂલેશ્વર )
(૩૬) ૨૦૧૩ પીંડવાડા ( રાજસ્થાન )
(૩૭) ૨૦૧૪ અમદાવાદ–ગીરધરનગર–પોપટભાઈ પાઠશાલા

## (૩) શિષ્ય–પ્રશિષ્યાદિ

### સ્વશિષ્ય

(૧) પૂ. મુનિરાજશ્રી રક્ષિતવિજયજી (કાલધર્મ સં. ૧૯૯૦)
(૨) „ શ્રી ચિદાનંદવિજયજી ( હાલ ગણી )
(૩) „ શ્રી જયંતવિજયજી „
(૪) „ શ્રી રૈવતવિજયજી „
(૫) „ શ્રી બાહુવિજયજી (કાલધર્મ સં. ૨૦૦૨ )
(૬) „ શ્રી નિત્યાનંદવિજયજી
(૭) „ શ્રી પ્રિયંકરવિજયજી
(૮) „ શ્રી દેવભદ્રવિજયજી
(૯) „ શ્રી તીર્થપ્રભવિજયજી
(૧૦) „ શ્રી મનોગુપ્તવિજયજી
(૧૧) „ શ્રી સિદ્ધાચલવિજયજી

### પ્રશિષ્ય ( ગુરુ )

(૧) પૂ. મુનિરાજ શ્રી વર્ધમાનવિજયજી (પૂ. રક્ષિતવિજયજી) (હાલ ગણી)
(૨) „ શ્રી ચંદ્રવિજયજી (પૂ. જયંતવિજયજી)
(૩) „ શ્રી જયદેવવિજયજી ( „ )
(૪) „ શ્રી લબ્ધિસેનવિજયજી ( પૂ. રૈવતવિજયજી)
(૫) „ શ્રી નંદિઘોષવિજયજી (પૂ. ચિદાનંદવિજયજી)
(૬) „ શ્રી હરિષેણવિજયજી (પૂ. નિત્યાનંદવિજયજી)

## (૪) ગ્રન્થલેખન-સંપાદન-સંશોધન

| | નામ | | લે. | સં. | સંશો૦ |
|---|---|---|---|---|---|
| ૧ | સંક્રમરણકરણ ભા. ૧ | સં. | | ,, | ,, |
| ૨ | ,, ભા. ૨ | સં. | | ,, | ,, |
| ૩ | માર્ગણાદ્વારવિવરણ | સં. | | ,, | ,, |
| ૪ | દીક્ષામીમાંસાપર દૃષ્ટિપાત | ગુ. | ,, | | |
| ૫ | ન્યાયસમીક્ષા | ગુ. | ,, | | |
| ૬ | કર્મપ્રકૃતિચૂર્ણિ અને બે ટીકા સાથે ભા. ૧ | પ્રા.સં. | | ,, | ,, |
| ૭ | ,, ભા. ૨ | પ્રા.સં. | | ,, | ,, |
| ૮ | પંચસંગ્રહ બે ટીકાયુક્ત ભા. ૨ | સં. | | ,, | ,, |
| ૯ | ,, ,, ભા. ૧ | સં. | | ,, | ,, |
| ૧૦ | વિવિધ પ્રશ્નોત્તર ભાગ ૨ | ગુ. | | ,, | ,, |
| ૧૧ | પર્વતિથિપ્રકાશ | ગુ. | ,, | | |
| ૧૨ | આરાધના વિષયક તિથિસાહિત્યદર્પણ | ગુ. | ,, | | |
| ૧૩ | આત્મસખા અને વિવેકદર્શન | ગુ. | ,, | | |
| ૧૪ | નિત્યનિયમો અને જીવનવ્રતો | ગુ. | ,, | | |
| ૧૫ | પ્રશ્નોત્તરત્હોંતેરી | ગુ. | ,, | | |
| ૧૬ | સિત્તરીચૂર્ણિ | પ્રા. | | ,, | ,, |
| ૧૭ | હીરપ્રશ્નોઅનુવાદ | ગુ. | | | ,, |
| ૧૮ | ષડ્દર્શનસમુચ્ચય સટીક | સં. | | ,, | ,, |
| ૧૯ | શ્રી શીલડીઆજી તીર્થ અને રાધનપુર ચૈત્યપરિપાટી | ગુ. | ,, | | |

૨૦ નિત્યસ્મરણાદિ સ્તોત્રસંદોહ સં.પ્રા.ગુ. „ „
૨૧ તપાખરતરભેદ ગુ. „ „
૨૨ તત્ત્વતરંગિણી બાલાવબોધ ગુ. „ „
૨૩ સપરિશિષ્ટતત્ત્વતરંગિણી ટીકાનુવાદ ગુ. „
૨૪ આદર્શજીવનની ચાવી (નિ.નિ.જી.વ્રતો) „
૨૫ પ્રશ્નોત્તરશતવિંશિકા ગુ. „
વગેરે

(૫) પ્રસ્તાવના-આમુખ વગેરે

૧ સત્યનું સમર્થન યાને સનાતન ધર્મનો સાક્ષાત્કાર ગુ.
૨ સુંદર રાજાની સુંદર ભાવના ગુ.
૩ ભીમકુમારનું ભુજાબળ ગુ.
૪ વિચારરત્નાકર (દે-લા.) સં.
૫ હેમપ્રકાશ સં.વ્યા. (સં. આ. વિ. ક્ષમાભદ્રસૂરિજી) સં.
૬ ધર્મસંગ્રહ અનુવાદ ભા-૧ ગુ.
૭ „ „ ભા-૨ ગુ. વગેરે.

અંજનશલાકા-પ્રતિષ્ઠાદિ

અંજનશલાકા

સં.
૨૦૦૦ રાજકોટ, પૂ. ગુરુદેવોની સાથે
૨૦૦૮ અમદાવાદ-અરુણસોસાયટી,
પૂ. બાપજી મહારાજ આદિ સાથે
૨૦૦૮ રાધનપુર
૨૦૧૪ ઉંબરી (ઉ. ગુજરાત)

## નવીન ચૈત્યાદિપ્રતિષ્ઠા

૧૯૯૭ અમરેલી શ્રી શાંતિજિનપ્રાસાદ
૨૦૦૧ રાધનપુર ડામરવોસની શેરી–શ્રી આદિજિન ચૈત્યમાં
૨૦૦૨ ખંભાત શ્રી વિજયપાર્શ્વનાથજિનાલયમાં
૨૦૦૨ ” ચોકસીની પોળનાં દહેરાસરમાં
૨૦૦૨ ” સીમંધર સ્વામીનાં દહેરાસરમાં
૨૦૦૪ ડભોઈ શ્રી મ૦ ક૦ ઋષભાદિજયતિલકપ્રાસાદ
૨૦૦૫ ચલોડા શ્રી જીરાઉલાપાર્શ્વનાથ જિનપ્રાસાદ
૨૦૦૫ તારંગાજી શ્રી અજિતજિનપ્રાસાદના ગોખમાં
૨૦૦૭ ડભોઈ શ્રીચંદ્રવિહારાદિ
૨૦૦૮ અમદાવાદ–અરુણસોસાયટી શ્રી વિશ્વનંદિકર વાસુપૂજ્ય વિહાર (પૂ. બાપજી મ૦ આદિ સાથે)
૨૦૦૯ ઓરજ (ડાભી) શ્રી નમિનાથ જિનમંદિર
૨૦૧૧ ફલટણ (મહારાષ્ટ્ર) શ્રી શાંતિનાથજિનપ્રાસાદ (સાથે આ. વિજયશોદેવસૂરિજી)
૨૦૧૧ મસુર ( ,, ) શ્રી સાચાદેવસુમતિનાથજિનપ્રાસાદ
૨૦૧૧ વિટા ( ,, ) શ્રી સંભવજિનપ્રાસાદ (સાથે મુ. શ્રી લલિતવિજયજી)
૨૦૧૩ કડી શ્રી અમીઝરાઆદિજિનપ્રાસાદ
૨૦૧૪ ઉંબરી શ્રી આનંદપાર્શ્વવિહાર

## (૭) નિશ્રામાં ઉપધાનતપ

૧૯૯૫ પાલીતણા શાંતિભુવન
૨૦૦૦ રાધનપુર જૈનશાળા

૨૦૦૯ સુરત છાપરીયા શેરી–સુતરીઆ ઉપાશ્રય
૨૦૧૧ બીજાપુર (કર્ણાટક)

(૮) નિશ્રામાં વર્ધમાનઆયંબિલતપખાતાંની સ્થાપના

૧૯૯૫ સાવરકુંડલા (સૌરાષ્ટ્ર)
૨૦૧૧ બીજાપુર (કર્ણાટક)

(૯) ઉપદેશથી ઉપાશ્રય–પાઠશાળા–જ્ઞાનમંદિર વગેરે

૧૯૮૪ છાણીમાં ઉપાશ્રય માટે રૂા. ૫૦૦૦ અને એક મકાનનું દાન

૧૯૯૨ દસાડામાં પૂ. પા. આ. વિજયદાનસૂરિજી પાઠશાળા

૧૯૯૩ ડભોઈમાં આર્યજંબૂસ્વામી જૈન મુક્તાબાઈ આગમ મંદિર.

૧૯૯૮ અમદાવાદ શ્રીવિજયદાનસૂરિજ્ઞાનમંદિરમાં શ્રીવિજયદાનસૂરિ પાઠશાળા

૨૦૦૫ મ્હેસાણામાં શ્રીસુમતિજિન સંગીતમંડળ

૨૦૦૭ પાલેજમાં શ્રી વર્ધમાન જિનપ્રાસાદના શિલાસ્થાપન વખતે દેરાસર માટે રૂા. ૩૫૦૦૦ ની ટીપ.

૨૦૧૦ દમણમાં ઉપાશ્રયના જીર્ણોદ્ધાર માટે રૂા. ૨૩૦૦૦ ની ટીપ

૨૦૧૪ અમદાવાદ કાળુશીની પોળમાં ધીરી બ્હેનનું મકાન જ્ઞાનમંદિર અને ઉપાશ્રય ખાતે.

„ અમદાવાદ–શાહીબાગ ગીરધરનગરમાં શ્રી આદિજિન સેવાસમાજ

## (૧૦) નિશ્રામાં ઉદ્યાપનો

૧૯૯૪ ડભોઈ નવછોડનું ઉજમણું

૧૯૯૫ પાલીતાણા ત્રણ છોડનું ઉજમણું

૧૯૯૮ વીરમગામ પાંચ છોડનું ઉજમણું

૨૦૦૪ ખંભાત નવછોડનું ઉજમણું

૨૦૧૨ સિકંદરાબાદ દશ છોડનું ઉજમણુ

## (૧૧) ગુરુમૂર્તિપ્રતિષ્ઠા વગેરે

ડભોઇ-(૧) ગુરુમંદિરની ભવ્ય આરસ છત્રી પૂ. આ. શ્રી વિજયદાનસૂરિ ગુરુમહારાજની મૂર્તિ.

(૨) શ્રી આદિનાથ જૈન સ્તૂપ અને શ્રમણસમાધિ-નિકેતનમાં પાદુકાઓ વગેરે

(૩) ઉંબરી-વિજયદાનસૂરિજી ગુરુમહારાજની મૂર્તિ.

## (૧૨) ઉપદેશથી નવીન નિર્માણ તથા જીર્ણોદ્ધાર વગેરે

ડભોઇ-મનોરથકલ્પદ્રુમાયમાણ શ્રીઋષભાદિ જયતિલકપ્રાસાદ(જી૦)

અમદાવાદ-વિશ્વનંદિકર શ્રીવાસુપૂજ્યવિહાર (ન૦)

ઓરજ (ડાભી)-શ્રી નમિનાથ જિનાલય (જી૦)

ઉંબરી (બનાસકાંઠા)-શ્રી આનન્દપાર્શ્વવિહાર (જી૦)

ડભોઈ-બેનમૂન શ્રી આદિનાથ જૈનસ્તૂપ (ન૦)

અને શ્રમણસમાધિ નિકેતન (જી૦)

## (૧૩) વિવિધ તપશ્ચર્યા

(૧) શ્રી નવપદજીની ઓળી નવ
(૨) શ્રી જ્ઞાનપંચમીતપ ઉપવાસથી સંપૂર્ણ
(૩) શ્રી વીસસ્થાનકતપ „ „
(૪) શ્રી મૌનએકાદશીતપ „ „
(૫) ૧૫૮ શ્રી કર્મપ્રકૃતિતપ „ „
(૬) ૧૨૦ કલ્યાણકતપ „ „
(૭) ૧૮૦ આત્મવિશુદ્ધિતપ „ (ચાલુ)
(૮) શ્રી વર્ધમાનતપની ઓળી ૩૬
(૯) પોષદશમીતપ એકાસણથી (પંદર વર્ષથી ચાલુ) વગેરે.

આ સિવાય પૂજ્યશ્રીના વરદ હસ્તે દીક્ષાઓ, વડી દીક્ષાઓ, વ્રત–નિયમોચ્ચારણો, આગમવાચનાઓ, સાધર્મિકોત્કર્ષનાં કાર્યો, સંખ્યાબંધ શ્રીભગવત્યાદિસૂત્રપ્રવચનો અને શુભનિશ્રામાં ઉત્સવ–મહોત્સવ–સંઘ–સ્વામિવાત્સલ્ય–અષ્ટોત્તરી શાંતિસ્નાત્રાદિ વિપુલ શાસનપ્રભાવનાઓ તથા જનકલ્યાણકર પ્રવૃત્તિઓ વગેરેનો પરિચય મૂલ ગ્રંથથી જ પાઠકોને સારી રીતે મલી જશે, જેથી તેનાં પઠનની ભલામણ કરી અમો વિરમીએ છીએ.

## ધન્ય હો જંબૂ ગુરુ

દર્ભાવતી વિખ્યાત જગમાં, જન્મભૂ ગુરુરાજની;
જિનશાસને શ્રીહંસ સરીખા, ધન્ય હો જંબૂ ગુરુ. ૧

પિતા મગનભાઈ કુલે, ને માત મુક્તા કૂખથી;
ખુશાલચંદ્ર પુત્ર જાયા, ધન્ય હો જંબૂ ગુરુ. ૨
અભ્યાસ કીધો બાલ્ય વયમાં, આંગ્લ વિદ્યા પણ ભણ્યા;
આધારદે સહ લગ્ન કીધાં, ધન્ય હો જંબૂ ગુરુ. ૩
પુત્ર બાલુચંદ્ર જાયો, વણજ વિવેકે કર્યો;
વીસ ચારની યુવા વયે, ધન્ય હો જંબૂ ગુરુ; ૪
સદ્‌ગુરુનો યોગ પામી, શિવસુખ કામી થયા;
મૂકી મમતા મોહ માયા, ધન્ય હો જંબૂ ગુરુ; ૫
સોનું ખરીદવા નીકળ્યા, કહી માતૃ-ભ્રાતૃ-વર્ગને;
દીક્ષા ગ્રહી શિરોહી ગામે, ધન્ય હો જંબૂ ગુરુ. ૬
શ્રીપ્રેમસૂરિ ગુરુચરણમાં, અર્ઘ્ય જીવનનું ધર્યું;
ગીતાર્થ સદ્‌જ્ઞાને થયા, ધન્ય હો જંબૂ ગુરુ. ૭
ગુરુકૃપાએ પદ ચડયા, આચાર્યનું ઉલ્લાસથી;
સંઘે કીધો ઉત્સવ મહા, ધન્ય હો જંબૂ ગુરુ. ૮
બુઝવ્યા બહુ જીવને, વળી સાંપડયા શિષ્યો ઘણા;
ભડવીર શાસન વીરના, ધન્ય હો જંબૂ ગુરુ. ૯
જૈન શાસન જયપતાકા, વર્ષ સાડત્રીસ સુધી;
ફરકાવી જેણે જોરથી; ધન્ય હો જંબૂ ગુરુ. ૧૦
સાઠ ઉપર એક આજે, વર્ષ આવીને ઊભું;
શ્રીસંઘ હરખાયો ઘણો, ધન્ય હો જંબૂ ગુરુ. ૧૧
ગાતાં ગુરુનાં ગાન આજે, હર્ષ હૈયે અતિ ઘણો;
રૈવત કહે યુગાંત જીવો, ધન્ય એ જંબૂ ગુરુ ૧૨

आर्यश्री जम्बूस्वामि जैन आगम मन्दिर
स्था.सं.१००३
(मुक्ताभाई ज्ञानमंदिर) डभोई